# અમર આદેશ




રંગ અવધૂત

# અમર આદેશ




રંગ અવધૂત

:પ્રકાશક:

શ્રીઅવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ
મુ. નારેશ્વર, પો. સાયર,
વાયા. અંકલેશ્વર,
જિ. વડોદરા પીન. ૩૯૩૧૦૭
ફોન. (૦૨૬૬૬) ૨૫૩૨૯૩

(© સર્વ હક્ક પ્રકાશકને આધીન)

૭ મી આવૃત્તિ) વિ.સં. ૨૦૬૪ (પ્રત-૨૦૦૦

શ્રાવણ વદ -૮

તા. ૨૫-૮-૨૦૦૮

કિંમત : ૧૦ = ૦૦ રૂા.

મુદ્રક:

શ્રીનારાયણ મુદ્રણાલય, મુ. નારેશ્વર,
પો. સાયર, વાયા. અંકલેશ્વર,
જિ. વડોદરા પીન. ૩૯૩ ૧૦૭
ફોન. (૦૨૬૬૬) ૨૫૩૨૯૩

: લેસર ટાઈપ સેટીંગ :
'શ્રી' કોમ્પ્યુટર સીસ્ટમ, અમદાવાદ

# (સાતમી આવૃત્તિનું નિવેદન)

પ્રસંગોપાત્ પૂ.શ્રીએ આપેલ પ્રવચનોના આ સંગ્રહની સાતમી આવૃત્તિ પ્રકાશન કરતાં આનંદ અનુભવીએ છીએ.

આ માટે નીચેના ભક્તોએ નિષ્કામભાવે પૂજ્યશ્રી પ્રત્યે ભક્તિભાવથી દાન આપ્યાં છે. પૂ.શ્રીના આશીર્વાદ તેમના પર ઉતરે તેવી પ્રાર્થના સહ.

| | | |
|---|---|---|
| ૧.સ્વ. અશોકભાઇ શુકલ. | | |
| હસ્તે. સુધાબેન | વડોદરા | ૫૦૦ |
| ૨.ડો. ચંદ્રદત્તભાઇ પટેલ. | સૂરત | ૭૭૦ |
| ૩.નવનીતલાલ છગનલાલ ગાંધી | નવસારી | ૨૫૧ |
| ૪.લલ્લુભાઇ વિઠ્ઠલભાઇ પટેલ | મીંઢોળ | ૫૦૧ |
| ૫.ૐકાર સાધના આશ્રમ | આણંદ | ૫૦૦ |
| ૬.અર્પિતાબેન રણજીતસિંહ મહીડા | બીલીમોરા | ૧૦૫૧ |
| ૭.નર્મદાબેન ગંગારામ ટેલર | લંડન | ૨૦૦૦ |
| ૮.કંદર્પભાઇ દિનેશચંદ્ર જાની | અમેરીકા | ૧૦૦૧ |
| ૯. કીર્તિભાઇ બદ્રીકાંતભાઇ મહેતા | સૂરત | ૫૦૦૧ |

**અંતમાં પૂજ્યશ્રીના વરદચરણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ**
**જન્માષ્ટમી-૨૦૬૪**

**- પ્રકાશક**



# નિવેદન

## (છઠ્ઠી આવૃત્તિનું)

"અમરઆદેશ" એટલે પૂજ્યશ્રીએ પ્રસંગોપાત્ આપેલાં ઉદ્‌બોધનો, સંદેશાઓ, શંકાસમાધાન આદિનો સંગ્રહ. રોજ સ્વાધ્યાયની રીતે વાંચતાં એમાં જીવનનું અનેરું ભાથું મળી રહે છે. પૂજ્યશ્રીની વિચારધારા પણ એમાંથી છતી થાય છે. આ નવી આવૃત્તિ કોમ્પ્યુટર પર કાઢી છે. એ માટે ગાંધીનગરના શ્રી નવનીતભાઈ પાઠકે તથા તેમના દીકરા શ્રીશૈલેશભાઈ પાઠકે પ્રુફ વગેરે જોવાનું કામ કર્યું છે. તેનો ઉલ્લેખ કરવો જ રહ્યો.

**રામનવમી-૨૦૫૭**

## *પહેલી આવૃત્તિના નિવેદનમાંથી*

સત્સ્વરૂપ સાથે એકરસ થઇ ગયેલા, ચિદાનંદમાં સદાસર્વદા મસ્ત રહેતા, સહજ રીતે આવી પડેલ કર્મ તદ્દન નિઃસંગ નિર્લેપ ભાવે કરવા છતાંય **'હું આ કરું, હું આ ન કરું,'** એવી આસક્તિ ભરી વૃત્તિથી તદ્દન મુક્ત એવા સાચા સંતની વાણી એ પ્રભુની વાણી હોય છે, સંતસમાગમની અવેજીમાં એવા સંતની દિવ્ય વાણીનું પાન કરવું એ પણ એટલું જ શ્રેયસ્કર છે.

નારેશ્વરનિવાસી પૂ.શ્રી રંગ અવધૂત મહારાજશ્રીની પ્રસંગોપાત્ નીકળેલી આવી દિવ્ય વાણી આ નાનકડી પુસ્તિકામાં સંગ્રહિત કરી છે. આ સમાધિભાષાના સ્વસંવેદ્ય આનંદમાં તો **'ગૂંગાને જ્યોં ઘેબર ખાઇ. ડકારમાત્ર દિખાઇ'** એ પૂ. મહારાજશ્રીની અનુભવવાણી મુજબ જાતે જ અવગાહન કરીને તરબોળ થવાનું છે.

**મહાશિવરાત્રી, ૨૦૧૧**

ॐ

श्री दत्तः प्रसन्नोऽस्तु ।



॥ श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ॥

# અમર આદેશ

## ૧. આદેશ

એક બીજા તરફ દેવદષ્ટિથી જોતાં શીખો, દાનવદષ્ટિથી નહિ.
દરેક વ્યક્તિમાં રહેલા દેવત્વને– દૈવી અંશને પિછાનો
અને
એકબીજાનું મંગલ ઇચ્છી જગતમાં માંગલ્ય વરસાવો !
વિચાર, વાણી અને વર્તનમાં એકતા આચરો.
એકબીજાને આશીર્વાદ આપો, અભિશાપ નહિ.
ભલું ઇચ્છો, ભૂંડું નહિ,
રુડું કરો, કૂડું નહિ !
એકબીજાના પોષક બનો, શોષક નહિ.
તારક બનો, મારક નહિ.

ઉપકારક બનો, અપકારક નહિ !
બોલો થોડું, કરો વધારે.
માથું ઠંડું રાખો, ગરમી હાથપગમાં પ્રગટાવો.
પ્રત્યેક પ્રતિ સહિષ્ણુતા કેળવો, વિદ્વિષતા નહિ !
બોલો તો સત્ય બોલો, અસત્ય નહિ.
કરો તો સત્કર્મ કરો; દુષ્કર્મ નહિ.
વાંછો તો સર્વકલ્યાણ વાંછો,
માત્ર સ્વકલ્યાણ નહિ !
જુઓ તો **પોતાના** દોષ જુઓ,
ગાઓ તો **બીજાના** ગુણ ગાઓ !
ખાઓ તો સ્વકષ્ટાર્જિત ખાઓ !
મુખમાં અવિનાશી ભગવન્નામ, હાથે સર્વ મંગલ કામ
ને હૈયે હનુમાનશી અડગ હામ રાખી
ધપ્યે જાઓ, ધપ્યે જાઓ.
વિજય તમારો છે ! વિજય તમારો છે ! !

વૈરાણિ પ્રશમં યાન્તુ સૌહાર્દં વર્ધતાં મિથઃ ।
કલહા વિલયં યાન્તુ ભાવયન્તુ જના મિથઃ ॥

ૐ શાંતિઃ ! શાંતિઃ !! શાંતિઃ !!!

બાજવા (તા.વડોદરા)
૫૯ મી રંગજયંતિ
કાર્તિક શુકલ નવમી
વિ.સં.૨૦૧૩ સોમવાર
તા ૧૨-૧૧-૧૯૫૬

જગત્સુહૃદ્
રંગ અવધૂત

## ૨. નારેશ્વરનો નાદ

**વહાલાં આત્મસંતાનો !**

હરેક પળે, હરેક સ્થળે, હરેક અવસ્થામાં પરમ કારુણિક પરમાત્માની ઉપસ્થિતિ અનુભવો. હરતાં-ફરતાં, ઊંઘતાંજાગતાં, ઊઠતાંબેસતાં કે કામ કરતાં એના સાંનિધ્યનો સાક્ષાત્કાર કરો. શ્વાસે શ્વાસે એની હસ્તીનું અનુસ્મરણ કરો-નસેનસમાં એનો અનાહત પદધ્વનિ સાંભળો !

રામ કહો કે રહેમાન કહો, ઈષ્ટ કહો કે ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લાહ કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગૉડ કહો કે ગુણેશ કહો-ગણેશ કહો, અઉ-ર્મઝ્દ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગી સ્ત્રીલિંગી કે નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કોઈ છે તે એ જ છે. અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે ! અનંત રૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે ! !

પર્વતોમાં એનું સ્થાણુત્વ નિહાળો, નદીઓમાં એની દયાર્દ્રતા અનુભવો; સૂર્ય, તારા, નક્ષત્રોમાં એના ક્ષણેક્ષણે નવીનતાભર્યા સૌંદર્યની ઝાંખી કરો ! પ્રાણીમાત્રમાં એ હરતા ફરતા, 'સત્યં શિવં સુન્દરમ્'ને પિછાનો. જાતિજાતિમાં (species) એ અજાતને જોતાં શીખો ! તમારું સર્વ વાસ્તુ રોમરોમ-એનાથી ભરી દો. તમારું બધું જીવન એના અસ્તિત્વથી ઓતપ્રોત બનાવો. તદ્રૂપ થાઓ-તન્મય બનો ! !

હાથથી એના મંગલ કાર્યમાં સાથ દો. પગથી એના આશીર્ધામમાં ડગ

માંડો. મુખથી એનું પુણ્ય નામ ઉચ્ચારો, શબ્દેશબ્દમાં એની મૃદુતાનો સ્પર્શ કરો !

એક શબ્દ પણ એવો ન ઉચ્ચારો જેથી એના વિશ્વસંગીતમાં ક્ષોભ ઉત્પન્ન થાય. એક કદમ પણ એવું ન ઉઠાવો, એક કર્મ પણ એવું ન કરો, જે એની સમક્ષ ન કરી શકો. એક વિચાર પણ એવો ન ઉઠવા દો-એક શ્વાસ પણ એવો ન લો, જેથી એની વિશ્વશાંતિમાં તલપુર પણ વિક્ષેપ ઊભો થાય !

અહંનો અંચળો ફેંકી દઈ એક નિર્દોષ નિરપેક્ષ નગ્ન બાળકની માફક, નિર્દંભ દિગંબર ડિંભની જેમ એની સમક્ષ ઊભા રહો. માગણની માફક હરગિજ નહિ ! 'આ આપ' 'તે આપ' ની વૃત્તિથી કદી નહિ. નશ્વર જગતમાં એ નાટકી નટવરની રમતનું રમકડું થઈને રહો ને જુઓ શી મઝા આવે છે ! એના પગનો ફૂટબૉલ થઈને ઊછળો ને જુઓ કે એના અનંત ઐશ્વર્ય–આકાશમાં તમે કેવા ઊડો છો ! બાળકે ખાધુંપીધું કે નહિ, એ ઉઘાડું છે કે ઢાંકેલું, સ્વચ્છ છે કે ગંદું, બીમાર છે કે તંદુરસ્ત-એ બધાયની ચિંતા એની માને છે, બાપને છે. બાળક થઈને રહો અને એની અમર હૂંફ અનુભવો ! જગત કે જગદીશ કોઈની પાસે માગણની કશી જ કિંમત નથી; કદાચ બટકું મળે તોપણ તિરસ્કારથી–પરાયાની બુદ્ધિથી. પણ નિર્દોષ બાળકને જોતાં જ દુશ્મનમાં પણ આત્મીયભાવ પ્રગટ થાય છે, એ ખૂબ યાદ રાખો ! વિશ્વ-બાપની અનંત સમૃદ્ધિના વારસ હોવા છતાં, કોઈ અશરણ અનાથની માફક ભિખારીવેડા શેં આચરો છો ? ઊઠો, જાગો ને તમારા સ્વયંભૂ હકની જાણ સાથે એ અનાદિ હકની-વિશ્વંભર પરમાત્માની અનંત ઐશ્વર્યભરી છાયામાં વિનમ્ર થઈ બાળભાવે બાંગ પુકારો ને એની અખંડ યાદમાં નિર્ભય નચિંત થઈ મસ્ત વિચરો ને તમારી જન્મજાત બાદશાહતનો ઉપભોગ લો ! !

'સર્વે વૈરવિનિર્મુક્તાઃ પરસ્પરહિતૈષિણઃ ।
સ્વસ્થાઃ શાન્તાઃ સમૃદ્ધાશ્ચ સર્વે સન્ત્વકુતોભયાઃ ॥

નારેશ્વર,
કાર્તિક શુકલ નવમી, ગુરુવાર વિ. સં. ૨૦૧૪, જગત્સુહૃદ્
તા. ૩૧-૧૦-૧૯૫૭ ૯૦ મી રંગજયંતી રંગ અવધૂત

## દંભથી પ્રભુ દૂર છે.

જેને જ્ઞાન નિરામય[1] બૂટી જડી,
તેને પરમારથની સૂઝ પડી. ટેક.
ટીલાં-ટપકાં કરી જન્મ ગયો,
તૂટી માળા ના અર્થ સર્યો;
હરિનામ ગ્રહી ચરી જો વિસર્યો,
સાધનમાં તેના ભૂલ નડી ! જેને...૧
મ્હેલાતો કીધી ખડી મોટી,
ખાધી બોળી ઘીમાં રોટી;
પરદ્રવ્ય તકાસે પરબેટી,
જીવનમાં તેના ધૂળ પડી ! જેને...૨
વીત્યું યૌવન ખૂટી શક્તિ,
વિણભાવ કરી લૂખી ભક્તિ;
તૂટી ના જો દેહાસક્તિ,
આખર તેને પરિતાપ ઘડી ! જેને...૩
જગવી ધૂણી ધૂપાદિ કર્યા,
દીવડા અંતરના ના પ્રજળ્યા;
ક્રોધદ્વેષાદિક જો ન ગળ્યા,
ગબડ્યા અધવચ તૂટી તંગડી ! જેને...૪
મનના અભિલાષ રહ્યા મનમાં,
હાર્યા બાજી ભટક્યા વનમાં;
ચેત્યા વેળાસર ના ક્ષણમાં,
ભૂતાવળ 'રંગ' પછાડી પડી ! ! જેને...૫

રંગ અવધૂત.

---

૧. રોગ ન થાય એવી

## ૩. ડાકોરની દેણ

**પ્યારાં આત્મસ્વરૂપો !**

રણછોડરાયની અસીમ કૃપા છે કે આ મંગલ ટાણે આપણે બધાં એક સંયુક્ત સમરસ કુટુંબની માફક **એની** અમીભરી શીતળ છાયામાં આનંદ અને ઉલ્લાસથી ઊછળતે હૈયે અહીં ભેગાં મળીએ છીએ. **એની** હૂંફ વગર બધું લૂખું છે; માણસ ફાવે તેટલા ધમપછાડા મારે પણ **એની** કૃપા વગર બધાં એકડા વગરનાં મીડાં છે, પાંખ વિનાના ફિરસ્તા છે. એના પ્રકાશ વગર બધું કાજળઘોર અંધારું છે.

પણ તમારે મારી પાસે શું જોઈએ છે ? શબ્દો કે શાંતિ ? ઉપદેશ કે આચરણ ? પડછાયો કે પ્રકાશ ? સંદેશ કે સમભાવ ?

આજકાલ શબ્દોની સાઠમારી વધી ગઈ છે; શુષ્ક દલીલોની ચાલબાજી ચાલી રહી છે ને દુનિયા રસાતળ જઈ રહી છે. જ્યાં જુઓ ત્યાં અશાંતિ, અસંતોષની આગ સળગી રહી છે, **આધ્યાત્મિકતાની ઓહો થઈ રહી છે.** માનવતા મરી પરવારવા બેઠી છે, ચોમેર દાનવતાનું નગ્ન તાંડવ ચાલી રહ્યું છે; જગત સમસ્ત પ્રસવવેદનામાંથી પસાર થઈ રહ્યું છે. ભલભલા દાક્તરો ને દાયણો પ્રાણ રેડીને એની સુખપ્રસૂતિ માટે પ્રયત્ન કરી રહ્યાં છે. પણ...પણ એમાંથી વિશ્વને શાન્તિને રસ્તે લઈ જનાર મંગલમૂર્તિ વિનાયક નીપજશે કે દુનિયાની અશાન્તિમાં વધારો કરનાર ચંચલભારતી વાંદરો તે એક શ્રીહરિ જ જાણે છે ! એમાંથી ઊગરવાનો એક જ ઉપાય છે અને તે શ્રીરણછોડરાયનો મૂક બોધ કોઈ પણ જાતના શોરબકોર વગર આચરણમાં ઉતારવો તે.

એનો ગેબી નાદ તમારા કાન પર નથી અથડાતો શું ?

રણછોડરાયના પ્રસાદરૂપ માખણમિસરીની મીઠાશથી તમારાં જીવન ભરી દો. માખણની મૃદુતા-કરુણા અને મિસરીની મીઠાશ-પ્રેમભાવથી

તમારું વર્તન ઓતપ્રોત થવા દો. રણછોડરાયના મુગટના તપ્તસુવર્ણની માફક તમારું જીવન સંયમાગ્નિમાં તપાઈને પરિશુદ્ધ બનવા દો. એના લલાટના ચંદનની માફક બીજાને માટે ઘસાઈને તમારા જીવનની સુગંધ ને સૌંદર્ય ચોમેર પ્રસારી સર્વત્ર આહ્‌લાદનું વાતાવરણ જામી રહો. એના મુખની બંસરીની માફક તમારા મીઠા મુખમાંથી અહં-શૂન્ય મધુર સંગીત ટપકવા દો; ને એના અમૃતશ્રવણથી દુઃખદુગ્ધાને ચિંતાથી કરમાતી ને શેકાતી દુનિયાના જીવનમાં ઉલ્લાસ પ્રગટો. એની પુષ્પમાળાનાં સુવાસિત પુષ્પોની માફક તમારાં અંતર નિર્મળ ને પ્રફુલ્લિત બની પોતાની સેવાસુવાસથી દુનિયાને મઘમઘાવી મૂકો. એના ચરણમાં પડેલી તુલસીની માફક તમારાં જીવન વિનમ્ર બની જગતને તંદુરસ્ત ને બલપ્રદ નીવડો. એને ધરાવાતા ભોગની માફક દૈવવશાત્ જે કાંઈ આવી મળે તે બધામાં **વહેંચીને** ખાતાં શીખો. એની આંખની સ્થિરતા ને નિર્વિકારતાથી તમારી દૃષ્ટિ ભરી દો. અસહ્ય અને અનંત ટાંકણાંના **ઘા** સહન કરીને હર કોઈ પરિસ્થિતિમાં સ્થાણુવત્ અડગ ઊભેલ એની નિતાંત નયનમનોહર ને આકર્ષક મૂર્તિની માફક તમારું આખું જીવન દુનિયાનાં મહેણાંટોણાં ને ઝંઝાવાતો સામે અડોલ ઊભા રહી બળીઝળી રહેલી દુનિયાને દૃષ્ટાંત ને આકર્ષણરૂપ બની રહો. હર્ષશોક, માનઅપમાન, નિંદાસ્તુતિ, રાગદ્વેષ, સુખદુઃખ વગેરે દ્વંદ્વોથી પર ક્ષણે ક્ષણે બદલાતી દુનિયાના રંગઢંગોને સાક્ષીવત્ વિલોકતા કોઈ સ્થિતપ્રજ્ઞની માફક ડોલતી દુનિયામાં કોઈ અડોલ આત્મવીરની અદાથી ઊભા રહો ને પોતાની નિર્મળ જીવનજ્યોત અખંડ જલતી રાખી જગતમાં માંગલ્ય વરસાવો !

એ ઋણમોચન રણછોડરાય તમને બધાંને ઝેરવેરના ઋણમાંથી બચાવે, જન્મમરણના ઋણમાંથી છોડાવે, દેહાસક્તિના કિલ્લામાં કેદ થયેલાંને ઉગારે, ઋણત્રયમાંથી-આધિભૌતિક, આધિદૈવિક ને આધ્યાત્મિક દેવામાંથી મુક્ત કરે ને એની માફક સર્વાર્પણના સામ્રાજ્યના સમ્રાટ બનાવે ! !

પૂર્વયુગમાં અત્રિઅનસૂયાના નિર્દંભ નિઃસ્વાર્થ તપશ્ચરણથી રીઝી જેણે **સત્તા, સંપત્તિ ને સન્માન એ ત્રણેની લાલસાથી મુક્ત અ-ત્રિને** સ્વાત્મદાન

આપ્યું, તે જ સત્ય સંકલ્પનો આદ્યદાતા શ્રીદત્ત આ કળિયુગમાં કલહયુગમાં કે કળજુગ-યંત્રયુગમાં ભક્ત બોડાણા ને ગંગાબાઈની વિશુદ્ધ પ્રેમલક્ષણા ભક્તિ જોઈ પોતાની જાતને સમર્પણ કરી ભક્તોનું ઋણ અદા કરતો અત્રે ડાકોરમાં બિરાજી રહ્યો છે ! એ ડાકોરનાથ મૂંગોમૂંગો શું કહી રહ્યો છે ? જગતની ભૂલભૂલામણીમાં અટવાતા હે શરણાર્થી જીવો !

**डा किनीं डमरूद्घोषाद् द्रावयाशुभरूपिणीम्**

**डिम्भो भूत्वा डयस्वार्य मा डोमत्वं समाचरेत् ॥**

ૐકારરૂપી ડમરુના ઊંડા નાદથી ભ્રાંતિના બીજરૂપ અશુભ વાસનારૂપી ડાકણને વિના વિલંબે ભગાડી દો. આજ કરીશ, કાલ કરીશ એમ કરતાં આળસુની માફક પોઢી રહેશો તો અચાનક કાળ કોળિયો કરી દેશે ને પશ્ચાત્તાપથી મોઢું ફાડી બેબાકળા જોતા જ રહેશો. માટે ઊઠો. અબઘડી ઊભા થાવ ને બાળક શી નિર્દોષ નમ્રતાથી એના ઉન્નત આકાશમાં ઊડવા માંડો. એદી અધોવર્તનની ખાડમાં મા આળોટ્યા કરો !

કારણ કે અરે માયાવી જીવ !

**को जानीते श्वः कथं वर्तते ते**

**कालग्रस्ते जीवलोके समन्तात् ।**

**कर्तव्यं यच्छीघ्रमेवानुधेहि**

**श्वासे श्वासे दत्तनाम स्मरात्मन् ।**

કોણ જાણે છે કે કાલે તારું શું થશે ? પ્રાણીમાત્રની પાછળ કોળિયો કરવા કાળ પડેલો જ છે. માટે જે કરવાનું છે તે આ ક્ષણે જ કરવા માંડ. જેણે તને દેહાદિ સર્વ કાંઈ આપ્યું છે તે સર્વ ઝઘડાબાજીમાંથી છોડાવનાર શ્રી રણછોડનું શ્વાસે શ્વાસે સ્મરણ કર ને કેડ બાંધીને કામે લાગી જા. બહાર નીકળેલો શ્વાસ પાછો અંદર આવશે કે નહિ, કોણ જાણે ! માટે ઊઠ ને મંડી પડ.

**र मानाथो रदो दासा-दुःखात्यन्तनिवर्तकः ।**

**रमन्ते योगिनो यत्र स रामः किं न सेव्यते ॥**

એ લક્ષ્મીનો નાથ તારી સર્વ ઇચ્છા પૂરણ કરશે. એને અનન્યભાવે

શરણે જનારનું દુઃખ એ કાયમનું દૂર કરે છે. નિષ્કામ યોગીઓ પણ જેમાં રમમાણ થાય છે તે આદિઅંતથી રહિત રામની-રણછોડની સેવા બેટા ! કેમ નથી કરતો ?

**नानारूपधरो योऽसौ नामानन्त्याद् विराजते ।**
**रूपे रूपे विरूपः सन् प्रतिरूपो भजस्व तम् ॥**
**नाथो यस्य जगन्नाथः सोऽनाथोऽत्र कथं भवेत् ।**
**सदाचारेण तं साधो पश्येत्स्वात्मनि संस्थितम् ॥**

તે તે રૂપમાં તે તે રૂપે દેખાતો એ અરૂપી અનંત રૂપે ને અનંત નામે વિશ્વમાં વિરાજી રહ્યો છે. આવો જગતનો નાથ શ્રી રણછોડ તારે માથે હોવા છતાં તું કોઈ અનાથની ગોડે ઓશિયાળો થઈ શેં વિચરે છે ?

હે સાધનપ્રવણ, જગતની જંજીર તોડી નાખવા ઉત્સુક થયેલ મુમુક્ષુ ! એને ખોળવા બહાર શીદ ભટકે છે ? તારા હૃદયમંદિરમાં ઝગમગી રહ્યો છે એ, જો ! પણ મનનો મેલ કાઢી નાંખીને-આંખનાં વિકારપડળને ઉતારી નાંખીને જોજે હોં ! બધે **એ જ છે, એ જ** દેખાશે !!

**थ श्चलोऽणुर्महान्वापि सर्वं ब्रह्मैव केवलम् ।**
**इति स्यान्निश्चलो बोधस्तं थं न बाधते कदा ॥**

સ્થાવરજંગમ, અણુમહાન જે કાંઈ છે તે, કેવળ બ્રહ્મ જ– શ્રી રણછોડરાય જ છે, એવો દૃઢ અડગ બોધ-જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે તે અભયપદ પામે છે; કોઈ પણ ડર એને ડરાવી શકતો નથી.

આવું નિર્ભય પદ તમને બધાંને પ્રાપ્ત થાઓ !

ચાલો ત્યારે એ હૃદયસ્થ રણછોડરાયને અત્યંત આનંદ આપનાર સત્યરૂપી ચંદનની અર્ચા કરીએ; અહિંસા, અપરિગ્રહ, પ્રેમ, શૌચ, સ્વાધ્યાય, તપ વગેરે અક્ષય પુષ્પો ચઢાવીએ; કામ, ક્રોધ, લોભમોહાદિ દુર્વિકારોને બાળીને સચ્ચારિત્ર્યનો ધૂપ દઈએ, સર્વાત્મભાવરૂપી જ્ઞાનદીપ પ્રજ્વાળીએ અને સર્વત્ર પ્રેમભાવરૂપી નૈવેદ્ય અર્પી **सोऽहम्** ભાવે આરતી ઉતારીએ અને

એના અખંડ આનંદમાં જીવનયાત્રા આગળ ધપાવી કૃતકૃત્ય થઈએ !

અંતે એની અખંડ સ્મૃતિમાં અભંગ ગાન કરી જય બોલાવીએ કે–

દેહ તે ડાકોર આત્મા શ્રીરણછોડ !
ધર્મે મતિ સ્થિર, ગોમતી એ ॥ૐ॥
બોડાણો અનલ્પ, મન નિઃસંકલ્પ ।
સમાધિ સકલ્પ, ગંગાબાઈ ॥શ્રીં॥
સત્કર્મને કુંડે, તુલસીમાંજર ।
જ્ઞાનનિષ્ઠાંકુર, ભક્તિપુષ્ટ ॥હ્રીં॥
સ્વર્ણવાળી દાન, સર્વસમર્પણ ।
અન્ય વિસ્મરણ નિશદિન ॥ક્લીં॥
શ્વાસે શ્વાસે સ્વાત્મ-સ્મરણ નિષ્કામ ।
સેવા હરિનામ, સંતસંગ ॥ગ્લૌં॥
દ્વારકા પરોક્ષ, ડાકોર પ્રત્યક્ષ ।
શરત્પૂર્ણપક્ષ, રંગ દિવ્ય ॥દ્રાં॥

**ह्रीं ऋणमोचनाय नमः**

**શ્રી રણછોડરાયકી જય**

ડાકોર
કારતક શુકલ ૯, ૨૦૧૫ — જગત્સુહૃદ્
ષષ્ઠીપૂર્તિ રંગજયંતી, બુધવાર — રંગ અવધૂત
તા. ૧૯-૧૧-૧૯૫૮

## ૪. આજનો સંદેશ

(ગુજરાત રાજ્યના સ્થાપનાદિને અપાયેલ સંદેશ)

**પ્યારાં આત્મસ્વરૂપો !**

આજે ભગવાન શંકરાચાર્યની જન્મજયંતી છે. આવા પવિત્ર અને મંગલટાણે ગુજરાતના નૂતન રાજ્યનું સર્જન થાય છે એની પાછળ કોઈ ઈશ્વરી સંકેત હોય એમ લાગે છે. જેમ દેશની રાજકીય ક્રાંતિમાં ગુજરાતે આગળ પડતો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, તેમ જ હવે આવી રહેલી સામાજિક, આર્થિક અને ધાર્મિક ક્રાંતિમાં ગુજરાત આગળ ધપે અને અન્ય પ્રાંતોને માર્ગદર્શક થાય એવો તો એ સંકેત નહીં હોય ?

ભગવાન શંકસચાર્યનું તત્ત્વજ્ઞાન એટલે કેવલાદ્વૈતનું તત્ત્વજ્ઞાન, અદ્વૈતનો-અંતરાત્માની એકતાનો સંદેશ. જ્યાં દ્વૈત છે, ભેદ ભાવ છે, ઊંડે ઊંડે પણ મારાતારાની લાગણી છે ત્યાં દુઃખ-દારિદ્રય, ભીતિ, શોક, મોહ, અવિશ્વાસ વગેરેનું વાતાવરણ છે; જ્યાં અદ્વૈતનો અનુભવ છે, એકત્વની ભાવના છે, આપપરાયાની પ્રતારણાના આભાસનો પણ અભાવ છે ત્યાં આબાદી, આનંદ અને સુખસમૃદ્ધિનું સામ્રાજ્ય છે. અને દેશને અને વિશ્વ સારાયને અત્યારે કોઈ તત્ત્વની વધારેમાં વધારે જરૂર હોય તો તે અદ્વૈતની છે, માનવમાત્રમાં રહેલી એ આત્માની એકતાના સાક્ષાત્કારની છે. આજે જ્યાં જુઓ ત્યાં ભેદભાવની-પ્રાંતભેદ, ભાષાભેદ, પક્ષભેદ, ધર્મભેદ વગેરે વગેરે અનેક ભેદોની ભૂતાવળ ભડકા કરી માનવજાતને ભડકાવી રહી છે. જગ આખુંય આજે ચકડોળે ચડ્યું છે. એમાંથી ઊગરવાનો કોઈ આરો હોય, તો તે આ વિશ્વના મૂળમાં રહેલી એકતા અનુભવવાનો - અદ્વૈતના સાક્ષાત્કારનો છે. સપાટી પરના સ્થૂલ ભેદો તો રહેવાના જ. એની બાહ્ય વિભિન્નતા તો સૃષ્ટિની ખૂબી છે. એ આભાસિક ભેદો ભાંગ્યા ભંગાવાના

નથી, તોડ્યા તોડાવાના નથી. ભૂંસ્યા ભૂંસાવાના નથી. પણ એની પાછળ રહેલી અભંગ એકતા પિછાની જીવનમાં ઉતારવી એટલી બધી મુશ્કેલ નથી. ભિન્ન ભિન્ન રંગના પુષ્પોની માળાને એકત્ર રાખનાર અંદર છૂપાયેલા દોરાની એકતા તરફ લક્ષ રાખી, એ રંગબેરંગી પુષ્પોના સૌંદર્ય-ખુશબોને માણવાનાં છે. એટલે આવી સ્પષ્ટ એકતાની ભાવના અંતઃકરણમાં જાગ્રત કરી આજે જેમ તમે બધાં આનંદ, ઉત્સાહ અને સહકારની ભાવનાથી, સર્વ બાહ્યભેદો ભૂલી એકત્ર થયાં છો, તેમ તમારો એ જ ઉત્સાહ, આનંદ અને સહકાર હંમેશા જીવનના દરેક ક્ષેત્રમાં ટકી રહો. તમે બધાં એકબીજાનાં પૂરક બનો; એકબીજાનાં સુખદુઃખોમાં સાથે ઊભાં રહો, એકબીજાની અડી અડચણોમાં માત્ર લૂખી હમદર્દી નહિ, પણ જીવંત, સક્રિય સાથ આપો; અને પરમાત્માએ આપેલી સાધનશક્તિ ને ભક્તિ સાથે એકબીજાની વહારે દોડી જાઓ ને આ વિષમય ગણાતા સંસારને એક રસાળ, સુંદર અને અમૃતમય બગીચો કરી મૂકો, એવી મારી અંતરની પ્રાર્થના અને હાર્દિક આશિષ છે.

તમે બધા એકબીજાની ઉન્નતિ અને આબાદી માટે સાથે કૂચ કરો. દુઃખ-દારિદ્ર્ય અને અન્યાય સામે સાથે પોકાર ઉઠાવો. બધાનાં મન અન્યોન્ય સુખસમૃદ્ધિની જ એક અભિવાંચ્છા કરો. તમારું બધાનું ધ્યેય એકમેવ સર્વનું કલ્યાણ એ જ હો. તમારી બધાની ઈશ્વરદત્ત સાધનસામગ્રી-તન, મન, ધન-સર્વ માટે હો. તમે બધા અહર્નિશ એકબીજાના શ્રેયનું જ ચિંતન કરો. એક જ શરીરના ભિન્ન ભિન્ન અવયવોની માફક વિરાટપુરુષનાં તમે બધાં અંગ છો. બધાંનો આત્મા, અંગી એક જ છે એની તમને અહોનિશ યાદ રહો. પરસ્પર એકતાની ભાવનાનું તમને બધાંને સ્વપ્નમાંય વિસ્મરણ ન હો અને ફાવે તેવો પ્રસંગ ઉપસ્થિત થાય તોપણ તમારું બધાંનું હૃદય એક રહો ! !

**સર્વે વૈરવિનિર્મુક્તાઃ પરસ્પરહિતૈષિણઃ ।**
**સ્વસ્થાઃ શાન્તાઃ સમૃદ્ધાશ્ચ સર્વે સન્ત્વકુતોભયાઃ ॥**

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !

તા. ૧-૫-૧૯૬૦ — જગત્સુહૃદ્

રાજપીપલા — રંગ અવધૂત

# ૫. ધર્મજનો ધડાકો

ॐ

**सर्वे पूज्यन्ताम् ।**

मा याहि स्वप्नेऽपीह त्वं त्यक्त्वाऽनाथं माम् ।
भगवन् ! त्यक्त्वाऽनाथं माम् ।
यादृक् तादृक् तेऽहं तेऽहं मा याहीतस्त्वम् ॥ध्रु०॥
दुःशीलः शीली वा भगवन् प्रापन्नोऽहं त्वाम् ।
भगवन् ! प्रासन्नोऽहं त्वाम् ।
पश्येयं नो त्वत्तोऽन्यद् यत् कल्पद्रुस्वाराट् ॥
मा याहि०॥१॥

भेदो न स्यात् खेदो न स्यात् तृण्मोहो न स्यात् ।
भगवन् ! तृण्मोहो न स्यात् ।
लीनं मे चित्तं ते चरणे भूयाद् भूमन् द्राक् ॥
मा याहि०॥२॥

दृष्टिर्यत्र क्वापि ब्रह्मन् भ्रान्तेयं भ्रम्यात् ।
भगवन् ! भ्रान्तेयं भ्रम्यात् ।
पश्येयं ते रूपं ह्येकं मांगल्यं साक्षात् ॥
मा याहि०॥३॥

मा मे वैरं स्नेहासक्तिः केनापीह स्यात् ।
भगवन् ! केनापीह स्यात् ।
कोऽहं सोऽहं विस्मृत्यायं रंगोऽरंगः स्यात् ॥
मा याहि०॥४॥

**शान्तिं पुष्टिं तुष्टिं सर्वे लब्ध्वा मोदन्ताम् ।**
**भगवन् ! लब्ध्वा मोदन्ताम् ।**
**अन्योन्यं देवं मत्वैवं सर्वे पूज्यन्ताम् ॥**
**मा याहि०॥५॥**

-रंगोऽवधूतः

## પ્યારાં આત્મસ્વરૂપો !

શ્રી શ્રીજીની અનંત અમોઘ કૃપાથી આપણે સૌ અસીમ આનંદ, પ્રેમ, ઉત્સાહ ને બંધુભાવના વાતાવરણમાં આવા ધર્મસત્રને નિમિત્તે અહીં ભેગાં મળીએ છીએ. ધર્મજ એટલે ધર્મક્ષેત્ર-જે પ્રદેશમાં અહોનિશ આમ ધર્મનો જય જયકાર થતો હોય-'**यतो धर्मस्ततो जयः**' નું દૃશ્ય નજરે પડતું હોય તે.

આજ આઠ આઠ દિવસથી અહીં નર્યો ધર્મમેઘ વરસી રહ્યો છે. ર્મામૃતની બરખા થઈ રહી છે. અને આપણાં બધાંના અંતઃકરણ કોઈ અલૌકિક અકથ્ય આનંદમાં તરબોળ થઈ કોઈ ઉન્મત્ત થનગનતા મોરલાની માફક નાચી રહ્યાં છે. આવાં ધર્મસંમેલનોથી ધર્મજ નામ ચરિતાર્થ છે.

આજકાલ જ્યાં ત્યાં ધર્મ-નામ સાંભળતાં જ ઘણાખરા કહેવાતા ભણેલા લોકોને સૂગ ચઢે છે. કેટલાક કેવળ નીતિ કે અધ્યાત્મની વાતોનાં વડામાં રાચે છે; પણ ધર્મને નીતિ કે અધ્યાત્મથી ફારગતી આપો તો એ નીતિ કે અધ્યાત્મ કાગળ કે કલ્પનામાં જ રહેવાનાં છે. નીતિ કે અધ્યાત્મનું આચરણ-મન, વચન કે કર્મથી, શરીર-પ્રાણ-ઈંદ્રિયોથી અધ્યાત્મનું પ્રગટ થવું, આચરણમાં ઊતરવું-એટલે જ ધર્મ. શરીરની ફાવે તેવી નિંદા કરો, ક્ષણભંગુર, મલિન, અપવિત્ર, માટીનું વગેરે કહી વખોડો, પણ એ શરીર ન હોય તો આત્મા કે પ્રાણ કંઈ જ કરી શકવાનાં નથી. તેમ ધર્મનું કલેવર ન હોય તો એ નીતિ કે અધ્યાત્મની વાતો કંઈ જ ધોળવાનાં નથી.

પણ ધર્મ એટલે શું? '**धारयतीति धर्मः ।**' જે વ્યક્તિને ને સમાજને ધારણ કરી રાખે, છિન્નભિન્ન થતો અટકાવે, અધઃપતનમાંથી બચાવે, ઊર્ધ્વગામી કરે તે ધર્મ. અહિંસા, સત્ય, દયા, દાન, જપ, તપ, શૌચ, સ્વાધ્યાય, ક્ષમા વગેરેનું આચરણ એટલે ધર્મ. એમાં ઝઘડાને સ્થાન જ નથી. ભેદભાવને અવકાશ નથી; એ ભિન્નતામાં એકતા બતાવનાર, અંધકારમાંથી પ્રકાશમાં લઈ જનાર અક્ષય દીવડો છે, એને આધારે માણસ ને સમાજ અસત્‌થી સત્‌

તરફ, તમસ્‌થી જ્યોતિ તરફ, મૃત્યુથી અમૃતત્વ તરફ, દુઃખમાંથી સુખ તરફ, અશાંતિમાંથી શાંતિ તરફ, બરબાદીમાંથી આબાદી તરફ પ્રગતિ કરે છે. ધર્મ ભિન્ન મનોને સાંધનાર વજ્રરસ છે; દ્વૈતમાંથી અદ્વૈત, ભેદમાંથી અભેદ સર્જે છે.

કેટલાક લોકો ધર્મને માત્ર પરલોક સાથે સાંકળી એની અવહેલના કરે છે. પણ તેમ નથી. '**યતોऽભ્યુદયનિઃશ્રેયસસિદ્ધિઃ સ ધર્મઃ ।**' એવી શાસ્ત્રે એની સુંદર સાર્થક વ્યાખ્યા કરી છે. આ લોકના અભ્યુદયની વાત એમાં ઉપેક્ષી નથી. એણે તો બંને હાથમાં લાડુ બતાવ્યો છે; આ લોકમાં સુખસમૃદ્ધિને મૂઆ પછી જન્મમરણમાંથી મુક્તિ કે મોક્ષ. પણ હિંદુ ધર્મે તો આ લોકમાં જ બંનેનો આનંદ માણવાની કુંચી બતાવી છે. જીવન્મુક્તિનો આદર્શ એમાં સ્પષ્ટ ને ભવ્યતાથી વિશદ કર્યો છે. હિંદુધર્મ ઉધારવાદી નથી. એ તો મુક્ત કંઠે રોકડ ને નગદ માલનાં વખાણ કરે છે ને તે પામવાનો રસ્તો બતાવે છે.

જીવતાં દેખ લો માંહે જીવનજ્યોત અલખ !
મૂઆ પછીનો વાયદો નકામો, કો જાણે છે કાલ ?
આજ અત્યારે જોઈ-લો રે સંતો, નગદી રોકડ માલ !

**(અવધૂતી આનંદ પૃ. ૧૯૫)**

વળી કેટલાક હિંદુધર્મમાં પણ પ્રવર્તતા અનેક ધર્મો કે સંપ્રદાયો તરફ આજની બધી અવનતિનાં મૂળ તરીકે આંગળી ચીંધી મોં મચોડે છે. પણ એ બધાં તો ભારતની સ્વતંત્ર વિચારધારાનાં પ્રત્યક્ષ પ્રમાણ છે. મનને ગોઠતો ન હોય, હૃદયને સંતોષતો ન હોય, બુદ્ધિ કબૂલ કરતી ન હોય તોપણ કોઈએ અમુક જ ધર્મની કે અન્ય કોઈ એકાંગી વિચારધારાની કેદમાં શા માટે સબડાવું જોઈએ ? બધાને માટે બંધબેસતાં ન આવે તોપણ એક જ માપ ને ફેશનના કોટ કે જૂતાંનો-વેશભૂષાનો-આગ્રહ શા માટે ? હિંદુધર્મ એક મહાન વટવૃક્ષ જેવો છે ને ઉપરથી ભિન્નભિન્ન દેખાતા સંપ્રદાયો એની વિવિધ શાખાઓ જેવા છે. દેખીતા અનેક ધર્મ કે સંપ્રદાય અવનતિનું મૂળ નથી જ નથી; પણ એ બધાં વિવિધ ધર્મપુષ્પોની અંદર રહેલા ઐકાત્મ્યના સૂક્ષ્મ ધાગા

તરફ આંખમીંચામણાં કરી ધર્મને નામે ચરી ખાનારા અમારા જેવા ધર્મ-પ્રચારનો સ્વયં ઈજારો લઈ બેઠેલાઓ જ બધા બખેડાઓનું મૂળ છે. સત્ય અનંત છે અને ભિન્નભિન્ન ધર્મો એનાં ભિન્નભિન્ન પાસાં કે એને પામવાના અનંત માર્ગો છે; જેમ અનેક બંદરો જહાજ પર ચઢવાનાં અનેક કેન્દ્રો, કે અનેક સ્ટેશનો રેલગાડીમાં બેસવાનાં વિવિધ સ્થાનકો છે-જેને જ્યાંથી અનુકૂળ હોય તે ત્યાંથી રેલગાડી કે બોટ પકડે તેમાં વાંધો નથી; એ તો જેટલાં વધારે તેટલી સગવડ વધારે ! પણ એક વાર બેઠા પછી ગાડી સ્ટેશન બહાર હંકારવાની હોય, નહિ તો ઘાણીના બેલની માફક ત્યાં ને ત્યાં જ અટવાવાનું રહે. તેમ જ મુક્તિપુરી-નિતાંતસુખની મંઝિલે પહોંચવા માટે આ સંપ્રદાયો કે ધર્મો, બંદર કે સ્ટેશન સમાં છે. એની વિપુલતા કોઈ પણ રીતે મારક કે હાનિકારક નથી. સ્ટેશને હાટડી નાંખીને પડેલા અમારા જેવા ફરતા, ભૂસું કે મેવા મીઠાઈના ખૂમચાવાળા ગાડીને સ્ટેશન કે બહુ તો સ્ટેશનયાર્ડથી દૂર જવા જ દેતા નથી; કેમ કે, એમ થાય તો અમારો વેપાર પડી ભાંગે ને અમારા મોજશોખ મરી પરવારે ! માટે દોષ કોઈનો હોય તો તે ધર્મ કે સંપ્રદાયનો નથી, પણ અમારા જેવા ખૂમચાવાળાઓનો છે. માટે સંપ્રદાયને સ્ટેશને ગાડીમાં ભલે બેસે-કારણ બધા જ સંપ્રદાયો સારા અને ઊર્ધ્વગામી છે ને મનુષ્યને કલ્યાણને માર્ગે લઈ જવા માટે જ સ્થપાયેલા છે. પણ એક વાર ગાડીમાં બેઠા પછી ત્યાં ને ત્યાં જ ગૂંચવાયા કરે તો ચોરાશી લાખ શું ચોરાશી કરોડ યોનિમાં જન્મ લે તોપણ એની ભ્રમણપરંપરાનો પાર ન આવે !

તો એ અનેક ધર્મો પાછળ રહેલ એકતાનો ધાગો ક્યો ?

**'आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् ।'**

પોતાને પ્રતિકૂળ હોય, બીજો પોતાની સાથે એવી રીતે વર્તે તો પોતાને ન ગમે, પોતાને દુઃખ થાય તેવું વર્તન પ્રાણાન્તે પણ બીજા સાથે ન કરવું, સામો માણસ આપણી સાથે જેવી રીતે વર્તે એમ આપણે ઇચ્છીએ તેવો જ વર્તાવ આપણે સામા માણસ સાથે રાખવો ઘટે.

'परोपकारः पुण्याय पापाय परपीडनम् ।'

સંતશિરોમણિ શ્રી તુલસીદાસજીના શબ્દોમાં-

—परहित सरिस धर्म नहीं भाई ।
परपीडा सम नहीं अधमाई ।।

એ બધાય ધર્મોની આચારસંહિતા છે. એના તરફ ધ્યાન રાખી વર્તવું. તો ક્યાંય ઝઘડો, વિસંવાદ, દુઃખ, ચિંતા નહિ રહે.

વળી મનુષ્યને પશુથી જુદો પાડે, પશુતામાંથી માનવતા તરફ લઈ જાય તે ધર્મ. અને તેથી જ આજકાલ ધર્મને બદલે જ્યાં ત્યાં માનવતાનો ઉદ્‌ઘોષ સંભળાય છે. પણ એ માત્ર શબ્દભેદ જ છે. ધર્મ? માનવતા. કર્મ? માનવતા. જ્ઞાન? માનવતાનો જ વિકાસ. ભક્તિ? માનવતાનો જ પરિપાક. ને યોગ? એટલે જ માનવતાનું પરિશીલન. માનવતાવિહોણો ધર્મ હોઈ જ ન શકે. માનવતાની પરાકાષ્ઠા એટલે જ દેવત્વની પ્રાપ્તિ અને એ પ્રાણીમાત્રમાં, અરે! વસ્તુમાત્રમાં, નિગૂઢ દેવત્વની અનુભૂતિ એટલે જ આત્મસાક્ષાત્કાર કે સ્વાનુભૂતિ. સ્વામી વિવેકાનંદે એટલે જ કોક ઠેકાણે કહ્યું છે :-

'Religion is the manifestation of Divinity already in man'

ધર્મ એટલે મનુષ્યની અંદર રહેલા દૈવી અંશનું પ્રકટીકરણ.

એ અનુભવ કેમ પ્રકટે? તો

मा नामानौ समौ कृत्वा विनम्रस्तरुवद् भवेत् ।
सर्वभूतहितं कुर्वन् रागद्वेषौ विवर्जयेत् ।।ना।।
न द्रुह्यात् सर्वभूतानि सत्याहिंसादिकं चरन् ।
आत्मवत् प्राणिमात्रेषु पश्यन् कारुण्यभाग्भवेत् ।।रा।।
वशीकृत्वेन्द्रियग्रामं सहजं कर्म संभजेत् ।
फलं कर्तृत्वभावं च समर्प्य श्रीपदे मुदा ।।य।।
तानवं चैषणानां च संप्राप्य समदृङ् मुनिः ।
वर्तमानेन वर्तेत निष्कम्पोऽल्पपरिग्रहः ।।ण।।

માન અપમાન સમાન લેખી ઝાડની માફક ફળકાળે અહંકાર છોડી

વિશેષ નમ્ર બનો. રાગદ્વેષનો ત્યાગ કરો ને ભૂતમાત્રના કલ્યાણ માટે મંડી પડો.

કોઈપણ પ્રાણીનો દ્રોહ ન કરો. સત્ય, અહિંસા વગેરે દૈવી ગુણોનું આચરણ કરો. પ્રાણીમાત્ર તરફ પોતાની જાતની માફક જુઓ ને સર્વત્ર કરુણાથી પોતાનું અંતઃકરણ ભરી દો.

મન-ઈંદ્રિયોને વશ કરી આનંદમાં મસ્ત રહો ને ફળ અને કર્તૃત્વભાવ શ્રીચરણે સમર્પણ કરી સહજભાવે આવી પડે તે ખંતથી કરો.

ઈચ્છાએષણાઓ ક્ષીણ કરો. ભૂતભાવિની ચિંતા છોડી વર્તમાનમાં રહો. આવશ્યકતાઓ બને તેટલી ઓછી કરો, બધે નીડર રહો. ને સર્વત્ર સમાનદૃષ્ટિ રાખી અલ્પભાષી બની આત્મચિંતનમાં રત રહો.

સઘળે એક જ અવિનાશી આત્મા પ્રકાશી રહ્યો છે. માટે કોઈની પણ નિંદા ન કરો ને એકબીજામાં રહેલું આત્મતત્ત્વ કે દેવત્વ પિછાની એકબીજાના કલ્યાણમાં રાચો.

'**नभः पतन्त्यात्मसमं पतत्रिणः ॥**' આકાશ મહાન છે, ને પક્ષીઓ પોતપોતાની શક્તિ પ્રમાણે તેમાં ઊડે છે—કોઈ ઊંચે, કોઈ નીચે-પણ ઊડે છે તો એ બધાંય એ વિભુ આકાશમાં જ ! ને એ અનંત આકાશની દૃષ્ટિએ તો કોઈ ઊંચુંયે નથી ને કોઈ નીચુંયે નથી. એ બધો આપણી દૃષ્ટિનો વિકાર છે, આપણા અહંકારનો ઊભરો છે. દરેક જણ પોતપોતાની ગતિમતિ પ્રમાણે પ્રગતિ કરી રહ્યું છે; પણ એ બધાંયની દોડ એ એક જ અનંત અવિનાશી તરફ છે. અનંતને પહોંચવાના રસ્તા પણ અનંત છે, સાધન પણ અનંત છે. ક્યા રાફડામાં ક્યો ભોરિંગ સમાયેલો છે તે જાણવું મુશ્કેલ છે. માટે કોઈ પણ વ્યક્તિ, સમાજ, સંસ્થા કે સંપ્રદાયની નિંદા ન કરો. કોઈનેય માટે દ્વેષભાવ ન રાખો. ઉપરનાં છોતરાં પરથી અંદરના સત્ત્વની પરીક્ષા કરવાની ભ્રમણામાં ન પડો. એ પણ પૂર્ણ છે; આ પણ પૂર્ણ છે; પૂર્ણમાંથી પૂર્ણ જ સંભવે છે માટે તમારી અપૂર્ણ અવિવેકી દૃષ્ટિ સુધારી બધે પરિપૂર્ણ એ પૂર્ણને પિછાનો. આત્મૈકદૃષ્ટિથી પરસ્પર બધાંયનાં સુખદુઃખોમાં દોડી જાઓ, અલ્પ અહં વિસારી સર્વત્ર પૂરણના સર્વાત્મભાવને પિછાનો, તો જગત્ બધુંય

નંદનવન સમું ભાસશે, ચિંતા, શોક, ભેદખેદ, દુઃખદારિદ્ર્ય નહિ રહે ને બધેય આનંદે આનંદ વર્તી રહેશે. ચોવીસે કલાક માયાની પાછળ દોડી દોડીને ટાંટિયા તોડી લો છો તો એકાદ અર્ધો કલાક પણ નિયમિત એ અવિનાશી, અક્ષય, સુખનિધાન પરમાત્માની સેવા કરો. તો સુખની સીમા નહિ રહે, ચિંતા શોધી નહિ જડે, હું-તુંનો ઝઘડો-સ્વાર્થપરમાર્થની ભ્રાંતિ મટી જશે, ભીતિ ક્યાંય ભાગી જશે ને સર્વત્ર નિર્ભયતા, નચિંતતા ને અવિરત શાંતિનું સામ્રાજ્ય વ્યાપી રહેશે.

માટે ફાવે તેવી કપરી પરિસ્થિતિમાંય, મહાભારતના શબ્દોમાં

**न जातु कामान्न भयान्न लोभाद्**
**धर्मं त्यजेज्जीवितस्यापि हेतोः ।**
**धर्मो नित्यः सुखदुःखे त्वनित्ये**
**जीवो नित्यो हेतुरस्यप्यनित्यः ॥**

કોઈ પણ જાતની કામનાથી, ફાવે તેવા ડરથી કે લોભલાલચોથી, અરે ! જિંદગી બચાવવા માટે પણ ધર્મનો ત્યાગ ન કરો; કારણ, ધર્મ નિત્ય છે ને સુખદુઃખ અનિત્ય છે-આવનજાવન છે. જીવ નિત્ય છે-સદાનો સંગાથી છે-ને એનો આધાર-શરીર અનિત્ય છે. એક દિવસ પડવાનું છે ! !

બોલો :

**ધર્મ**નો જય હો ! **અધર્મ**નો ક્ષય હો ! !
ૐ શાન્તિઃ ! શાન્તિઃ ! ! શાન્તિઃ ! ! !

ધર્મજ
કારતક સુદ ૯, વિ.સં.૨૦૧૭ — જગત્સુહૃદ્
૬૩મી રંગજયંતી — રંગઅવધૂત
શુક્રવાર, તા. ૨૮-૧૦-૧૯૬૦

# रेवागीतम् ॥

ૐ

ગાયતિ રેવા રવમધુરમ્ ।।ધ્રુ।।

હર હર ૐ ૐ હર હર ૐ ૐ,
હર હર ૐ ૐ હર હર ૐ ।

સાયં પ્રાતઃ પ્રાતઃ સાયં,
હર હર ૐ ૐ સતતમિતિ । ગાયતિ૦ ।।૧।।

મેકલજાતા મનસિ વિભાતા,
રૌતિ કલં કિમપીહ ચિરમ્ ।
ત્વમહમહં ત્વં ત્વમહમહં ત્વં,
ત્વમહમહં ત્વં ત્વમહમિતિ ।। ગાયતિ૦ ।।૨।।

તડિદુજ્જ્વલજલમુખતઃ સ્તૌતિ,
નીરંગં નાના-રંગમ્ ।
બ્રહ્માહં ત્વં બ્રહ્મૈવેદં,
જલશીકરવદભિન્નમિતિ ।। ગાયતિ૦ ।।૩।।

નારેશ્વર, રંગોઽવધૂતઃ ।
ભાદરવા સુદ ૮, વિ. સં. ૨૦૧૭,
સોમવાર, ૧૮-૯-૧૯૬૧

## ૬. કણભાનો કડાકો

ૐ

**સહ નાવવતુ સહ નૌ ભુનક્તુ સહ વીર્યં કરવાવહૈ ।**
**તેજસ્વિનાવધીતમસ્તુ મા વિદ્વિષાવહૈ ॥**

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !

**વ્હાલાં આત્મસ્વરૂપો,**

મા નર્મદાની અસીમ અકથ્ય કૃપાથી, ગઈ સાલના ધર્મજના મુકામનાં મધુર સંસ્મરણો હજી મગજમાં તાજાં જ છે, એટલામાં જ કણભાના આ પ્રેમસંમેલનમાં આપણે બધા આત્મભાવે પાછા મળીએ છીએ. કણભામાં આવવાનો આ ત્રીજો પ્રસંગ છે. મા-સમાં ગં.શ્રી ઈચ્છાબાના ને ગામલોકના આ નિરપેક્ષ વિશુદ્ધ પ્રેમ ને ઉત્સાહનો હું શો જવાબ આપું ?

એ પરમ પિતા પરમેશ્વર આપણા ઉભયનું રક્ષણ કરે ! એક સંરક્ષિત ને બીજો ઉપેક્ષિત રહે તો કાળે કરી બંનેનો નાશ થાય. ૧

આપણે બંને ઐશ્વર્યને વરીએ ને વિવિધ સુખોપભોગ ભોગવીએ ! એક સુખ સગવડોમાં આળોટે ને ચાંદીની થાળીમાં રોજ મિષ્ટાન્ન આરોગે અને બીજો દુઃખમાં પાસાં ઘસ્યા કરે ને માંડ કોદરાયે ન પામે તો એક અપચન ને બીજો બુભુક્ષાનો ભક્ષ્ય બની બન્નેય વિનાશને પંથે પરવરે. ૨

આપણે બંને શક્તિમાન બનીએ-બન્ને બળની ઉપાસના કરીએ, સાત્ત્વિક તાકાત મેળવીએ ! એક સબળો ને બીજો નબળો હોય તો સમાજમાં હંમેશાં શીત કે ઉષ્ણ યુદ્ધનું વાતાવરણ રહ્યા કરે ને એની ગુપ્ત પ્રગટ જ્વાળામાં વિશ્વસમસ્ત શેકાઈ જાય. ૩

આપણા ઉભયનું ભણતર તેજસ્વી હો ! એમાંથી એકબીજામાં પરસ્પર

દેવત્વની ભાવના પ્રગટે, એક બીજા માટે આદર ને સહાનુભૂતિની જ્યોત જાગે; અને તો જ મનુષ્યમાં સાચી માનવતા જાગે-મનુષ્ય મનુષ્ય માટે મરી પડે ને અંગત સ્વાર્થ બાજુએ મૂકી પરમાર્થમાં પગલાં માંડે-સ્વ ભૂલી સર્વમાં સમાઈ જાય અને વિશ્વમાં શાંતિ ને સમૃદ્ધિનું સામ્રાજ્ય પથરાઈ જાય.૪

આપણે કદીયે એકબીજાનો દ્વેષ ન કરીએ ! 'હું' માં તું ને 'તું'માં હું નિહાળી સર્વત્ર હું તું મારું-તારુંથી પર એક અવિનાશી અખંડ પરમ તત્ત્વનાં દર્શન કરી, બધે એક અભંગ આધ્યાત્મિક એકતા અનુભવી જગતમાંથી વેરઝેર, દુઃખદારિદ્રય, જુદ્ધ-અથડામણને દેશવટો આપી સુખશાન્તિ ને આનંદે આનંદનાં મંડાણ કરીએ !૫.

આવા માંગલિક પ્રસંગે આ **વૈદિક પંચશીલ**થી બીજા શાનાં હું ગાન કરું ? બીજું હું શું બોલું ?

બોલું તો મુખડું લાજે રે, એંઠા શબ્દે કાલના ! (અવધૂતી આનંદ પૃષ્ઠ-૧૯૯)

રોજ એનો એ જ લૂખો બકવાદ. એનો એ જ વાગ્વિલાસ ને એનો એ જ શ્રવણવિલાસ. બોલનારાથી બોલ્યા વગર ન રહેવાય-બોલવાનું વ્યસન, ને સાંભળનારને સાંભળવાની ચળ-સાંભળવાનું વ્યસન ! ચળથી ચળ વધે ને સમાધાન ક્યાંયે ન લાધે. **'કથા સુણી સુણી ફૂટ્યા કાન, તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન'** જેવી ઉપહાસાત્મક સ્થિતિ થાય ને શાંતિ ક્ષિતિજની માફક આઘી ને આઘી જાય. એક કાને સાંભળ્યું, બીજે કાને કાઢી નાખ્યું ! આમ ક્યાં સુધી ?' **એકઃ શબ્દઃ સમ્યગધીતઃ સમ્યક્ પ્રયુક્તઃ સ્વર્ગે લોકે કામધુગ્ ભવતિ ।'** એક જ શબ્દ સારી રીતે આત્મસાત્ કરવામાં આવે ને યોગ્ય રીતે આચરણમાં ઉતારાય તો સ્વર્ગલોકમાં પણ કામધેનુ પ્રમાણે ઇચ્છિત ફળ આપે; તો મૃત્યુલોકમાં શું ન થાય ? થોડું પણ સારું સાંભળો, પણ વિચારો વધારે ને વિવેકની ચાળણીથી ચાળી એ આચરણમાં ઉતારો. ભગવાન યાજ્ઞવલ્ક્ય કહે છે કે, **જ્ઞાનં ભારઃ ક્રિયાં વિના ।** આચરણમાં ન ઉતારેલું જ્ઞાન કેવળ ભારરૂપ છે, જમીનમાં દાટેલા ધન જેવું છે; કેવળ મગજને અકળામણરૂપ છે; જમીનમાંથી બહાર કાઢી ઉપયોગમાં ન લેવાય તો એ ધન શા કામનું છે ?

કહેવામાત્રનું ધન ષંઢના શણગાર જેવું છે, બકરીના ગળાના આંચળ જેવું છે. કોઠીમાંનું ધાન બહાર નીકળી પેટમાં ન આવે તો શા કામનું ? ત્યાં રહ્યું રહ્યું એ સડી જાય ને ઘરમાં બધે ઈયળો ઊભરાય ! ધન કે ધાન્યના સંગ્રહની માફક કેવળ શ્રુતિસંગ્રહ પણ નિરર્થક છે. નથી એથી પોતાની ભૂખ ભાંગતી કે નથી બીજાની. અને તેથી જ આજકાલ વધતાં જતાં કથાવાર્તા, વ્યાખ્યાન-પ્રવચન, ભજનકીર્તન છતાંય સમાજમાં અશાંતિ, અસંતોષ, અકળામણ, રાગદ્વેષ, વેરઝઘડા, પરસ્પર અથડામણ, ઈર્ષા-અદેખાઈ વધતાં કેમ ચાલે છે તે એક અણઉકેલ્યો કોયડો જ રહ્યો છે. ખરાબ અન્ન માંદગી ને મોત નોતરે એમાં નવાઈ નહિ, પણ સારું હોય તોયે અપચેલ અન્ન મોતની વધારે જલદી પાસે લઈ જાય. બદામ પૌષ્ટિક છે પણ ખાધે જ રાખો તો શું પરિણામ આવે ? દૂધ ઉત્તમ ખોરાક છે પણ પીધે જ રાખો તો શું પરિણામ આવે ? માટે સારું હોય તોપણ માત્ર શ્રવણભૂખ પોષવી કોઈ પણ રીતે ઉન્નતિકારક નથી. શ્રવણનું મનન-નિદિધ્યાસન કરી થોડો પણ સાક્ષાત્કાર કરવાની કોશિશ કરીએ તો જ શાંતિ ને સમાધાનની આશા રાખી શકાય.

પણ મારામાં શું છે ? કંઈ જ નથી. કંઈ હોય જ તો તે **એનું** છે ને એ દયાઘન **પરમાત્મા** જ એ શું છે તે જાણે છે. બાકી કબીર રામાનંદને ચોંટી પડ્યા હતા કે **'તું ગુરુ'** તેમ તમે બધા મને ખાલી વળગી પડ્યા છો. પણ ત્યાં કબીરસાહેબમાં અતૂટ શ્રદ્ધા હતી, વજ્ર નિશ્ચય હતો ને રામાનંદસ્વામી શક્તિનો અખૂટ ભંડાર, પ્રભાવનો અનંત સાગર હતા. તમારી શ્રદ્ધા તમે જાણો, પરમેશ્વર જાણે; પણ અહીં તો શક્તિમાં શૂન્ય છે, અને તેથી જ તો કેટલાક લોકો અવધૂતના નામ પાછળ **પૂજ્યશ્રી** લખે છે. **પૂજ્ય એટલે મરાઠીમાં મીડું-શૂન્ય અને શ્રી એટલે પ્રભાવ, શક્તિ, ઐશ્વર્ય.** એવા પૂજ્યશ્રી શૂન્યૈશ્વર્ય, નિષ્પ્રભાવ, સર્વ રીતે ખાલીખમ અવધૂતની પાછળ તમે લોકો કેમ પડ્યા છો તે કોણ જાણે ! કેટલાક શુભેચ્છકો આવો પ્રશ્ન પૂછે પણ છે. પણ એનો જવાબ હું શું આપું ? અવધૂત બીજાને માટે તો ઠીક પણ પોતાને માટેય એક અણઉકેલ્યો કોયડો જ છે. અવધૂતે કોક ઠેકાણે લખી પણ દીધું જ છે કે :-

मूर्खोऽहं मूर्खराजोऽहं मूर्खाणां च शिरोमणिः ।
ज्ञात्वाप्येवं भजन्ते मां तेऽपि मूर्खा न संशयः ॥
(અવધૂતી આનંદ આરંભમાં)

આવી અવધૂતની સ્વમૂર્ખત્વની સ્વયં કબૂલાત છતાંય મૂર્ખામાં ખપીને પણ લોક પ્રેમથી એના તરફ દોડ્યા જ કરે છે. એમાં **'આન્તરઃ કોઽપિ હેતુઃ ।'** વગર શું કારણ વિચારી શકાય? હા! એક વાત છે કે અવધૂત સમાજનું બાળક છે. એને નિમિત્ત કરી માબાપ ને વડીલ ભાઈભાંડુની માફક એના જન્મદિને પોતાના નિરપેક્ષ નિતાંત પ્રેમથી પ્રેરાઈ અંતઃસ્ફૂર્તિથી સમાજ પોતાની સમજણ પ્રમાણે એના પર પ્રેમની મુસળધાર વર્ષા કરી આનંદ લૂંટે છે. એમાં માબાપના અતિ પડતા લાડથી બાળક અકળાય છે-મુંઝાય છે. તેવી જ સ્થિતિ સમાજના આ અઘટતા લાડથી કે પ્યારના પૂરથી અવધૂતની થાય છે. એમાં સમાજને શું મળે છે તે સમાજ જાણે! પણ એથી અવધૂતનું જીવન ગૂંગળાય છે માટે તમે બધાં આવી ઘેલછાથી અતઃ ઊર્ધ્વ દૂર રહો તો સારું.

કોઈ પણ મહાન પુરુષ કે સંતના આદર્શની એના કહેવાતા ભક્તો કે અનુયાયીઓ તરફથી અવગણના થાય છે, એના ઉપદેશોનું આચરણ થવાને બદલે એની મૂડી બનાવી પોતાના ક્ષુદ્ર દુન્યવી સ્વાર્થ માટે એનો વેપાર કરવામાં આવે છે ત્યારે પરમાત્મા એ વ્યક્તિને ફાવે તે રીતે લોકમાંથી ઉપાડી લઈ પોતાની પાસે બોલાવી લે છે. મહાત્મા ગાંધીજીની અમાનુષ હત્યા વખતે અવધૂતે આ જ વાત એ ભીષણ ઘટનાની મીમાંસા કરતી વખતે ઉચ્ચારી હતી. અવધૂતને બીક લાગે છે કે અવધૂતની બાબતમાં પણ કંઈક એવું જ થવા લાગ્યું છે. એના આદર્શની કે એના સદુપદેશની કોઈને બહુ પડી લાગતી નથી. જે તે એની સાચી કે જૂઠી તપશ્ચર્યા પર-કહેવાતી દિવ્ય શક્તિ પર મોજ કરવાના વધ્ય મનસૂબા સેવી એની ભાવનાશૂન્ય સ્થૂળ મૂર્તિપૂજા કરવા લાગ્યા છે! એનું કંઈ માઠું પરિણામ આવે તો એને એની નવાઈ નહિ લાગે. આ એક કડવું પણ તદ્દન નગ્ન સત્ય છે. ને તેનો તમને બધાને જેટલો જલ્દી સાક્ષાત્કાર થાય તેટલો સારો કે પાછળથી પસ્તાવું ન પડે.

'છેવટે તો, **કર્મૈવ કારણં તાત જીવાનાં સુખદુઃખયોઃ ।**'

પ્રાણીમાત્રના સુખદુઃખનું કારણ પોતાનાં સારાં કે નરસાં કર્મ જ છે. કોઈ કોઈને સુખી કે દુઃખી કરે છે એ એક વહેમ છે, અજ્ઞાનજન્ય ભ્રમ છે. કર્મ સારાં કે નિઃસ્વાર્થ હોય તો ફળ સારું ને નઠારાં કે સ્વાર્થભર્યાં હોય તો ખરાબ. માટે કોઈ પણ કાર્ય એવું ન કરો કે જેથી કોઈનું અહિત થાય ને જે ઈશ્વરના સાન્નિધ્યમાં ન કરી શકાય. આપણે ઈશ્વરને જોઈ શકતા નથી; પણ **એ** આપણને જુએ છે. **એની** હસ્તી બધે છે. આપણે જે ધરતી પર ઊભા રહી કર્મ કરીએ છીએ, જે આકાશ નીચે મનસૂબા ઘડીએ છીએ, જે હવામાં હાલચાલ કરીએ છીએ તે ધરતી, તે આકાશ, તે હવા આપણા કર્મની સાક્ષી છે ને ઈશ્વરની પાસે આપણી વિરુદ્ધ કે તરફેણમાં સૂર ઉઠાવે છે. માટે એક પણ ડગલું એવું ન ભરો કે જેથી **એની** વિશ્વમાંગલ્યની યોજનામાં વિક્ષોભ ઊભો થાય, એવો એક પણ શ્વાસ ન લો કે જેથી **એની** વિશ્વોત્ક્રાંતિની ગતિમાં અવરોધ પેદા થાય, એવો એક પણ શબ્દ ન ઉચ્ચારો કે જેથી **એની** વિશ્વસંવાદિતામાં વિક્ષેપ જાગે, એવો એક પણ સંકલ્પ ન સેવો કે જેથી **એની** વિશ્વકલ્યાણની અખંડ ધારામાં વમળ ઉત્પન્ન થાય ! જે કરો તે પ્રભુને સાથે રાખીને કરો, મરો તોય **એના** અનુસંધાનમાં મરો. અન્નના કણેકણમાં **એના** સંજીવની અમૃતનો આસ્વાદ લો. પાણીના ઘૂંટડેઘૂંટડામાં **એનો** મધુર રસ ચાખો, હવામાં **એના** અસ્તિત્વની-જીવનતત્ત્વની-ઝણઝણાટી અનુભવો, ચંદ્ર-સૂર્ય તારા અગ્નિના ઝઘઝઘાટમાં **એનો** દિવ્ય પ્રકાશ જુઓ; પ્રાણીમાત્રમાં **એનું** નિર્મળ પ્રતિબિંબ જુઓ; શબ્દ માત્રમાં **એનો** આદેશ શ્રવણ કરો ને **એના** અસ્તિત્વથી જીવન બધું ભરી દઈ **એની** અસ્મિતામાં જીવતાં શીખો. એના હાથનું રમકડું થઈ એ રમાડે તેમ રમો ને મોતનીયે બીક ન રાખો. શ્વાસેશ્વાસમાં **એનું** નામ જપો, રોમેરોમમાં **એની** હાજરીનો આનંદ અનુભવો ને કાળનીયે પરવા ન કરો. કાળ પણ તમારી આજ્ઞાની રાહ જોતો હાથ જોડી તમારી સમક્ષ કિંકરની માફક ખડો રહેશે. પરમાત્મા સાથે સંબંધ જોડો ને વિશ્વસમસ્ત તમારું મિત્ર થઈ રહેશે.

**સાનુકૂલે જગન્નાથે સાનુકૂલં જગત્ત્રયમ્ ॥**
**નાનુકૂલે જગન્નાથે નાનુકૂલં જગત્ત્રયમ્ ॥**

એ સૂત્ર હંમેશાં યાદ રાખો ને બધે નિર્ભય થઈ વિચરો. રાજાશાહીમાં રાજાની સાથે દોસ્તી કરવાથી જેમ દિવાનથી ચપરાસી સુધી બધા સલામ ભરતા થઈ જાય છે તેમ પરમાત્મા સાથે મૈત્રી કરવાથી-અનુસંધાન જોડવાથી દુષ્ટ ગ્રહાદિ પણ તમારો વાળ વાંકો નહિ કરે. વિશ્વાસ રાખો ! આગળ આવતી બહુ ગવાતી ને ચવાતી અષ્ટગ્રહયુતિથી ગભરાવાની જરૂર નથી. જગન્નિયંતા પરમાત્માની નજર આગળ એ બધા રાંક છે—પટાવાળા જેવા છે. જેઓ પ્રભુના લાડીલા છે, જેમની એક ક્ષણ પણ પ્રભુના સ્મરણ વગર જતી નથી, પ્રભુપ્રેમ- પ્રભુભક્તિ-પ્રભુસ્મરણ એ જ જેનું જીવન છે તે સર્વત્ર નિર્ભય છે. એને કોઈથી ભય નથી. હરદમ પ્રભુના નામનું સંકીર્તન એ જ જેનો સાચો ખોરાક છે તેને યમ પણ ડરાવી શકે તેમ નથી. ભૂતકાળ તમારા હાથમાંથી સરકી ગયો છે, એને ભૂલી જાઓ; ભવિષ્ય તમારા હાથમાં નથી, એ તમે જાણતા નથી, એની ભીષણ કલ્પનાઓથી કંપવાનું મૂકી દો ને નક્કર વર્તમાનનો બને તેટલો સારો ઉપયોગ કરી આનંદમાં મસ્ત રહો ! હરદમ પ્રભુની યાદમાં રહો, પ્રભુની યાદમાં રહો, પ્રભુની યાદમાં રહો ! ! અખંડ સુખનો, શાન્તિનો, આનંદનો એ જ એકમેવ રાજમાર્ગ છે.

વધુ શું ?

**અબુધાઃ સુબુધાઃ સન્તુ સુબુધાઃ સન્તુ સદ્વ્રતાઃ ।**
**સદ્વ્રતાઃ સત્પથાઃ સન્તુ સત્પથાશ્ચ સદાગ્રહાઃ ॥ૐ॥**
**અન્યોન્યમાનિનઃ સર્વે સર્વે સન્તુ વિમત્સરાઃ ।**
**સ્વસ્થાઃ સ્વક્ષાઃ સમૃદ્ધાશ્ચ સર્વે સન્ત્વકુતોભયાઃ ॥દ્રાં॥**
**રાષ્ટ્રસ્યોન્નાયકાઃ સર્વે વિશ્વકલ્યાણભાવુકાઃ ।**
**સ્વધર્મશાલિનઃ સર્વે સર્વે સન્ત્વભયંકરાઃ ॥ૐ॥**

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !

કણભા, જગત્સુહૃદ્
કારતક શુકલ ૯, ગુરુવાર, રંગ અવધૂત
વિ. સં. ૨૦૧૮, ૬૪મી રંગજયંતી
તા. ૧૬-૧૧-૧૯૬૧

# બહુરૂપી મોહન

દેખ લિયો મોહન મૈં માઈ ! ધ્રુ
વો કાલા તો બહુ મતવાલા,
દશ્ય-દર્શનસે હૈ વો નિરાલા;
દેખત દેખત ઝટ છિપ જાઈ...દેખ...૧

કોઉ કહે રૂપી કોઉ અરૂપી,
મૈં જાનું વો હૈ બહુરૂપી;
રૂપરૂપમેં વોહિ દિખાઈ..દેખ...૨

તન બૃંદાબન હિરદા કુંજા,
ઠાડો દેખો વહાં વો ખંજા;
ઠાડો ઠાડો બંસી બજાઈ...દેખ...૩

દેખત દેખત [૧]મૂંદી નૈનાં;
મોહ મિટા નિકસે ના [૨]બૈનાં;
ના હમ ના તુમ જગત ન તાઈ...દેખ...૪

પીલા પીતાંબર જરિયન જામા,
મોરપિચ્છ અરુ ઝગમગ ધામા;
રંગ રૂપ બિનુ એક ગુસાંઈ !...દેખ...૫

**રંગ અવધૂત**

૧. મીંચાઈ ૨. વેણ; વાણી.

ૐ

# ૭. દ્વારિકાનાં ડિંડિમ

॥ अथ मंगलम् ॥

નમસ્તે દ્વારકાધીશ નમસ્તે વિશ્વમંગલ ।
નમસ્ત્રીશાય ધીશાય વિશ્વતેજો નમોઽસ્તુ તે ॥ૐ॥
જગન્નાટકસૂત્રાત્મન્ પરમાત્મન્ જગદ્‌ગુરો ।
વાસુદેવ ચિદાનન્દ પુનરાયાહિ કેશવ ॥ક્લીં॥
પરચક્રભરાક્રાન્તા ભારતભૂરિયં તવ ।
સુદર્શન-ચક્રપાણે પાપભારમપાકુરુ ॥ૐ॥

વહાલાં આત્મસ્વરૂપો !

ત્રણચાર વર્ષોથી દ્વારકા આવું આવું કરતો'તો; પણ દ્વારકાધીશની ઇચ્છા ન હતી, તે કેમ કરીને અવાય ? આજે એ જગદાધાર વિશ્વવત્સલ દેવકીનંદન આનંદકંદ પ્રેમસમુંદર શ્યામસુંદર મહાપ્રભુની પરમ કૃપા અને અમોઘ આકર્ષણથી આપણે બધાં એક અભેદ્ય કૌટુંબિક ને વિશ્વબન્ધુત્વની ભાવનાથી અહીં એક જગત્સ્વામીની પવિત્ર છાંયમાં એક આનંદસંમેલનમાં ભેગાં મળીએ છીએ. અહીં આવવામાં ભગવાન શારદાપીઠાધીશ વિદ્યમાન જગદ્‌ગુરુ ૧૦૦૮ શ્રીશંકરાચાર્ય અભિનવસચ્ચિદાનન્દતીર્થજીની પ્રેરણા પણ નાનીસૂની નથી. ગઈ સાલ અમદાવાદ નજીક કણભા મુકામે આ જ પુણ્યતમ પ્રસંગે તેઓશ્રીનાં દર્શનનો સુયોગ પ્રાપ્ત થયો હતો અને આત્મીય પ્રેમથી દ્વારકા આવવાનું સૂચન તેઓશ્રીએ કર્યું હતું. તે સૂચનના સૂક્ષ્મ સ્નેહસ્પંદ હું અત્યારે પણ અનુભવી રહ્યો છું. નારેશ્વર પણ પોતે એક આધ્યાત્મિક કુટુંબીજનની માફક પધારેલા; એ વખતના અન્યોન્ય આનંદનું

વર્ણન હું નહિ કરી શકું!

પણ કેમ ન આવે? તેઓશ્રી **'જગત: ગુરુ'** જગતને અંધારામાંથી અજવાળામાં લઈ જનાર, લોકનું અજ્ઞાન દૂર કરી તેમના અંત:કરણમાં જ્ઞાનની પ્રભા ફેલાવનાર; તમસ્‌માંથી જ્યોતિમાં લઈ જનાર **જગદ્‌ગુરુ** છે અને અખિલ વિશ્વને ગુરુ માનનાર **અવધૂત** પણ એક રીતે **જગદ્‌ગુરુ** નથી શું? પ્રકાશ માટે અજ્ઞાનની હાંડી હાથમાં લઈ ઘેરઘેર શીખની ભીખ માગનાર **'જગદ્‌ગુરુ: યસ્ય'** વ્યુત્પત્તિ પ્રમાણે એ પણ એક **જગદ્‌ગુરુ** જ છે. વળી ગુરુ એટલે ભારે. દુનિયાને ભારરૂપ બેઠાખાઉ હોવાથી **જગત: જગતિ વા ગુરુ:** એ વ્યાખ્યા પ્રમાણે પણ એને જગદ્‌ગુરુ કહી શકાય! અને તેથી જ તો અહીં આવવામાં એમના જેવા જગદુદ્ધારક જગદ્‌ગુરુનું નિરપેક્ષ ખેંચાણ અને નિરવદ્ય પ્રેમ એક મુખ્ય **'આન્તર: કોઽપિ હેતુ:'**-કારણ છે.

દ્વારકા એટલે શ્રીકૃષ્ણચંદ્રની રાજધાની; એ રસચંદ્રની રાજલીલાનું મુખ્ય ઐતિહાસિક કેન્દ્ર. રુકિમણી, સત્યભામા, રાધા, જાંબુવતી વગેરે પટ્ટરાણીઓની રોમહર્ષણ રહસ્યકેલિ અહીં જ. નારદને ઘેર ઘેર દર્શન આપી વિશ્વરૂપદર્શનની અદ્‌ભુત લીલા અહીં જ. સુદામાના મિત્રભાવે તાંદુલભક્ષણનું કૌતુક અહીં જ. સુભદ્રાજીના અપહરણમાં અર્જુનને સહાય કરી સખાભાવની પરાકાષ્ઠાનાં ગૂઢ દર્શન અહીં જ. સ્વર્ગમાંથી સત્યભામાજીની પ્રસન્નતા ખાતર પારિજાતકનું અવતારણ અહીં જ. ભૂભાર હરણ કરવા કૌરવોને ત્યાં વિષ્ટિ કરવા જવાનો અને અનન્યશરણ પાંડવોની સહાય માટે જવાનો પ્રસંગ પણ અહીંથી જ. પ્રાગ્જ્યોતિષપુરમાં નરકાસુરે પોતાના જુલમી પંજા તળે રાખેલી હજારો અપહૃત અસહાય કન્યાઓને છોડાવી અપનાવવાની સાહસ-લીલાનું મૂળ પણ અહીં જ. ભગવદધિષ્ઠાનવિહોણા થતાં જ કાબાઓથી લૂંટાયેલા અર્જુનની **'ભગવદ્‌બલં' સર્વબલપ્રધાનમ્'**ની કરુણ કહાણીનું મૂળ પણ અહીં જ. નરસિંહ મહેતાની હૂંડીવટામણના ભક્તિવૈભવનાં ભાવદર્શન પણ અહીં જ. અને પ્રેમોન્માદથી ભગવતી મીરાંબાઈનું આત્મવિલોપન પણ આ જ જગત્ મંદિરમાં! આવાં અનેકાનેક સુમધુર સંસ્મરણોનું સંગ્રહસ્થાન તે દ્વારકા!!!

વળી દ્વારકા એટલે વિવિધ ધર્મ સંસ્કૃતિઓનું સંગમસ્થાન. ધર્મધુરંધર ભગવાન શ્રીઆદ્યશંકરાચાર્ય, મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્ય, શ્રી રામાનુજાચાર્ય, શ્રી મધ્વાચાર્ય, શ્રીનિમ્બાર્કાચાર્ય, પ્રેમાવતાર શ્રીગૌરાંગ ચૈતન્ય મહાપ્રભુ, મસ્ત કબીર, અરે મુસલમાનોના હાજી કરમાણી, પંજાપીર વગેરે ઓલિયાઓનાં રમણ, ભ્રમણ, વિહાર અને વિશ્રામસ્થાન પણ આ જ દ્વારકામાં.

દ્વારકા એટલે **(દ્વારે કં સુખં બ્રહ્મ યસ્યાઃ)** સુખની નગરી, જેમાં પેસતાં જ-જેના દ્વારમાં પગ મૂકતાં જ-દુઃખ માત્ર દૂર થાય, સુખનો સમુદ્ર ઊલટે, આધિવ્યાધિ ને ઉપાધિ દૂર ફેંકાઈ જાય ને એમાં ઊછળતા આનંદસાગરની ગગનભેદી છોળોથી ભીંજાઈ સ્વ વિસરી સર્વાત્મા- દ્વારકાધીશ-માં લીન થવાય. અને એમ થાય તો જ એ મોક્ષદાયક પુરીમાં આવ્યા પ્રમાણ ! બાહ્ય જગતની આ સ્થૂળ દ્વારકાનાં દર્શન કરી આંતર જગત્-માનવ શરીરમાં રહેલ અવિનાશી અક્ષય આત્મસુખની પુરી દ્વારકા-મોક્ષદાયક સપ્તપુરીમાંની અંતિમ પુરી-છેવટની મંઝિલ- સહસ્રારપદ્મ કે બ્રહ્મરંધ્ર જેમાં સૂક્ષ્મ પ્રાણશરીરથી પ્રવેશતાં જ એ રસસાગર બાંકેબિહારી રુકિમણીકાંત નટનાગર દ્વારકાધીશ, નવખંડ ધરતીમાં પ્રકાશ રેલાવનાર ચૈતન્યસૂર્ય-જાગ્રત સ્વપ્ન ને સુષુપ્તિને આંટી લેનાર તૂર્યાસ્થિત ત્રિવિક્રમ આત્મરાજનાં દર્શનથી

**યં લબ્ધ્વા ચાપરં લાભં મન્યતે નાધિકં તતઃ ।**
**યસ્મિન્સ્થિતો ન દુઃખેન ગુરુણાऽપિ વિચાલ્યતે ॥**

ની આત્મતૃપ્ત ને આત્મસંતુષ્ટની સ્થિતિ પ્રાપ્ત થાય તો જ આ દ્વારકાયાત્રાનું સાફલ્ય !

વળી દ્વારકા એ દેવીભાગવતમાં વર્ણવેલ એકસો આઠ શક્તિપીઠ પૈકી બાવનમું પીઠ છે. એની અધિષ્ઠાત્રી દેવી રુકિમણી-યોગનિષ્ઠ કુંડલિનીશક્તિ-ની જાગતી જ્યોતનાં દર્શનથી બાવન બ્હારાનો-નામરૂપાત્મક જગજંજાળથી પર પ્રણવચંદ્ર પ્રાણસૂર્ય દ્વારકાધીશનો- સાક્ષાત્કાર થઈ જીવાત્મા ત્રિવિધ તાપથી મુક્ત થઈ એ રસસાગરમાં ડૂબી જઈ, એમાં એકરસ થઈ એની

લહરીરૂપે એ રમાડે તેમ રમે છે, ઉછાળે તેમ ઊછળે છે અને એના ચિદ્વિલાસરૂપે જગતમાં જીવન્મુક્ત થઈ વિચરે છે.

પણ એ સુખ એટલે શું?

સુખ શબ્દ જ એની વ્યાખ્યા આપે છે. **'સુસ્થાનિ અન્તર્મુખાનિ આત્મકેન્દ્રાણિ ખાનિ ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્ સુખમ્ ।'** જેમાં મન સહિત ઈન્દ્રિયો વિષયોમાંથી પરાઙ્મુખ થઈ આત્માભિમુખ થાય-ઈશ્વર તરફ વળે-તે સુખ. ઈન્દ્રિયોનો પ્રવાહ સામાન્ય રીતે બહિર્મુખ જ હોય છે અને તેથી જ તે સર્વસુખનિધાન આત્માને જોઈ શકતી નથી. પણ એનો પ્રવાહ એટલે તદનુગમન કરતી ચિત્તની વૃત્તિઓ ચિત્ તરફ ચૈતન્યસાગર પ્રભુ તરફ વળી એમાં લીન થાય કે જીવાત્મા ચૈતન્યસ્વરૂપ આનંદસ્વરૂપ જ બની જાય છે. ચિત્તમાંથી **તકાર** એટલે **વિષયાધ્યાસ** નીકળી જાય અને વિષયને બદલે એ સર્વ વિષયનું અધિષ્ઠાન વિશ્વનાથનું ચિંતન કરવા લાગે કે એ તદ્રૂપ જ થઈ જાય છે ને એ અનાદ્યનન્ત આનંદસાગરમાં ભળી જતાં દુઃખ એને શોધ્યું યે જડતું નથી.

આંખ કોઈના તરફ કુદૃષ્ટિ ન કરે, કોઈની માલમિલકત સતૃષ્ણ ન નિહાળે, ઝાડના પાન- પાનમાં, પૃથ્વીના કણકણમાં, જડચેતન પ્રાણીમાત્રના પ્રાણમાં એ પ્રાણનાથનો સાક્ષાત્કાર કરે; કાન કોઈની નિંદા કે અપશબ્દ ન સાંભળે ને હરિગુણ કે ભગવલ્લીલા શ્રવણ કરવામાં રત રહે; જીભ સ્વાદ-અસ્વાદની ભાંજગડમાં ન પડે, સ્વપ્ને પણ અસત્ય વાણી ન ઉચ્ચારે ને અહોનિશ હરિલીલા ને ભગવન્નામસંકીર્તન કરે; મન કોઈનુંય અહિત ન ચિંતે અને સતત **એના** જ સ્મરણચિંતનમાં ડૂબી રહે; હાથ સત્કર્મ અને સાત્ત્વિક દાનમાં તત્પર રહી **એના** પાદ-સેવનમાં, સંત સાધુ, દીન દલિત દુખિયાંની સેવામાં મંડ્યા રહે; જનતામાં રહેલ જનાર્દનનું જ પૂજન કરે-પ્રાણીમાત્રમાં રહેલ દિવ્યભાવમાં રાચે અને એનામાં રહેલ સદંશ અપનાવે; મસ્તક સર્વમાં રહેલ સર્વેશને નિહાળી નિરહંકારભાવે **એના** તરફ નમે, અહં ઓગાળવા જડચેતન સર્વત્ર રહેલ પરમાત્માની દાસભાવે સેવા

કરે-ભૂખ્યાને ભોજન, પ્યાસાને પાણી, નંગાને વસ્ત્ર, રોગીને દવા, માંદાને માવજત, અંધારામાં અથડાતાને પ્રકાશ, દુઃખીને દિલાસો, સંકટગ્રસ્ત માટે સુખશય્યા છોડી દોડી જવું વગેરે સેવા માટે પોતાની જાતને નાચીજ સમજી હરેક પળે તત્પર રહે. જીવમાત્રને સુહૃદ્ ભાવે સાથ આપે, એના સુખદુઃખમાં ઊભો રહે, અભય, સત્ય, દયા, મૈત્રી, કરુણા વગેરે દૈવી સંપત્તિથી સંપન્ન થઈ એ સર્વાન્તર્યામી સાથે સખ્ય જોડે અને અજ્ઞાનથી પોતાનું માની લીધેલું સ્થૂળ સૂક્ષ્મ સર્વસ્વ-શરીર, મન, કર્મ, પ્રાણ, ઇન્દ્રિય, કુટુંબકબીલો, ધનમિલકત વગેરે બધું મમત્વ ઊઠાવી એ પરમ પિતા પરમાત્મા પર ન્યૌછાવર કરે તો એના સુખનો પાર ન રહે.

પણ માણસ છતી આંખે આંધળો થઈ અવળે રાહે જઈ રહ્યો છે. એટલે ઇન્દ્રિયરૂપી ઘોડા એના જીવનરથને બેરાહ વિષયરૂપી કાંટા-ઝાંખરામાં અથડાવી અંતે નરકના ઊંડા ખાડામાં ફેંકી દે છે. દુઃખનો એ જ અર્થ છે.

**'દુઃસ્થાનિ બહિર્મુખાનિ વિષયનિરતાનિ**
**ઈન્દ્રિયાણિ યસ્મિન્ તત્ દુઃખમ્ ।**

જેમાં ઇન્દ્રિયો બહિર્મુખ થઈ શબ્દ સ્પર્શાદિ વિષયોની પાછળ આંધળીભીંત થઈ દોડતી હોય એ જ દુઃખનો દરિયો !

એમાંથી છૂટવાનો માર્ગ ?

આવો, પ્યારાં આત્મસંતાનો આવો ! એ અક્ષય સુખની નગરી-મોક્ષપુરી-દ્વારકાના અધિરાજ સુખસાગર શ્રી દ્વારકાધીશને જ પૂછીએ. એનું શરણ લીધા વગર, એને સર્વભાવે પ્રણામ કર્યા વગર, એના ઉપદેશ પ્રમાણે વર્તન કરવાની તત્પરતા સાથે અનન્ય ભાવે એની સેવા કર્યા વગર, એને સાચી દાનતથી મૂકભાવે પ્રેમપ્રશ્ન કર્યા વગર એ કેમ બોલે ? જુઓ ! તમારા પ્રેમથી વશ થઈ એ બોલી રહ્યો છે. સરવા થાઓ ! સર્વાંગના કાન કરી સાંભળો ! ગરબડ મૂકી, એ શું કહે છે તે તરફ ધ્યાન આપો. હું તમારે માટે એના મૌન-વ્યાખ્યાનનો અનુવાદ કરું છું. સાંભળો :-

**'દ્વારં યત્ ત્રિવિધં' પ્રોક્તં સ્વયં કૃષ્ણેન નારકમ્ ।**
**દમાદિના તદુત્ત્યજ્ય સ્વાત્મસૌખ્યં વ્રજેન્નરઃ ॥ન॥'**

ભગવાન દ્વારકાધીશ શ્રી કૃષ્ણે જ પોતાની ગીતામાં નરકનાં એટલે જ આત્યંતિક દુઃખનાં ત્રણ દ્વાર કહ્યાં છે—કામ, ક્રોધ અને લોભ. બધા દુઃખનું મૂળ-વાસના, આશાતૃષ્ણા જ છે. એ પૂરી ન થાય તો એની પૂર્તિમાં વિઘ્ન કરનાર ઉપર ક્રોધ વ્યાપે છે અને કામના થોડી ઘણી પણ પૂર્ણ થાય તો એને માટે વધારે લાલસા-લોભ-ઉપજે છે. એ દ્વાર બંધ કરી માણસે અક્ષય સુખના દમાદિ ત્રણ દરવાજા ખોલી સ્વાત્મસૌખ્યની દ્વારકામાં પ્રવેશ કરવો જોઈએ.

એને માટે આત્મબળ કેળવવા-

**'રટનં ચ પ્રતિશ્વાસે કૃષ્ણ કૃષ્ણેતિ પાવનમ્ ।**
**દગ્ધ્વા પાપાન્યશેષાણિ દર્શયેત્ તત્પરં વિભુમ્ ॥મઃ॥'**

શ્વાસે શ્વાસે પરમાત્માનાં કૃષ્ણ કૃષ્ણ વગેરે પાવન નામનું પથ્ય સાથે (દુર્ગુણના ત્યાગ સાથે) રટણ કરો. એનાથી તમારા પાપસંસ્કાર બધા બળી જશે; પુણ્યનો ઉદય થશે અને એ પુણ્ય વડે જ્ઞાન જાગ્રત થઈ એ સર્વવ્યાપી સુખનિધાન પરમ પ્રભુનાં સર્વત્ર દર્શન-સાક્ષાત્કાર થશે; કારણ-

**'કામકલ્પદ્રુમઃ સાક્ષાત્ કલૌ શ્રીહરિકીર્તનમ્ ।**
**એકો નામસહસ્રેષુ નામી ગોવિંદ ઈત્યલમ્ ॥શિ॥'**

નિશ્ચયપૂર્વક માનો કે આ કલિયુગમાં પરમાત્માનું નામસંકીર્તન એ જ સાક્ષાત્ મનોવાંછા પૂરી કરી ચિરશાંતિ આપનાર કલ્પવૃક્ષ છે. પ્રભુ અનંત છે, એટલે એનાં નામ પણ અનંત છે; પણ એ હજારો નામોનું અધિષ્ઠાન-નામી-સર્વ ઈન્દ્રિયોમાં ખેલનાર ગોવિંદ એક જ છે. પ્રભુનું ફાવે તે નામ લો, ફાવે તે રૂપનું ધ્યાન ધરો. એ પ્રવાહ બધાં નવાણોનું પાણી સમુદ્રમાં મળે તેમ એ બહુનામી અનામી-બહુરૂપી અરૂપી-સાકાર નિરાકાર પરમાત્માને જ પહોંચે છે.

કેમ કે

**'ધીદઃ શ્રીદઃ શર્વરૂપો ધિયોઽન્તઃ પરતસ્તુ સઃ ।**
**દત્વા સૂક્ષ્મં બુદ્ધિયોગં સ્વાત્માનં દર્શનત્યતઃ ॥વા॥'**

તમારી બુદ્ધિનો પ્રેરક એ જ છે. અખિલ ઐશ્વર્યનો દાતા સર્વરૂપ એ જ

છે. શિવસ્વરૂપ સર્વ કલ્યાણનો ભંડાર **એ** જ છે પ્રાણીમાત્રના અંતઃકરણની અંદર અને બહાર **એ** જ પ્રકાશે છે. **નકોડી બુદ્ધિ એને** પહોંચી શકતી નથી. **એ** જેના પર રીઝે તેને **એ** સૂક્ષ્મ બુદ્ધિયોગ- નિર્લેપતાથી કર્મ કરવાની યુક્તિ- ફાવે તેવી પરિસ્થિતિમાં બ્રહ્માકાર વૃત્તિ ચળે નહિ એવો યોગ બતાવી સ્વસ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે.

**'શં કરોતિ યતઃ સત્યઃ શિવઃ સુંદર એવ સઃ ।**
**કામદ્વારં પિધાયાશુ સૂદ્ઘાટયતિ રન્ધ્રકમ્ ।।ય।।'**

આ જગત વગેરે કાંઈ પણ ન હતું ત્યારે **એ** જ હતો. અત્યારે પણ આ જગત ને એની બહાર જડચેતન જે કંઈ છે તે **એ** જ છે. અને આ બધાનો લય થશે, આમાંનું કાંઈ પણ નહિ રહે ત્યારે પણ **એ** જ હશે, આમ ત્રણે કાળમાં અભંગ હોવાથી એને **સત્ય** કહે છે. **એ** સર્વનું કલ્યાણ કરે છે માટે એને **શિવ** કહ્યો છે. સર્વત્ર નિત્ય નવે નવે રૂપે દેખાયે છે, તેથી એને **સુંદર** કહે છે. સર્વ દુઃખનું મૂળ જે કામ કે વાસના તેનાં બારણાં બંધ કરી એને શરણ આવનારને માટે વિના વિલંબે એ અક્ષય સુખ કે બ્રહ્મનાં બારણાં ઉઘાડી-બ્રહ્મસંબંધ કરાવી- દ્વારકાની યાત્રા પૂર્ણ કરાવે છે. આવો, પ્યારાં આત્મસંતાનો ! આવો. આપણે બધાં એની આજે જ અનન્ય શરણાગતિ સ્વીકારીએ અને સુધન્ય થઈએ.

**'સદાચારરતાઃ સર્વે સર્વે સન્તુ વિમત્સરાઃ ।**
**શાન્તાઃ સ્વસ્થાશ્ચ સંપન્નાઃ સર્વે સન્તુ વિનિર્ભયાઃ ।।ૐ।।'**
**અન્યોન્યમાનિનઃ સર્વે ત્વન્યોન્યહિતતત્પરાઃ ।**
**સમદુઃખસુખાઃ સર્વે સદુદ્યોગા નિરાશિષઃ ।।ગ્લૌં।।**
**સ્વાત્મવિશ્વાસિનઃ સર્વે સત્સંગા દિવ્યજીવિનઃ ।**
**સર્વેભ્યો હ્યભયં દત્ત્વા સુખિનઃ સન્તુ સર્વશઃ ।।દ્રાં।।**

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !

**દ્વારકાધીશકી જય**

દ્વારકા,
કારતક શુકલ ૯, વિ.સં. ૨૦૧૯ — જગત્સુહૃદ્
૬૫મી રંગજયંતી — રંગ અવધૂત

# પિયા-મિલન

ચલો સખીરી પિયા-મિલનકો,
વો નાથ હમકો બુલા રહા હૈ ! ધ્રુ
યે તટ ગંગા વો તટ જમુના,
બીચમેં ગોકુલ લુભા રહા હૈ;
શ્વાસાકી બંસી બજા બજા કે,
વો નાથ તાના લગા રહા હૈ ! ચલો...૧
અગલી છોડો પિછલી છોડો,
બિચલી ગલી સે ચલો રી આલી;
નહીં અંધેરા નહીં ઉજેરા,
સુનેરી સંધ્યા સુહા રહી હૈ ! ચલો...૨
દેહકી નૈયા મન હલૈયા,
સૂરત સઢિયા શ્રદ્ધા ભરૈયા;
જલ ગહરિયા તૃષ્ણા તરૈયા,
વો રામભૈયા રમા રહા હૈ ! ચલો...૩
કાહેકી બાતેં કાહેકે નાતે,
કહાં લજાતે, કૈસે હો જાતે ?
દુઈકા પરદા હટાકે સારા,
રંગ અકેલા જમા રહા હૈ ! ! ચલો...૪
નીંદ ગઁવાઈ જાગ હરાઈ,
અખંડ આઁખેં મિલા રહા હૈ;
નૈનોંકા તારા શ્યામ છબીલા,
મૈં-તૂપને કો ભૂલા રહા હૈ ! ચલો...૫

રંગ અવધૂત

ॐ

# ૮. નવાગામની નોબત

विश्वोद्यानमहामालिन् विश्वसौन्दर्यरक्षक ।
विश्वसंघर्षमुच्छिद्य विश्वशान्तिं विभो कुरु ॥

**પ્યારાં આત્મસ્વરૂપો !**

કેટલાંય વર્ષોથી નવાગામનું માતર તાલુકાના એક આદર્શ ગામ તરીકે નામ સાંભળતો હતો; પણ એના પ્રત્યક્ષ દર્શનનો યોગ આ વખતે જ આવ્યો. સાંભળેલું તેના કરતાં પ્રત્યક્ષમાં વધારે જોયું. અહીંના લોકોનો ઉત્સાહ, પ્રેમ, ઐક્ય, સદ્ભાવ, સાધના, સહકાર ને વ્યવસ્થાશક્તિ જોઈ હું ખૂબ જ પ્રભાવિત થયો છું.

હું નથી કીર્તનકાર કે નથી વ્યાખ્યાનકાર, નથી લેખક કે નથી ઉપદેશક, નથી શાસ્ત્રી કે નથી પંડિત, નથી પ્રવચન કરતાં આવડતું કે ભાષણ કરતાં, છતાં તમારા વિશુદ્ધ પ્રેમથી આકર્ષાઈ આવ્યો તો છું જ તમારા બારણે દેશને ભારરૂપ મનાતી એક જમાતની મામુલી વ્યક્તિ તરીકે ! તમારી શ્રદ્ધા ને સદ્વૃત્તિ માટે મૂક પણ સહૃદય વંદન વગર મારી પાસે બીજું કંઈ જ નથી; અને તે જ બીતાં બીતાં તમારી આગળ ધરું છું. મારા જેવા, મેં ક્યાંક કહેલું તેમ, જેની પાસે સામર્થ્ય ને ઐશ્વર્યમાં માત્ર મીંડું છે, શૂન્ય જ છે, તેવા અકિંચન **પૂજ્ય-શ્રી** પાછળ ફાંફાં મારવાનું છોડી દઈ સ્વાત્મામાં જેટલા જલદી સ્થિર થાઓ તેટલું તમારે ને મારે બંને માટે શ્રેયસ્કર છે. એક જ વાતનું પિષ્ટપેષણ હું ફરીફરીથી નહિ કરું.

ગઈ સાલ આજ પુણ્ય દિવસોમાં આપણામાંના ઘણાંખરાં શ્રી દ્વારકાધીશની નિર્ભય છત્રછાયામાં પુણ્યક્ષેત્ર દ્વારકામાં મળ્યાં હતાં. ચીની

આક્રમણનાં શારદીય વાદળાંથી ભારતીય સરહદનું નભોમંડળ તે વખતે છવાયેલું હતું. આજે બીજી બાજુએથી પણ એવો જ કાનને ફાડી નાખતો ગડગડાટ સંભળાઈ રહ્યો છે પણ બહુ ગર્જે છે તે ભાગ્યે જ બહુ વરસે છે. કહેવત પણ છે કે ભસ્યા કુત્તા કાટે નહિ. માટે એ ગડગડાટથી ગભરાવાનું કે અકળાવાનું કંઈ જ કારણ નથી. પરમાત્મા જગન્નિયંતા છે. એ જે કરે છે તે સારું જ કરે છે. એની સમષ્ટિ કે વિશ્વદષ્ટિ છે અને આપણી વહેંતિયા માનવીની વ્યષ્ટિ કે વ્યક્તિદષ્ટિ છે અને તેથી જ એના વિશ્વકલ્યાણના સંવિધાનમાં આપણે ડોકિયું સરખું કરી શકતા નથી. વર્તમાન આક્રમણનો જ એ દષ્ટિથી વિચાર કરીએ તો ભ્રામક કલ્પનાઓમાં ને આદર્શોનાં સુખ સોણલામાં શિખંડીની માફક સૈકાઓથી સોડ તાણી સૂતેલું ભારત બીજી કઈ રીતે ને ક્યારે જાગવાનું હતું ? વિદેશી આક્રમણનું નિમિત્ત કરી, એ અકળ નાટકી પરમાત્માએ આપણા રાષ્ટ્રમાં અપૂર્વ જાગૃતિ ને એકદિલી આણી છે. એના એ જાગૃતિના જુવાળને રોકી શકે એવી શક્તિ કેળવવા માટે ફાવે તેવા સરહદી સમશેરખાંઓને પણ ફરી જન્મ લેવો પડશે. પરમકૃપાળુ પરમાત્માની આ ઉપકૃતિ માટે એનો જેટલો પાડ માનીએ તેટલો ઓછો છે.

માટે જ અવધૂત ઘણીવાર કહે છે કે હે સુખાર્થી માનવો ! સુખને માટે જ્યાં ત્યાં વલખાં મારવાં છોડી દઈ એ અનંત સુખસાગરને પકડો. ચોવીસે કલાક ક્ષિતિજની માફક દૂર દૂર દોડતી માયાની પાછળ દોડો છો ને એને પ્રતિપળ છટકી જતી જોઈ આંસુ સારો છો તો એક આદ કલાક પણ એ અનંત સુખના અધિષ્ઠાન સ્વરૂપ પરમાત્માને માટે ગાળો તો પસ્તાવાનું નહિ રહે. બાકી રામને છોડી સીતાનું હરણ કરવા મથનાર, ઈશ્વરને વિસારી ઐશ્વર્યની પાછળ દોડનારની ગતિ તો અંતે રાવણના જેવી જ થવાની છે, એ ખૂબ યાદ રાખવું.

આ સાંભળી કેટલાક અધીરા ને અણસમજુ તથાકથિત ધાર્મિક માણસો કહે છે કે પ્રભુ ! જેમ જેમ પરમાત્માની પાછળ પડીએ છીએ, એનું ભજનપૂજન કરીએ છીએ, નીતિધર્મને રસ્તે જઈએ છીએ, તેમ તેમ દુઃખના

ડુંગરા વધારે ને વધારે આવી પડે છે. આવા અસ્થિર બુદ્ધિના ઉદ્‌ગાર સાંભળી અવધૂતને હસવું આવે છે. એ કહે છે કે ભાઈ ! જરા વિચાર તો કરો. જેની પાસે જે વસ્તુ હોય તે જ તે બીજાને આપી શકે છે. સૂર્યની પાસે અંધકાર માંગો તોપણ એ ઓસડ પૂરતોય મળે ખરો ? અંધકાર એણે જોયો નથી, એની પાસે છે નહિ. એ તમને આપવાની ઈચ્છા થાય તોય ક્યાંથી આપે ? તેમ ઈશ્વર તે અનંત સુખનો ભંડાર છે, અક્ષય સુખનું નિધાન છે. એની પાસે દુઃખ છે ક્યાં કે એ તમને આપે ? તમારા સુખને માટે એણે કેટ-કેટલી અદ્‌ભુત વસ્તુઓથી ભર્યું આ વિશ્વનું સુંદર અજાયબ ઘર નિર્માણ કર્યું છે ! અને તમારા સુખને માટે જ તો આ સુંદર માનવ દેહ-શરીર, મન, પ્રાણ, ઇન્દ્રિયો વગેરે સુખકરણો શક્તિ સામર્થ્ય સાથે તમને બક્ષ્યાં છે ! તમને આપેલાં બુદ્ધિ અને કર્મસ્વાતંત્ર્યનો દુરુપયોગ કરી તમે દુઃખી થાઓ ને એનો ભાંડો ઈશ્વરના માથા પર ફોડો તો એનું શું જવાનું ? ઉલટા એમ કરવાથી તમે બેવડા અપરાધી થાઓ છો ને વધારે દુઃખ નોતરો છો.

જ્યાં જાઉં છું ત્યાં લોક પૂછે છે : 'આપનો કાર્યક્રમ શો ? કથાનો સમય ક્યારે રાખ્યો છે ?' પણ ગંગાજીનો કાર્યક્રમ શો ? વિશ્વકલ્યાણ માટે નિત્ય, નિરંતર, નિરપેક્ષ, વિશુદ્ધ ભાવે વહ્યા કરવું તે જ. જેમ એના નિર્મળ જળમાં સ્નાનસંધ્યાદિ કરવાં હોય તે તેમ કરે, મેલ ધોવો હોય તે તેમાં રાચે, માછલાં મારવાં હોય તે માછલાં મારે, નાવડાં ચલાવી વેપાર ઉદ્યોગ વધારવા હોય તે તથા આચરે, સહેલગાહ કરી કુદરતનું સૌંદર્ય નિહાળી સ્વાસ્થ્યાદિ સંપાદન કરી આનંદ માને, કાંસ નહેરો કાઢી ખેતી આબાદ કરવી હોય તો તેમ કરી સ્વાર્થ પરાર્થ સાધે, એમ જેને જેમ કરવું હોય તે તેમ કરી શકે છે. ગંગાજીને તો પોતાનું એવું કંઈ જ સાધવાનું નથી માત્ર ૐ.....ૐનું મધુર આત્મગીત ગાતાં ગાતાં પોતાના મૂળ સ્રોત મહાસાગરને મળવાનું છે. સાચા સંત કે સાધુનું પણ તેમ જ છે. પોતાની બધી ઊર્મિઓ શમાવી દઈ એ શાન્તિબ્રહ્મ બનેલો હોય છે-હોવો જોઈએ એને કંઈ જ કરવાનું હોતું નથી.

प्रयोजनमनुद्दिश्य न मन्दोऽपि प्रवर्तते ।

મૂર્ખો પણ હેતુ વગર ડગ દેતો નથી. તો જ્ઞાનનો ભંડાર સંત કેમ દે ?

यस्त्वात्मरतिरेव स्यादात्मतृप्तश्च मानवः ।
आत्मन्येव च संतुष्टस्तस्य कार्यं न विद्यते ॥

એ આત્મક્રીડ, આત્મતુપ્ત હોવાથી એને કરવાનું કાંઈ જ નથી. છતાં રખે એમ માનતા કે એ કાંઈ કરતો નથી ને નિદ્રાલસ્યપ્રમાદાદિની તામસ-સોડમાં પથ્થરની માફક પડી રહે છે. એ કર્મ નોતરતો નથી, છતાં સહજભાવે સામે આવી પડે તેનાથી દૂર પણ ભાગતો નથી. કર્તાપણાના અહંભાવ વગર નિષ્કામતાથી ફળની સ્વપ્નેય ઈચ્છા રાખ્યા વગર નિયતિએ મોકલેલ કર્મ કર્યે જાય છે ને એનું અનુસ્મરણ ઊઠતાં પહેલાં જ એ વિસારી આત્મલીન થઈ જાય છે. સૂર્ય આમ તો કંઈ જ કરતો નથી; અને છતાંય સર્વ કાંઈ નથી કરતો શું ? એમ જ સંત પણ પોતાની આજુબાજુની સૃષ્ટિમાં અનેક અકર્મ કર્મનું પ્રેરણાસ્રોત છે. એના કથાદિ પણ એવાં જ હોય છે. અનંતતામાં રહેતો હોવાથી એ સમયનો ગુલામ નથી. એનો મૂક વાક્પ્રવાહ નિરંતર ચાલતો જ હોય છે. અનેક જીભથી એ બોલતો હોય છે. હાથ, પગ, દૃષ્ટિ, શ્વાસ, અરે રોમેરોમથી એનો વાગ્ધોધ વહ્યો જ જાય છે. એની સ્વૈરકથામાં-આડી અવળી વાતોમાં પણ શાસ્ત્રોનાં રહસ્ય ભર્યાં હોય છે. એ સાંભળવાને કાન ને નિષ્ઠા માત્ર જોઈએ. ગંગાજીમાં અગાધ જળ ભરેલું છે. જે જેવું પાત્ર લઈ જાય તેવું તેને મળે. ને ફૂટલો ઘડો લઈ જાય તેને તો નિરાશ થવાનું જ રહેશે !

આજે જ્યાં ત્યાં દુઃખ, દૈન્ય, ભીતિ, કલેશ વગેરેનું ઉદાસ વાતાવરણ નજરે પડે છે. કોઈના મોઢાપર તેજ, ઉલ્લાસ કે આનંદ નથી, કારણ શું ?

पुण्यस्य फलमिच्छन्ति पुण्यं नेच्छन्ति मानवाः ।
फलं पापस्य नेच्छन्ति पापं कुर्वन्ति यत्नतः ॥

પુણ્ય કે સત્કર્મનું ફળ સુખ. તે બધાને જોઈએ છે. પણ સત્કર્મ કરવાની વૃત્તિ ભાગ્યે જ કોઈને થાય છે. પાપ કે દુષ્કર્મનું અચૂક ફળ તે દુઃખ. તે કોઈનેય જોઈતું નથી. પણ દુષ્કર્મ કરવામાં તો બધા જ હોંસાતોંસીથી આગળ ધાય છે.

લાભ જોઈએ છે ને કામ કરવું નથી. ગરીબમાં ગરીબ માણસને પણ શ્રીમંત માણસ જેટલો જ એશઆરામ જોઈએ છે. કષ્ટ ઊઠાવવું નથી. કર્મ કે તપ કરવું નથી; ને ફળ તો જોઈએ છે ને તે પણ ઉત્તમમાં ઉત્તમ. વાવવું નથી ને મબલખ લણવું તો છે. ભગવાન કહે છે :

**कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन।**

હે માનવી ! ભાગે આવે તે કર્મ કર્યે જા ને ફળ તરફ દૃષ્ટિ મા રાખ, પણ મનુષ્યને તો વાવ્યા વગર લણવું છે; ભગવાનની આજ્ઞાથી તદ્દન વિરુદ્ધ રીતે વર્તવું છે અને સુખી થવું છે. ઝેર પીવું છે, અમૃતને નથી સેવવું, ને અમર થવું છે ! ભલા, એ કેમ બને ? ભગવાન આપે તો ખૂબ મેળવો ને ન્યાયી એવો મોજશોખ પણ કરો. અવધૂત કે કોઈ પણ સંત એનો વિરોધી નથી. એ લંગોટી પહેરે માટે તમે પણ એમ કરો, એમ માનનારાઓમાંનો એ નથી.

પણ સમાજમાં અત્યારે એક એવી વિનાશક વિચારધારા પ્રસરી રહી છે કે આપણા દુઃખો માટે સમાજ કે બીજું કોઈ સામું જવાબદાર છે. પણ અનુભવી પુરુષો કહે છે કે,

**सुखस्य दुःखस्य न कोऽपि दाता**
**परो ददातीति कुबुद्धिरेषा ।**
**अहं करोमीति वृथाभिमानः**
**स्वकर्मसूत्रग्रथितो हि लोकः ॥**

આપણાં સુખદુઃખો માટે આપણે પોતેજ-આપણાં કર્મો જ જવાબદાર છે. બેશક, કંઈક દુઃખો માટે સામાજિક પરિસ્થિતિ જવાબદાર જરૂર છે; પણ એવા સમાજના નિર્માણ, અસ્તિત્વને નિભાવવા માટે આપણે જ જવાબદાર નથી શું ? આપણે જાતે સુધરીએ, આપણા દોષો દૂર કરીએ તો આ સમાજ જરૂર સુધરે. કારણ, સમાજ આપણા જેવી સુખીદુઃખી વ્યક્તિઓનો જ બનેલો છે. જ્યાં સુધી આપણે જાતે સુધર્યા નથી, આપણા ફાવે તેવા મોટા પણ દોષો તરફ દુર્લક્ષ કરી બધા દોષોનો ટોપલો બીજાના માથા પર ઢોળવાની કાકદૃષ્ટિ મૂકી ન દઈએ ત્યાં સુધી સમાજને સુધારવાની વલ્ગનાઓ નકામી

છે. જે ઊઠ્યા તે પોતાના પગ તળે શું છે તે જોવાની તસ્દી લીધા વગર બીજાને સુધારવાની દાંભિક દોટ મૂકી રહ્યા છે ને વિશ્વને મંગળમૂર્તિ બનાવવાની શેખીમાં જગતને અવળચંડો વાંદરો બનાવી રહ્યા છે.

બીજી તરફ કેટલાક ધાર્મિક કહેવડાવતા લોકો ધર્મ કે અધ્યાત્મને નામે (કેમકે ધર્મનો આચાર એટલે અધ્યાત્મ) ભૌતિક વિકાસને ગાળો ભાંડે છે. પણ ભૌતિકતાના સહારા વગર ધર્મ કે અધ્યાત્મ માત્ર જીભને ટેરવે ને કાગળિયા પર જ રહેવાનું છે. શરીર વગરનો આત્મા કંઈ જ કરનાર નથી પણ આત્મા વગરનું શરીરેય-અધ્યાત્મ વગરની ભૌતિકતા પણ-ગંધાઈ ઊઠવાનું છે, ગંધાઈ રહ્યું છે. માટે ભગવદધિષ્ઠાન વગરની જગત્સુધારની સર્વ વાતો વંધ્યાની સુવાવડના મનસૂબા માફક નિષ્ફળ જવાની છે. એક તરફ ઠેઠ ઈશ્વરના ઇન્કાર સુધીની ગર્જના કરનાર સ્વયંમન્ય ઉન્મત્ત વિશ્વસુધારકોની આ દિશા છે, તો બીજી તરફ હાથમાં કે ગળામાં ઢોંગની માળા લઈ ભગવાનની હૃદયહીન માત્ર મૌખિક બાંગ પોકારનાર કહેવાતા ધાર્મિક લોકોની બીજી દિશા છે ! જેમ દાનમાં જમણા હાથે કરેલું ડાબો હાથ ન જાણે એમ સાવચેતી રાખવાની જરૂર છે, નહિ તો અહમ્ વધે ને અધઃપતન સામું ધસે; એવી જ રીતે પોતાના ધાર્મિક સાધન ને જાહેર પ્રદર્શનનું રૂપ આપી સોંઘી પ્રસિદ્ધિની શોધમાં દંભાદિ આસુરી સંપત્તિના અખાડા તરફ ઘસડાઈ જઈ, વિનાશના ગર્તમાં અધોધઃપતન પામી નાશ પામવાનો સંભવ પણ કંઈ ઓછો નથી.

**અપહાય નિજં કર્મ કૃષ્ણ કૃષ્ણેતિ વાદિનઃ ।**
**હરેર્દ્વેષિણઃ સન્તો ધર્માર્થં યદ્ધરેર્જન્મ ॥**

નિયતિએ નિર્માણ કરેલ પોત પોતાની કર્મ-ફરજ-છોડી જેઓ માત્ર ભગવન્નામનો ઉચ્ચાર જ કરે છે તે પ્રભુના દ્વેષ્ટા છે. પ્રભુનું અવતારકર્મ ધર્મસંસ્થાપના દ્વારા જગદ્રક્ષણનું છે. તે ધર્મ્ય કામમાં પ્રેરણા મેળવવા માટે

પ્રભુનું નામસ્મરણ છે. એ પ્રેરણા મેળવી પોતાની જાતને એ ભગવત્કાર્યમાં પરોવી, ખપાવી દેવામાં જ સાચી ધાર્મિકતા કે ભગવન્નિષ્ઠા રહેલી છે. ને એમ કરતાં કરતાં અભય, સત્ત્વસંશુદ્ધિ વગેરે દૈવી ગુણોનો ઉત્કર્ષ સાધી, માનવતાના શિખર પર આરૂઢ થઈ દાનવતા કે દંભદર્પાદિ આસુરી સંપત્તિનો લય કરી દેવત્વની પ્રાપ્તિ કરવી, એજ મનુષ્યજીવનનું સાર્થક્ય છે. અને તેને માટે ભગવદધીષ્ઠાન સાથે પોતાને મળેલી બક્ષિસનો તન, મન, ધન, શક્તિ, ભક્તિ ને સંપત્તિનો-પ્રભુનાં બાળકો માટે ઉપયોગ કરવો એ સરળમાં સરળ ઉપાય ને સહેલામાં સહેલું સાધન છે.

**યેન કેન પ્રકારેણ યસ્ય કસ્યાપિ દેહિન: ।**
**સંતોષં જનયેત્ પ્રાજ્ઞસ્તદેવેશ્વરપૂજનમ્ ॥**

પોતાને આપેલી કોઈ પણ સંપત્તિથી કોઈ પણ પ્રાણીની આંતરડી ઠારવી તેનું નામ જ સાચું ઈશ્વરપૂજન છે; ને એવી એક પણ વ્યક્તિ નહિ મળે કે જેને પરમાત્માએ કાંઈ જ સંપત્તિ બક્ષી ન હોય !

પ્યારાં આત્મસ્વરૂપો ! વધું શું કહું ? આખા વિશ્વને ગુરુ માનનાર અવધૂત દરેક વસ્તુ, દરેક શબ્દ, અરે ! દરેક અક્ષરમાંથી પણ બોધકણિકા મેળવી એ અનંત કણિકારાશિના રસાસ્વાદમાં તલ્લીન બની મસ્ત રહે છે.

**નશ્વરં ચલનમાયુષ્યં નશ્વરો ધનસંગ્રહ:**
**નશ્વરા: સર્વભોગાશ્ચ ધર્મ એકો હ્યનશ્વર: ॥૧॥**
**વાદં સર્વં પરિત્યજ્ય કર્તવ્યો ધર્મસંગ્રહ: ।**
**હતે ધર્મે હતં સર્વં રાષ્ટ્રં સમૃદ્ધિસંસ્કૃતી ॥૨॥**
**ગાદ્ધયં યદ્ ભૌતિકં તદ્ધિ મૂલં પાપસ્ય સંજહિ ।**
**ભુંક્ષ્વ તોષાદ્ યથાપ્રાપ્તં ત્યાગેનેશશિશૂન્ પ્રતિ ॥૩॥**
**મતાન્ધ્યં સંપરિત્યજ્ય સત્યમેકં સમાચર ।**
**સત્યે સન્નિહિતો ધર્મો ધર્મે શ્રીર્વિજયો યશ: ॥૪॥**

આયુષ્ય ચંચળ છે. એક દિવસ ઓચિંતુ નાશ પામવાનું છે. માટે જે કંઈ કરવાનું હોય તે કાળની રાહ જોયા વગર એકદમ હાથ ધર્યે જ છૂટકો.

ધનનો ફાવે તેટલો સંગ્રહ કરો, એક દિવસ એ ભૂતકાળનો બની જવાનો છે. અંતકાળે એક કોડી પણ સાથે આવવાની નથી. માટે નાવમાં પેઠેલા પાણીની માફક એને ઉલેચે જ રાખો; નહિં તો એ જીવનનૌકાને ડૂબાડી દેશે.

એ ધનથી અયથાવત્ ખરીદાયેલા સર્વ ભોગ ને ભોગસાધનો પણ કાયમનાં નથી ટકવાનાં. શરીર ને ઈન્દ્રિયોને નિચોવીને કૂચા કરી ફેંકી દેશે એ.

માટે ત્યાર પહેલાં જ એ એક માત્ર અવિનાશી ને સદા સાથે રહેનાર ધર્મનો જ-પુણ્યબળ ને સત્કર્મનો જ-સંગ્રહ કરો ને સુખી થાઓ.

સર્વ પ્રકારના વાદવિવાદથી દૂર રહો, કેમ કે

**વાદેવાદે વર્ધતે વૈરવહ્નિ-**

**ર્વહ્નૌ વહ્નૌ દહ્યતે સ્નેહતન્તુઃ ।**

એવા વાદ ને વિવાદોથી વેરનો અગ્નિ ભભૂકી ઊઠે છે ને એ પરસ્પર રહેલા સ્નેહધાગાને બાળી નાંખે છે ને જીવન સ્નેહશૂન્ય અકારું બની જાય છે. તો એવા વિસંવાદો દૂર કરી સત્ય એવા ધર્મનો જ સંગ્રહ કરો. ધર્મ પર પ્રહાર થશે તો સર્વનું અસ્તિત્વ હાલી ઊઠશે. રાષ્ટ્ર, સમૃદ્ધિ ને સંસ્કૃતિમાંનું કંઈ જ નહિ રહે.

ભૌતિક કે દુન્યવી વસ્તુઓનો લોભ, એજ સર્વ પાપનું અસત્ પ્રવૃત્તિનું-મૂળ છે; માટે એવા રાક્ષસી લોભનો ત્યાગ કરો. પ્રામાણિક ઉદ્યમથી જે કંઈ આવી મળે તે પરમાત્માના બાળકો પ્રતિ વિતરણ કરી સંતોષથી ભોગવો.

મતનો દુરાગ્રહ બાજુએ મૂકો. એકમાત્ર સત્યનું જ આચરણ કરો, કારણકે ધર્મ સત્યના આચરણમાં જ રહેલો છે. અને જ્યાં એવા ધર્મનું અડગ અધિષ્ઠાન છે, ત્યાં શ્રી-સંપત્તિ ને સમુન્નતિ-વિજય ને યશ આપમેળે દોડી જ

આવે છે.

વળી 'નવાગામ'ના આદિ ને અંતના **નમ** શું કહે છે? અહંકાર બાજુએ મૂકી પરમાત્મભાવે પ્રાણીમાત્રને નમો, ન-મન કરો. પ્રાણીમાત્રના અભીષ્ટ ચિંતનમાં મનને ઓગાળી નાંખી, ચિંતા ને ચેષ્ટાથી મુક્ત બનો.

વચલા **વા ગ** શું કહે છે? મરાઠીમાં **વાગ**નો અર્થ **વર્તન કર**; એવો થાય છે, માટે વિફળ વાચાળતા છોડી જેવું બોલો તેવું ચાલો. વૃત્તિ, વાણી ને વર્તનમાં એકતા રાખો.

**મનસ્યન્યદ્ વચસ્યન્યત્ કાર્યે ચાન્યદ્ દુરાત્મનામ્ ।**
**મનસ્યેકં વચસ્યેકં કર્મણ્યેકં મહાત્મનામ્ ॥**

મનમાં એક, વચનમાં બીજું ને વર્તનમાં કંઈક ત્રીજું જ એ દુરાત્માની રીતિ છે; અને મનમાં એક, વચનમાં પણ એક અને વર્તનમાં પણ તે જ એ મહાત્માનું લક્ષણ છે.

તમે બધા એકદિલ, એકવાક્ ને એકવર્તન થાઓ એવું ઇચ્છું છું. આવી એકદિલી, એકતા ને ઉત્સાહ સદા ટકો ને વૃદ્ધિંગત થાઓ-એવું અંતર્યામી પરમાત્મા પાસે માગું છું.

**સર્વે વૈરવિનિર્મુક્તાઃ પરસ્પરહિતૈષિણઃ ।**
**સ્વસ્થાઃ શાન્તા સમૃદ્ધાશ્ચ સર્વે સન્ત્વકુતોભયાઃ ॥**

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !

નવાગામ, તા. માતર
જિલ્લો ખેડા
અધિક કાર્તિક શુકલ નવમી,
વિ. સં. ૨૦૨૦ રવિવાર
તા. ૨૭-૧૦-૧૯૬૩

જગત્સુહૃદ્
રંગઅવધૂત

# અવળપંથી અવધૂત

હમો મનમોજી ફરનારા ! હમોને બાંધનારું કૂણ ?
સદા નિ:સંગી ને ન્યારા, જગતને માનનારા તૃણ !...૧
સ્વયં-અભિષિક્ત સ્વારાજ્યે, બન્યા સમ્રાટ સ્વાનંદી !
ચઢ્યા જઈ તખ્ત પર અદ્ધર, રવિ શશી તારલા હંડી ! !...૨
કરે મુજરો સુરાધિપ જો, થનન નાચે હૂરી સત્ત્વસ્થ !
વિવિધ રાગે અલાપે હા ! ઝનન વાદ્યે ફિરસ્તા મસ્ત ! !...૩
દિવસ કે રાત ના ઠરીએ, નીરખીએ નિત્ય નાટારંગ !
બજે સોહં તણો ડંકો, ન થાએ તોય નિદ્રાભંગ ! !...૪
સ્તુતિ-નિંદા બની કુત્તા, કરે ચોકી નિજ-દ્વારે !
નથી ભય શોક કે ચિંતા, ફટકતાં કોઈ દિ ભૂલે ! !...૫
વિધિ - પ્રતિષેધ - કિંકરતા, અગમ-આગમ તણી સત્તા !
છતાં નૈનાં ન દેખંતા, કરમ સાથે કરી કટ્ટા ! !...૬
સૂતા નિત સોડ તાણીને, ન લેવું-દેવું કો સાથે !
મૂઆ જીવતા હમો નિશ્ચે, ન ઝુરીએ દ્વેષ કે પ્રીતે ! !...૭
કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ના સીધા !
અવળપંથી અટૂલા રંગ ! દેખે કોઈ હક-બંદા ! !...૮

રંગ અવધૂત

# ચતુર્વિધ પુરુષાર્થોનું સામંજસ્ય

॥ૐ ક્લીં॥

ત્વં સ્ત્રી ત્વં પુમાનસિ
ત્વં કુમાર વા ઉત વા કુમારી।
ત્વં જીર્ણો દણ્ડેન વંચસિ
ત્વં જાતો ભવસિ વિશ્વતોમુખ: ॥
શ્રીયાદવાધીશ હરે કૃપાલો પાહિ સ્વકં માં શરણાગતં ભો: ।
કૃષ્ણાતટે ય: કિલ દત્તનામા સ એવ કૃષ્ણસ્ત્વમિહૈકરૂપ: ॥
વસુદેવસુતં દેવં કંસચાણૂરમર્દનમ્ ।
દેવકીપરમાનન્દં કૃષ્ણં વન્દે જગદ્ગુરુમ્ ॥
યત્કરોમિ યદશ્નામિ યજ્જુહોમિ દદામિ યત્ ।
યત્તપસ્યામિ વાર્ષ્ણેય તત્કરોમિ ત્વદર્પણમ્ ॥
કિં વચ્મિ કિં ન વચ્મીહ નો જાનેડહં યદૂત્તમ ।
ત્વદ્ભાવેન પ્રણૌમ્યેવ આબાલવૃદ્ધવૈષ્ણવાન્ ॥

અનેકરૂપે વિધવિધ વેષધારી અત્ર ઉપસ્થિત પ્યારાં ભગવત્સ્વરૂપો !

આવે મહાન પ્રસંગે શું બોલવું ને શું ન બોલવું તે નથી જાણતો, માટે ભગવદ્ભાવે આપ સર્વના ચરણકમળમાં ભક્તિનમ્ર પ્રણામ કરી સંતોષ માનું છું.

આજનો આ પ્રસંગ ગુજરાત ને સરવાળે મહાગુજરાતના સામાજિક ધાર્મિક ઈતિહાસમાં કેવળ અલૌકિક ને ગૌરવભર્યો છે. આવા મહામાંગલિક પ્રસંગે મારા જેવા એક ક્ષુદ્ર જીવને ભગવત્સેવા કરવાની આ અમૂલ્ય ને વિરલ તક આપવા માટે હું આપ સર્વનો ને ખાસ કરીને ભાગવત સાર્વભૌમ વિદ્વન્મણિ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીજીનો અત્યંત ઋણી છું. કેવળ ઔપચારિક શબ્દાડંબરથી આભાર માની એ ઋણમાંથી છટકી જવાનો દંભ હું નહિ સેવું. મારા માથા પર એ દૈવી ઋણનો ભાર સદાને માટે કાયમ રહે ને એના વિસ્મરણથી હું ભગવત્પરાઙ્મુખ ને કર્તવ્યચ્યુત થઈ અહંકારના ગર્તમાં

ગબડી ન પડું એવું માગી લઉં છું.

ભાગવતી વિદ્યાપીઠની આ કલ્પના ને તદનુરૂપ યોજના એકદમ ભવ્ય છે, અપૂર્વ ને અજોડ છે, અત્યંત રુચિર છે, મધુર છે, અદ્‌ભુત રમ્ય છે. એની ઉદાત્ત રૂપરેખા અનેક મહાનુભાવો ને સાધનો દ્વારા સમાજની આગળ મુકાયેલી જ છે. એ પૂર્ણપણે મૂર્તિમંત થતાં ભારતની સંસ્કૃતિ પર સદીઓથી ચઢી ગયેલ કાટ ધોવાઈ જશે. એના પ્રકાશથી ભારતનો ખૂણેખૂણો ઝળહળી ઊઠશે ને એનાં ઉજ્જવળ શીતળ કિરણો દેશવિદેશમાં પણ પહોંચી જઈ ભારતની શાન બઢાવવામાં મદદ કરશે ને એની પ્રાચીન યશોગાથાનો ગુંજારવ ફરીથી કર્ણગોચર કરાવશે એમાં મને લેશમાત્ર શંકા નથી.

શ્રીમદ્‌ભાગવત હિન્દુ સંસ્કૃતિના નિર્મળ નીચોડસમો એક અજબ ગ્રંથ છે. વિશ્વના ધાર્મિક સાહિત્યમાં એના જેવો બહુરંગી ગ્રંથ શોધ્યો જડે તેમ નથી. સૂક્ષ્મ દૃષ્ટિથી જોનારને આપણી દરેક રાષ્ટ્રીય સમસ્યાઓ-સામાજિક, આર્થિક, ધાર્મિક, તાત્ત્વજ્ઞાનિક, શૈક્ષણિક-નો ઉકેલ એમાંથી જડી રહેશે.

આપણા નિત્યવંદ્ય ક્રાન્તદર્શી ઋષિમુનિઓએ વ્યક્તિ એવં સમાજના સર્વાંગીણ વિકાસ કે ઉન્નતિ માટે આર્ષ દૃષ્ટિથી ખૂબ વિચારપૂર્વક પ્રવૃત્તિપ્રેરક ચાર પુરુષાર્થોની યોજના કરી છે. ધર્મ, અર્થ, કામ ને મોક્ષ. દરેક પ્રવૃત્તિનું મૂળ કે પાયો ધર્મ કે નીતિ અર્થાત્ માનવતા હોવો જોઈએ. અહીં ધર્મ એટલે કોઈ પણ સંકુચિત પંથ કે સંપ્રદાય નહિ પણ માણસની માણસ કે સમાજને અન્ય સર્જન પ્રત્યે ફરજ અદા કરતાં શીખવે તે, સમાજને ધારણ કરી રાખે, છિન્નભિન્ન થતાં અટકાવે તે, પતનથી અટકાવી ઉન્નતિ તરફ જતાં શીખવે, સ્વને બાજુએ મૂકી સર્વ તરફ દૃષ્ટિ જગાડે તે. આવી વિશાળ જાગ્રત ભાવના વગર કરેલી ફાવે તેવી સહૃદય પ્રવૃત્તિ પણ વિનાશકારી જ નીવડે.

સમાજનાં ધારણ પોષણ માટે અર્થકામની આવશ્યકતા જરૂર છે. પણ એ ધર્મમૂલક હોવાં જોઈએ. અર્થની પ્રાપ્તિમાં, વહેંચણીમાં ને ઉપયોગમાં પણ ધર્મનો ખ્યાલ ન રાખવામાં આવે તો ચોરી, ધાડ, સંગ્રહખોરી, કાળાંબજાર, ફસવેગીરી વગેરે અનિષ્ટોનું અત્યારના જમાનાની માફક પૂર આવે ને સમાજ છિન્નભિન્ન થઈ જાય.

સમાજનાં સ્થૈર્ય ને સ્વાસ્થ્ય માટે કામની પણ તેટલી જ જરૂર છે, પણ

એ 'ધર્માવિરુદ્ધ કામ' હોવો જોઈએ, નહિ તો સમાજ અપહરણ, વ્યભિચાર, અત્યાચાર, બળાત્કાર, આપઘાત વગેરેનો શિકાર થઈ પડે. પણ આ બધું નિયંત્રિત હોય તો પણ સમાજ કેવળ અર્થકામની પાછળ જ પડે અને કેવળ પાર્થિવતા કે દુન્યવી એશઆરામ ને ભૌતિક વિષયોમાં જ મશગૂલ રહે ને કોઈ પણ જાતનું આધ્યાત્મિક કે પારમાર્થિક ધ્યેય નજર સામે ન રાખે તોપણ જીવન અકારું બને. એટલે જ પ્રાચીન ઋષિમુનિઓએ અંતિમ પુરુષાર્થ તરીકે મોક્ષને વર્ણવ્યો છે. અને અર્થ કામને ધર્મ ને મોક્ષની વચમાં મૂક્યાં છે.

મોક્ષની લાંબી કે ગૂઢ વ્યાખ્યા બાજુએ મૂકીએ ને મોક્ષ એટલે સર્વક્લેશવિનિર્મુક્તિ કે કાયમની શાંતિ એટલું જ સમજીએ તો પણ બસ છે.

ભૌતિક દૃષ્ટિએ યુરોપ, અમેરિકા, વગેરે ખંડોના અનેક દેશો સામાન્ય દૃષ્ટિએ બધી રીતે પરિપૂર્ણ હોવા છતાંય ને દુન્યવી, સગવડો-એશઆરામના સાધનો-દિનપ્રતિદિન વધતાં જતાં છતાંય અશાંતિ ને અકળામણ વધતાં જ જાય છે, જેની પાસે એ બધા છે તેય દુઃખી છે. નથી તે તો દુઃખી જ છે જ કારણ કે, કામના અને મહત્ત્વાકાંક્ષાઓનો અંત નથી ને આધ્યાત્મિક વિચાર વગર સંતોષ ને શાંતિ આવવાની પણ નથી. માટે જ ઋષિમુનિઓએ મોક્ષને અંતિમ એટલે જ સર્વશ્રેષ્ઠ પુરુષાર્થ તરીકે સ્થાન આપ્યું છે.

ધર્મ એ સમાજના વિકાસ મંદિરનો પાયો ને મોક્ષ એ એનું છાપરું હોવું જોઈએ. અત્યારના બધાં જ આયોજન નિયોજનો માત્ર અર્થકામની દૃષ્ટિએ જ યોજવામાં આવેલાં હોય છે. ભલા, જે મકાનનો પાયો મજબૂત ન હોય ને છાપરાનું ઠેકાણું ન હોય તો મકાન ઉપરથી ફાવે તેટલું ભવ્ય ને સુંદર લાગે તોપણ એ કેટલો વખત ટકે ને એમાં રહેનાર કેટલો અને કેમ કરીને સુખી થાય તેનો વિચાર કરવા જેવો છે.

આ વિદ્યાપીઠ શ્રીમદ્‌ભાગવત એવં ભગવત્પ્રેરિત હોવાથી એમાં આ ચારેયનું સામંજસ્ય સચવાઈ રહે એવી યોજના વિચારાયેલી છે. એના દૃષ્ટા ને યોજકને જેટલા ધન્યવાદ આપીએ એટલા ઓછા છે.

ભાગવત શબ્દ સાંભળી કોઈને આમાં સાંપ્રદાયિક ગંધ આવવાનો સંભવ છે. પણ વિશુદ્ધ મનથી વિચાર કરનારને એવું કંઈ જ નહિ લાગે. કોઈને પૈસાની કમીના કે અન્ય સહકારને અભાવે યોજના અધવચ અટકી

પડવાનો ભય લાગશે. પણ એ સર્વને માટે છે, સર્વેશ્વરપ્રેરિત છે ને અધિષ્ઠિત છે ને સર્વના શર્મ માટે છે એટલે એવી આશંકાઓ નિરાધાર છે. અહીં ઉપસ્થિત થયેલ સંતમહંત, આચાર્ય, શ્રીમંત, વિદ્વાન, પંડિતો ને ઇતર જનોથી ઊભરાતો માનવમહેરામણ જ એની સાબિતી છે. મને તો અહીં સમાજના સર્વ થરોનો સહકાર જ નજરે પડે છે.

બોદ્ધારોડમાનિનશ્ચાત્ર પ્રભવો દાનભૂષિતા: ।
પ્રેમપરિપ્લુતાશ્ચાન્યે દૃષ્ટ્વા નૃત્યતિ મે મન: ॥

અહીં ઉપસ્થિત વિદ્વાનો સ્વાભિમાનપૂર્ણ હોવા છતાં એમનામાં માનની લાલસા નથી, શ્રીમંતો પોતાના **दातव्यमिति यद् दानम्** । એવા દાનથી પોતાની ઈશ્વરબક્ષિત લક્ષ્મી શોભાવે એવા છે, અન્યજનોનાં હૈયાં પરસ્પર છલકાતાં નિર્વ્યાજ પ્રેમથી ઊછળી રહ્યાં છે. એ બધું જોઈ મારું હૈયું નાચી રહ્યું છે.

અહીં કોઈ પણ જાતના સંપ્રદાયો પ્રત્યે આદર હશે. કોઈ પણ પ્રાંત, દેશ કે ધર્મના વિદ્યાર્થીઓને સમાન પ્રવેશ હશે. નાલંદા, તક્ષશિલાની પ્રાચીન ભારતીય વિદ્યાપીઠોની માફક આ ભાગવત વિદ્યાપીઠ ધીમે ધીમે વિશ્વનું આકર્ષણ બની રહેશે અને વખત જતાં જગતભરમાં શાંતિ, સમૃદ્ધિ ને માંગલ્ય વરસાવવામાં અમૂલ્ય ફાળો આપશે, એમાં મને તો શંકા નથી જ.

છેવટે, જગન્નિયંતા પરમેશ્વરનો એના ઉપર અમોઘ આશીર્વાદ ઊતરો અને તે માટે એના સંચાલકોને પ્રભુ જોઈતી શક્તિ, ભક્તિ ને મતિ આપો એવી પ્રાર્થના સાથે

સર્વે સર્વહિતોદ્યુક્તા: પરસ્પરસહાયકા: ।
પ્રાપ્નુવન્તુ સદા શ્રેયસ્ત્વન્યોન્યદેવભાવિન: ॥

એવી હાર્દિક શુભાશિષ. ઈતિ શમ્

ૐ શાંતિઃ ! શાંતિઃ ! ! શાંતિઃ ! ! !+

સોલાં, ફાગણ સુદ ૨, ૨૦૨૩ — જગત્સુહૃદ્
સોમવાર, તા. ૧૩-૩-૧૯૬૭ — રંગ અવધૂત

+તા. ૧૩-૩-૬૭ના રોજ અમદાવાદ પાસે સોલા ગામે ભાગવત વિદ્યાપીઠના ખાતમુહૂર્તના માંગલિક પ્રસંગે.

# હિન્દુ કોને કહેવો ?

વિશ્વ હિન્દુ પરિષદના એ દિવસો હતા. કોકે પૂ. શ્રી. રંગ અવધૂત મહારાજશ્રીને હિંદુ કોને કહેવો એ પૂછ્યું. શ્રીએ તરત જ જવાબ આપ્યો કે હિંદુઓના આટલા લાંબા ઇતિહાસ પછીથી આવો પ્રશ્ન પૂછવો પડે છે એ જ આપણે નીચું જોવું પડે તેવું છે. સિંધુ ઉપરથી હિન્દુ વગેરે ચર્ચા તો ભાષાપંડિતોની છે એમાં મને રસ નથી. માથે ચોટલી હોય તે જ હિન્દુ, ધોતિયું પહેરે તે જ હિન્દુ વગેરે ચર્ચા અજ્ઞાનમૂલક અતઃ એવ હસવા જેવી છે. મારે મતે તો હિન્દુની સાચી અને અન્વર્થક વ્યાખ્યા તો હિન્દુ શબ્દમાંની વ્યુત્પત્તિમાંથી જ નીકળે છે. **'हीनेन दूयते इति हिन्दुः ।'**–હિચકારાં, નીચને શોભે એવાં કર્મથી જેને દુઃખ થાય છે તે હિન્દુ અને એવા ઉદાત્ત ચરિત હિન્દુઓમાંથી જ હિન્દુ સંસ્કૃતિ ઉદ્‌ભવી છે અને વિકાસ પામી છે. એમ કહી પૂ.શ્રી.એ નીચેના ત્રણ શ્લોકો ઉચ્ચાર્યા :

**યસ્ત્વન્તર્દૂયતે સમ્યગ્ હિંસાદિહીનકર્મણા ।**
**સ્વયં હીનં ચરેન્નૈવ સ હિન્દુર્વેદસમ્મતઃ ॥૧॥**
**ગંગાં ગાં ચૈવ ગાયત્રીં મન્યતે રાષ્ટ્રગૌરવમ્ ।**
**ન રુણદ્ધયન્યધર્માન્ યઃ સ હિન્દુઃ કસ્ય નો મતઃ ॥૨॥**
**યસ્યાસિન્ધ્વબ્ધિપર્યન્તા માતૃભૂઃ પ્રાણતોઽધિકા ।**
**સર્વલોકાન્સમં પશ્યેસત્ હિન્દુઃ સર્વસમ્મતઃ ॥૩॥**

હિંસા (ચોરી, વ્યભિચાર) વગેરે હીચકારાં કર્મથી જેનું અંતઃકરણ અતિશય દુભાય છે અને જે પોતે એવા નીચ કર્મની છાયામાં પણ ઊભો રહેતો નથી તે જ વેદમાન્ય હિંદુ છે...૧

ગંગા, ગાય અને ગાયત્રીને જે રાષ્ટ્રનું ગૌરવ માને છે અને જે બીજાના ધર્મોનો વિરોધ કરતો નથી તેને હિન્દુ કોણ ન માને–તેના તરફ હિંદુ તરીકે માનની દૃષ્ટિએ કોણ ન જૂએ ?...૨

સિંધુ નદીથી સમુદ્ર પર્યન્તની ભૂમિને જે પોતાની માતૃભૂમિ ગણે છે અને એ માતૃભૂમિને જે પ્રાણથી પણ અધિક ગણે છે-વખત આવે એને માટે પ્રાણ પણ ન્યૌછાવર કરવા જે તત્પર રહે છે અને સર્વલોકને જે સમાન દૃષ્ટિથી જૂએ છે તેને હિન્દુ તરીકે બધા જ લોક માને છે...૩

એવી જ રીતે એક વખત ક્યાંકથી હિન્દુ પરિષદના સંચાલકો (ઘણું ખરું ખેડા જીલ્લાના) બાપજી પાસે કંઈક એ સંબંધમાં આદેશ માંગવા આવ્યા હતા તે વખતે આવી જ રીતે શ્રીના મુખમાંથી સરી પડ્યું કે :

હિન્દુ તેવઢા મેળવાવા ॥

માનવતા-ધર્મ વાઢવાવા ॥

સુખી કરોની સોડાવા ॥

પ્રાણિમાત્ર ॥

ઉપરની વ્યાખ્યાને શોભાવે એવા આવા હિન્દુઓનું સંગઠન થાય તો દેશનું કેટલું કલ્યાણ થાય !

(પ્રેષક : શ્રી અમૃતલાલ નાથાભાઈ મોદી)

# ભવરોગનું અચૂક ઓસડ

હું કાંઈ પણ બોલું તે પહેલાં એક નમ્ર વિનંતી કરી લઉં કે અનેક વક્તાઓએ મારે માટે ઓળખાણરૂપે કે અન્યથા જે કાંઈ કહ્યું છે, તે બધું આપ સૌ ભૂલી જશો અને હું જે કાંઈ બોલું તેના તરફ જ ધ્યાન આપશો. કંપાલાના ને આફ્રિકાના અન્ય સ્થળેથી આવેલા ભાવિકજનોએ મારે માટે જે સદ્‌ભાવ ને અસામાન્ય આદર બતાવ્યો છે તે મારો નથી પણ હું જે માનવતા કે હિંદુધર્મ હિન્દુસંસ્કૃતિ અને ભારત દેશનો પ્રતિનિધિ છું તેનાં છે, તેને જ ઘટે છે એવું પૂરા ભાન સાથે સ્વીકારી તમારી એ સદ્‌ભાવના, આકર્ષણ ને સન્માન સદાયને માટે ટકી રહો અને એના મૂકપ્રચારને માટે મથતા મારા જેવા અન્ય સુહૃદ્‌જનોને તમારો બધાનો સક્રિય સહકાર આવી જ રીતે મળતો રહો એવી મનીષા અને જગન્નિયંતા પરમાત્મા પાસે પ્રાર્થના કરું છું.

**એકં દેવં ત્રિધાભૂતં નાનારૂપધરં વિભૂમ્ ।**
**નાનાનામસમાહૂતં વ્રજામિ શરણં હરિમ્ ॥**

**સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહીં**
**ધનકા ભૂખા જો ફિરે, વો તો સાધુ નાહીં !**

**ચાહ મીટી ચિન્તા મીટી, મનવા બેપરવાહ;**
**જિસકો કછુ ન ચાહિએ , સો હિ શાહનશાહ !**

**પ્યારાં આત્મસ્વરૂપો !**

હું શું બોલું ? હું કોઈ ઉપદેશક કે આચાર્યની હેસિયતથી અહીં નથી આવ્યો; કોઈ ઠેકાણે એમ જતો પણ નથી. હું તો પ્રભુનો એક કુત્તો છું. છું તો

એક નાચીજ કુત્તો, પણ પ્રભુનો છું. રોટલાના એક શાશ્વત ટુકડા માટે એને દ્વારે પડી રહું છું, એનું નામ ભસતો. તૂ તૂ કહી પ્રેમથી એનો લાડીલો કોઈ બોલાવે તો પાસે જાઉં છું અને હડે કહી ધૂત્કારે તો શાંતિથી મૂળ ઠામ ભાગું છું.

સદ્‌ગત શ્રી મણિભાઈ પટેલ સાથે પાંચ-સાત વરસથી હું અહીં આવવા વાગ્બદ્ધ હતો. પણ હરિની ઈચ્છા નહિ હોય તે આજ દિવસ સુધી એ યોગ ન આવ્યો. દરમિયાન શ્રી મણિભાઈના પરિવારનું ને આપ સર્વનું પુણ્ય સંકલ્પબળ એમાં મળ્યું ને એ જ આકર્ષણથી આકર્ષાઈ શરીર અહીં ખેંચાઈ આવ્યું છે. તમારા બધાંનો પ્રેમ, ભક્તિભાવ, સંપ, ઉત્સાહ, સહકાર્ય ને ઉદ્યોગશીલતા જોઈ મને ઘણો જ આનંદ થયો છે. તમારી આ સદ્‌ભાવના ને સહકારશીલતા ઠેઠ સુધી ટકી રહો એવું પરમાત્મા પાસે પ્રાર્થી લઉં છું.

કંપાલા તો અમારા જેવા માગણો માટે એક કલ્પવૃક્ષ છે. આજ સુધી અહીં અનેક સંતો, ભગતો, આચાર્યો આવી ગયા હશે. હમણાં જ આઠદસ દિવસ પહેલાં જામનગરના રામસ્વરૂપજી મને મળી ગયા. ભગવત્સ્વરૂપ શ્રી હીરજીબાપા તો વરસોથી તમારી વચમાં જ છે. એ બધાના બોધામૃતથી તમે પરિતૃપ્ત છો. એ તૃપ્તિનું તેજ તમારા મોઢા ઉપર જોઈ શકું છું. છતાં મારે બોલવું જ જોઈએ એમ હોય તો બોલું છું. એમાં **યદ્ રોચતે તદ્ ગ્રાહ્યમ્** જે ભાવે તે ગ્રહણ કરશો **યન્ન રોચતે તત્ ત્યાજ્યમ્** ન રુચે તે છોડી દેજો. પણ **સુખેનૈવ ભોક્તવ્યમ્** શાંતિથી કોઈ પણ જાતના શોર બકોર વગર આરોગશો.

જ્યાં જાઉં છું ત્યાં લોકો પૂછે છે-આ હડહડતા કલિકાળમાં જીવનકલહ દિવસે દિવસે વધતો જ જાય છે. લાંબાં લાંબાં સાધન કરવાને વખત પણ મળતો નથી અને એટલી ધીરજ પણ નથી. માટે સર્વસાધારણ જનતા માટે પરમાત્મા કે શાશ્વત સુખશાંતિની પ્રાપ્તિ માટે તદ્દન સરળ અને સહેલું સાધન ક્યું ?

મેં મારો સંદેશ એક જ ટૂંકા સૂત્રમાં આપી દીધો છે કે **શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્** કલ્યાણકાંક્ષી હે જીવ ! પ્રતિશ્વાસ શ્રી દત્તનું-જેણે તને બધું આપ્યું છે તે પરમાત્માનું નામસ્મરણ કર, હંમેશા પ્રભુની યાદમાં જીવન

વ્યતીત કર.

**અનન્તપારં કિલ ધર્મશાસ્ત્રં**
**સ્વલ્પં તથાયુર્બહવશ્ચ દોષાઃ ।**
**નૈકો મુનિર્યસ્ય મતં ન ભિન્નં**
**મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ॥**

શાસ્ત્રનો પાર નથી. એ બધાં ક્યારે જાણવાનાં ને સમજવાનાં ? માણસનું આયુષ્ય ઘણું ટૂંકું છે; કાળ ક્યારે ગળચું પકડશે કોને ખબર ? અને એ ટૂંકા આયુષ્યમાં પણ વ્યાધિ, વ્યવસાય, કલહ, પ્રમાદ વગેરે અનેક દોષ રહેલા છે. તેમાંય વળી એક મુનિ યોગને પ્રાધાન્ય આપે તો બીજો કર્મને; કોઈ જ્ઞાનને વખાણે તો કોઈ ભક્તિનાં બણગાં ફૂંકે એમ કોઈને મન એક તો બીજાને બીજું ગમે. એ બધી શબ્દોની ભુલભુલામણીમાં જીવ એકવાર પેઠો કે બહાર નીકળવાનો રસ્તો જ ન મળે. એ ત્યાંને ત્યાં જ શબ્દોની સાઠમારીમાં પૂરો થવાનો. માટે એ બધું બાજુએ મૂકી સત્પુરુષો જે માર્ગે ગયા તે નામસ્મરણનો રાજમાર્ગ પકડી ચાલવા માંડવું એ જ આજના યુગમાં શ્રેયસ્કર છે.

માણસમાત્રને રોગ એક જ થયો છે અને તે ભવરોગ. એટલે જ અશાંતિ, કલેશ, કલહ, અસમાધાન. અને તેના પર ભગવન્નામસ્મરણ એ ઈલાજ પણ એક જ છે.

કોઈ પણ આધ્યાત્મિક, અનુભવ-પ્રતીતિ સાચાં છે કે કેમ એ નાણી જોવા માટે શાસ્ત્રીય રીત આ છે. શાસ્ત્રપ્રતીતિ, ગુરુપ્રતીતિ અને આત્મપ્રતીતિ એ ત્રણ એક હોવાં જોઈએ. શાસ્ત્ર એક કહે, ગુરુ કાંઈ બીજું જ બોલે અને આપણે કાંઈ ત્રીજું જ અનુભવીએ તો એ અનુભવ પૂર્ણ વિશ્વાસ કરવા લાયક નથી એમ જાણવું. ગુરુ નાનક કહે છે.

**'નાનક દુખિયા સબ સંસારા,**
**જો સુખિયા સો નામ અધારા.'**

સંસાર સઘળો દુઃખથી ભરેલો છે. જે કોઈ પૂર્ણ સુખી છે, તેના સુખનો પાયો ભગવન્નામસ્મરણ જ છે. આપણાં શાસ્ત્ર પણ કહે છે કે -

**હરેર્નામૈવ નામૈવ નામૈવ ભવતારણમ્ ।**

**કલૌ નાસ્ત્યેવ નાસ્ત્યેવ નાસ્ત્યેવ ગતિરન્યથા ॥**

આ અટપટા કલિકાળમાં એક ભગવન્નામ જ તારક છે. વ્યવસાય-બાહુલ્ય, ખટપટ ને કલહથી ભરેલા આ જમાનામાં સર્વ સાધારણ મનુષ્ય બીજું કરી પણ શું શકે? કબીર સાહેબ કહે છે તેમઃ-

'ભૂખે ભોજન પ્યાસે પાની, નંગે બસ્તર દીજે;
સાધો રામભજન કર લીજે.'

ભૂખ્યાંને અન્ન, પ્યાસાંને પાણી, નંગાને વસ્ત્ર, માંદાને માવજત, અભણને જ્ઞાન વગેરે પરમાત્માએ જેને જે આપ્યું હોય તે પરાર્થે વાપરી પ્રભુના નામનું સતત સ્મરણ કરવું એ જ અત્યારના જમાનામાં તો ઉન્નતિનો આમરાહ છે.

ભગવન્નામસ્મરણનું રહસ્ય એ છે કે એણે આપણે માટે ઉત્પન્ન કરેલી અનેક વસ્તુઓનું સ્મરણ જાગ્રત રહી, આપણે પણ પ્રેરણા લઈ અન્ય માટે તેમ કરતા રહીએ. અને વસ્તુમાત્ર પ્રભુનું સર્જન હોવાથી તેના બાળકો માટે એનો ઉપયોગ કરી, નિરહંકાર વૃત્તિ કેળવીએ.

જ્ઞાની સમ્રાટ કેવલાદ્વૈતના બાદશાહ ભગવાન આદ્ય શંકરાચાર્ય પણ શું કહે છે? જુઓ :-

**ગેયં ગીતાનામસહસ્રં ધ્યેયં શ્રીપતિરૂપમજસ્રમ્ ।**

**નેયં સજ્જનસંગે ચિત્તં દેયં દીનજનાય ચ વિત્તમ્ ॥**

**ભજ ગોવિંદં ભજ ગોવિંદં ગોવિંદં ભજ મૂઢમતે ॥**

**ગેયં ગીતાનામસહસ્રં** પરમાત્મા અનંત છે. તેના નામ અનંત છે. તેમાંથી આપણને ગમે તે કોઈ પણ નામનું સતત સ્મરણ કરવું અને તેના પથ્ય

તરીકે ગીતા, રામાયણ કે કોઈ ઋષિતુલ્ય સંતવચનોનો સ્વાધ્યાય, પઠન મનન કરવું. કેમ કે ફાવે તેવી રામબાણ દવા કે કિંમતી રસાયણ લેવામાં આવે અને બધાં દ્વાર છૂટાં મૂકી, કોઈ પણ જાતની ચરી પાળવામાં ન આવે તો એ દવાથી કાંઈ જ ફાયદો થતો નથી. ભગવન્નામ લેવા છતાં કેટલાકમાં એનું પરિણામ જોવામાં નથી આવતું તેનું કારણ-આ ઉપર જણાવેલા પથ્યનો અભાવ છે. અને તે માટે જ ગીતા જેવા કોઈ અધ્યાત્મગ્રંથના નિત્ય પઠનમનનની જરૂર છે.

**ધ્યેયં શ્રીપતિરૂપમજસ્રં**-સતત નામસ્મરણની સાથે પ્રભુના અખંડ ધ્યાનની પણ જરૂર છે કે જેથી આંખ સામે કોઈ ઉત્તેજક કુદૃશ્ય આવે તો પણ મનમાં કુભાવ ન જાગે.

**નેયં સજ્જનસંગે ચિત્તં**-આજે તો જ્યાં ત્યાં દુ:સંગ ને ખટપટનું વાતાવરણ જોવામાં આવે છે. સાદા ભોળા માણસો એમાં અટવાઈ અવનતિ અને દુ:ખના ખાડામાં ન પડે તે માટે ત્રીજા ચરણમાં આચાર્યશ્રી કહે છે કે, હમેશાં થોડો સમય પણ સત્ સ્વરૂપને પામેલા સંતપુરુષનો સહવાસ કરવો કે જેથી તે તે સંતની વૃત્તિ પ્રત્યક્ષ જોવાનો અવસર મળે અને ચિત્તના આવરણ-વિષયાધ્યાસ દૂર થઈ નવા વિકાર ઉદ્ભવવા ન પામે.

અને છેવટે ઉપર ટાંકેલી કબીર સાહેબની ઉક્તિ પ્રમાણે આચાર્યશ્રી પણ કહે છે-**દેયં દીનજનાય ચ વિત્તમ્** આપણને પરમાત્માએ બક્ષેલી કોઈ પણ સંપત્તિથી, નિરપેક્ષ નિરહંકાર ભાવે સેવા કરવી.

દાનવદૃષ્ટિ છોડી દો-મનુષ્યમાત્રમાં, અરે ! પ્રાણીમાત્રમાં દેવદૃષ્ટિ રાખી પરમાત્મસ્વરૂપનો સાક્ષાત્કાર કરો. એના સર્જનમાં કોઈ ઊંચું નથી, કોઈ નીચુંય નથી. ઊંચ-નીચ, ગરીબ- તવંગર, સુશિક્ષિત-અશિક્ષિત વગેરે ભેદો આપણી દૃષ્ટિમાં છે, માનવસર્જિત છે. માણસે પોતાના સુખને માટે અને તે પણ ઐહિક-નાશવંત સુખને માટે બીજા બધા સર્જનને દુ:ખી કરી તેનો

દુરુપયોગ કરવા માંડ્યો છે; અને તેથી જ તે દુઃખમાંથી ઉપર આવી શકતો નથી. **'ખાડો ખોદે તે પડે'** એ ન્યાયે માનવીએ બીજાને માટે ખાડા ખોદી પોતાના માટે ઐશ્વર્યના મહેલ ચણવા માંડ્યા છે. એટલે જ એ પોતે દિનપ્રતિદિન દુઃખના પાતાળકૂવામાં ગબડી રહ્યો છે. તેથી જ એક સૂત્રમાં ભગવન્નામસ્મરણના પથ્યરૂપે અવધૂતે કહ્યું છે કે–**પરસ્પરદેવો ભવ** તમે બીજામાં દેવત્વ નિહાળતાં શીખશો તો બીજો પણ તમને દેવ નીરખશે અને અંતે શાશ્વત સુખમાં આળોટવાનાં બધાંનાં જ સ્વપ્નો સિદ્ધ થશે.

નામ (ન આમ) એ આમજનતાનું નેતિ છે. જીવને શિવ સુધી પહોંચાડવાનો પુલ છે. ભવરોગનું અચૂક ઓસડ છે. દુઃખિયાનો વિસામો છે. સુખિયાંના આનંદનું અધિષ્ઠાન છે. નિર્ધનનું ધન છે. રોગીનું સ્વાસ્થ્ય છે. અભણનો આશરો છે ને ભણેલાનું અહંભૂત ભગાડનાર છે.

પણ નામ કોનું લેવું ? કોઈ કહે છે રામ મોટો, કોઈ કહે છે કૃષ્ણ મોટો, કોઈ કહે છે શિવનું નામ સારું તો કોઈ કહે છે દત્તનું નામ મોટું. પણ આ બધું અજ્ઞાન છે. ઈશ્વર એક છે. એનાં નામ અનેક છે, રૂપ અનેક છે. વસ્તુતઃ તો એનાં અનેક નામ ને રૂપ હોવા છતાં એ તો તત્ત્વતઃ અનામી અરૂપી જ છે. કોઈ પણ નામરૂપની કેદમાં સપડાયેલો નથી. રામકૃષ્ણાદિ એનાં અનેક નામરૂપોની માફક ઈશ્વર અનેક હોત તો આજે વિશ્વસંસ્થા (UNO) માં ચાલતી લાતંલાતાની માફક એમનામાં હોંસાતુંસી ચાલી હોત અને વિશ્વના આ નંદનવનનું ક્યારનુંય નરકાગાર થઈ ગયું હોત. માટે અવધૂતે બીજે કહ્યું છે તેમ :–

'રામ કહો, કે રહેમાન કહો, ઇષ્ટ કહો છે ક્રાઈસ્ટ કહો, કૃષ્ણ કહો કે કરીમ કહો, દત્ત કહો કે દાતાર કહો, વિબુધ કહો કે બુદ્ધ કહો, આતમ કહો કે પ્રીતમ કહો, ઈશ્વર કહો કે અલ્લા કહો, જિન કહો કે જિહોવાહ કહો, ગૉડ કહો કે ગુણેશ કહો-ગણેશ કહો, અઉર્મઝ્દ કહો કે આત્મમસ્ત કહો, પરબ્રહ્મ

કહો કે પરમેશ્વર કહો, વિશ્વાત્મા કહો કે વાસુદેવ કહો, શિવ કહો કે પીવ કહો, રંગ કહો કે રબ કહો, પુરુષોત્તમ કહો કે પારસનાથ કહો, ભગવતી કહો, મેરી કહો, મરિયમ કહો કે માતા કહો, કે બીજું કાંઈ કહો, પુલ્લિંગી, સ્ત્રીલિંગી, નપુંસકલિંગી ફાવે તે નામથી એને પોકારો, જે કાંઈ છે તે એ જ છે, અનંત નામોમાં એ એક જ અખિલાધાર અનામી રહેલો છે ! અનંતરૂપમાં એ એક જ અરૂપી લપાયેલો છે ! !'

માટે નામના ઝઘડા મૂકી એ નામીને પકડો. મૂળ વસ્તુને શરણે જાઓ અને નિર્ભય નચિંત થઈ બધે વિચરો.

વસ્તુ નામથી ના પલટાયે,
અન્ય વદ્યે અમૃત વિખ ન્હોયે;
ઝઘડા વ્યર્થ તમામ, મૂકો ગોઝારો અભિમાન !
રામ કહો કે શ્યામ સઘળે એક જ એ ભગવાન !

છેવટે—.

**આપ્નુવન્ત્વત્ર કં સર્વે પાયાત્સર્વાન્ મહેશ્વર ।**
**લાભાલાભૌ સમૌ મત્વા સર્વે જીવન્તુ નિર્ભયાઃ ॥**

મુન્ગુ અબારીકી ન્યીન્યી ન્યોટે. ન્યીન્યી ન્યોટે મ્કાયે પામોજા ના કુકા મુઆમીનીકુ કુવાં કીલા મુટુ. મુસીઓગોપે કીટું ચચોટે.

એવી શુભાશિષ સાથે
ૐ શાન્તિઃ ! શાન્તિઃ ! ! શાન્તિઃ ! ! !

**કંપાલા**
કાર્તિક શુકલ નવમી
વિ. સં. ૨૦૨૪,
૭૦ મી રંગજયંતી
શુક્રવાર, તા. ૧૦-૧૧-૧૯૬૭

જગત્સુહૃદ્
રંગ અવધૂત

# પ્રાર્થના અને બાળકો

પ્રભુના પયગંબરો !

તમને બધાંને જોઈને મને ખૂબ જ આનંદ થયો છે. હું ઘણી વાર કહું છું કે જૂના જમાનાની માફક પરમાત્મા જો મને કહે કે 'માગ, માગ, માગે તે આપું,' તો હું પ્રભુ પાસે બીજું કાંઈ ન માગું અને એટલું જ કહું કે મને બાળક બનાવી દો. મારા માણસોને પણ હું ઘણી વાર આ જ કહું છું. મારી ખરાબ તબિયતને લીધે કેટલાક ચિંતા વગેરે કરે, અને અનેક ઉપાયો કહે, તો હું કહું છું કે તમો બધા મારો બહિષ્કાર કરો અને નાના બાળકો-દશબાર વર્ષનાં-મારી પાસે છ મહિના મૂકો તો મને લાગે છે કે દશ વર્ષ હું વધારે જુવાન થાઉં. આ કાંઈ તમને ઠીક લગાડવા કહેતો નથી. મારા માણસોને પાછળથી પૂછશો તો પણ એ આ જ કહેશે. બાલ્યાવસ્થા એ પ્રભુની મોટામાં મોટી બક્ષિસ છે અને જીવનનો પાયો નાંખવાનો સમય છે.

શાસ્ત્રે કહ્યું છે કે,

**'પ્રથમે નાર્જિતા વિદ્યા દ્વિતીયે નાર્જિતં ધનમ્ ।**
**તૃતીયે ન તપસ્તપ્તં ચતુર્થે કિં કરિષ્યતિ ॥**

જિન્દગીના પહેલા ભાગની અંદર એટલે કે બાલ્યાવસ્થાની અંદર જે વિદ્યા સંપાદન કરી- વિદ્યા એટલે એકલું જ્ઞાન જ નહિ પણ સારા સંસ્કારો. વિકાસનો પાયો એ વિદ્યા ઉપર છે, સારા સંસ્કારો ઉપર છે અને એ જો સારા નંખાયેલા હશે તો આગળનું જીવન સુખી જવાનું છે.

આગલી ઉંમરની અંદર આપણે ધન જોઈએ. બીજું જોઈએ. ત્રીજું જોઈએ. એને માટે લાયકાત કમાવાનો આ સારો સમય છે. એટલે તમારું બધું

લક્ષ વિદ્યોપાર્જન તરફ રાખશો.

જ્ઞાન જેવી પવિત્ર વસ્તુ દુનિયાની અંદર કોઈ પણ જાતની નથી અને જેણે જ્ઞાન સંપાદન કર્યું છે તેને કોઈ પણ જાતની ચિંતા નથી. સદ્વિદ્યા-જો સારી વિદ્યા સંપાદન કરી હોય તો પેટ ભરવાની, ધંધાની, બંગલાની, મોટરોની કોઈ પણ જાતની ચિંતા કરવાની માણસોને જરૂર નથી. એ તો વિદ્યાના ગુલામ થઈને આપણી પછવાડે દોડવાનાં છે. માટે તમારો સમય સારામાં સારો છે. અત્યારે બીજી બાજુ લક્ષ ન આપતાં કેવળ વિદ્યોપાર્જનની અંદર આપશો, તો પછી આગળ જતાં બીજી ઉંમરની અંદર ધનોપાર્જન વગેરે કરવાનું એ સહેલું થઈ પડશે અને આ જેણે કર્યું નથી, અને ત્રીજો સમય જે છે તે તપ કરવાને માટે જેણે એ કર્યું નથી તે ચતુર્થે **'કિં કરિષ્યતિ'**–પશ્ચાત્તાપની અંદર એને ટાંટિયાં ઘસીને રડવાનો જ પ્રસંગ આવે.

અમે લોકોએ બાલ્યાવસ્થા બહુ સારી રીતે વિતાવી છે. તો અત્યારે આટલી ઉંમરે આનંદથી ફાવે તેમ બધે ફરીએ છીએ. તેમ તમો પણ કરશો અને આવી જાતની બાળકો ઉપર પ્રાર્થના વગેરે સંસ્કાર પાડવાની કોઈ સંસ્થા મેં તો જોઈ નથી,-હતી, પણ બાળકોને ભેગાં કરીને નહીં. આ જોઈને મને ઘણો જ આનંદ થયો છે.

મને બહુ બોલવાનો અભ્યાસ નથી. સામાન્ય રીતે ભજન અને પ્રાર્થના એ સારામાં સારી વસ્તુ છે. કારણ કે દુનિયાની અંદર દરેક વસ્તુ માટે પ્રભુકૃપાની જરૂર છે અને પ્રભુકૃપા મેળવવાને માટે પ્રાર્થના.

**સાનુકૂલે જગન્નાથે સાનુકૂલં જગત્ ત્રયમ્ ।**

મને કાલે એક ભાઈએ પૂછ્યું કે બધે જ સફળતા મેળવવાની કોઈ કૂંચી છે ખરી? મેં કહ્યું કે હા, **'સાનુકૂલે જગન્નાથે'**–જો પરમાત્માને અનુકૂળ થાય એટલે આપણને થાય, તો **'સાનુકૂલં જગત્ ત્રયમ્'** બધી દુનિયા આપણને સાનુકૂળ છે. અને **'નાનુકૂલે જગન્નાથે નાનુકૂલં જગત્ ત્રયમ્'** પરમાત્માને

અનુકૂળ નહીં હોય તો માણસ ફાવે તેટલા ધમપછાડા મારે તોપણ એ જીવનની અંદર યશસ્વી થતો નથી. કોઈ પણ રીતે તમે સમજો એવી ભાષાની અંદર કહું તો જો રાજા સાથે દોસ્તી કરી હોય તો વગર માગ્યે રહેવા માટે બંગલો મળે. નોકરચાકર મળે, ચાંદીની થાળીઓમાં ખાવાનું મળે, બગીચા મળે, સારાં કપડાં મળે, બધું જ મળે અને દિવાનથી ચપરાસી સુધી બધાં જ આપણને સલામો ભરતાં ફરે. પણ એને માટે થોડી મહેનત કરવાની જરૂર છે એટલું જ. એવી રીતે રાજાઓનો રાજા પરમાત્મા આખાય બ્રહ્માંડ પર જેની સત્તા ચાલે છે તેની સાથે જો થોડી દોસ્તી થઈ જાય-અને એ થોડામાં રીઝે એવો છે એને કંઈ બીજું-ત્રીજું જોઈતું નથી. **'ભાવેન દેયં'** ભાવ જો આપણો સાચો હોય અને તે ભાવ પ્રદર્શિત કરવાને માટે પ્રાર્થના એક સાધન છે, એ એક પુલ છે, પરમાત્મા પાસે જવાને માટે. આપણે આ તરફ છીએ, પરમાત્મા પેલી તરફ છે અને કલ્પના કરો, વચમાં એક મોટો મહાસાગર છે. એ તરવાને માટે પ્રાર્થના એક પુલ છે.

એનાથી તમારી કલ્પનામાં નહીં આવે એટલી બધી તાકાત મનુષ્યની અંદર આવે છે. અને એ તાકાત એક વખત આવી એટલે બધે ફત્તેહ ફત્તેહ.

તમારા આની અંદર કંઈ બીજું સૂચન નથી કરવાનું. પણ એક સૂચન કરી દઉં. તમે કદાચ કરતા હો કારણ કે અર્ધી પ્રાર્થનાથી હું બોલું છું. પ્રાર્થના તમારી પૂરી થાય એટલે એક બે મિનિટ આંખો મીંચીને શાંતિથી સ્થિર ધ્યાનમાં બેસો. કાંઈ બનેલું વિચાર નહીં કરો. શરૂઆતમાં વિચાર ભલે આવે પણ આંખો મીંચી આડુંઅવળું જોયા વગર શાંતિથી બેસો. અને શાંતિની અંદર તમને ઉત્સાહ આવશે.

હું એક ભજન તમને ગવડાવું તે તમે સૌ બોલશો.

એવો દિ દેખાડ, વ્હાલા ! એવો દિ ઉગાડ;<br>
દેખું તારું રૂપ બધે, એવો દિ દેખાડ ! ! ટેક.

ભૂલાવી હું-મારું 'હું' ને તારામાં ડૂબાડ;
વ્હાલા તારામાં ડૂબાડ;
તું તારાંમાં ભેદ ન દેખું, એવો દિ દેખાડ ! ! એવો...૧
જુગ જૂનાં બંધ નૈનાં, કાંઈ તો સૂઝાડ;
વ્હાલા ! કાંઈ તો સૂઝાડ !
અંદર બ્હારી તુંને દેખું, એવો દિ દેખાડ ! ! એવો...૨
આપ્યું તેં તારાંને આપી, રાચું મન મોઝાર;
વ્હાલા ! રાચું મન મોઝાર;
શેષે પૂર્ણતા પિછાનું, એવો દિ દેખાડ ! ! એવો...૩
ધાર્યું તેં થાવાનું, મારી વ્યર્થ કાં પછાડ ?
વ્હાલા ! વ્યર્થ કાં પછાડ ?
તારે શરણે થાઉં નચિંત એવો દિ દેખાડ ! એવો...૪
રૂપરૂપે તું અરૂપી, રંગ એ નિર્ધાર;
વ્હાલા ! રંગ એ નિર્ધાર !
ગોત્યું જડે ન 'હું' ક્યાંયે એવો દિ દેખાડ ! ! એવો...૫

પરમાત્મા તમને બધાંને એવો દિવસ જલદી દેખાડે અને તમો બધા ભણીગણીને ખૂબ હોશિયાર થાઓ અને એની ફોરમ દેશને ખૂણે ખૂણે પથરાય. તમારા ગામની અને દેશની શાન બઢાવવામાં તમે બધા મદદરૂપ થાઓ એવો મારો અંતઃકરણનો આશીર્વાદ છે અને પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

(આફ્રિકામાં ઝાંબિયા મુકામે બાળકોએ પ્રાર્થના ગાયા પછી પૂ. શ્રીએ તેમનૈ ઉપર મુજબના આશીર્વાદ આપ્યા હતા તે ટેપ-રેકોર્ડ ઉપરથી)

# અમર સંદેશ

એકં દેવં ત્રિધાભૂતં નાનારૂપધરં વિભૂમ્ ।
નાનાનામસમાહૂતં વ્રજામિ શરણં હરિમ્ ॥

સાધુ ભૂખા ભાવકા, ધનકા ભૂખા નાહીં;
ધનકા ભૂખા જો ફિરે, વો તો સાધુ નાહીં !

ચાહ મીટી ચિન્તા મીટી, મનવા બેપરવાહ;
જિસકો કછુ ન ચાહીએ સો હિ શાહનશાહ !

કોઈ અગમ્ય ઈશ્વરી સંકેતથી અને ભાઈ શાંતિભાઈ અને તમારા બધાંના પ્રેમથી શરીર અહીંયાં ઘસડાઈ આવ્યું છે. નીકળ્યો ત્યારે, કે રસ્તામાં પણ કોઈ ઠેકાણે એવો ખ્યાલ ન હતો કે આજનો દિવસ અહીંયાં ગુજારાશે; અને જયંતીના ઉત્સવ નિમિત્તે તો હું નીકળ્યો પણ નથી; અને કોઈ પણ ઠેકાણે ઉત્સવમાં ભાગ લેવાની ઈચ્છા પણ ન મળે. એટલે તમને બોધરૂપે તો કંઈ જ કહેતો નથી પણ રસ્તામાં આવતાં આવતાં એકબે લીટીઓ આશીર્વાદાત્મક મને સ્ફુરી અને તે જેમ તેમ કાગળ ઉપર ઘસડી નાખી છે, એટલે કેવળ અંતઃકરણપૂર્વક આશીર્વાદ આપીને જ હું વિરમીશ.

સર્વેઽત્ર જયિનઃ સન્તુ જપયોગપરાયણઃ ।
જન્મમૃત્યુજરાવ્યાધિ - ભવરોગસુપારગાઃ ॥જ॥
યમિનઃ શમિનઃ સર્વે પરાર્થે યાજ્ઞિનઃ સદા ।
યાતાયાતવિનિર્મુક્તાઃ શ્રેયઃપથપ્રવાસિનઃ ॥ય॥
પુરેઽસ્મિન્ સૌખ્યપૂરઃ સ્યાત્પુણ્યકર્મૈકશીલતા ।
પારસ્પરિકબન્ધુત્વં પરમતસહિષ્ણુતા ॥પુ॥
રમાનાથકૃપાયોગાદ્ રિદ્ધિસિદ્ધિર્યશોબલમ્ ।
લબ્ધ્વા સર્વેઽતિમોદન્તાં મોદન્તાં ભદ્રદર્શિણઃ ॥ર॥

તમારો બધાંનો ધર્મપ્રેમ, પરસ્પર બંધુભાવના વગેરે જોઈને મને ઘણો જ આનંદ થયો છે અને એ જ પ્રમાણે એ સહકારભાવના અને ધર્મભાવના તમારી કાયમની ટકી રહે એવું હું પરમેશ્વર પાસે માંગી લઉં છું. આવતાં આવતાં 'જયપુર' શબ્દ ઉપરથી જ મને જે કંઈ આશીર્વાદાત્મક પ્રેરણા મળી તે મેં ટપકાવી લીધી છે. 'જ'નું મેં કર્યું :

**સર્વેઽત્ર જયિનઃ સન્તુ જપયોગપરાયણાઃ ।**
**જન્મમૃત્યુજરાવ્યાધિ - ભવરોસુપારગાઃ ॥**

'જ' ઉપરથી મને તમને આશીર્વાદાત્મક એવું સ્ફુર્યું કે અહીંયાં તમે જે બધાં ભેગાં થયાં છો તે તમારો દરેક ઠેકાણે, દરેક કાર્યની અંદર બધે જયજયકાર થાઓ. પણ એ જયજયકાર કેવી રીતે થાય એ બીજા અર્ધની અંદર લખ્યું છે કે : **જપ યોગપરાયણાઃ** તમે બધા પરમાત્માના અનુસંધાનની અંદર હંમેશા મગ્ન રહો કારણ કે યશસ્વી થવાની દુનિયામાં આ એક જ કૂંચી છે કે પરમાત્માનું અખંડ સ્મરણ થાય. એને મેં **જપયાગ** નથી કહ્યો પણ **જપયોગ** કહું છું. યોગની અંદર **યુજ્** ધાતુ છે. **યુજ્** એટલે જોડવું. ચિત્તવૃત્તિ પરમાત્માની સાથે જોડવી. કોઈ પણ ઠેકાણે સફળ થવાની અંદર આ એક કૂંચી રહેલી છે, કે ચિત્તવૃત્તિ પરમાત્માની અંદર રહે; શરીર કામ કર્યા કરે અને મન એનું ધ્યાન કર્યા કરે, તો એ માણસનો બેડો હમેશાં પાર થાય છે.

હવે જપ. અને જપ શબ્દની અંદરની જ જપનો અર્થ નીકળે છે અને તેનો બીજી લીટીની અંદર મેં સમાવેશ કર્યો છે કે જપ એટલે **'જન્મનઃ પાતીતિ જપઃ'** જન્મ-મરણના બેડાની અંદરથી જે આપણને સહીસલામત રીતે પાર ઉતારે એનું નામ જપ. કેટલાક કહે છે કે પરમાત્માનું સ્મરણ કરવાથી શું થાય ? તો જેમ વ્યવહારની અંદર આપણો કોઈ સગો કે સંબંધી-એક ઓળખીતો-એક શ્રીમંત માણસ હોય, કે મોટો કોઈ ઑફિસર હોય, ભલે એ આપણા ભણી જોતો પણ નહીં હોય તોપણ આપણને એક પ્રકારની હૂંફ રહે છે કે કોઈ સારોમાઠો પ્રસંગ આવશે તો મારી પડખે ઊભો રહેશે, તો પરમાત્માનું સતત સ્મરણ કરવાથી આપણને એક એવી જાતનો આત્મવિશ્વાસ ઉત્પન્ન થાય કે ફાવે તેવો પ્રસંગ આવે તો એ અનંત સર્વવ્યાપી શક્તિ મારી

પડખે છે, મારે ડરવાની કોઈ પણ જાતની જરૂર નથી અને એવો આત્મવિશ્વાસ ઉત્પન્ન થવાને માટે જ પરમાત્માનું સ્મરણ કરવાનું છે અને એ આત્મવિશ્વાસ જેની અંદર ઉત્પન્ન થયો એનો ડંકો બધે જ વાગે છે. એ આત્મવિશ્વાસ ઉત્પન્ન થયો તો પાંચ મિનિટ પરમાત્માનું સ્મરણ કર્યું તે પણ સફળ છે અને આત્મવિશ્વાસ ન ઉત્પન્ન થયો તો રોજની સો સો માળાઓ જપ્યા કરો તોપણ કંઈ વળવાનું છે નહીં. લાંબું નથી બોલતો, કારણ કે મારી હમણાં તાકાત નથી બોલવાની એટલે કે આવી રીતે તમે બધા **જપયોગપરાયણાઃ**, આ જપયોગની અંદર, પરમાત્માના સ્મરણની અંદર, તમારી ચિત્તવૃત્તિ હમેશાં લગાવી રાખો એવું હું ઇચ્છું છું.

**જન્મમૃત્યુજરાવ્યાધિભવરોગસુપારગાઃ ।**

અને આવી રીતે કરશો તો જન્મ, મૃત્યુ, જરા એટલે બુઢાપો અને એની મુશ્કેલીઓ, તેવી રીતે મરણ એ બધાંની અંદરથી **સુપારગા**-બધાને જવાનું તો છે જ. રડીને કે હસીને, છૂટકો કંઈ થવાનો નથી. સારો કે માઠો પ્રસંગ આવે તો પણ, એટલે એની અંદર મેં **સુ-શબ્દ** વાપર્યો છે. લાંબું વિવેચન નથી કરતો, સુપારગાઃ આની અંદરથી બધા છૂટવાના તો છે જ એક દિવસે. પણ કોણ જાણે કેટલાયે જન્મે અને કેટલીયે ઠોકરો વાગીને, ને રડી રડીને. તમે બધા **સુપારગાઃ** બહુ સહેલાઈથી આની અંદરથી પસાર થઈ જાઓ, એવું હું ઈચ્છું છું.

પછી જય, **ય** ઉપરથી મને સ્ફુર્યું કે–

**યમિનઃ શમિનઃ સર્વે પરાર્થે યાજ્ઞિનઃ સદા ।**
**યાતાયાતવિનિર્મુક્તાઃ શ્રેયઃપથપ્રવાસિનઃ ॥**

જય. હવે આ સંસાર-સાગરમાંથી સહીસલામત પાર થવાને માટે અને દરેક ઠેકાણે સફળતા મેળવવાને માટે પરમાત્માનું નામસ્મરણ તો મેં કહ્યું પણ દુનિયાની અંદર આપણે ઘણા લોકો જોઈએ છીએ કે જ્યારે જોઈએ ત્યારે માળા હાથમાં હોય, અને જરાયે એમનું મન પલળેલું હોતું નથી, એટલે ઘણા લોકો અમારા જેવાને પ્રશ્ન પૂછે કે બાપજી, આણે તો કંઈ જ પ્રાપ્તિ કરી નથી, એનું કારણ શું ? તો ઔષધ ભલે ફાવે તેટલું સારું હોય, સો રૂપિયે તોલાનું

રસાયણ પણ હોય અને તમે ખાઓ અને ઉપર ચરી જો પાળો નહિ તો એનો ફાયદો કંઈ જ થતો નથી, નુકશાન જ થાય છે. તેવી રીતે પરમાત્માનું ઢોંગને ખાતર નામ લે ને હાથમાં માળા લે, અને એની અંદર કોઈ પણ જાતનું પથ્ય કે ચરી પાળવામાં ન આવે તો એને કંઈ જ ફાયદો થતો નથી. એથી આશીર્વાદાત્મક શ્લોકની અંદર મેં એ ગ્રથિત કર્યું છે કે તમે બધા **યમિનઃ શમિનઃ સર્વે પરાર્થે યાજ્ઞિનઃ સદા** તમારું આ નામ-સ્મરણ કે પરમાત્માનું ભજન ફળે તે માટે બધા સદાચાર-યુક્ત રહો અને શાસ્ત્રે સદાચારનું યમ-નિયમ બે જ શબ્દોની અંદર વર્ણન કર્યું છે, **યમિનઃ** તમે બધા યમયુક્ત થાઓ. એટલે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ વગેરે યમ કહ્યા છે અથવા એક શબ્દની અંદર ઇન્દ્રિયદમન એટલે યમ. અને એ યમ હોવાની સાથે **શમિનઃ** મનોનિગ્રહ પણ જોઈએ, કારણ એકલો ઇંદ્રિયોનો નિગ્રહ તમે કર્યો અને મન તમારું વિષયોની અંદર ભટકતું હોય તો કોઈ પણ જાતની શાંતિ પ્રાપ્ત થતી નથી. મનની અંદર સદાચારના વિચાર કરો અને ઇન્દ્રિયદમન જો ન કરો તો પણ તે નકામું છે એટલે જ્યાં જ્યાં શાસ્ત્રની અંદર યમ લખ્યો છે ત્યાં શમ પણ લખ્યો છે. યમ એટલે ઇન્દ્રિયનિગ્રહ, શારીરિક તપશ્ચર્યા અને શમ એટલે મનોનિગ્રહ અથવા માનસિક તપશ્ચર્યા-એ કરવાની રહી મનુષ્યોએ અને એક શબ્દમાં તમે સમજો એટલે સદાચાર. મેં કહ્યું એના ઉપર પથ્ય એટલે સદાચારયુક્ત રહેવું તે તમે બધા સદાચાર-સંપન્ન થાઓ.

તેમ જ **પરાર્થે યાજ્ઞિનઃ સદા !** અને જે કંઈ કરો તે **ય** ઉપરથી યાજ્ઞિનઃ શબ્દ. યજ્ઞ એટલે પોતાની પાસે જે કંઈ હોય તે પરાર્થે અર્પણ કરવું, હોમવું એનું નામ યજ્ઞ. પરાર્થે એટલે (૧) બીજાને માટે જે કંઈ હોય તેનો તમે સદુપયોગ કરો અને પરાર્થે એટલે (૨) પરમાત્મપ્રીત્યર્થે. મારી પાસે પૈસા હોય, હું બીજાને માટે વાપરું પણ ખરો, પણ કીર્તિને માટે વાપરતો હોઉં તો એનું કંઈ જ ફળ મળતું હોતું નથી. પરાર્થે એટલે પરમાત્માને માટે, બીજાને માટે વાપરો. એ પરાર્થેની અંદર આ જ બે અર્થો સમાયેલા છે. **યાજ્ઞિનઃ સદા** આ એક એવું પથ્ય છે કે પરમાત્માની ખાતર જે કંઈ કરો તે કરો, લોકૈષણાની ખાતર કરો નહિ. કેમ કે લોકૈષણા તો અધઃપતનનું કારણ છે. અને ઘણા લોકો

મોટાં કીર્તિદાન આપે છે. છાપામાં છપાવે છે સારી રીતે એને પ્રાપ્તિ કંઈ જ થતી નથી હોતી. તેનું પણ આ કારણ છે, કે જમણો હાથ કરે એ ડાબો હાથ પણ જાણે નહિ એવું શાસ્ત્રની અંદર કહ્યું છે. અને તમને હસવા જેવી વાત કરું. હું એક વખત ડાકોર ગયો હતો. ડાકોર ગયો તે મોટું મકાન તો ઠીક છે પણ એક એક ફુટની પેલી તકતી છે તે આરસનો પથ્થર નીચે ચોડેલો. તેવા પાંચ પચાસ પથ્થર ! એના ઉપર તમારા ને મારા જેવા જૂતાં પહેરીને જાય. તેના પર નામ. આ ફલાણો પથ્થર અમારો બેસાડેલો. એની અંદર આટલા પથ્થર ઉપર એનું નામ કે આ ફલાણાએ બેસાડેલો છે ત્યારે મેં કહ્યું એનો અર્થ શું ? એ નામ કોણ વાંચવાનું? એના ઉપર જૂતાં પહેરી પહેરીને જવાનું. આ વળી યશ ક્યાંથી ? જે સમજવું હોય તે સમજવાનું. એટલે **પરાર્થે યાજિનઃ સદા** તમારી પાસે જે કંઈ હોય એ પરમાત્માને માટે એટલે જ બીજાને માટે વાપરો, કારણ કે આ બધાં પરમાત્માનાં સ્વરૂપો છે. તમે આ પૂજન કર્યું. શાસ્ત્રની અંદર પૂજનની વ્યાખ્યા એવી આપેલી છે કે :

**યેન કેન પ્રકારેણ યસ્ય કસ્યાપિ દેહિનઃ ।**
**સંતોષં જનયેત્ પ્રાજ્ઞસ્ તદેવેશ્વરપૂજનમ્ ॥**

આપણને આપેલી કોઈ પણ શક્તિથી, કોઈ પણ વસ્તુથી કોઈ પણ પ્રાણીની આંતરડી ઠારી એનું નામ **તદ્એવ** સંસ્કૃતનો થોડો ઘણો અભ્યાસ હશે તો સમજાશે કે-એ જ સાચું ઈશ્વરપૂજન છે અને આ ઈશ્વરપૂજન એ ઈશ્વરપૂજન તરફ આપણાને વાળવાને માટે છે. પરમાત્માએ એકેય વ્યક્તિ એવી રાખી નથી કે જેની પાસે કંઈ ન હોય. કોઈને પરમાત્માએ ધન આપ્યું હશે, કોઈને પરમાત્માએ વિદ્યા આપી હશે, કોઈનું પરમાત્માએ શરીર લઠ્ઠપઠ્ઠ કર્યું હશે; તો બિચારો કોઈ અશક્ત હોય તો હાથપગ ઝાલી ઉઠાવશે કે લઈ જશે એ પણ એક પરમાત્માનું પૂજન જ છે. લાંબું નથી બોલતો એટલે **પરાર્થે યાજિનઃ સદા ।**

અને બીજું કે આપણને જે કંઈ મળ્યું છે એ આપણા એકલાના પુરુષાર્થથી નથી મળ્યું. તમે એક વિચાર સામાન્ય કરશો કે કોઈપણ વ્યક્તિ મોટી થઈ તે કેવી રીતે થઈ ? આ જન્મ્યો ત્યારથી માનું ધાવણ એને ન મળ્યું

હોત તો એ શું આગળ જાય ? આડોશીપાડોશીની સહાનુભૂતિ ન હોય તો એ શું આગળ જાય ? તમે આ દીવો કર્યો. એ દીવાની અંદર જ માનો કે મેં આ બહુ પુણ્ય કર્યું. એક માટીના કોડિયાના દીવાની વાત કરું છું. માટી ખોદનારનો પણ એમાં હિસ્સો છે. કોડિયાં બનાવનાર કુંભારનો પણ એની અંદર હિસ્સો છે. કોડિયાં બજારમાંથી લાવનાર ગધેડાનો પણ એમાં હિસ્સો છે. તમે બે પૈસા આપો એટલે કંઈ થતું નથી. આટલું રૂ કર્યું તેની અંદર કપાસ વાવનારનો પણ હિસ્સો છે, પીંજનારનો પણ હિસ્સો છે, દિવેટ બનાવનારનો પણ હિસ્સો છે. એની અંદર ઘી આવ્યું તેની અંદર જેની ગાય તેનો પણ હિસ્સો છે. તેને ઘાસ ખવડાવનારનો પણ હિસ્સો છે એટલે આપણે જે અત્યારે છીએ તે અનેક લોકોની સહાય લઈને બન્યા છીએ. એથી આપણે જે મેળવીએ છીએ તે આપણા એકલાના પ્રારબ્ધનું નથી. તેની અંદર હજારો લોકોનું પ્રારબ્ધ રહેલું છે માટે તે બધાને આપણાથી બને તેવી રીતે મદદ કરવી, સહાય કરવી એ એક મોટો યજ્ઞ છે તમે બધા એવો યજ્ઞ કરનારા થાઓ.

**यातायातविनिर्मुक्ता: श्रेय: पथप्रवासिन: ।**

અને એવી જ રીતે જો કરશો તો આ જે દોડધામ ચાલી રહી છે, એક મિનિટ શાંતિથી શ્વાસ લેવાનોં મળતો નથી, તે શાંતિથી ઠરીને બેસવાનો પ્રસંગ આવે અને **श्रेय: पथप्रवासिन:** અને તો જ પરમશ્રેય શાંતિ અથવા મોક્ષ એ પથમાં આપણે પ્રવાસી થઈ શકીએ. તમે બધા એવી જ રીતે આ ખોટી દોડધામની અંદરથી મુક્ત થાઓ અને કલ્યાણને માર્ગે પડો અને તમારા બધાને અંતિમ શાંતિ મળે એવું હું પરમાત્મા પાસેથી માગી લઉં છું.

જયપુર પુ ઉપરથી મને આ સ્ફુર્યું : **पुरेऽस्मिन् सौख्यपूर: स्यात् ।** આ નગરની અંદર સુખ, સમૃદ્ધિ ખૂબ વહ્યા કરે, સારી રીતે **पुण्यकर्मैकशीलता** અને બધા પુણ્યને માર્ગે પડો. હવે એની અંદર આપણે સમૃદ્ધિ અને યશ બધું તો ઈચ્છીએ છીએ, પણ પુણ્યકર્મ ઈચ્છતા નથી.

**पुण्यस्य फलमिच्छिन्ति पुण्यं नेच्छन्ति मानवा: ।**

પુણ્યનું ફળ એટલે સુખ. એ બધા જ ઈચ્છે છે. કોઈને દુ:ખ જોઈતું હોતું નથી. પણ પુણ્યકર્મ કરવું કોઈને ગમતું નથી. **पुण्यं नेच्छन्ति मानवा: ।** પુણ્ય

એટલે સુખકર્મ. ટૂંકની અંદર **फलं पापस्य नेच्छन्ति ।** પાપનું ફળ દુ:ખ છે. દુ:ખ કંઈ એમ આવતું નથી. તે કોઈને ગમતું નથી. અને છતાં **पापं कुर्वन्ति यत्नत:**– હોંશાતુંસીથી પાપ કરે છે. કોઈ એક ગાળ જો આપણને દે તો હું કંઈ જઉં એમ છું? હું એને દસ ગાળો દઉં. એટલે એના કરતાં વધારે જ પુણ્ય બાંધ્યું ને, બરાબર? એટલે પુણ્યકર્મનું ફળ એ સુખ છે. કોઈ માને કે ન માને. અને પાપકર્મનું ફળ એ દુ:ખ છે. પુણ્યને માટે સત્કર્મ આપણે કરતા રહેવું જોઈએ અને તે **પુણ્યકર્મૈકશીલતા** માટે તે પુણ્યકર્મ તરફ વળો. પાપકર્મ કરવાની ઈચ્છા કરશો નહિ. કોઈ દિવસ અજાણતાં કંઈ થઈ જાય તે બીજી વાત છે, ભગવાન માફ કરે છે, પણ આવી રીતે તો નહિ જ.

**પુરેઽસ્મિન્ સૌખ્યપૂર: સ્યાત્ ।**

સુખનો સારી રીતે પ્રવાહ વહ્યા કરે, પૂર આવે.

**પુણ્યકર્મૈકશીલતા ।**

માત્ર પુણ્ય-કર્મની અંદર તમે બધા રાચો તો સુખ ન માગતાં ઘેર દોડીને આવશે. સામાન્યત: જો છેવટે આપણાથી કોઈનું ભલું ન થાય તો બૂરું નહિ કરવું એટલો જો નિશ્ચય કરશો તોપણ બહુ છે. ભલું થાય તો તો સારી વાત છે. પણ જો આપણાથી ભલું કોઈનું ન થાય તો કોઈ પણ પ્રાણીનું બૂરું કરવાનો સંકલ્પ સ્વપ્નની અંદર પણ ન કરશો, તમે બધાં એવું હું ઈચ્છું છું.

**પારસ્પરિકબન્ધુત્વમ્ ।** એ તમારી અંદર છે. એક-બીજાને ભાઈ-બહેનની માફક તમે ચાહો અને એકબીજાની ઉન્નતિને માટે, ભાઈ-બહેનની ઉન્નતિ માટે જેમ પ્રયત્ન કરીએ તેમ આપણે પ્રયત્ન કરીએ, એ તમારામાં બંધુત્વ તો છે, હું જોઈ રહ્યો છું એ બંધુત્વ તમારું દિવસે દિવસે વૃદ્ધિંગત થાય એવું હું પરમાત્મા પાસે માંગી લઉં છું.

**પરમતસહિષ્ણુતા**-સામાન્યત: ઝઘડા દુનિયાની અંદર કેમ થાય છે? કે બીજાના મતને આપણે સહી લેતા નથી તેથી. હવે સાચો કોનો છે તે તો પરમાત્મા જાણે પણ મારી એક માન્યતા હોય, તમારી બીજી માન્યતા હોય, એટલે ઝઘડો આવીને ઊભો રહે. દરેક જણ પોતાના મત પ્રમાણે બીજાને ચલાવવાનો આગ્રહ રાખે છે, તો તે વખતે વિચાર આપણે એવો કરવો કે હું

બીજાના મત પ્રમાણે દરેક બાબતમાં ચાલું છું ખરો ? તો 'નથી' એવો જવાબ આવશે. તો પછી બીજા બધા મારા કહ્યા પ્રમાણે ચાલે એવું ઈચ્છાનો આપણને શો અધિકાર છે ? પછી થાય કે નહિ એ બીજી વાત છે. અને આપણું મન એ બહારની દુનિયાનું પ્રતિબિંબ છે. અને આવી રીતે વર્તવા લાગશો તો દુનિયાની અંદર કોઈ ઠેકાણે દુઃખ કે કંઈ જણાશે નહિ. મને તો નથી જણાતું. મારો એક દાખલો કહું છું.

મારે એક વખત નડિયાદ જવાનું થયું. ત્યાં નાના કુંભનાથના સ્મશાનમાં મારો મુકામ. મારે એક મહિનો રહેવાનું હતું. હું ત્યાં આગળ ગયો અને બીજે જ દિવસે પાંચસાત સાધુઓ-જેને આપણે નંગડ સાધુઓ કહીએ-ગંજેરી, ભંગેરી-તેવા આવીને ત્યાં બસો કદમ દૂર એક ચોતરો હતો, તે ચોતરા પર પડ્યા. તે આખો દિવસ ગાંજો પીએ. એ તો જાણે ઠીક. ગામના ચાર જુવાનિયાઓ ભેગા થાય અને આખો દહાડો બિભત્સ બોલે, કાનથી ન સંભળાય એવું. મારા જેવાને કોઈ દહાડો સાંભળવાનો પ્રસંગે ય ન મળે. મને એક ક્ષણિક વિચાર મનની અંદર આવ્યો કે અરે અવધૂત મહિનો રહેવાનું છે, અને અહીંયાં આ નાલાયક લોકો પડ્યા, કેમ રહેવાશે ? પણ એ વિચાર આવ્યો કે અરે, પણ તું એમને નાલાયક કેમ કહે છે ? એ સાધુઓ આ ચાર જુવાનિયાઓને સંતોષ આપે છે. એ ચાર જુવાનિયાઓ જો તારી પાસે આવશે તો તું સંતોષ આપી શકીશ ? તો જવાબ ના જ આવે. તો એ ચાર જુવાનિયાઓની દષ્ટિએ તું નાલાયક ખરો કે નહીં ? તો ખરો જ. તો એક નાલાયકે બીજાને નાલાયક કહેવાનો અધિકાર શો છે ? આ તમને કહેતાં યે થોડી વાર લાગી એના કરતાં જલ્દીથી આ સામો વિચાર આવ્યો અને વિચાર નીકળી ગયો, અને હું ઘસઘસાટ ઊંઘી ગયો.

બીજે દિવસે એવું થયું કે એ લોકોને અંદર અંદર કંઈ ઝઘડો થયો તે ચાલ્યા ગયા. આખી રાત શાંતિ રહી. મેં પેલા પૂજારીને પૂછ્યું કે, મહંતજી ક્યા હુઆ ? યે મહાત્મા લોગ કહાં ચલે ગયે ? આજ તો શાંતિ થી ! વે બોલે : 'બાપજી, આપસ આપસ મેં ઝઘડા હુઆ ઔર સ્ટેશનકી ઓર ચલે ગયે, ક્યા માલૂમ?' અને આખા મહિનામાં એ કે બીજો કોઈ સાધુ ત્યાં આવ્યો

નહીં. તેમ તમે જો બીજાની પ્રત્યે બૂરો વિચાર ન લાવો કે આવતાની સાથે મારી માફક વિચાર કરીને ક્ષણાર્ધમાં દૂર જો કરો, તો પછી બધે આનંદે આનંદ જ છે. એટલે પરમતસહિષ્ણુતા ! બીજાનો મત એ સહો. આપણે ખરાબ હોય તો તેનાથી દૂર રહીએ. ગાંજો ફૂંકવો એ ખરાબ હોય તો તેનાથી દૂર રહીએ. પણ એ ફૂંકનારની નિંદા કરીને અને ફાવે તેવી રીતે કનડવાનો પ્રયત્ન આપણે ન કરીએ. દારૂડિયો દારૂ પીએ એ ખરાબ વસ્તુ છે. તેને આપણે ધિક્કારીએ. આપણે એની પાસે ઊભા ન રહીએ, પણ કોઈ દારૂડિયો હોય તેને ફાવે તે રીતે ગાળો દઈને ફાવે તે કરીએ એ વસ્તુ બરાબર નથી, એટલે ઝઘડો ઊભો. આપણાથી જુદી જાતના મતના લોકો હોય એમની સાથે આપણે આવી રીતે બેસી નથી શકતા. મારામાં તાકાતે નથી અને સમયે નથી, બાકી એકલા એના ઉપર બોલવા બેસું તો ઘણું બોલું-વ્યાખ્યાન કરનારની માફક નહીં, પણ વાતો કરનારની માફક એટલે તમે બધા **પરમતસહિષ્ણુતા** કેળવો. તમારી અંદર એ દિવસે દિવસે વધે એવો મારો આશીર્વાદ છે.

અને છેલ્લે જયપુર-૨ કારમાંથી મને એવી પ્રેરણા મળી કે -

**રમાનાથકૃપાયોગાત્ રિદ્ધિસિદ્ધિયશોબલં લબ્ધ્વા**

પરમાત્માની કૃપાથી તમે બધા રિદ્ધિ, સિદ્ધિ, યશ, કીર્તિ, બળ વગેરે પામો અને **સર્વેતિ મોન્દતામ્** અને બધા જ લોકો હંમેશા આનંદની અંદર મસ્ત રહો. **મોદન્તામ્., ભદ્રદર્શિણ:** અને તમને બધાને કલ્યાણને માર્ગે પ્રભુ લઈ જઈ અને કલ્યાણને માર્ગે પહોંચાડે એવી મારી અંતઃકરણમાં જેટલું બળ હોય તેટલા બળથી પ્રાર્થના સાથે હું તમને બધાંને આશીર્વાદ આપું છું.

***સર્વેત્ર જયિન: સન્તુ સર્વે સન્તુ યશસ્વિન: ।**
**પુણ્યકર્મરતા: સર્વે રમન્તાં પુત્રપૌત્રિકા: ॥**

જયપુર, ૭૧મી રંગ જયંતી, **રંગ અવધૂત**

તા. ૨૯-૧૦-૧૯૬૮

*આ શ્લોક 'અમર સંદેશ' માંના આશીર્વાદાત્મક સર્વ શ્લોકોના સારરૂપ પૂ. શ્રી એ પ્રવચનના અંતે કહ્યો હતો. આ પ્રવચન અંતિમ બની રહ્યું (પ્રવચન ટેપ પરથી લીધેલું છે. સં.)

## ॥ શ્રી જગદમ્બા પ્રસન્નાઽસ્તુ ॥

## ॥ શક્ત્યાવાહનમ્ ॥

માતશ્ચામ્બે જાગૃહિ જાગૃહિ નાશયિતું ભારતમેતદ્ ।
ધાવન્ત્યસુરા ઉન્મત્તાસ્તે કિં શેષે નો પશ્યસિ કિમ્ ? ॥હૌં॥
શુમ્ભનિશુમ્ભૌ મહિષશ્ચાઉ રક્તપિપાસવ આઃ સર્વે ।
નિર્દોષાન્ બાલાંસ્તે ઘ્નન્તિ ગર્જન્ત્યુચ્ચૈર્નો શૃણુષે ॥જૂં॥
ક્વ ગતં ચક્રં શૂલમમોઘં નિસ્તેજા હ્યસિધારા કિમ્ ? ।
પ્રેરય સદ્બુદ્ધિં રિપુપક્ષે ભ્રષ્ટવિવેકે દુર્વૃત્તે ॥સઃ॥
સામ્ના નો ચેદ્ દણ્ડેનૈતાન્ ઘાતય ઘાતય ચામુણ્ડે ।
મુણ્ડ મુણ્ડ મુણ્ડાનેતેષાં પ્રજ્વાલય દુર્ગાંસ્તેષામ્ ॥મૃ॥
કિં શસ્ત્રાસ્ત્રૈરેકોઽલં તે દૃષ્ટિક્ષેપો દગ્ધું તાન્ ।
ઉત્તિષ્ઠાદ્ય યોગસમાધિં ત્યક્ત્વોન્મીલય નેત્રં દ્રાક્ ॥ત્યોર્॥
ત્વરય ત્વરય વિલમ્બોઽયુક્તો ધાવ ધાવ માતઃ શીઘ્રમ્ ।
દર્શય તે વદનં નતતારિણિ કુરુ કરુણામકભીતિહરે ॥મુ॥
દુર્ગે દુષ્ટનિબર્હિણિ સજ્જનપાલિનિ દુર્ઘટઘાટિનિ ભોઃ ।
વિજયવિદાયિનિ વૈભવકારિણિ સંકટનાશિનિ
જય વિજયે ॥ક્ષી॥
સ્વસ્થં સ્યાન્નિષ્કણ્ટકમેતદ્ ભારતમીશે તે દૃષ્ટ્યા ।
દેહિ પદં શાશ્વતમન્તઃશઃ પાહિ જગદ્ધે જગદમ્બ ॥ય॥
ભિક્ષત એતદ્ વારં વારં ભવરુગ્ણોઽયં રંગાર્ભઃ ।
પૂર્વૈશ્વર્યયુતં નિર્ભીકં દૃષ્ટ્વા દેશમિતો યાયાત્ ॥મા॥
ઐં હ્રીં ક્લીં ચામુણ્ડાયૈ વિચ્ચે વિચ્ચે ચામુણ્ડાયૈ ।
શ્રુત્વેવ પ્રાદુરભવદમ્બા સ્મિતવદના ગુંજત્યેવમ્ ॥મૃ॥
કા ચિન્તા તે પાર્શ્વસ્થાઽહં નિત્યસહાયા વીરાણામ્ ।
વિજયોઽસ્માકં નિશ્ચિનુ નિશ્ચિનુ જય ભારત જય હિંદ
સદા ॥તાત્॥

અંબાજી,
કારતક શુકલ ૯, વિ. સં. ૨૦૨૨ — રંગ અવધૂત
મંગળવાર, તા. ૨-૧૧-૧૯૬૫

# શક્ત્યાવાહન

હે મા, હે અંબે, જાગ જાગ !

તારી આ ભારતભૂને ખેદાનમેદાન કરી નાંખવા કેવળ ભૌતિકતામાં રાચનાર એ ઉન્મત્ત

અસુરોનાં ટોળાં ધસી રહ્યાં છે.

હે મા, તું કેમ ઊંઘે છે ?

તું આ બધું નથી જોતી શું ?

પેલો મહિષાસુર ચાઉ અને એના સાગરિતો શુંભનિશુંભ અરેરે બધા જ લોહીતરસ્યા થયા છે–

તારાં વહાલુડાંનું લોહી પીવા ઊંચાનીચા થઈ રહ્યા છે;

તારાં નિર્દોષ બાલુડાંને (તારી નજર આગળ જ) હણી રહ્યા છે !

એમની 'અહં' 'અહં'ની મોટી ગર્જનાઓ તારે કાને નથી અથડાતી શું ?

હે મા, (અસુરોનું નિકંદન કાઢનાર) તારું ચક્ર ક્યાં ચાલ્યું ગયું ?

ક્યાં ગયું તારું અમોઘ ત્રિશૂળ ?

તારી તરવારની ધાર બુઠ્ઠી થઈ ગઈ છે શું ? વિવેકભ્રષ્ટ થઈ દુષ્ટાચારમાં (અહં અહમિકાથી) ધસી રહેલા એ શત્રુપક્ષને હે મા !

તું સદ્‌બુદ્ધિ પ્રેર.

જો તેઓ સામથી સમજે તો ઠીક છે,

નહિ તો હે ચામુંડે !

એમને કડકમાં કડક શાસન કર.

દંડથી તેમનો નાશ કર.

હણી નાખ તે સર્વને ! !

(કેમ કે, દામ ને ભેદ આપણી સંસ્કૃતિને શોભે તેમ નથી)

ઉડાવ, ઉડાવ તેમનાં મસ્તકો !
જલાવી દે પૂર્ણ રીતે તેમના કોટકિલ્લાઓ ! ! !
પણ અરે ! કામ શું છે તને શસ્ત્રનું અને અસ્ત્રનું ?
તેમને જીવતા સળગાવી મૂકવા
તારો એક દષ્ટિક્ષેપ માત્ર બસ છે.
(માટે) યોગસમાધિ છોડી
હે આદિમાયા, આદ્યશક્તિ !
તું ઊઠ.
ઉઘાડ તારાં નેત્રને ત્વરાથી,
શરણાગતનું રક્ષણ કરનાર !
ઓ મા !
ત્વરા કર, ત્વરા કર,
વિલંબ યોગ્ય નથી.
માતા, દોડ, જલદી દોડી આવ.
હે ભક્તજનતારિણિ, દર્શન દે તારા મુખનાં !
હે દુઃખ અને ભીતિનું હરણ કરનાર,
કરુણા વર્ષાવ.
હે દુષ્ટવિનાશિની, સજ્જનપાલિની,
દુર્ઘટઘાટિની (અશક્યને શક્ય બનાવનાર) દુર્ગે !
હે વિજયવિદાયિની, વૈભવકારિણી, સંકટ-નાશિની, વિજયે !
તારો જયજયકાર હો,
હે ઈશ્વરિ !
તારી દષ્ટિથી ભારત સ્વસ્થ અને નિષ્કંટક બનો.
હે જગદમ્બે,
ઉગારી લે આ જગતને.

સંસારનાં દુ:ખોથી દુ:ખિત
તારો બાળ આ રંગ
વારંવાર આ જ યાચે છે.
મા-ભોમ ભારતને
પૂર્વ ઐશ્વર્યથી યુક્ત
અને
સંપૂર્ણ નિર્ભય થયેલો જોઈને જ
અહીંથી જાઉં-પ્રાણ છોડું,
'ઐં હ્રીં કલીં ચામુણ્ડાયૈ વિચ્ચે વિચ્ચે ચામુણ્ડાયૈ !'
એ સાંભળીને જ જાણે કે
મા અમ્બા પ્રગટ થયાં.
આછું હાસ્ય વેરતાં વેરતાં
ગુંજી-ગાજી રહ્યાં એ :
તારે શી ચિંતા છે ?
ખડી છું હું પાછળ
વીરોને નિત્ય સહાય કરતી
નિશ્ચિતપણે માન
કે
વિજય આપણો છે,
નિ:શંક વિજય આપણો જ છે.
ભારતનો સદા જયજયકાર હો.
જયહિંદ.

અંબાજી, રંગ અવધૂત
કારતક સુદ ૯, વિ. સં. ૨૦૨૨

# વટપત્તનસ્ય સંસ્કૃતવિદ્વત્સભાયાં સંસ્કૃતપ્રવચનમ્।

'ન તત્ર સૂર્યો ભાતિ ન ચન્દ્રતારકં
નેમા વિદ્યુતો ભાન્તિ કુતોઽયમગ્નિઃ ।
તમેવ ભાન્તમનુભાતિ સર્વં
તસ્ય ભાસા સર્વમિદં વિભાતિ ।'

યસ્ય ભાસા સર્વમિદં વિભાતિ, તત્સ્વરૂપા માનનીયાઽધ્યક્ષમહાશયાઃ, અન્યવિદ્વદ્વર્યાઃ સુહૃજ્જનાશ્ચ,

કિં વચ્મિ, ભવતાં ભગવત્સ્વરૂપાણાં સ્વનામધન્યાનાં મહાનુભાવાનાં વિદ્યાવારિધીનાં, વિશેષતઃ પણ્ડિતપંચાનનાનાં શ્રીબદરીનાથશાસ્ત્રિણાં, વિદ્યાભાસ્કર-શ્રીમણિશંકરશાસ્ત્રિણાં, પરમાત્મીય-ભાગવતસર્વસ્વ શ્રીકૃષ્ણશંકરશાસ્ત્રિણાં ચ નિર્વ્યાજપ્રેમવશાચ્છરીરાસામર્થ્યેઽપિ ચુમ્બકાઽઽકૃષ્ટલોહશલાકાવદ્ યથાકથંચિદત્રાગતોઽસ્મિ, કિન્તુ, અત્રાગત્યાપિ કિંવક્તવ્યતામૂઢઃ સંજાતઃ ।

ભવદ્ભિઃ સમ્પ્લાવિતસ્ય સ્નેહપ્રપાતસ્ય પ્રત્યુત્તરં મૂકપ્રહ્વીભાવેનૈવ દદામીતિ ક્ષન્તુમર્હન્તિ સુહૃજ્જનાઃ ।

મયા કિલ સંસ્કૃતપાઠશાલાયા મુખમપિ ન દૃષ્ટમ્ । ભવાદૃશાં કૃપાપ્રસાદેન દુરધિગતાનિ વિદ્યન્તે કાનિચિત્ સદ્વિદ્યાક્ષરાણિ, કિન્તુ તાન્યપિ 'અનાભ્યાસે વિષં વિદ્યે'-તિન્યાયાદ્ વિસ્મૃતપ્રાયાણિ । ન્યૂનાધિકં ક્ષન્તવ્યમતઃ ।

યથા ક્ષુદ્રપલ્વલોદકમપિ ગઙ્ગાજલં સમેત્ય ગાઙ્ગમિવ પવિત્રં ભવતિ, તથૈવ માદૃશો ભાષાદૌર્બલ્યદૂષિતો જ્ઞાનદુર્ભિક્ષપીડિતઃ સર્વતો રિક્તોઽબુધોઽપિ ભવાદૃશાં વિદ્વદ્રત્નાનાં સમ્પર્કાદ્ વિત્સમ્પન્નો મન્યત ઇતિ ન ચિત્રમ્ ।

યઃ કશ્ચિજ્જડોઽપ્યશ્મા ભવત્સદૃશૈર્મહદ્ભિઃ સુપ્રતિષ્ઠિતો દેવત્વમેત્ય પૂજ્યો ભવતિ, કિં પુનર્માદૃશો નામમાત્રોઽપિ મનુષ્યઃ ?

ધન્યોઽસ્મિ ભવતાં સમાગમેન સન્દર્શનેન ચ । તથાપિ ભવદ્ભિઃ સત્યવાગ્ભિરપિ મદ્વિષયે યદુક્તં યદ્ ગીતં તત્ સર્વં યથાર્થત્વેન ન ગૃહ્ણામિ । કિન્તુ ભગવતોઽપિ દૈવતભૂતાનામ્ (ભવતામ્) અમોઘમાશીર્વચનમિતિ કસ્મિંશ્ચિદ્ દૂરેઽપિ દિને સત્યત્વેન માં સંક્રમિષ્યતીતિ મત્વા, 'એવમેવ દિને દિને ભવત્સ્નેહો વર્ધતામ્', ઈત્યાશાસ્ય વિનમ્રભાવેન સ્વીકરોમિ ।

ભા-રતા ભારતીયસંસ્કૃતિઃ સંસ્કૃતાશ્રિતૈવ । પાલી અર્ધમાગધી ચ સંસ્કૃતોદ્ભવત્વાત્ સંસ્કૃતાન્તર્ગતેવ । તસ્માત્ પૃથક્ત્વેન તદુલ્લેખો ન ક્રિયતે । તાં ભારતીયસંસ્કૃતેર્મૂલસ્રોતોભૂતાં દેવવાણીમનાદૃત્ય, સંસ્કૃતેઃ સંરક્ષણોજ્જીવનેત્યાદ્યુદ્ઘોષણાઃ ક્લીબગર્જનેવ વૃથા નિષ્ફલા ચેતિ મે વિનમ્રાઽપિ નિશ્ચલા મતિઃ ।

તસ્માદ્ ભારતોત્કર્ષેચ્છુભિઃ સર્વૈરેવ મૂલસંરક્ષણસંવર્ધનાય કટિબદ્ધૈર્ભવિતવ્યમવિલમ્બિતેન ।

એતદ્દેશીયરાજપુરુષૈઃ શાસનસ્થસત્તારૂઢૈશ્ચાસ્મિન્ વિષયે વિચારઃ કર્તવ્યઃ સુશીઘ્રમ્ । અન્યથા પ્રોદ્દીપ્તે ભવને કૂપખનનમિવ તેષાં પ્રયત્ના હાસ્યાસ્પદા ભવેયુઃ ।

આઙ્ગલભાષાવિભૂષિતાઃ પણ્ડિતં મન્યમાનાસ્તથાકથિતવિદ્વાંસઃ કેચિત્ પરપ્રત્યયનેયબુદ્ધય એતદ્દેશીયા અપિ વર્ગવિગ્રહમૂલ- કેવલ- ભૌતિક- સમૃદ્ધ્યુદ્દીપિતનેત્રાઃ સમ્મોહિતાઃ સંસ્કૃતગાં 'જીર્ણા દુગ્ધદોહા નિરિન્દ્રિયા-' ઈતિ વર્ણયિત્વા, તામુપહસન્તિ । 'મૃતા'-ઈતિ તામગૌરવેણોલ્લિખ્યાવમાનયન્તિ । શ્રેયોઽક્ષિવિહીનાસ્તે એકાક્ષા ઈવ દયનીયાઃ ।

ન જાનન્તિ તે વરાકા યદ્ બ્રહ્મપ્રચલિતાઽપ્યેષા ગીર્વાણભાષા, મૃતા નિષ્પ્રાણા ન, કિન્તુ પ્રાણપૂર્ણા, ચેતનાપરિપ્લુતા, નિત્યં શ્વસન્તી જીવન્ત્યેવ અન્યા મ્રિયમાણા ભાષા જીવયિતું સમર્થા । અત્રત્યવિદ્વત્સભા એતસ્ય કથનસ્ય સત્યતાયાઃ પ્રત્યક્ષં પ્રમાણં ન કિમ્ ?

પ્રાચીનમર્વાચીનં યં કમપિ વિષયં ગીર્વાણગિરૈવ નિરૂપયન્તોઽત્રત્યા

વિદ્વજ્જના એતેષાં નિર્લોચનાનામેકાક્ષાણાં ચ દિવાન્ધ્યદૂરીકરણે સમર્થાઃ કરિષ્યન્ત્યેવ કાલેન ઈતિ વક્તિ નિઃસન્દિગ્ધં મે હૃદયમ્ ।

તેષાં તત્કરણે શક્તિર્ભક્તિર્નિરામયં દીર્ઘમાયુરસ્ત્વિતિ પ્રાર્થયેऽહં સહૃદયં તં પરમાનન્દં માધવં જગદ્ગુરુમ્ ।

કિમન્યદ્ એષા વિદ્વત્સભા કેવલં વટોદરસ્ય ગૌરવં ન, કિન્તુ નિખિલગુર્જરભૂમેઃ શોભા । અતોऽત્રત્યૈઃ શ્રીમદ્ભિઃ શ્રેષ્ઠિભિર્વિદ્યાભિરુચિભિઃ સત્તારૂઢૈરપિ ધન-સહકાર્ય-સન્માનાદિભિરાત્મીયેવ સા નિરન્તરં પોષણીયા સંવર્ધનીયા, સમુત્તેજનીયા ચ ઈતિ મે ભવતાં પુરસ્તાત્ સહૃદયા વિજ્ઞપ્તિઃ ।

કિં બહુના, વિદ્વત્સભાયા અયં ધ્વજો માનવતાऽપરપર્યાયસનાતન હિન્દુધર્મસ્ય, સંસ્કૃતેઃ, સદ્વિદ્યાયાશ્ચ પ્રતીકત્વેનૈવમેવ સદૈવોચ્ચૈસ્તિષ્ઠતુ, સંસ્કૃતવ્યોમ્નિ પ્રોન્નતમુડ્ડયતામ્ ઈતિ મે સહૃદયા પ્રાર્થના જગન્નિયન્તૃભગવચ્ચરણેષુ ।

કિં બહુના, એતાવતૈવ વિરમામિ ।

વિજ્ઞા મત્સરનિર્મુક્તાઃ પ્રભવઃ સ્મયવર્જિતાઃ ।
બોધપ્રભાવિતાશ્ચાન્યે ભવન્તુ ભારતે સદા ॥
ભારતં ભા-રતં ભૂયાત્ પૂર્વૈશ્વર્યયુતં પુનઃ ।
સ્વસ્થં શાન્તં સમૃદ્ધં ચ શ્રેયઃપથ-પ્રદર્શકમ્ ॥
વિદ્વાંસઃ સન્તુ મે ત્વગ્રે વિદ્વાંસઃ સન્તુ પૃષ્ઠતઃ ।
વિદ્વાંસો દક્ષિણે સન્તુ વિદ્વાંસઃ સન્તુ વામતઃ ॥
નિર્ભયં વિચરામ્યેવ વિદ્વત્કવચરક્ષિતઃ ।
વિદ્વચ્ચરણકંજેષુ સદા મેऽસ્તુ મતિસ્તતઃ ॥

ૐ શાન્તિઃ ! શાન્તિઃ ! ! શાન્તિઃ ! ! !

વડોદરા, રંગોऽવધૂતઃ
શ્રાવણ સુદ-૩, સં. ૨૦૨૪,
રવિવાર, ૨૮-૭-૧૯૬૮

'જેના પ્રકાશ વડે આ સર્વે પ્રકાશે છે તેના સ્વરૂપ માનનીય અધ્યક્ષ મહાશય, અન્ય વિદ્વદ્વર્યો અને સુહૃજ્જનો,

શું વદું ? આપના ભગવત્સ્વરૂપે સ્વનામધન્ય મહાનુભાવોના વિદ્યાસાગરોના વિશેષ, પંડિત પંચાનન શ્રી બદરીનાથ શાસ્ત્રીના, વિદ્યાભાસ્કર શ્રી મણિશંકર શાસ્ત્રીના અને પરમઆત્મીય ભાગવત સર્વસ્વ શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રીના નિર્વ્યાજ પ્રેમને વશ બની શરીરથી અસમર્થ હોવા છતાં ચુંબકથી સોય જેમ આકર્ષાય તેમ આકર્ષણથી ગમે તેમ અહીં આવ્યો છું. પણ અહીં આવીને પણ શું બોલવું તે ભૂલી ગયો.

આપે વહેવડાવેલા સ્નેહપ્રવાહનો પ્રત્યુત્તર હૃદયના મૂક આનંદથી આપું છું તો સુહૃજ્જનો ક્ષમ્ય ગણશો.

મેં તો સંસ્કૃત પાઠશાળાનું મોઢું પણ જોયું નથી. આપના જેવાના કૃપા-પ્રસાદથી કેટલાક સદ્વિદ્યાક્ષરો પ્રાપ્ત કર્યા છે. તે પણ 'અનભ્યાસે વિષં વિદ્યા' એ ન્યાયથી વિસ્મૃતપ્રાય છે, માટે વત્તુંઓછું બોલાય તો ક્ષન્તવ્ય રાખશો.

જેમ નાના ખાબોચિયાનું જળ પણ ગંગાજળને મળીને ગંગાજળની જેમ પવિત્ર બને છે તેમ જ મારા જેવો ભાષાની દુર્બલતાથી દૂષિત, જ્ઞાનના દુકાળથી પીડિત બધી રીતે ખાલી અબુધ પણ આપના જેવા વિદ્વદ્રત્નોના સંપર્કથી જ્ઞાનસંપન્ન ગણાય તો તે વિચિત્ર નથી.

કોઈ પણ જડ પથ્થર આપના જેવા મોટાઓ સુપ્રતિષ્ઠિત કરે તો તે દેવત્વ પ્રાપ્ત થતાં પૂજ્ય બને છે, તો પછી મારા જેવો નામ માત્રનો મનુષ્ય તેમ શું ન બને ?

આપના સમાગમ અને દર્શનથી ધન્ય બન્યો છું. આપ સત્યવાદી છો તોપણ મારા વિષયમાં જે કાંઈ કહ્યું, જે ગાયું તે બધું જ સત્ય છે એમ હું સ્વીકારતો નથી. પણ ભગવાનના પણ દૈવતરૂપ બ્રાહ્મણો આપનાં આશીર્વચન નિષ્ફળ હોય નહીં એથી દૂરના કોઈ દિવસે પણ એ વચનો મારામાં સત્ય બની જશે એમ માનીને, આ જ રીતે પ્રતિદિવસ આપનો સ્નેહ વધતો રહે એમ આશા રાખીને વિનમ્ર ભાવથી આપનાં વચનોનો સ્વીકાર કરું છું.

તેજસ્વિની ભારતીય સંસ્કૃતિ સંસ્કૃતના આશ્રયે જ રહી છે. પાલી અને અર્ધ-માગધી ભાષા સંસ્કૃતમાંથી ઉદ્ભવ પામેલી હોવાથી સંસ્કૃતમાં એ આવી જાય છે માટે તેનો જુદો ઉલ્લેખ હું કરતો નથી. ભારતીય સંસ્કૃતિના મૂલ પ્રવાહરૂપ દેવભાષાનો આદર કર્યા વગર, કરવામાં આવતી સંસ્કૃતિના સંરક્ષણ ઉજ્જીવન વગેરે ઘોષણાઓ નપુંસકોની ગર્જના સરખી વૃથા અને નિષ્ફળ છે, એમ મારો વિનમ્ર પણ નિશ્ચલ મત છે.

માટે ભારતના ઉત્કર્ષની જો ઈચ્છા જ હોય તો બધાએ સંસ્કૃતિના મૂલના સંરક્ષણ અને સંવર્ધન માટે વિના વિલંબે કેડ બાંધીને તૈયાર થવું જોઈએ.

આ દેશના રાજપુરુષો અને સત્તારૂઢ લોકોએ આ વિષયમાં વિના વિલંબે વિચારવું જોઈએ, નહીં તો ઘર સળગ્યા પછી કૂવો ખોદવાની જેમ તેમના પ્રયત્નો હસવા જેવા બનશે.

આંગ્લ ભાષાથી વિભૂષિત થયેલા અને પોતાને પંડિત માની બેઠેલા કહેવાતા વિદ્વાનો અને પારકાની અક્કલે દોરાતા આ દેશના વિદ્વાનો પણ ભૌતિક સમૃદ્ધિ કે જેના મૂળમાં વર્ગવિગ્રહો જ રહેલા છે, તેનાથી અંજાયેલા-સંમોહિત થયેલા સંસ્કૃત વાણીને જીર્ણ, નિઃસાર, ઈંદ્રિયરહિત વર્ણન કરીને હસતા હોય છે અને તેને મરી ગયેલ એમ આદરભાવ વગર જાહેર કરીને અપમાન કરતા હોય છે. તે શ્રેયસ્ રૂપી આંખ વગરના કાણા માણસની જેમ તે જ પોતે જ દયનીય છે.

તે બિચારા નથી સમજી શકતા કે ઘણા પ્રચાર વિનાની આ દેવભાષા નથી મરેલી કે નથી નિષ્પ્રાણ, પણ પ્રાણવાળી ચૈતન્યથી ભરેલી નિત્ય શ્વાસોશ્વદ્છ્વાસસંપન્ન, સનાતન જીવન ધરાવતી બીજી ભાષાઓને પણ જિવાડવાને સમર્થ છે. વડોદરાની આ વિદ્વત્સભા મારા આ કથનની સત્યતાનો પ્રત્યક્ષ પુરાવો નથી શું ?

પ્રાચીન કે અર્વાચીન કોઈ પણ વિષયને સંસ્કૃત ભાષામાં ચર્ચતા અહીંના વિદ્વજ્જનો (એ ભાષા પ્રત્યે અનાદર દેખાડતા) એ આંધળા અને

કાણા લોકોનું ધોળે દિવસે આવેલું અંધત્વ દૂર કરવાને સમર્થ છે. વખત જતાં તે દૂર કરશે જ, એમ મારું હૃદય નિશ્ચિતરૂપે બોલી રહ્યું છે.

તેમને પોતાનું કાર્ય કરવામાં શક્તિ, ભક્તિ, વ્યાધિ, ઉપાધિ વિનાનું દીર્ઘ આયુષ્ય પ્રાપ્ત થાય એમ હું તે જગદ્ગુરુ પરમાનંદ સહૃદય માધવને પ્રાર્થું છું.

વધારે શું કહું ? આ વિદ્વત્સભા કેવલ વડોદરાનું જ ગૌરવ છે એમ નહીં પણ સમગ્ર ગુર્જરધરાની શોભા છે માટે શ્રીમાન્ ધનવાનોએ તેમજ વિદ્યામાં અભિરુચિ ધરાવનારા સત્તારૂઢ અધિકારીઓએ ધનથી, સહકારથી, સંમાનથી આ સભા પોતાની જ છે એમ માનીને એનું નિરંતર પોષણ કરવું, સંવર્ધન કરવું અને ઉત્તેજન આપવું એમ તમારી પાસે મારી હૃદયથી વિજ્ઞપ્તિ છે.

વધુ શું વદું ? વિદ્વત્સભાનો આ (સારસ્વતધ્વજ) સનાતન હિન્દુધર્મ કે જેનું બીજું નામ માનવતા છે તેની સંસ્કૃતિ અને સદ્ વિદ્યાના પ્રતીક રૂપે આ જ રીતે હંમેશા ઊંચો રહે, સંસ્કૃત-આકાશમાં ઊંચે લહેરાતો રહે એવી જગન્નિયંતા ભગવાનના ચરણમાં મારી સહૃદય પ્રાર્થના છે. આટલાથી વિરમું છું.

આ ભારતમાં હંમેશા વિદ્વાનો માત્સર્ય વિનાના, લક્ષ્મી અથવા અધિકાર સંપન્ન લોકો ગર્વ વિનાના અને બીજા, જ્ઞાનના પ્રભાવથી સંપન્ન બની રહો.

ભારત પહેલેના ઐશ્વર્યથી સંપન્ન ફરીથી એવું ભા-રત બને. સ્વસ્થ, શાન્ત અને સમૃદ્ધ અને બીજાઓને કલ્યાણનું માર્ગદર્શન આપનારું બને.

**મારી આગળ પાછળ જમણે ડાબે વિદ્વાનો જ વસેલા હોય.**
**વિદ્વાનોરૂપી કવચથી રક્ષિત હું નિર્ભયરીતે ફરું છું.**
**વિદ્વત્ ચરણ કમલોમાં હંમેશા મારી મતિ રહો.***

**ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!**

વડોદરા, ૨૮-૭-૧૯૬૮, શ્રા શુ. ૩, વિ. સં. ૨૦૨૪

*વડોદરાની સંસ્કૃત વિદ્વત્સભાના ૧૯ માં વાર્ષિકોત્સવ પ્રસંગે અતિથિવિશેષ તરીકે પૂ. શ્રી એ આપેલું આશીર્વાદયુક્ત પ્રવચન.

# દત્તઉપાસના

(એક ઊડતું પ્રવચન)

(દત્તજયંતિ વિ. સં. ૨૦૦૯, સોમવાર તા. ૧-૧૨-૧૯૫૨)

પ્રસંગ હતો શ્રીદત્તજયંતીનો. અને તે પ્રસંગને અનુલક્ષીને શ્રીદત્તાવતાર અને શ્રીદત્તભક્તિ- રહસ્ય સંબંધમાં શ્રીમુખે બે શબ્દ કહેવાની શ્રી અવધૂતને પ્રાર્થના કરી ત્યારે નવાપુરની ભાવના અને ભક્તિમાં તરબોળ બનેલી જનતાના એ ભાવ અને ભક્તિને શ્રી અવધૂત વશવર્તી બન્યા હોય તેમ પોતે, જે કોઈ દિવસ કરતા નથી, તે શ્રી અવધૂતે અહીં કર્યું. શ્રી અવધૂત-એ મૌનીની વાચા ઊઘડી અને સોય સરખી પડે તોપણ અવાજ સંભળાય એટલી નીરવ શાંતિ પથરાઈ. શ્રી અવધૂતે કહ્યું :

તમારો ભાવ જોઈ અહીં મારે બે શબ્દો બોલવા પડે છે. હું આ રીતે કોઈ પણ જગાએ બોલતો નથી અને ઉપદેશક કે પ્રચારક થવાની મને ઇચ્છા જ નથી; અને સાચો સંત કદી નકામી બકબક કરી ઉપદેશ આપવાના હેતુથી બોલતો નથી. કેટલાક કહે છે કે હું ધર્મનો પ્રચારક છું કે મારા જેવાએ ધર્મનો પ્રચાર કરવો જોઈએ. પણ ધર્મનો કે સત્યનો પ્રચાર એ શબ્દપ્રયોગ જ હું સમજી શકતો નથી. સૂર્યના પ્રકાશનો અવધૂત કે કોઈ બીજો પ્રચાર શો કરી શકે ? એનો પ્રચાર એ પ્રકાશ પોતે જ કરી લે છે, અથવા સ્વયં થાય છે એવું કહીએ તો એ જ બરાબર છે. આપણે તો એ પ્રકાશનો લાભ લઈ પોતાની જાતને કૃતાર્થ કરવાની રહી. તેમ જ સત્ય, ધર્મ કે જ્ઞાનનો પ્રચાર એ સમજ જ ભ્રાંતિ ભરેલી છે. ધર્મ કે સત્યનો આચાર કે પાલન એ જ સાચી વાત છે અને એ આચાર એ જ સાચો ને સચોટ પ્રચાર કે ઉપદેશ છે. પ્રચાર-Propaganda-તો અસત્યનો જ હોઈ શકે. કેમ કે એ પાંગળું છે; તે પોતાની જાતે આગળ ધપવા અશક્તિમાન્ છે. સત્ય કે પ્રકાશ તો લોખંડી દીવાલો ભેદીનેય આગળ ધપ્યે જાય છે અને ઉપદેશ કરવો જ હોય તોપણ વાણી એક

જ જાતની થોડી જ છે ? પરા, પશ્યંતી, મધ્યમા, વૈખરી એમ ચતુર્વિધ વાણીના પ્રકાશમાં વૈખરી એ તો કનિષ્ઠવાણી છે. ગૂઢ બોધ તો ઉત્તરોત્તર સૂક્ષ્મવાણી દ્વારા થાય છે. સાચા સંતનું મૌન, સંકલ્પ, સ્વાભાવિક ઊઠવું, બેસવું, વગેરે સર્વ જ ઉપદેશમય હોય છે. અર્થાત્ એનું આચરણ એ જ સાચો ઉપદેશ છે.

गुरोस्तु मौनं व्याख्यानं शिष्यास्तु छिन्नसंशयाः।

એ ભગવત્ પદોક્તિને અનુલક્ષી શ્રી. અવધૂતે આગળ ચાલતાં કહ્યું કે સાચો સંત બોલતો નથી. છતાંય એના મૌનમાંથી જે મળે છે તે તેના બોલવાથી મળતું નથી. તે બોલતો છતાંય મૂંગો છે, ચાલતો હોવા છતાંય પાંગળો છે, સાંભળતો છતાંય બહેરો છે, જીભ છતાંય રસહીન છે, આંખો છતાંય આંધળો છે. કારણ કે એની કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયોનાં કર્મોમાં એને આસક્તિ નથી. એ ઇન્દ્રિયો વિષયાકાર રહેવાને બદલે બ્રહ્માકાર બનેલી હોય છે. અને તેથી માયાજનિત વિષયો તરફ એનું મન જતું જ નથી. જ્યાં સુધી જીવને જીવભાવ છે ત્યાં સુધી જગત છે અને જ્યાં સુધી જગત છે ત્યાં સુધી માયા છે, વિષયો છે, સુખદુઃખ છે અને બધું જ છે. જીવભાવના લોપ સાથે જ એ બધાનો લોપ થઈ જાય છે અને આત્મભાવ- ભાવિત એ આત્મદર્શી સંત દ્વૈતમાંથી અદ્વૈતમાં સરિતાસાગરન્યાયે સમાઈ જાય છે. પણ આવી વાતો તમને પચવી કપરી છે, તેથી તમને સમજી શકાય એવી ભાષામાં થોડું કહીશ.

મને કે કોઈ સાચા સંતને કોઈ અમુક વસ્તુનો પ્રચારક કહે એ એનું અપમાન કરવા જેવું છે. કારણ કે સાચો સંત કશાનોય હેતુપુરઃસર પ્રચાર કરતો નથી. એ તો સત્યનું યથાશક્તિ આચરણ જ કરે છે અને એવા આચારથી સ્વાભાવિક રીતે પ્રચાર થતો જ હોય તો એને પ્રચાર ભલે કહો. જેમ સૂર્યને કમળ વિકસાવનાર કહીએ તો ભલે પણ સાચી વાત તો એ છે કે સૂર્યનો પ્રકાશ થાય એટલે કમળદળ પોતાની મેળે જ વિકાસ પામે છે. એને (સૂર્યને) ખબરેય નથી કે એના પ્રકાશથી કેટલાં કમળ વિકસિત થયાં કે એના કહેવાતા અસ્તથી કેટલાં કમળ બીડાઈ ગયાં એટલે એ બંનેના પુણ્ય કે પાપાત્મક કર્મનું કર્તૃત્વ સૂર્યને નથી અને તેથી જ ગીતામાં ભગવાને એને

ભૌતિક સૃષ્ટિના પ્રથમ કર્મયોગી તરીકે ઓળખાવ્યો છે. સાચા સંતનું પણ એમ જ છે.

મારી તમારી આગળ દત્તભક્તિના એક પ્રચારક તરીકે શ્રી જમિયતભાઈ વકીલે ઓળખાણ આપી. પણ એ બરાબર નથી કેમ કે હું તો કશાનો જ પ્રચારક નથી ને દત્ત કે દત્તભક્તિનો તો કોઈ ઠેકાણે મોંમાંથી ઉચ્ચાર પણ કરતો નથી હા ! કોઈ પૂછે તો ટૂંકમાં સૂઝે તેમ જવાબ આપું ખરો.

**एकं सद्विप्रा बहुधा वदन्ति ।**

પરમાત્મા એક જ છે. સંતો જુદા જુદા નામથી એને પોકારે છે એટલું જ. એક જ માણસને અજાણ્યો નામથી બોલાવે, એની બા કે મા 'બેટો' કહે, ભાઈ 'ભાઈ' કહે, દીકરો 'બાપુજી' કહે, કાકો 'ભત્રીજો' કહે કે ભત્રીજો 'કાકો' કહે, કોઈ મામો, ફુઓ વગેરે વગેરે કહે તોપણ એ વ્યક્તિ બદલાતી નથી. એ તો એક જ છે. તેમ પરમાત્મા પણ એક જ છે. કોઈ એને ઈશ્વર કહે, કોઈ અલ્લા કહે, કોઈ God કહે કે કોઈ રામ, કૃષ્ણ, દત્ત, શંકર, ગણપતિ વગેરે અનંત નામોથી બોલાવે તોપણ પરમાત્મા અણુમેરુમાં વ્યાપેલું એ એકમેવ સત્ બદલાતું નથી. નામ વ્યવહાર સિદ્ધિ માટે છે. મારી જ વાત કરો તો મેં રામ, કૃષ્ણ, મહાદેવ, જગદંબા આદિ અનેક નામોથી પ્રભુનાં સ્તુતિ-સ્તોત્રો ગાયેલાં છે (જૂઓ-**रंगहृदयम्**)પણ એ બધાં અહીં ક્યાં સંભળાવું ?

## ભજન

એક અલખ નિરંજન સબ જગ,<br>
ભૂચર ખેચર એક હિ બાસા,<br>
બમ્મન ખતરી શૂદર ભંગી,<br>
મ્લેચ્છ [1]અનારજ એક હિ શ્વાસા;

૧. અનાર્ય

પશુ પંછી અરુ કીટ પતંગા,
જળથળ સબ જગ એક હિ દેવા,
સ્વર્ગભુવન અરુ સપ્ત પતાલા,
ગિરિકંદર જંગલ નદી નાલા...૧
રામ કહે રહેમાન કહે કોઈ,
[1]અઉર્મઝ્દ કોઈ બુદ્ધ બખાના,
કૃષ્ણ કહે ક્રાઈસ્ટ કહે કોઉ,
જીન કહે કો પારસનાથા;
મહાદેવ કોઉ ગણપતિ દેવા,
શક્તિ કાલિકા કો કર સેવા,
વસ્તુ એક કિન નામ અનંતા,
રૂપ મૃતિકા ઘટઘટ પેખા...૨
ઘટઘટ રમતા રામ રમૈયા,
રહેમ કરે રહેમાન કહૈયા,
અંતર્દુઃખ અઉર્મઝ્દ મિટાવે,
કર્ષંત દુખડા કૃષ્ણ કનૈયા;
જીત-ઈંદ્રિય સો જીન કહેલાના,
પ્રેમ પિલાવે પારસનાથા,
ઈશુ ઇશ્ક[2] અંતર પૂર બહાવે,
કર્મ મિટાવે ક્રાઈસ્ટ દાતા...૩
બુદ્ધિપ્રકાશ બુદ્ધ કહાવે,
મહાદેવ સબ દેવનરાના;
કાલનિયામક કાલિ કહાવત,
જનગણદેવા ગણપતિ માના;

૧. પારસીઓ પોતાના ઇષ્ટદેવને એ નામે ઓળખે છે.
૨. સર્વાત્મભાવ; પ્રેમ

વ્યાપક બ્રહ્મ મિટાવત ભ્રમકો,
[1]શિવ કરે શંકર કહેલાના,
સક્કર મિશ્રી [2]ખંડ કહો કોઈ,
સ્વાદ અનેરા એક બખાના...૪
ગહના[3] ઘાટ અનેક દિખાવે,
અંદર કાંચન એક હિ જાના,
ઈસવિધિ આતમ સબ જગ વ્યાપ્યો,
સબ કોઈ કહે અપને મન ભાના;
[4]પેડ અનેક ભીતર રસ એકા,
[5]સાહેબ એક હિ રૂપ અનેકા;
નામરૂપ સબ છોડ નિકમ્મા,
અંદર પેખત રંગ રમેયા !...૫

**'વેદવલ્લભશા વેણમાં ઉપનિષદનો સાર;**
**અવધૂતે ખુલ્લો કર્યો સદ્ વિદ્યાભંડાર.'**

પાણીના અસ્ખલિત પ્રવાહ જેવી એ કર્ણપ્રિય વાણી સાંભળીને શ્રોતાઓ અધિક પિપાસુ બન્યા અને એ શ્રવણલાલસા ઠારવા અર્થે અવધૂત બોલ્યા :

ઉપર કહ્યું તેમ પરમાત્માનાં અનંત નામ છે, અનંત ગુણ છે, અનંત અવતાર-આવિર્ભાવ, અને અનંત લીલાઓ છે. અને તે છતાંય અવતારી તો એ બધાથી પર નિર્ગુણ, નિરાકાર છે. અને બધાનું વર્ણન કોણ કરી શકે ? એ જગન્નાટકી નટવરનું સંપૂર્ણ જ્ઞાન કોને હોઈ શકે ? તમે દત્તાવતાર વિષે પૂછ્યું તો ટૂંકમાં કહું, કારણ સમય થોડો છે.

સૃષ્ટિજૂની વાત છે. પરમાત્માએ સૃષ્ટિ ઉત્પન્ન કરી અને પોતાની પ્રતિકૃતિરૂપ મનુષ્યો સુખી થાય તે માટે અનેક જાતનાં અન્ય સર્જન કર્યાં.

---

૧. કલ્યાણ ૨. ખાંડ ૩. ઘરેણા. ૪. ઝાડ ૫. પરમાત્મા

તે તે બધાના મોટા મોટા કોઠારો-ખાણો ભરી એક કોઠારમાં ખાદ્ય પદાર્થો ભર્યા, કોઈમાં સુંદર વસ્ત્રાભૂષણો, કોઈમાં પશુપક્ષીયાન વગેરે, કોઈમાં સુંદર સ્ત્રીઓ; કોઈમાં સુવર્ણ, રત્ન માણેક વગેરે મનુષ્યે માની લીધેલા સુખસાધનરૂપ સર્વ ભરી દીધું; અને ઢંઢેરો પીટાવ્યો કે જેને જે વસ્તુ જેટલા પ્રમાણમાં જોઈએ તેટલી તે લઈ જાય ! અને પછી તો પૂછવું જ શું ? વહેલો તે પહેલો એ ન્યાયે લૂંટાલૂંટ ને પડાપડી થઈ રહી. થોડી વારમાં જ બધા ભંડારો ખાલીખમ ને તળિયાઝાટક સાફ થઈ ગયા. અને પ્રભુના દ્વારપાળો દરવાજા બંધ કરવાની તૈયારીમાં હતા એટલામાં મધ્યાહ્નના સમયે તપથી કૃશ થઈ ગયેલો એક જર્જરિત બ્રાહ્મણ ડોસો લાકડીને ટેકે ટેકે હાથથી મોં પરનો પરસેવો લૂછતો ત્યાં આવી પહોંચ્યો. આશાભર્યા એ ભિક્ષુકને દ્વારપાળે કહ્યું કે ભંડાર તો લૂંટાઈ ગયો ! હવે તો કાંઈ રહ્યું નથી. અત્યાર સુધી ક્યાં ઊંઘતો'તો ? એ બિચારો શું જાણે કે ડોસો આળસમાં આળોટતો નહોતો, પણ પોતાના નિત્ય કર્મમાં-બધા અનિત્ય દૃશ્યની પાછળ રહેલા નિત્ય તત્ત્વના ચિંતનમાં-સાધનમાં-પડ્યો હતો. દ્વારપાળનાં વચન સાંભળી નિરાશ ન થતાં બ્રાહ્મણે શાંતિથી કહ્યું: 'ભાઈ, તમે ભગવાનને જઈને કહો તો ખરા !' દ્વારપાળે કહ્યું : પણ ત્યાં જઈને મારે શું કહેવું ? અમે જાણીએ છીએ કે હવે અહીં તમને આપવા યોગ્ય કશું જ રહ્યું નથી. બ્રાહ્મણે વળી દ્વારપાળને વિનંતી કરી કે સાચે જ પ્રભુના ભંડારમાં મારે માટે કંઈ જ નથી ? આ જવાબ તમારો છે કે ભગવાનનો ? દ્વારપાળે કહ્યું કે એમાં ભગવાનને શું પૂછવાનું હતું ? અમે જાણીએ છીએ કે અહીં તમને આપવા જેવું કંઈ રહ્યું નથી. એટલે ભગવાન પણ તમને શું કહેવાના હતા ? બ્રાહ્મણે દયામણે મોઢે કહ્યું કે ભગવાનના ભંડારમાં સાચે જ મારે માટે કંઈ નથી ? મારા પર દયા લાવી જરા ભગવાનને પૂછી લાવો તો ખરા ! ભગવાન પણ આમ જ કહેશે તો હું જરૂર આમ આશામાં દ્વાર પર ઊભો ન રહેતાં ચાલ્યો જઈશ. બ્રાહ્મણની શાંત-ગંભીર ને સશ્રદ્ધ મુદ્રા જોઈ દ્વારપાળને મન હરિ વસ્યા અને તેણે ભગવાન પાસે જઈ બ્રાહ્મણની વાત તેમને કાને નાખી. ભગવાને તરત કહ્યું કે શું આપણાં ભંડારમાં એ અકિંચન બ્રાહ્મણ માટે

કંઈ જ નથી ? ફરી તપાસ-વિચાર-કરી જેમ હોય તેમ એને કહો, દ્વારપાળે બધે નજર ફેંકી બ્રાહ્મણને આવી કહ્યું કે તારે માટે કાંઈ નથી રહ્યું. માટે આશા મૂકી ચાલવા માંડ. એ અચળનિષ્ઠ બ્રાહ્મણે ફરીથી હાથ જોડી કહ્યું કે ભાઈ ! મારે માટે કાંઈ રહ્યું નથી એ શબ્દો તમારા મોઢાના છે કે ભગવાનના ? દયાના સાગર ભગવાન આમ કહે એ મારી બુદ્ધિમાં જ નથી ઊતરતું. એક વાર ફરીથી ન પૂછી જુઓ ? દ્વારપાળ બ્રાહ્મણનાં એનાં એ જ અડગ વેણ સાંભળી છંછેડાયો તો ખરો. પણ શું કરે ? ગયો ભગવાન પાસે ને બ્રાહ્મણના જક્કીપણા વિષે કહેવા લાગ્યો. ભગવાન આવેશથી હાસ્ય કરી બોલ્યા : 'હૈયાફૂટ્યાઓ ! શું કહો છો? એ બ્રાહ્મણ માટે આપણા ભંડારમાં કાંઈ જ નથી ? ભલે બધું ખલાસ થયું હોય તોપણ એ બધા ભંડારોનો નિર્માતા ને લયસાક્ષી હું વિશ્વંભર પરમાત્મા પોતે તો અવશિષ્ટ છું કે નહિ ? જેણે બધા અનિત્ય ભંડારોની લાલચ છોડી મને-નિત્યને- વહાલો કર્યો તેને હું મારી જાતને સમર્પીશ.' એમ કહી પોતાની જાતને **'દત્તોઽયં તે મયાત્મેતિ ।'** કહી લે, આ મારી જાતને હું તને સોંપું છું. એમ કહી તે વૃદ્ધ બ્રાહ્મણને પોતાનું આત્મદાન આપ્યું. કેટલો દયાળુ પરમાત્મા ! આ વૃદ્ધ બ્રાહ્મણ તે જ અત્રિ. તે જ જ્ઞાનની ત્રણ (શુભેચ્છા, વિચારણા, તનુમાનસા) ભૂમિકા વટાવી ગયેલો સત્ત્વ, રજસ અને તમોગુણાણીત, મૂઢ, ક્ષિપ્ત, વિક્ષિપ્ત, એ ત્રણ મનોભૂમિકાથી પર, સૂર્ય સમાન જાજ્વલ્યમાન અત્રિઋષિ. અને એકનિષ્ઠ ભગવદ્ ભક્તિને વશવર્તી અને પોતાનું આત્મદાન આપનાર તે દત્તાવતાર. અને જે દયાઘન પરમાત્માએ અત્રિઋષિને પોતાની જાતને આપી દેતાં પણ આંચકો નથી ખાધો, તેણે આપણને પણ શું નથી આપ્યું ? આપણા સુખ માટે શું શું નથી બનાવ્યું ? સૂર્ય, ચાંદો, નવલખ તારા, ધરતી-ભોમ, આકાશ, સાગર, પશુ, પંખી, શરીર, મન, પ્રાણ, બુદ્ધિ વગેરે અમૂલખ બધુંય આપ્યું છે; તેથી જ દત્ત-જેણે બધુંય આપ્યું છે. તે દાતા કહેવાય છે. મુસલમાનો પણ એને દાતારને નામે ઓળખે છે. બીજા બીજેબીજે નામે પોકારે છે. બધામાં રમી રહી સર્વને રમાડનાર એને જ કોઈ રામ કહે છે, દુઃખમાંથી બહાર ખેંચી કાઢી સુખ તરફ

લઈ જનાર તેને જ કોઈ કૃષ્ણ નામથી બોલાવે છે.

કૃષ્ણાતટે યઃ કિલ દત્તનામા સ એવ કૃષ્ણસ્ત્વમિહૈકરૂપઃ ।*

'હે યાદવાધીશ ! હે હરિ ! હે કૃપાળુ ! જે તેં કૃષ્ણાતટે દત્તનામથી અનેક લીલાઓ કરી તે જ તું અહીં વૃજવૃંદાવનમાં કૃષ્ણરૂપે લીલા કરી રહ્યો છે.' કહી અવધૂતે પણ એ જ જગત્સૂત્રધાર પ્રભુને પોકાર્યો છે. સાચે જ બંનેમાં શો ફેર છે?

દત્ત કહે કોઈ તને, રામ કૃષ્ણ વળી કોક;
દિનમણિ શિવ શક્ત્યાદિ તું નામરૂપ સહુ ફોક.
રસના નામ ભલે રટે, ચિત્ત લક્ષ્યમાં હોય;
[1]ભવે ભાવથી [2]ભવ મળે, ભક્ત સ્વયં ભવ હોય.

(દત્તદશક)

એ અત્રિઋષિનાં ધર્મપત્ની તે સતી અનસૂયાજી. જેનામાં અસૂયા-દોષદૃષ્ટિ કે મત્સરનો સદંતર અભાવ તેને ત્યાં પ્રભુ અવતાર ધારણ કરે એમાં શી નવાઈ? માટે જ એ અત્રિ અનસૂયાની એકનિષ્ઠ તપોભક્તિનું ફળ એ જ શ્રીદત્ત. અત્રિઋષિથી આવિર્ભાવ થયો માટે આત્રેય અને પોતાના આત્મદાનથી દત્ત એમ એ દત્તાત્રેય નામની સાર્થકતા. પણ આ બધું તો શ્રીમદ્ ભાગવતાદિ ગ્રંથોમાં કે અન્યત્ર હરિકથા વગેરેમાં તમે વાંચ્યું સાંભળ્યું હશે એટલે એ વિષે વધુ નથી કહેતો.

દરેક વસ્તુનો આપણા ઋષિમુનિઓએ આધ્યાત્મિક, આધિદૈવિક અને આધિભૌતિક એમ ત્રણ રીતે વિચાર કરેલો છે અને એ જ રીતે સાક્ષાત્કાર થાય તો જ અનુભવની પૂર્ણતા જામે. એ રીતે આધ્યાત્મિક દૃષ્ટિએ વિચાર કરતાં દત્તએ-**'તસ્ય વાચકઃ પ્રણવઃ'** (એ પરમાત્માનો વાચક પ્રણવ ૐકાર છે)–મહર્ષિ પતંજલિએ યોગસૂત્રોમાં કહેલા પરમાત્મપ્રતીક ૐકારનું સ્વરૂપ છે.

---

*જુઓ 'રંગ-હૃદયમ્'–શ્રીકૃષ્ણસ્તોત્રમ્ પૃષ્ઠ ૨૬૧

૧. સંસારમાં ૨. શિવ સ્વરૂપ જગતનું કલ્યાણ કરનાર પ્રભુ

અકાર, ઉકાર ને મકાર એટલે જ સત્, ચિત્, આનંદ કે અસ્તિ, ભાતિ, પ્રિય એ જ એનાં ત્રણ મુખ છે. પૌરાણિક ભાષામાં એને જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ કહે છે. ઓમકારની અવ્યક્ત અર્ધમાત્રા તે જ એનું નિર્ગુણ નિરાકાર સ્વરૂપ છે અને એ ઓમકાર કે પ્રણવઉપાસના એ જ આધ્યાત્મિક દૃષ્ટિએ-દત્ત ઉપાસના છે. એનો જ વિસ્તાર ત્રિપદા ગાયત્રી છે. ઋગ્વેદના નાસદીય સૂક્તમાં અને માંડૂક્યાદિ ઉપનિષદોમાં ને ગીતાના પૂર્ણ પુરુષોત્તમયોગમાં આ જ ઉપાસનાનું બ્યાન છે. સત્ અસત્ તે બે મુખ અને એને ધારણ કરનાર સદ્અસદતીત પૂર્ણ બ્રહ્મ તે નાસદીય સૂક્તનો દત્ત. ક્ષર અક્ષર તે બે મુખ ને તે બેને ધારણ કરનાર તે બેથી પર ઉત્તમ પુરુષ તે જ ગીતાનો પૂર્ણ પુરુષોત્તમ શ્રીદત્ત.

**દેહઃ સહ્યો હૃન્નુ માતાપુરં સ્યાદત્રિર્જ્ઞાનં ભક્તિરેકાઽનસૂયા[1]।**
**વિજ્ઞાનં તન્નિર્મલં દત્તધામ ધ્યાત્વા સન્તો જન્મમૃત્યૂ તરન્તિ ॥**

શરીર એ જ સહ્યાચળ પર્વત, એમાં મધ્યવર્તી આવેલું હૃદય એ જ માહૂરગઢ, અપરોક્ષજ્ઞાન તે અત્રિ, એકનિષ્ઠ પ્રેમલક્ષણા ભક્તિ તે જ અનસૂયા ને એ બેના સમન્વયથી જન્મતું વિજ્ઞાન કે નિર્ગુણ સક્રિય સાક્ષાત્કાર કે અનુભવ તે જ દત્ત. એનું જ ધ્યાન ધરવાથી-નિદિધ્યાસન કરવાથી કીટભ્રમરન્યાયે સાધક મુક્તદશાને પામે છે. જીવ મટી શિવ થાય છે, કલ્યાણરૂપ, મંગળરૂપ બની જગતમાં માંગલ્ય વરસાવે છે. એ જ સત્યં (શાન્તં) શિવં સુંદરં તે દત્ત.

હવે આધિદૈવિક દૃષ્ટિએ શ્રીદત્તાવતારનો વિચાર કરીએ. આધ્યાત્મિક દૃષ્ટિએ પ્રણવ અથવા અવ્યક્ત પરમાત્માની ઉપાસના કરવી સર્વસાધારણ ઉપાસકો માટે કપરી છે અને તેથી તે થરના જ્ઞાનમાર્ગી ઉપાસકો કરતાં ઊતરતા થરના સર્વ સાધારણ ઉપાસકો માટે આધિદૈવિક ઉપાસના સુલભ છે. ઉત્પત્તિ, સ્થિતિ અને લય એ સૃષ્ટિનાં ત્રણ પાસાં છે. સત્ત્વ, રજસ્ અને તમોગુણ એ પ્રકૃતિના ગુણો છે. પરમાત્મા, પ્રકૃતિ અને તેના ગુણો દ્વારા

૧. જુઓ શ્રી વિરચિત દત્તનામસ્મરણમ્ । શ્લોક ૭૫।

બ્રહ્માંડની રચના કરે છે અને માયારચિત બ્રહ્માંડમાં અવ્યક્તરૂપે માયાને ઓથે રહી માયાના એ કર્મનો કેવળ દ્રષ્ટા બને છે. પરમાત્માને માયાના એ વિસ્તાર સાથે કશો જ સંબંધ નથી. એ પ્રકૃતિના જે ત્રણ ગુણો છે તેના અધિષ્ઠાતા તે જ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એમ સત્ત્વ, રજસ્ અને તમોગુણ સ્વરૂપ એ ત્રિપુટીનું શાસ્ત્રોમાં વર્ણન છે. રજોગુણનો ધર્મ ઉત્પત્તિ છે, સત્ત્વગુણનો ધર્મ સ્થિતિ એટલે સર્જનનું પાલનપોષણ કરવું તે છે અને સંહાર એ તમોગુણનો ધર્મ છે; અને તેથી બ્રહ્માને બ્રહ્માંડના પિતા કિંવા સર્જક કહીએ છીએ. વિષ્ણુને સંસારના ભર્તા કિંવા પાલનહાર કહીએ છીએ, શંકરને સંસારના હર્તા કિંવા સંહારક કરીએ છીએ. બાકી ખરી રીતે તો અવ્યક્તમાંથી ઉત્પન્ન થઈ અંતે અવ્યક્તમાં એ સર્જન એકરૂપ બની જાય છે. એ ત્રણે ગુણોનું એકીકરણ જે સ્વરૂપમાં થયું છે અને છતાં જે ત્રણે ગુણોથી બંધાતો નથી એટલે કે ત્રિગુણાતીત છે, તે જ શ્રીદત્ત-પરમાત્મા. એ બ્રહ્મા, વિષ્ણુ ને મહેશરૂપ છે તેથી જ એને ત્રણ મુખ કલ્પ્યાં છે. પણ વસ્તુતઃ તો એ ત્રણે ગુણોનો નિયામક ત્રિગુણાતીત પરમાત્મા તો એક જ છે. માટે જ કેટલાકે એકમુખી દત્તની ભાવના કરી છે. જેમ એક જ બ્રાહ્મણ કર્મકાંડ કરાવે, વૈદું કરે અને જ્યોતિષ પણ જુએ અને તેની આજુબાજુ તે તે ધંધાને લગતાં ઉપકરણો જુદાં જુદાં અને વેષ પણ ક્વચિત્ જુદો જુદો હોય છે અને છતાં પણ એ બ્રાહ્મણ વ્યક્તિ તો એક જ છે.

અથવા બીજી રીતે કહું તો એક જ ખેડૂત જમીન તૈયાર કરી તરફેણ વગેરે લઈ ઓરવા જાય ત્યારે તેને બ્રહ્મા કહીએ, પાક ઊગી નીકળતાં ગોફણ વગેરે લઈ તેનું રક્ષણ કરવા જાય ત્યારે તેને વિષ્ણુ કહીએ અને પાક પરિપક્વ થતાં દાતરડું વગેરે લઈ લણવા જાય ત્યારે તેને શંકર કહીએ. છતાં મૂળમાં તો એ ખેડૂત એક જ વ્યક્તિ છે. કર્મભેદે એને જુદી જુદી દેખીએ એટલું જ. બાકી તો એ **એકમેવાદ્વિતીય** છે. તેવી જ રીતે એક જ પરમાત્માની બ્રહ્મા, વિષ્ણુ, મહેશરૂપે ત્રિવિધ કે અનેકવિધ કલ્પના કરેલી છે. અને મૂળનું એકત્વ ભૂલી જઈ મૂઢ જન અનેકત્વમાં રાચે છે, લડે છે, ને પડે છે. એ ભ્રાંતિ પરમાત્માના-

દત્તસ્વરૂપની કલ્પના દૂર કરે છે. એમાં ત્રિવિધમાંથી કે અનેકવિધમાંથી પાછું એકવિધ એકત્વ તરફ જવાનું સૂચન છે.

તેવી જ રીતે કેટલીક જગ્યાએ એ જ દત્તનાં એકમુખ ને ચતુર્ભુજ સ્વરૂપનાં વર્ણન છે. જેમ કે શાંડિલ્ય ઉપનિષદમાં **'ચતુર્બાહુમુદારાંગમ્'** વગેરે વર્ણન છે. ત્યાં દત્તને પ્રધાનપણે વિષ્ણુનો અવતાર ગણી તેમ કર્યું છે. કેટલીક જગ્યાએ ત્રણ મુખ અને ષડ્ભુજ સ્વરૂપનું વર્ણન છે. ત્યાં બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ એ દરેકના બબ્બે હસ્ત એવી ભાવના રહેલી છે. કેટલેક ઠેકાણે એક મુખ ને છ હાથની પણ મૂર્તિઓ મળી આવે છે. ત્યાં ત્રણેયની એકરૂપતાનું ભાન સતેજ રાખવાનો આશય છે. નેપાળમાં પશુપતીશ્વરથી સાત આઠ માઈલ દૂર આવેલા ભાટપુરમાં એક અતિ પ્રાચીન એકમુખી ને દ્વિભુજ દત્તમૂર્તિ છે. પ્રાચીન કાળમાં થઈ ગયેલા દત્તલહરીના પ્રણેતા દલાદનમુનિની ધ્યેયમૂર્તિ આ દ્વિભુજ હતી. અને એ નેપાળી મૂર્તિનું માહાત્મ્ય પણ ત્યાંના લોકોમાં ખૂબ જ મનાય છે. જેમ દ્વારકાની યાત્રા કરી આવનાર ડાકોરના રણછોડરાયનાં દર્શન ન કરી આવે તો યાત્રા અધૂરી મનાય છે તેમજ નેપાળનાં સર્વતીર્થોની યાત્રા આ ભાટપુરના એકમુખી દ્વિભુજ દત્તનાં દર્શન કર્યા વગર વિફળ મનાય છે.

આમ મુખ અને હાથની વિવિધતા સાથે આયુધોની પણ વિવિધતા જોવામાં આવે છે. જ્યાં એક મુખ ને ચાર હાથનું વર્ણન છે ત્યાં વિષ્ણુની આવતારિક પ્રધાનતા માની શંખ, ચક્ર, ગદા, પદ્મ, આયુધો કલ્પેલાં હોય છે. ષડ્ભુજ મૂર્તિઓમાં કેટલેક ઠેકાણે હાથમાં શંખ, ચક્ર, ગદા, પદ્મ એ વિષ્ણુનાં, ઉપલા એક હાથમાં ત્રિશૂળ એ મહાદેવનું અને નીચલા એક હાથમાં કમંડલું એ બ્રહ્માનું; તો કેટલેક ઠેકાણે નીચલે બે હાથમાં માળા-કમંડલું એ બ્રહ્માનાં, વચલા બે હાથમાં મહાદેવનાં ડમરુ-ત્રિશૂળ અને ઉપલા બે હાથમાં વિષ્ણુનાં શંખ-ચક્ર એવી પણ કલ્પના કરેલી છે. અને આ બધાંય ધ્યાનના તે તે ઋષિપ્રણીત સંસ્કૃતમાં શ્લોક પણ છે. છતાં પણ અબુધજનો પોતપોતે માનેલાં આયુધો અને સ્વરૂપો એ જ બરાબર છે ને બીજાં બધાં જૂઠાં છે એમ

કહી વિતંડાવાદ મચાવે છે. પણ ખરી રીતે તો બધાંય સ્વરૂપ એ જ દત્તપ્રભુનાં છે અને બધાંય આયુધો એના હાથમાં શોભે છે. એને નથી એક મુખ, નથી ત્રણ મુખ, કે નથી પાંચ મુખ ! કે નથી એને બે હાથ, છ હાથ કે ચાર હાથ ! ! અને છતાંય એ અનંતમુખી, અનંત હાથવાળો, અનંતવિધ આયુધોવાળો છે. વેદોએ 'સહસ્રશીર્ષ: પુરુષ:।' વગેરે મંત્રોથી પુરુષસૂક્તમાં એજ આદિપુરુષ પરમાત્માના ગુણ ગાયા છે. એ પ્રભુ, એ દત્ત, ***'સર્વો દત્ત: સર્વરૂપસ્ત્વરૂપ:'** સર્વરૂપ એનાં છે અને છતાંય એ અરૂપી કોઈ પણ મર્યાદિત રૂપ વગરનો છે.

આ દત્ત ઉપાસનામાં ઝઘડાને સ્થાન જ નથી, કોઈ ઉપાસના સાથે વિરોધ નથી. કોઈ દેહધારી આસુરી દૈત્યનો વધ કરવા માટે એનો આવિર્ભાવ નથી થયેલો. અત્ર્યનસૂયાની એકનિષ્ઠ ભગવદ્ભક્તિના ફળરૂપ એ અવતાર સાધકમાત્રને નડતા મોહાસુરનો નાશ કરી જગતમાં વિશુદ્ધ પ્રેમ, જ્ઞાન, અદ્વૈત ફેલાવવા માટે જ પ્રગટ થયેલો હોવાથી એને આદિગુરુ કહ્યો છે. અને તેથી જ એ દત્ત-ઉપાસનાની પશ્ચાદ્ ભૂમિ (Background) પર અન્ય કોઈ પણ ઉપાસના ઊલટી વધારે તેજસ્વી બને છે.. દત્ત નામથી પરમાત્માની ઉપકારક બુદ્ધિનું સ્મરણ સતત જાગ્રત રહે છે. દત્ત એ નામમાં રહેલા **દ** અને **ત** બંને અક્ષરો એક જ દંત્ય સ્થાનના હોઈ એ શબ્દ દ્વારા પણ એ એક જ અદ્વૈતનિષ્ઠા સૂચવે છે અને સ્વર પણ જુઓ : એક જ—અદ્વૈત પરબ્રહ્મનો સૂચક **અકાર—અલેફ.** જ્યાં અજ્ઞાનમૂલક અન્યાન્ય કલ્પના છે ત્યાં જ લઢવાડ છે; આ દેવ મોટો અને આ નાનો એવી કુભાવના છે. શંકરને તો બીલી ને ભભૂતિ જ ચઢે, વિષ્ણુને તો તુલસી ને ગોપીચંદન જ જોઈએ; ગણપતિ તો દૂર્વા ને મોદક વગર તૃપ્ત ન જ થાય, હનુમાનને તો તેલ, સિંદૂર ને આકડાનાં ફૂલ ચઢાવાય. કોઈને ધોળાં ફૂલ જોઈએ, કોઈને રાતાં ફૂલ જોઈએ; ભૂલથી પણ એકને બીજું ચઢાવી દેવાય તો પ્રાયશ્ચિત્ત લાગે; અમુક દેવને તો બ્રાહ્મણ જ પૂજી શકે, અમુકની પાસે તો સ્ત્રી શૂદ્રથી જવાય જ નહિ વગેરે, અન્ય

*જુઓ શ્રી વિરચિતં દત્તનામસ્મરણમ્ ।

દેવતાઓની પાછળ રહેલી ભ્રાંતિમૂલક શંકા-કુશંકાઓ, આ સર્વદેવમય દત્તની ઉપાસનામાં નથી. એને હરકોઈ પૂજી શકે. અરે ! *મુસલમાનને પણ એનું પૂજન કરવાનો અધિકાર છે. સદ્ભાવનાથી અર્પણ કરેલું ફાવે તે દ્રવ્ય-વસ્તુ એ સ્વીકારે, એને તુલસી ચઢાવો, બીલી ચઢાવો, આકડો ચઢાવો, શમી કે આમળીનાં પત્તાં ચઢાવો, ભભૂતિ કે ચંદન કરો કે આમાંનું કાંઈ અર્પણ ન કરો તોય એ દેવ રીઝે છે ને ભક્તનું વાંકું પાડતો નથી અને તેથી જ કલિમાં એ દત્તસ્વરૂપની ઉપાસના દિનપ્રતિદિન વધતી જાય છે.

પણ રખે કોઈ માની લે કે એ દત્તઉપાસના આધુનિક સમયની છે. રામાવતારની પહેલાં થઈ ગયેલા પરશુરામ શ્રીદત્તના શિષ્ય હતા. દત્ત ભગવાને એમને કરેલો ઉપદેશ ત્રિપુરારહસ્ય[1] નામે સંસ્કૃત ગ્રંથમાં પ્રસિદ્ધ છે. નૃસિંહાવતારમાં થઈ ગયેલા પ્રહ્લાદને પણ દત્તે ઉપદેશ આપ્યાનો પુરાણોમાં ઉલ્લેખ છે. પિંગલ નાગ અને સાધ્યાદિ દેવો પણ દત્તના અનુગ્રહિત હતા. શ્રીગુરુલીલામૃતમાં આ બધું તમે વાંચ્યું જ હશે એટલે વધારે લંબાણ નથી કરતો. પણ જેમ રામ ને કૃષ્ણાવતાર અતિ પ્રાચીન હોવા છતાં ગોસ્વામી તુલસીદાસજીના સમયથી રામોપાસનાનો અને બિલ્વમંગલ, સૂરદાસ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ વગેરેના પ્રાદુર્ભાવ પછી કૃષ્ણઉપાસનાનો પૂર જોસમાં ફેલાવો થયો; તેમ જ દત્તાવતાર એથીએ અતિ પ્રાચીન હોવા છતાં અને આયુ, અલર્ક, સહસ્રાર્જુન આદિ અનેક રાજા મહારાજાઓ પ્રાચીનકાળમાં એના પ્રસિદ્ધ ઉપાસક હોવા છતાં મહારાષ્ટ્ર-કર્ણાટકમાં આશરે પંદરમાં સૈકામાં થઈ ગયેલા **શ્રીપાદશ્રીવલ્લભ** અને **નૃસિંહસરસ્વતી**-એ દત્તના અવતાર તરીકે ગણાઈ ગયેલ વિભૂતિઓના

*મ્હૈસુરમાં બાબા વુડનના પહાડ પર આવેલા પિતાજી નામે ઓળખાતા દત્તસ્થાનનો પૂજારી વંશપરંપરાથી આજે પણ મુસલમાન છે એવું ક્યાંક વાંચેલું યાદ છે.

*૧. આ જ સંસ્કૃત ત્રિપુરારહસ્ય ગ્રંથના જ્ઞાનખંડનું રૂપાંતર મરાઠીમાં **દત્તભાર્ગવસંવાદ** નામે અને ગુજરાતીમાં **દત્તપરશુરામ** નામે પ્રસિદ્ધ છે.

પ્રાદુર્ભાવ પછી જ એનો ફેલાવો પૂરજોસમાં થવા લાગ્યો અને આશરે સો એક વરસ પહેલાં થઈ ગયેલ દત્તસ્વરૂપ **શ્રી માણિકપ્રભુ** અને **અક્કલકોટના સ્વામી** અને હજી હમણાં જ ચારેક દાયકા પહેલાં બ્રહ્મીભૂત થયેલ **શ્રી વાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજના** પ્રાદુર્ભાવ પછી દિનપ્રતિદિન ઈતર પ્રાંતમાં પણ એ પ્રચાર વધતો જાય છે.

દત્ત ઉપાસનાના આધિદૈવિક સ્વરૂપનો આમ સંક્ષેપમાં ઉપસંહાર કરી અવધૂતજી એના આધિભૌતિક સ્વરૂપ તરફ વળ્યા.

વૈદિક વાઙ્મયમાં કેટલેક ઠેકાણે સૂર્યને અત્રિ-જેનામાં શિયાળો ઉનાળો અને ચોમાસુ નથી તે, જેનામાં સવાર, બપોર ને સાંજ એ ક્રમભેદ નથી તે- કહ્યો છે. અને અનસૂયા તો કર્દમપુત્રી. કર્દમ એટલે કાદવ. એ ઠરીને તેનાથી થયેલાં મા-ભોમ પૃથ્વી તે અનસૂયા. એનામાં અસૂયા ક્યાં છે? કેવળ ક્ષમાની મૂર્તિ! કોઈ ખોદે, બાળે કે ઉપર થૂંકી, મલમૂત્રાદિ કરી અપમાનિત કરે, તોએ એની અચળ સેવાવૃત્તિમાં ક્યાંએ ભંગ થયો છે ખરો? આમ અત્રિ-સૂર્ય અને મા-પૃથ્વી અનસૂયા એ બેના શુભ સંયોગથી ઉત્પન્ન થતું અન્ન એ જ દત્ત છે. અન્નને લીધે જ સૃષ્ટિનું વિવિધ સર્જન છે. એટલે અન્ન-દત્ત જ ઉત્પાદક હોવાથી બ્રહ્મા છે. એ અન્ન જ વિવિધ રીતે પોષક છે. સર્જનનું રક્ષણ કરનાર છે એટલે એ જ અન્ન-દત્ત સર્વવ્યાપક વિષ્ણુ છે. એ જ અન્ન પૂરતા પ્રમાણમાં ન મળે કે મળવા છતાં હજમ થઈ એનો પાચકરસ ન બને તો જીવલેણ નીવડે છે. એટલે જ અન્ન સંહારક-મહેશ પણ છે. એ જ અન્ને આપણને શરીર ઈંદ્રિયોની સર્વશક્તિઓ આપેલી છે. અને તેથી જ એ અન્ન દત્ત છે. છાંદોગ્યાદિ ઉપનિષદોમાં ભૌતિકવાદીઓને એ જ અન્નની બ્રહ્મ તરીકે ઉપાસના કરવાની કહી છે. અને એ દત્તની મૂર્તિ પણ કેવી સુંદર કલ્પી છે! અન્ન અને ખેડૂતને એકરૂપ કલ્પી એ અન્નના પ્રતીકસમા શ્રીદત્ત એક આદર્શ ખેડૂતની જેમ ઊભા છે. ખેડૂતને બેસવાનું ક્યારે સર્જ્યું છે? કામથી પરવારે ત્યારે ક્ષણિક વિશ્રાંતિ મળે. તેમ દત્તની ક્વચિત્ બેઠી મૂર્તિ પણ હોય છે. આદર્શ ખેડૂતસમા દત્તની મૂર્તિ ઊભી મૂર્તિમંત ઉદ્યોગની પ્રતિમા નથી? ખેતી

માટે બળદ જોઈએ. ઉત્તમ ખાતર માટે છાણમૂતર જોઈએ. અને એ માટે ખેડૂતને બીજાના મોઢા તરફ જોયે કેમ પરવડે? માટે જ ખાતર અને બળદની જનની ગાયમાતા એણે પાસે રાખી છે. ખેતીનું કામ કરવા માટે પૂરતું જોર મેળવવા એ દૂધ-ઘી પણ આપે છે. અને એ ગાયનાં ઘી-દૂધ જેટલું સાત્ત્વિક અને ઉત્સાહપ્રેરક ઘી દૂધ બીજા કોનું છે? જ્યારથી આપણે ડોબાનું ઘી-દૂધ વાપરતા થયા અને ગામડામાં પણ કોક સમયે જોઈએ તો દવાને માટેય ગાયનાં ઘી-દૂધ દુર્લભ થયાં, ત્યારથી જ આપણે નિદ્રા, આલસ્ય, પ્રમાદાદિ તમોગુણાત્મક આળસની મૂર્તિ બની દુઃખ-દારિદ્રયમાં સબડવા લાગ્યા. એમાંથી ઊઠવાનો એકમેવ ઉપાય ઘેરે ઘેર નહીં તો છેવટે દરેક ખેડૂતે પણ ગાય પાળવાનો, આ દત્તની ભૌતિક ખેડૂતસમી કચ્છ ભીડેલી મૂર્તિ, મૂક સંદેશો આપે છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ ૐકારના વિસ્તારરૂપ ગાયત્રીનું ગાય એ ભૌતિક પ્રતીક છે. ગાયત્રીનો વિસ્તાર તે ચાર વેદ: અને ચોરઆદિથી એ જ ખેતરો સાચવવાને માટે ખેડૂતને અત્યંત આવશ્યક એવા ભૌતિક કૂતરારૂપે, દત્તની આજુબાજુ ઊભા છે. એ જ વેદનો વિસ્તાર તે શાસ્ત્રો, અને તે પંખીસ્વરૂપે દત્તની આસંપાસ કૂજન કરી રહ્યા છે. એ જ શાસ્ત્રોનો વિસ્તાર તે પુરાણો. ખાતરને લીધે ખેડૂત-દત્તની આસપાસ ગણગણતી માખીઓનાં વર્ણન એ પુરાણોનું પ્રતીક છે. આમ પરમાત્માના આધ્યાત્મિક પ્રતીક, વૈદિક સમયથી બહિર્મુખ થતાં સ્થૂળ દૃષ્ટિના જનો માટે ઉપબૃંહિત, દત્તનું સ્વરૂપ વર્ણવ્યું. એની યોગભૂમિ તે જ ભૌતિક સ્મશાન. એની વિશ્રાંતિનો કલ્પવૃક્ષ તે જ ઔદુંબર. કામ કરતાં ભૂખ્યો થતો ખેડૂત એના ફળથી પણ કવિચત્ ક્ષુધાશાંતિ નથી કરતો શું? પાસે ગંગાનદી વહે છે. એ વર્ષા નિષ્ફળ જતાં ખેતી માટે અત્યંત આવશ્યક નહેર તલાવની નિદર્શક નથી? કેટલું સુંદર ચિત્ર છે આ!

ભૌતિક, આધ્યાત્મિક બધી દૃષ્ટિના લોકોને આકર્ષક ને મનમોહક એનાં આયુધો પણ જુઓ તો! કાગડા-ચકલાંને ઉડાડવા માટે ઠોકાતા

ડબ્બાઓનાં પ્રતીકસમું એક હાથમાં આદ્ય વાદ્ય ડમરુ, ભય કે અકસ્માત પ્રસંગે દૂરથી વ્હાર માટે અવાજ કરવા એ આદિકાળનું અકૃત્રિમ રણશિંગું-શંખ એના બીજા હાથમાં છે. પાકને નુકસાન કરતાં વાંદરાંને નસાડવા એક હાથમાં એ આદ્ય ગોફણ-ચક્ર. હળના પ્રતીકસમું ત્રિશૂળ. ઢેફાં ફોડવાના કોદાળાસમી ક્વચિત્ હાથમાં ગદા; તૃષા લાગે ત્યારે તરત કામ લાગે એવી ખેડૂતને ખભે લટકતી બતકસમું હાથમાં જળ-કમંડળ અને લણેલો પાક ભરવા માટે તત્કાળ કામ લાગે એવી ફાંટસમી ખભે ઝોળી. અને આ બધું હોવા છતાં અને હાડકાં ભાગે તેટલો ઉદ્યોગ કરવા છતાંય પ્રભુની કૃપા વિના બધી ખેતી નિષ્ફળ છે, એ સૂચવવા પ્રભુકૃપાની જનની સમી પ્રભુસ્મરણ કે પ્રાર્થનાની નિદર્શક સ્મરણી- માળા પણ એક હાથમાં ખરી જ. ભારતવર્ષ ઈશ્વરવિહોણો રહી શકે નહિ. પ્રભુ પ્રાર્થના વિના ચલાવી શકે નહિ એવું એવું કેટલુંય દત્તના હાથની આ મૂક માળા ઉપદેશી રહી છે. પ્રભુને ન વિસરનાર ખેડૂત કદીયે દુઃખી થતો નથી, થવાનો નથી અને ભારતવર્ષના ખેડૂતની અડગ શ્રદ્ધા આ માળાના મણકાઓમાં ચિત્રિત છે. કવચિત્ કોક હાથમાં વિકસિત કમળ પણ માલૂમ પડે છે. એ ખેડૂતના હૃદયની ઉદારતાનું દ્યોતક નથી શું ? એના ખળેથી ખાલી હાથે કોણ પાછો ફર્યો છે ? એના દાતૃત્વની ફોરમ કમળની માફક દૂર દૂર ઊડે છે. ઊડવી જોઈએ. પણ આમ હું કેટલું બોલ્યા કરીશ ? શ્રીગુરુલીલામૃતના બીજા ભાગની શરૂઆતમાં મૂકેલી 'વંદના'માં આ બધું સૂત્રરૂપે ગૂંથાયેલું છે. તમે રોજ એ ભક્તિભાવથી ગાઓ છો તો ખરા જ. આ ઊડતા પ્રવચનના પ્રકાશમાં એનો થોડો વિચાર કરશો તો ઓર આનંદ આવશે અને દત્તનું આખુંય ત્રિવિધ સ્વરૂપ તમારી નજર આગળથી ખસશે નહિ. એકલી આધ્યાત્મિક વાતો કરશો તો હૃદય પ્રેમવિહોણું-સૂકું થઈ જશે અને શ્રદ્ધાનો ઝર સૂકાતાં જીવન નીરસ લાગશે. એકલી આધિદૈવિક લીલા-કલ્પનાઓમાં જ રાચશો તો વેવલાવેડા વધવા પામશે ને શેખચલ્લીની માફક ખ્વાબી બની સ્વપ્નસૃષ્ટિમાં અટવાશો ને શાંતિ દૂર, સૂદૂર જ રહેશે. ભૌતિકવાદની યથાર્થતા સમજ્યા વિના તો પેટનો ખાડોય નહિ

પૂરાય. પણ આજના જમાનાની માફક એકલી ભૌતિક ઉન્નતિને-રોટી સંસ્કૃતિને-સર્વસ્વ માની ટાંટિયાતોડ કરશો તો જીવન કૃત્રિમ, હેતુશૂન્ય, એક રાક્ષસી યંત્ર જેવું થઈ જશે અને એની ભૂખની ચક્કીમાં સુખસર્વસ્વ હોમાઈ જશે. માટે આર્ય શાસ્ત્રોએ આ ત્રણેય વાસ્તવિકતાઓનો સાક્ષાત્કાર ઉપદેશ્યો છે અને ભારતના સાચા સંતોએ અનુભવ્યો છે. આમ તો આખું જગત દત્તનું જ ઉપાસક છે: કોઈ એક કલ્પનાના તો કોઈ બીજીના, પણ આ ત્રણે બાજુનો એકધારો વિચાર અને સાક્ષાત્કાર તો ભારતના સંતોએ જ કર્યો છે. નિર્ગુણમાંથી સગુણ થાય કે નિરાકારમાંથી સાકાર આવિર્ભવે તો તે ત્રિપુટીરૂપે જ, દત્તસ્વરૂપે જ સંભવી શકે. એકમાંથી બે થાય, અદ્વૈતમાંથી દ્વૈત પરિણમે તો એ દ્વૈત-અદ્વૈત એ બે મુખને ધારણ કરનાર ત્રીજું દ્વૈત- અદ્વૈતાતીત મુખ કલ્પવું જ રહ્યું. અને તેથી જ શ્રીદત્તે ઉપદેશેલી અવધૂત ગીતામાં કહ્યું છે કે :

**अद्वैतं केचिदिच्छन्ति द्वैतमिच्छन्ति चापरे ।**
**समं तत्त्वं न विन्दन्ति द्वैताद्वैतपरं हि यत् ॥**

કોઈ દ્વૈત ઇચ્છે છે, કોઈ અદ્વૈત પ્રમાણે છે. પણ તત્ત્વ-પરમાત્મા સત્ય સ્વરૂપ તો દ્વૈત પણ નથી. અદ્વૈત પણ નથી. એકત્વની કે દ્વિત્વની કલ્પનાથી પર છે. પણ લોકમાનસ આગળ આવે છે, ત્યારે એ ત્રિપુટીરૂપે જ, ત્રિમુખ રૂપે જ આવે છે. જમીનમાં બી વાવીએ તો પહેલાં એ ફાટીને બે ભાગ થતાં જ એ બેને ધારણ કરનાર ત્રીજો દાંડો હોવો જોઈએ. આ ત્રિમુખ બીજ દત્ત. આમ સૂક્ષ્મ દૃષ્ટિએ વિચાર કરશો તો સચરાચર બધું દત્તસ્વરૂપ, ત્રિપુટીસ્વરૂપ જણાશે. ઉત્પત્તિ, સ્થિતિ ને લય એ દરેક વસ્તુની ત્રણ અવસ્થા, દત્તનાં ત્રણ મુખ નથી શું? વાત, પિત્ત ને કફ એ ત્રણેયનું સમતોલપણું તે આદર્શ સ્વાસ્થ્ય-દત્તની આયુર્વેદિક મૂર્તિ. ભૂત, ભવિષ્ય ને વર્તમાનનાં ત્રણ મુખને ધારણ કરતી દત્તની કાળમૂર્તિ પણ કલ્પી શકાય. આમ કેટલીય ત્રિપુટીઓ અને તેને અનુરૂપ તે તે જાતનાં દત્તસ્વરૂપો હોઈ શકે.

દરેક ધર્મમાં આ ત્રિપુટીની ઇશકલ્પનાનો થોડેઘણે અંશે એક યા બીજી રીતે ઉલ્લેખ કરેલો છે. બૌદ્ધધર્મની બુદ્ધ, ધર્મ, સંઘ-ત્રિપુટીની કલ્પનાનું

અધિષ્ઠાન પણ એ ત્રણેયથી પર આ જ પરમ તત્ત્વ છે. પારસીઓ અગ્નિ, ઉદક ને સૂર્યની ત્રિમૂર્તિ ઉપાસે છે. ઇસ્લામીઓ ખુદા, પેગંબર ને પેગામ (પવિત્ર કુરાન)ની ત્રિપુટીને વંદે છે. ખ્રિસ્તી ધર્મના (Father, Son and Holy Ghost) પિતા, પુત્ર અને પવિત્ર આત્માને પણ આપણા બ્રહ્મા, વિષ્ણુ ને મહેશની સાથે સરખાવી શકાય. વિષ્ણુ એ (Father) પિતા છે. બ્રહ્મા એ (Son) પુત્ર છે. શાસ્ત્રોમાં બ્રહ્માને વિષ્ણુના પુત્ર તરીકે વર્ણવ્યો છે ને ? અને શંકર એટલે (Holy Ghost) પવિત્ર આત્મા. કામદેવને-કામના માત્રને બાળીને ભસ્મ કરનાર યોગીશ્વર પુરાણ પુરુષ હોવા છતાંય ધાવણા બાળકસમા ભોળા નિર્દોષ શંભુ એ સાચે જ પવિત્રતાની મૂર્તિ-મૂર્તિમંત પાવિત્ર્ય જ છે. અને તેથી એ પાવિત્ર્યના ઝરણારૂપે વહેતા જ્ઞાનના પ્રવાહને ઠેકઠેકાણે આપણાં શાસ્ત્રોમાં શિવપાર્વતીસંવાદરૂપે વર્ણવ્યો છે. ખ્રિસ્તી ધર્મનો ત્રિપાંખિયો ક્રોસ- (Cross)-અને આપણા ત્રિશૂળને સામ્ય નથી શું ? આપણું જળકમંડલુ Baptism ખ્રિસ્તી ધર્મની દીક્ષા સમયે કરાતા જળસિંચનનું સૂચક છે. ખ્રિસ્તી દેવળોમાં વગાડાતા Pianoનું જનક પ્રભુના હાથને શોભાવતું આદ્ય વાદ્ય શંખ-ડમરુ ન કહી શકાય ? માળા તો પવિત્ર ખ્રિસ્તીઓ વાપરતા જ હોય છે. અને એમના ધર્મસંસ્થાપક જગત તારણહાર જિસસ ક્રાઈસ્ટના જન્મની કલ્પના પણ કેવી ? કુમારી માતા મેરીથી એમનો પ્રાદુર્ભાવ ! એટલે સ્ત્રી-પુરુષ સંબંધની વાત જ નહિ. આપણા અવતારોને પણ અયોનિસંભવજ નથી વર્ણવ્યા ? અને દત્તાવતારમાં પણ શું ? એક વખતે ઋતુસ્નાતા અનસૂયાજી પોતાના પતિ અત્રિ ઋષિને પગે લાગવા ગયાં. અને ઋષિની આંખમાંથી એક તેજોજ્યોતિ નીકળી અનસૂયાજીનાં ઉદરમાં પ્રવિષ્ટ થઈ. તે જ વખત જતાં બાળ દત્તસ્વરૂપે પ્રગટી. સત્ત્વહરણ કરવા જતાં બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સતીના પુણ્યસંકલ્પથી બાળસ્વરૂપ થયા વગેરે કલ્પનાઓની પાછળ પણ આ જ સ્ત્રીપુરુષના શારીરિક સંબંધના અભાવની અને સતીના પાવિત્ર્યના પ્રભાવની ભાવના જ રહેલી છે. આમ દત્ત-સંપ્રદાય યા ઉપાસનાનો કોઈ સંપ્રદાય યા ઉપાસના સાથે વિરોધ નથી. હરકોઈ જાતિનો, હરકોઈ ધર્મપંથનો, કે જાતિ કે ધર્મમાં ન માનનારો પણ એનો ઉપાસક હોઈ શકે છે.

આમ પૂજ્ય શ્રી અવધૂતજી વરસાદની માફક પોતાની અમૃત વાગ્ધારા વરસાવ્યે જતા હતા એ બધી કોણ ઝીલે ? કેમ ઝિલાય ? છતાં બને તેટલું એમના જ શબ્દોમાં સંક્ષેપમાં આલેખ્યું છે. વચમાં જ કોઈએ પૂછ્યું, પ્રભો ! એ દત્ત ભગવાનનો ટૂંક ઉપદેશ શો તે કહેશો ?

ઊંઘમાંથી જાગતાં હોય તેમ, શ્રી અવધૂત બોલી ઊઠ્યા : ઠીક થયું મને જગાડ્યો તે. ઊંઘના બરલવા જેવું બોલ્યે જતો હતો હું ! તે કોણ જાણે તમે જગાડ્યો ન હોત તો ક્યાં જઈને અટકત ? ટૂંકમાં દત્ત એ શબ્દ જ બધો ઉપદેશ આપી દે છે. **દત્ત એટલે પરાર્થે સર્વસ્વ આપી દેનારનું પ્રતીક.** એના ભકતને કંઈ લેવાનું હોય જ નહિ, જે હોય કે આવી મળે તેનું પરાર્થે દાન કરવાનું. આમ દરેક જણ પોતાની પાસે જે કંઈ હોય તે કોઈ પણ જાતના બદલાની આશા વગર બીજાને આપી દેવાની વૃત્તિ રાખે તો જગતમાં દુઃખ, ઊણપ, કમીના ને તેને પરિણામે નીપજતાં કલેશ, ઝઘડા, અશાંતિ રહે ખરાં ? ને સાચું ઈશ્વરપૂજન આ જ છે.

**येन केन प्रकारेण यस्य कस्यापि देहिनः ।**
**संतोषं जनयेत् प्राज्ञस्तदेवेश्वरपूजनम् ॥**

આપણને પ્રભુ તરફથી મળેલી કોઈ પણ ચીજ-શક્તિ દ્વારા કોઈ પણ પ્રાણીની આંતરડી ઠારવી એ રીતે જનતા જનાર્દનની સેવા કરવી એ જ જ્ઞાનીનું અને એટલે જ સાચું, ઈશ્વરપૂજન છે. અને પરમાત્માએ એવો એક મનુષ્ય નથી સરજ્યો કે જેની પાસે બીજાની સેવા માટે કશુંયે ન હોય !

**દયા દાન અરુ દમન હૈ, દદ્દાકા યહ ભેદ,**
**તત્તા વિષયાધ્યાસ હૈ, તાકો તું કર ભેદ.**

એ દોહરો ઉચ્ચારી શ્રી અવધૂતે આગળ બોલતાં કહ્યું કે, માણસમાત્ર સુખને શોધે છે અને વિષયાધ્યાસ એ દુઃખનું મૂળ છે. ગીતામાં એ દુઃખમૂળનાં-નરકનાં ત્રણ બારણાં કહ્યાં છે.

**त्रिविधं नरकस्येदं द्वारं नाशनमात्मनः ।**
**कामः क्रोधस्तथा लोभस्तस्मादेतत् त्रयं त्यजेत् ॥**

એ ત્રણેય બારણાં બંધ કરવાનો, એ દુઃખને દૂર કરવાને ત્રિવિધ ઉપાય શ્રીદત્ત ત્રિમુખે સૂચવે છે. વિષયચિંતન છોડી દઈ માણસે કામ દૂર કરવા ઈંદ્રિયદમન કરવું જોઈએ, ક્રોધ દૂર કરવા દયાભાવ કેળવવો જોઈએ. અને લોભ નિર્મૂલ કરવા પ્રભુની માફક પોતાનું સર્વસ્વ બીજાને દાન કરવા, અર્પણ કરવા તત્પર હોવું જોઈએ, દાતાઓ દુઃખી થતા જોવામાં આવે છે. તેનું કારણ તેમનો લોભ ઘટતો.નથી પણ વધતો જ જતો હોય છે. કેવળ લોકૈષણા પાછળ ઘસડાઈ, 'એકગણું દાન અને સહસ્રગણું પુણ્ય' જેવાં રોચક વાક્યોમાં લપટાઈ આગળ ઉપર વધારે મળવાની લાલચે કંઈક આપી છૂટે છે. અને તેથી જ ગીતામાં સાત્ત્વિક દાન-ઉત્તમ દાનનું વર્ણન કરતાં કહે છે કે :

**दातव्यमिति यद् दानं दीयतेऽनुपकारिणे ।**
**देशे काले च पात्रे च तद् दानं सात्त्विकं विदुः ॥**

કોઈ પણ જાતના બદલાની ઇચ્છા વગર સ્વપ્નમાંયે કીર્તિનો લોભ રાખ્યા વગર ભૂખ્યાંને ભોજન, પ્યાસાંને પાણી, નંગાને વસ્ત્ર, મૂર્ખને જ્ઞાન, દુઃખીને દિલાસો, નિરાશ્રિતને આશરો વગેરે અપાય છે એ જ સાચું દાન છે. ને એવું દાન કરનાર કદી દુઃખી થતો સાંભળ્યો નથી. ભગવાન દત્તનો આ જ સનાતન ઉપદેશ છે. અને વાદળાનાં ગડગડાટ દ્વારા પ્રભુ એ જ વારંવાર સંભળાવે છે કે, હે જનો ! તમે દાન કરો, ઈંદ્રિયદમન કરો, દયાભાવ કેળવો. દેવનો કે દેવપુરુષોનો ઉપદેશ હંમેશાં સૂચક અને સૂત્રાત્મક હોય છે. તેઓ વાણીનો વ્યર્થ વ્યય નથી કરતા. ઉપનિષદોમાં આ તત્ત્વ-એક વાતના રૂપમાં સુંદર શબ્દોમાં વર્ણવેલું છે.

## દ-દ-દ ની વાત

દેવો, મનુષ્યો અને અસુરો પોતાના પિતા પ્રજાપતિની પાસે શિષ્યભાવે વિદ્યાભ્યાસ કરવા માટે રહ્યા; અને બ્રહ્મચર્ય પાળી એમની સેવા કરવા લાગ્યા. આમ બ્રહ્મચર્યપૂર્વક કેટલોક કાળ પિતાની પાસે વસીને પ્રથમ દેવોએ જઈ પ્રજાપતિને કહ્યું : 'અમને ઉપદેશ કરો.' પ્રજાપતિએ ઉત્તરમાં માત્ર 'દ' એ એક જ અક્ષર કહ્યો, એ સાંભળી દેવો પોતાને કૃતકૃત્ય માની ચાલવા

માંડ્યા. એટલે પ્રજાપતિએ પૂછ્યું, 'કેમ, મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો ?' વિલાસપ્રિય દેવોએ કહ્યું, 'હા જી. અમે એ બરાબર સમજ્યા છીએ. આપ અમને 'તમે દમન- ઇંદ્રિયોનો નિગ્રહ કરો.' એવું કહો છો.' આ સાંભળી પ્રજાપતિએ કહ્યું : 'હા, એ જ મારા કહેવાનો અર્થ છે. તમે એ બરાબર સમજ્યા છો. માટે જાઓ એનું બરાબર પાલન કરજો. તમારું તેથી કલ્યાણ થશે.'

ત્યારે પછી મનુષ્યો પ્રજાપતિ પાસે ગયા અને બોલ્યા : 'અમને ઉપદેશ કરો.' પ્રજાપતિએ તેમને પણ 'द' એ જ અક્ષરનો ઉપદેશ કર્યો. એ સાંભળી મનુષ્યો પાછા જવા લાગ્યા. એટલે પોતાનું કહેવું શિષ્યો બરાબર સમજ્યા છે કે નહિ તેની પરીક્ષા કરવા માટે પ્રજાપતિએ પૂછ્યું : 'કેમ ? તમે જાઓ છો, પણ મેં ઉપદેશ કરેલા અક્ષરનો અર્થ તમે જાણ્યો ?' લોભી મનુષ્યોએ કહ્યું : 'જી, હા. આપે અમને, 'તમે દાન કરો,' એમ કહ્યું. પ્રજાપતિ ખુશ થઈ બોલ્યા : 'હા, એ જ. મારા કહેવાનો એ જ અર્થ છે. પણ યાદ રાખજો, માત્ર જાણીને કારજ નહિ સરે. એ પ્રમાણે વર્તશો તો જ કલ્યાણ થશે.'

મનુષ્યો ચાલ્યા ગયા એટલે અસુરો પ્રજાપતિ પાસે ગયા અને 'અમને ઉપદેશ કરો,' એવી વિનંતી કરી. એમને પણ પ્રજાપતિએ 'द' એ એકાક્ષરી મંત્રનો ઉપદેશ કર્યો. ઉપદેશ પૂરો થયા પછી પ્રજાપતિએ પૂછ્યું : 'કેમ, મેં શાનો ઉપદેશ કર્યો તે તમે સમજ્યા ?' આ સાંભળી અસુરોએ વિચાર કર્યો કે, આપણે સ્વભાવથી હિંસાપરાયણ છીએ, તેથી જરૂર બાપુ આપણને પ્રાણીમાત્ર પર દયાભાવ રાખવાનો જ ઉપદેશ કરે છે. આમ વિચારી તેમણે કહ્યું : 'હા, આપનો કહેવાનો અર્થ અમે બરાબર સમજ્યા છીએ. અમે હિંસાપ્રિય છીએ; તેથી આપ અમને, 'પ્રાણીમાત્ર, પર દયા કરો.' એમ કહો છો. આપે ઉપદેશેલા 'द' નો 'દયા' એ જ અર્થ છે.' આ સાંભળી પ્રજાપતિએ કહ્યું : 'બરાબર છે એ જ મારા ઉપદેશનો અર્થ છે. માટે જાઓ, ભેદભાવ ત્યજી દઈ પ્રાણીમાત્ર તરફ દયાભાવ રાખો. એમ કરવાથી તમારું કલ્યાણ થશે.'

આજે પણ મેઘગર્જનારૂપ દૈવી વાણી દ દ દ કહી પ્રજાપતિના એ જ પ્રાચીન અને સનાતન ઉપદેશનો અનુવાદ કરે છે; અને પ્રતિવર્ષ કાનમાં ઢોલ

વગાડી આ ત્રણે વૃત્તિના જીવોને કહે છે, 'કલ્યાણકાંક્ષી જીવો ! દમન કરો, દાન કરો, દયા કરો.' (બૃહદારણ્યક)

લોક ભગવદ્દર્શનની વાતો કરે છે પણ ભગવાન ક્યાં નથી ? આંખો ઉઘાડી હોય ને એકમેવ એના જ તરફ લાગેલી હોય તો એ બધે છે. પણ તમારી આંખો તો વિશ્વ તરફ, વિષયો તરફ મીટ માંડીને જોઈ રહી છે અને મોઢું કવચિત્ ભગવન્નામ લેતું હોય પણ ચિત્ત તો અહર્નિશ વિષય ચિંતન જ કરતું હોય તો ભગવદ્ દર્શન ક્યાંથી થાય ?

**चित्तं चिद्धि विजानीयात् तकाररहितं यत् ।**
**तकारो विषयाध्यासो जपारागो यथा मणौ ॥**

ચિત્તમાં ચિત્ અને ત એ બે શબ્દો છે. તેમાં તકાર વિષયાધ્યાસનું સૂચક છે. એ વિષયાધ્યાસ-વિષયચિંતનનો ચિત્તમાંથી બહિષ્કાર કરે તો એ જ ચિત્ત ચિત્ સ્વરૂપ, ચૈતન્ય, પરમાત્મસ્વરૂપ જ છે. અને એ ભગવત્સ્વરૂપ આત્માની ગર્જના પેલી દદદની મેઘગર્જના માફક તમારા હૃદયાકાશમાં થયા જ કરે છે. પણ તમારા કાન બીજે જ હોય છે. તમારા ટેલિફોનનો નંબર બીજે જ-વિશ્વના ઘોંઘાટ-તરફ જોડાયેલો હોય છે. એટલે એ ગર્જના તમારા કાન પર ક્યાંથી અથડાય ? લોક કહે છે, બાપજી ! અમારા તરફ દૃષ્ટિ રાખજો, દોહ્યલી વેળાએ અમને પ્રેરણા આપતા રહેજો, માર્ગસૂચન કરજો પણ બાપજી તો તમારા તરફ અહોનિશ જુએ જ છે. છતાં તમે એમના તરફ પીઠ કરીને બેસો તો એમની અમીમય દૃષ્ટિ ક્યાંથી જોવાના ? બાપજીનો આત્મા-હૃદય-તમારા હૃદય સાથે બોલી જ રહ્યો છે પણ તમારા હૃદયનો તાર તમારા ટેલિફોનના નંબર બીજે જોડાયેલો હોય તો બાપજીનું બોલવું કેમ સંભળાશે ? આમ શ્રી અવધૂતનો વાગ્ધોધ લગભગ ત્રીસેક મિનિટ સુધી વહ્યે જ જતો હતો અને લોકો બધા કાન ને પ્રાણ એક કરી ચિત્રવત્ બેસી રહી એ સાંભળ્યે જતાં. હરકોઈના મુખ ઉપર આનંદ, તૃપ્તિ ને શાંતિની છાયા દેખાતી હતી. કોઈને ત્યાંથી ખસવાનું તો શું પણ હાલવાનુંય મન થતું નહોતું. પણ ગાડીનો વખત થવા લાગ્યો હતો એટલે શ્રી અવધૂતજી ૐ શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!! કહી ત્યાંથી ઊઠ્યા અને સાથે લોકોનાં ટોળાં પણ.

# વિદ્યાર્થીઓની વચમાં

આજે અજુપુરા જતાં વાટમાં ડાકોરજીમાં સંસ્થાન હાઈસ્કૂલના આચાર્યશ્રીના આગ્રહથી થોડી વાર રોકાવાનું થયું. બાળકોની શિસ્ત, ધર્મભાવના, પ્રેમ અને ઉત્સાહ જોઈ, પોતાના ઘરમાં જ આવ્યો હોઉં એવો મીઠો અનુભવ થયો. બાળકો અને સંચાલકોના પ્રેમભાવનું વર્ણન કરવા મારી પાસે શબ્દો નથી. મારો સંદેશ મેં એક સૂત્રમાં **'પરસ્પરદેવો ભવ।'** એ રીતે આપી દીધો છે. તેના જ અનુસંધાનમાં શાળાનાં બાળકો પોતાના જીવનમાં **આચાર્યદેવો ભવ ।** એ સૂત્ર અપનાવી લે અને શિક્ષકોને માટે **છાત્રદેવો ભવ।** એ સૂત્ર આચારસંહિતા બની રહે એમ હું ઇચ્છું છું. બાળકોરૂપે સાક્ષાત્ પરમાત્મા જ શાળામાં શિક્ષણની સેવાનો ન્યાય આપવા પધારે છે એવી ભાવના સાથે શિક્ષકો પોતાનું કામ કરે, અને બાળકો તેમનો દેવબુદ્ધિથી આદર કરી વિદ્યોપાસનામાં પ્રગતિ સાધે. ડાકોર પોતાના સત્કર્મથી પોતાની અને દેશ સમસ્તની સેવા કરી સ્વ અને પર સાધે, એવી મારી શ્રી રણછોડરાય પ્રત્યે પ્રાર્થના છે અને અંતરની આશિષ છે.

ડાકોર
અષાઢ સુદ ૧૪, વિ. સં. ૨૦૧૯
શુક્રવાર, તા. ૫-૭-૧૯૬૩

રંગઅવધૂત

# રાયફલ તાલીમની જરૂરિયાત

'માનવીને અંદર અને બહાર યુદ્ધ ખેલવું પડે છે. અને જીવન એ એક સંગ્રામ છે. આ જગતમાં સ્વમાનભેર જીવવું હશે તો એકેએક નાગરિકે યુદ્ધની તાલીમ લેવી જોઈએ. સ્વમાનત્યાગ અને રાષ્ટ્રપ્રેમવિહોણું જીવન એ મૃત્યુ સમાન છે.'

રાષ્ટ્રના સીમાડા સળગ્યા હોય ત્યારે ફક્ત રાષ્ટ્રની જ નહિ પરંતુ પોતાના ધર્મની અને સમાજની રક્ષા કરવા ખાતર સર્વેને રાયફલ તાલીમ લેવી જરૂરી છે. આપણાં શસ્ત્રો અને શક્તિ નિર્દોષોને મારી નાખવા માટે નહિ પરંતુ અન્યાય સામે ઝઝૂમવા અને કચડાયેલાંઓનું રક્ષણ કરવા માટે છે.

'યુદ્ધ નોતરીશ નહિ પરંતુ તારા પર યુદ્ધ લાદવામાં આવે તો મારું નામ લઈને તું યુદ્ધ ખેલ.' એવા શ્રીકૃષ્ણના સંદેશનું હાર્દ સમજો અને અંતમાં માતૃભૂમિના રક્ષણ કાજે 'કેડ કસો, કેડ કસો.'*

નારેશ્વર, ચૈત્ર સુદ ૫, વિ. સં. ૨૦૨૨, રંગઅવધૂત

રવિવાર, ૨૭-૩-૬૬,

---

*નારેશ્વરમાં રાયફલ તાલીમના ઉદ્‌ઘાટન પ્રસંગે.

# વિદ્યાર્થીઓને ઉદ્‌બોધન

ૐ

પરસ્પરદેવો ભવ ।

ડાકોરની શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક પ્રજાએ મારા ઉપર જે નિખાલસ પ્રેમનો ધોધ વરસાવ્યો છે, તે પ્રત્યેની લાગણી વ્યક્ત કરવા મારી પાસે શબ્દો નથી. વિશુદ્ધ પ્રેમ એ જ ઈશ્વરનું સાચું સ્વરૂપ છે. એ પ્રેમાવતાર શ્રી રણછોડરાયના ધામમાં એનાં દર્શન ન થાય તો બીજે ક્યાં થવાનાં હતાં ? **'સ્વયમાશીસ્તુ સત્કર્મ'** કોઈ પણ સારું ને પવિત્ર કર્મ જાતે જ આશીર્વાદરૂપ છે. જે એ આચરે છે એને એના પુણ્યયોગથી વધુ સત્કર્મ કરવાનો ઉત્સાહ અને શક્તિ પ્રાપ્ત થાય છે, જેને માટે કે ઉદ્દેશીને એ થાય છે તેનામાં એના પવિત્ર અને ઉજ્જવળ સંસ્કાર પડે છે અને જે એ જુએ છે, એ વિશે સાંભળે છે તેનામાં એવાં પુણ્ય કર્મ કરવાની શ્રદ્ધા અને પ્રેરણા જાગે છે. આમ સત્કર્મની કૃતિ, શ્રુતિ અને સંસ્મૃતિ બધુંય પુણ્યમય છે.

આ દૃષ્ટિએ ડાકોરની આ કોલેજ આ ખૂણાની પ્રજા માટે સાચે જ એક મહાન આશીર્વાદ સમી છે. એ શિસ્ત, સંસ્કાર અને સંયમનું ધામ બની રહે, સહકાર્ય, સમન્વય અને સહિષ્ણુતાનું પ્રતીક ને પ્રેરણાસ્રોત નીવડે અને હિંદુ સંસ્કૃતિના શિક્ષણ, સંરક્ષણ અને સંપ્રસારણનો ગઢ થઈ ભારતની આધ્યાત્મિક સંસ્કૃતિનો ઉજ્જવળ ધ્વજ સદાને માટે ઊંચો ફરકતો રાખવામાં બીજી આવી સંસ્થાને માર્ગદર્શક નીવડે-એવી મારી શ્રી રણછોડરાયનાં ચરણોમાં સહૃદય પ્રાર્થના અને અંતરની આશિષ છે.

કોઈ પણ સારું કામ પૈસાને અભાવે અટકી પડતું નથી. કામની સંગીનતા ને નિઃસ્વાર્થતા જ એની સુગંધ ચોમેર દૂર દૂર ફેલાવે છે ને ફાવે તેવી દિશામાંથી જોઈતો પૈસો આપમેળે તણાઈ આવે છે. આ સંસ્થાને પણ જોઈતાં નાણાં મબલખ પ્રમાણમાં આવી મળશે ને એ ફૂલીફાલીને ટૂંક સમયમાં જ આવી અન્ય સંસ્થાઓને આદર્શરૂપ થઈ પડશે, એવો મારે વજ્ર વિશ્વાસ છે.

ૐ શાન્તિઃ । શાન્તિઃ ।। શાન્તિઃ ।।।

અષાઢ વદ ૧, વિ. સં. ૨૦૧૯ રંગ અવધૂત

રવિવાર, તા. ૭-૭-૬૩

(ભારતીય વિદ્યાભવનની આટ્‌ર્સ અને સાયન્સ કોલેજ, ડાકોરને આપેલો સંદેશ)

ॐ

# ગુરુપૂર્ણિમા

ગુરુપૂર્ણિમા એટલે આધ્યાત્મિક વિકાસનું સરવૈયું કાઢવાનો પવિત્ર દિવસ. જ્ઞાનસૂર્ય સદ્‌ગુરુનો ભવ્ય આદર્શ સ્હામે રાખી આધ્યાત્મિક આકાશમાં ઊંચે ને ઊંચે ઊડવાની પ્રતિજ્ઞા કરવાનું પુણ્યત્તમ પર્વ.

અને ગુરુપૂજન એટલે ? જ્ઞાનવૈરાગ્યાદિ ઐશ્વર્યસંપન્ન શ્રીસદ્‌ગુરુના નિર્હેતુક શીતળ વાત્સલ્ય, શરણ પકડનારના અભ્યુદય ને નિઃશ્રેયસ્ માટે સર્વ કાંઈ કરી છૂટવાની નિઃસ્પૃહ તત્પરતા, વિશ્વકલ્યાણની ભાવના વગેરે અનંત દિવ્યગુણોનું પૂજન-એના ગુરુત્વની સંભાવના, મહત્તાનું સન્માન, એના સદુપદેશને આચરણમાં ઉતારવાના સંકલ્પરૂપ લોકસંગ્રહ માટે કૃતજ્ઞતાદર્શક સમારંભ.

વડોદરા -રંગઅવધૂત

ગુરુપૂર્ણિમા, વિ. સં. ૨૦૧૭ બીજા અષાઢ

બુધવાર, તા. ૨૮-૬-૧૯૬૧

લોકો અનેક વાર પૂછે છે કે ધર્મનું સાચું લક્ષણ કયું ? શાસ્ત્રકારોએ તો ધર્મની વ્યાખ્યા કરી છે કે 'ધારણાત્ ધર્મ ઇત્યાહુઃ।' જે સમાજને ધારણ કરી રાખે એટલે કે સમાજને છિન્નભિન્ન થતો અટકાવે એટલે કે જો આજની ભાષામાં બોલું તો જે સમાજનું ઐક્ય, ઐશ્વર્ય અને અસ્મિતા વૃદ્ધિંગત કરવાની અંદર અને ટકાવી રાખવાની અંદર મદદ કરે તેનું નામ ધર્મ. એટલે ધર્મને નામે ઝઘડાને સ્થાન રહે નહિ. પરંતુ ઝઘડાઓ ધર્મને બહાને કેમ થાય છે કે જેમ બે આંધળા સામસામે આવે તો એકબીજાની સાથે ભટકાયા વગર

રહે નહિ પણ એની અંદર જો એક પણ દેખતો હોય તો બીજાને જગા કરી આપે ને પોતે આગળ થાય તેમ જો બેય દેખતા હોય તો વધારે સારું. પણ બેમાંથી એક દેખતો હોય તો પણ ઝઘડો નહિ થાય. પણ જ્યારે બંને આંધળા હોય ત્યારે ભટકાઈ મરે. તેવી રીતે, 'Disputes are often long when both the parties are in the wrong' બે જણ સરખેસરખા મારા જેવા મળે ત્યારે એમ જ થાય.

ધર્મની અંદર ઝઘડાને કોઈ પણ જાતનું સ્થાન નથી કારણ કે કોઈ પણ ધર્મ ચોરી કરવી, અસત્ય બોલવું, નિંદા કરવી, વ્યભિચાર કરવો એવું એવું કંઈ કહેતો નથી. દરેક ધર્મના આચાર અને વિચાર એમ બે ભાગ હોય છે. આચારની અંદર પ્રાયઃ એકવાક્યતા છે. લોકોને એવો પ્રશ્ન છે કે જો ધાર્મિક ધ્યેય એક હોય અને બધા એક જ ધ્યેયે પહોંચતા હોય તો બધાના અનુભવ જુદા જુદા કેમ દેખાય છે ? જ્યારે, અનુભવ જુદો જુદો નથી પરંતુ અનુભવ અને વર્ણન કરવાની શૈલીની અંદર કંઈક કંઈક ફેર હોય છે. જેમ આપણે એક સ્થળે પહોંચવું હોય, દાખલા તરીકે, વાડીમાં મારા મુકામની અંદર આવવું હોય તો એક જ રસ્તે માણસ નહિ આવે. અનેક રસ્તે માણસ આવી શકે અને એ અનેક રસ્તાઓનાં જે વર્ણન કરે તે રસ્તાઓના વર્ણનની અંદર તો જરૂર ફેર પડે. તેમ ધર્મ એ પરમાત્માને પહોંચવાના જુદી જુદી જાતના રસ્તાઓ છે. તે રસ્તાઓની અંદર ફેર હોય તો રસ્તાઓના વર્ણનની અંદર ફેર પડે એ સ્વાભાવિક છે. પણ તેનું પરિણામ મુકામે પહોંચવું એમાં ફેર પડશે નહિ.

બીજી રીતે સરખાવું તો એક ઝૂંપડું હોય તેની અંદર એક જ દ્વાર હોય અને એક મોટો બંગલો હોય તો તેની અંદર પ્રવેશદ્વાર બારીબારણાં વગેરે અનેક હોય છે તેવી રીતે અનંત પરમાત્માને પહોંચવાના અનેક રસ્તાઓ, અનેક બારીબારણાં અનેક માર્ગો હોય એ સ્વાભાવિક છે. અને માર્ગ જુદાજુદા હોય તેમાં પણ ખોટું નથી એટલે એક જ માર્ગ સાચો છે અને અમુક માર્ગ ખોટો છે એવી જાતના ઝઘડા એ નકામા છે. મેં કોઈ ઠેકાણે લખેલું યાદ છે કે :-

કિસીને ઉસકો ખંભેમેં માના
કિસીને મંદિર મસ્જિદમેં જાના;
હૈ ઈશ્ક ઈસકા અચૂક ઠિકાના,
જહાં જિસને માના મના રહા હૈ.

કોઈ પરમાત્માને કંઈક રૂપમાં કંઈક માને છે. કોઈ કંઈક માને છે અને માનીને બેસી રહેતો હોય તો ઝઘડો નથી પણ 'જહાં જીસને માના મના રહા હૈ'—બીજાને પોતાની રીતે મનાવવાનો પ્રયત્ન કરે છે. એટલે પોતાના ટોળાની અંદર ભેળવવાનો પ્રયત્ન કરે છે અને તેથી આ બધા ઝઘડાઓ થાય છે. ઊલટું બધા જ લોકો એક જ માર્ગે ચાલતા હોય તો હું એમ કહું છું કે વધારે ભટકાવાનો પ્રસંગ આવે પણ અનેક માર્ગે ચાલતા હોય તો ભટકાવાનો પ્રસંગ નહિ આવે.

પર્વત તરફ દૃષ્ટિ કરો તો, પર્વતની ટોચ ઉપર જઈને દૃષ્ટિ કરશો તો શિખર ઉપર પહોંચવાના બધાય માર્ગો ત્યાં જઈને પહોંચે છે એમ લાગે છે. All roads lead to Rome. તળેટીથી જુઓ તો જુદી જુદી દિશોએથી જુદા જુદા માર્ગો આવતા લાગે છે અને જે માણસ અધવચ છે અથવા તો નીચે છે તેમની પાસે ઝઘડા છે કારણ કે ઉપર પહોંચેલો માણસ જુએ છે કે બધાય રસ્તાઓ મારી પાસે આવવાના છે તેમ જે માણસે પરમાત્માનો સાક્ષા ત્કાર કર્યો છે અથવા પરમાત્માની પાસે જઈ પહોંચ્યો છે તે જુએ છે કે બધાય ધર્મો અહીં આવવાના રસ્તાઓ છે અને તેની પાસે કોઈ પણ જાતને ઝઘડો નથી, બીજું શું ?

વડોદરા, દત્તજયંતિ, રંગઅવધૂત
વિ. સં. ૨૦૧૨,
બુધવાર, તા. ૨૯-૧૨-૧૯૫૫

## ॥ શ્રી ગાયત્રી પ્રસન્નાઽસ્તુ ॥

જેની ઉપાસનાથી વિશ્વામિત્ર જેવા મહાન ઋષિ પ્રતિસૃષ્ટિ રચી દેવોને પણ વંદ્ય બન્યા તે સાર્વભૌમ ગાયત્રીમંત્રની મહત્તા ને પ્રભાવનું વર્ણન કોણ કરી શકે ? ભારતની પ્રાચીન સભ્યતા ને વિશ્વૈશ્વર્યનું મૂળ તે સનાતન સ્રોત ગાયત્રીમંત્ર છે. જ્યારથી ભારતના દ્વિજવર્ગનું આ મહાન રાષ્ટ્રમંત્ર તરફ દુર્લક્ષ થયું ને દેશમાં એની ઉપાસના શિથિલ થવા લાગી ત્યારથી જ ભારતની અવનતિનાં બીજ નંખાયાં ને તેને અંકુર ફૂટી આજની દુર્દશા ઊભી થઈ- બ્રાહ્મણોનું બ્રહ્મત્વ ગયું, ક્ષત્રિયોનું ક્ષાત્રતેજ નષ્ટ થયું. વૈશ્યો પ્રમાણિકતા ને કૃષિગોસંવર્ધન ભૂલી લોભમાં પડ્યા ને સરવાળે સમાજ સમગ્ર ધર્મ કે ફરજચ્યુત થઈ કલહ, રોગ, બેકારી, ગરીબી; ભૂખમરાના ખપ્પરમાં ઝડપાઈ જઈ દિનપ્રતિદિન ખલાસ થવા લાગ્યો.

આ બધામાંથી ઊગરવાનો એક જ આરો છે ને તે એ ભૂલી જવાયેલી ગાયત્રીમાતાની ઉપાસના. એમાં શક્તિના મૂળ સ્રોત તરફ જવાની સાધના અભિપ્રેત છે, સામુદાયિક કલ્યાણની ભાવના રહેલી છે, અભ્યુદય ને નિઃશ્રેયસ્, પ્રેય ને શ્રેય બંનેની પ્રાપ્તિનું બીજ છે, વ્યષ્ટિના-વ્યક્તિ ને સમાજ કે વિશ્વના વિકાસની કૂંચી છે.

અવધૂતે પણ સવા સવા લાખનાં કેટલાંયે પુરશ્ચરણો કર્યાં છે. કોઈ પણ દેવ કે દેવીની ઉપાસના એની પશ્ચાદ્ભૂમિ પર વધારે ખીલી નીકળે છે. દત્તોપાસનામાં એના ત્રણ પાદ તે દત્તનાં ત્રણ મુખ છે ને ચતુર્થ પાદ એ એના નિર્ગુણ નિરાકાર સ્વરૂપનું સૂચક છે. અંતમાં **'સ્વલ્પમપિ ધર્મસ્ય ત્રાયતે મહતો ભયાત્'**—એનું અલ્પ પણ ઉપાસન એના ઉપાસકને જન્મમરણના મહાન ભયમાંથી ઉગારી સંસારસાગરમાંથી પાર ઉતારવા સમર્થ છે. ઇતિ શમ્ !

અષાઢ કૃષ્ણ -૯, વિ. સં. ૨૦૨૦ — રંગ અવધૂત
રવિવાર, તા. ૨-૭-૬૪

## બ્રહ્મવૃન્દની મધ્યમાં

**ત્વં સ્ત્રી ત્વં પુમાનસિ ત્વં કુમાર વા ઉત વા કુમારી ।**
**ત્વં જીર્ણો દણ્ડેન વંચસિ ત્વં જાતો ભવસિ વિશ્વતોમુખ: ॥**

પરમાત્માના મુખસમા હે પ્રભુસ્વરૂપ બ્રાહ્મણો। રાજર્ષિ ભર્તૃહરિએ

**પરગુણપરમાણું પર્વતીકૃત્ય નિત્યમ્ ।**
**નિજહૃદિ વિકસન્ત: સન્તિ સન્ત: કિયન્ત: ॥**

કહી બીજાના રાઈ જેટલા ગુણોને પર્વત જેટલા વર્ણવી પોતાના હૃદયમાં ઉલ્લાસ પામતા સત્પુરુષો જગતમાં કેટલા હશે એવા સાશ્ચર્ય પ્રશ્નથી જગતમાં એવા સજ્જનોની વિરલતા વર્ણવી છે. પણ અહીં સુરતના બ્રહ્મવૃન્દોમાં એની વિપુલતા છે એ જોઈ મને સંતોષ થાય છે. પ્રશસ્તિમાત્ર અતિશયોક્તિગર્ભ હોય છે. એટલે પ્રભુના દૈવતસમા આપ બ્રાહ્મણોએ વર્ણવેલા આ સદ્‌ગુણો મારામાં છે જ એમ હું નથી માનતો પણ આપ બ્રાહ્મણોના અમોઘ આશીર્વાદ રૂપે જ હું એનો સ્વીકાર કરું છું અને આપ જેવા વિશુદ્ધમાનસ બ્રહ્મવૃન્દના શુભ આશીર્વાદથી એ મારામાં આવો એવી શુદ્ધ સંકલ્પદાતા શ્રીહરિ પાસે પ્રાર્થના કરું છું. અને મને સ્વરૂપનિષ્ઠામાંથી ચ્યુત થતાં વારંવાર જાગ્રત કરવા માટે—

**બ્રાહ્મણા: સન્તુ મે પૂર્વે બ્રાહ્મણા: સન્તુ પશ્ચિમે ।**
**બ્રાહ્મણાશ્ચોત્તરે સન્તુ બ્રાહ્મણા: સન્તુ દક્ષિણે ॥**
**બ્રહ્મબાલો બ્રહ્મદાસો બ્રહ્મચિન્તનલોલુપ: ।**
**બ્રહ્માશીર્વાદયુક્તશ્ચ બ્રાહ્મણ્યં સંવ્રજામ્યહમ્ ॥**

એ હું વિનમ્રભાવે માગી લઉં છું.*

રંગ અવધૂત

*સુરતમાં ચોર્યાસી જ્ઞાતિના બ્રાહ્મણો સમક્ષ આપેલું ટૂંકું પ્રવચન વિ. સં. ૨૦૦૯

# નારેશ્વરમાં સર્જીકલ કેમ્પના ઉદ્‌ઘાટન પ્રસંગે આશીર્વચન

**ત્વં સ્ત્રી ત્વં પુમાનસિ  ત્વં કુમાર વા ઉત વા કુમારી ।**
**ત્વં જીર્ણો દણ્ડેન વંચસિ ત્વં જાતો ભવસિ વિશ્વતોમુખઃ ॥**

**પ્યારાં આત્મસ્વરૂપો,**

વર્ષોજૂની કલ્પના આજે સાકાર થાય છે. શસ્ત્રક્રિયા શિબિર (Surgical Camp) અહીં નારેશ્વરમાં યોજાય અને શહેરમાં જઈ મોટા મોટા નિષ્ણાત દાક્તરોને હાથે કેવળ પૈસાને અભાવે રોગમુક્તિ ન મેળવી શકનારાઓ, અહીં આવીને એવા નિષ્ણાત દાક્તરોને હાથે રોગમુક્ત થઈને જાય તો કેવું સારું એવી મનોભાવના પરમાત્મકૃપાથી આજે ફળે છે.

હું અહીં શસ્ત્રક્રિયા કરનારા સૌ દાક્તરોને વિનવું છું કે તમારી પાસે ટેબલ પર જે કોઈ શરીર શસ્ત્રક્રિયા માટે આવે તેને અવધૂતનું જ શરીર સમજીને તમે તમારી છરી ચલાવજો. પરમાત્માને હું પ્રાર્થના કરું છું કે દેવોના વૈદ્ય ધનવંતરી તમારા હાથમાં અને દિમાગમાં પ્રવેશો ને તમને સંપૂર્ણ સુયશ આપો.

હું સૌ દરદીઓને અપીલ કરું છું કે તમે આ દાક્તરી લેબાસમાં ઊભેલા સર્જનોને જોઈને જરાય ગભરાશો નહીં, જરાય ચિંતા કરશો નહીં. એમને દાક્તર તરીકે ન જોતાં એમને તમે દેવોના વૈદ્ય અશ્વિનીકુમાર તરીકે ઓળખજો અને તમારો વાળ પણ વાંકો નહીં થાય એની હું તમને ખાતરી આપું છું. તમે બેધડક નિશ્ચિંત મને ટેબલ પર ચઢી જજો.

એક અગત્યની મહત્ત્વની વાત આ ટાંકણે સૂચના રૂપે સૌ મહાનુભાવો સમક્ષ મૂકું છું કે મોબાઈલ સર્જીકલ કેમ્પ અંગેનું તમામ જરૂરી સાહિત્ય સહકારથી સ્વતંત્ર રીતે ઊભું કરીને ગામડામાં ઊંડે ઊંડે દૂર રહેનારી ગરીબ જનતાને એનો સારામાં સારો લાભ મળે એવી વ્યવસ્થા ઉતારવા માટે એક તંત્ર ઊભું કરવું જોઈએ. નિઃસ્વાર્થ ભાવે કામ કરનારાઓ તમે બધા આ વસ્તુ મન પર લો તો બે-પાંચ લાખ રૂપિયા ભેગા કરી કાયમી મોબાઈલ સર્જીકલ કેમ્પની સ્વતંત્ર સંસ્થા ઊભી કરવી ને ચલાવવી એ તમો સૌ માટે તો રમત છે એમ મને લાગે છે અને તેવી સંસ્થાની વર્તમાન ગામડાંની પરિસ્થિતિ જોતાં ખૂબ જ જરૂર છે.

**સર્વેऽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખભાગ્ ભવેત્ ॥**

-રંગ અવધૂત

# इतस्ततः

*१

**શંકા:** કેટલાક કહે છે કે દત્ત એ ત્યાગીઓના દેવ છે. ગૃહસ્થાશ્રમી એનું શરણું પકડે, તો એના સંસાર પર પાણી ફરી વળે. શું એ બરાબર છે?

**સમાધાન :** **'एको देवः सर्वभूतेषु गूढः ।**

**रूपं रूपं प्रतिरूपो बभूव ॥'**

પરમાત્મા એક છે. એની શક્તિઓ અનંત છે. ગુણ અનંત છે, અવતાર અનંત છે અને લીલા પણ અનંત છે; તેમજ નામ અને રૂપ પણ અનંત છે પણ એ બધાંય નામરૂપની પાછળ એ અનામી-નામી-એ અરૂપી-રૂપી એક જ અદ્વિતીય છે. જેમ એક જ બહુરૂપી અનેક રૂપે આશ્ચર્ય પમાડે છે કે એક જ કુશળ નટ જુદાં જુદાં નાટકોમાં જુદા જુદા અનેક વેશ ભજવે છે, ને તદનુરૂપ એનાં અભિનય ને વેષભૂષા પણ વિધવિધ હોય છે, છતાં જાણકાર એથી ભરમાતા નથી ને એ સ્થૂળ અનેકત્વમાં સૂક્ષ્મ તાત્ત્વિક એકત્વની મોજ માણે છે; તેમજ વિધવિધ અનેક અવતારોમાં જ્ઞાની ને તત્ત્વદર્શી પુરુષ એ એક અવિનાશી અવતારીને જ જુએ છે, ને એ સર્વે લીલાઓનું બાહ્ય વૈવિધ્ય નિહાળવા છતાં એની પારમાર્થિક એકત્વની અનુભૂતિમાં બાધ આવતો નથી. માત્ર બહિર્મુખ સ્થૂળ દૃષ્ટિવાળા અજ્ઞાની જ **अवजानन्ति मां मूढा मानुषीं तनुमाश्रितम्** વગેરે ભગવદુક્તિ પ્રમાણે, મૂળે દેવ એક હોવા છતાં, પોતપોતાની કલ્પના પ્રમાણે અનેક પ્રકારના દેવ કે ભાવ નિર્માણ કરી, આ નાનો ને આ મોટો, આ ત્યાગીનો ને આ ઘરબારીનો, આ બ્રાહ્મણોનો ને આ વાણીઆઓનો

*આ ઈતસ્તત: પ્રસંગોપાત પૂછાયેલા કેટલાક પ્રશ્નોના જવાબરૂપે પૂ. શ્રીએ શ્રીમુખે કહ્યા હતા, મંગલમંદિરના માસિકના સંપાદક શ્રી મંગલજી શાસ્ત્રી (નાની હમામ, ઘી કાંટા, અમદાવાદ)એ પોતાના વાર્ષિક દત્તઅવધૂત અંકમાં પૂ. શ્રી. ને લેખ માટે વિનંતી કરતાં એ એક લેખરૂપમાં પ્રગટ થયા હતા. -પ્રકાશક

વગેરે ભેદ નિર્માણ કરી અંદર અંદર ઝઘડે છે. હિંદુ-મુસલમાનોના ઝઘડાઓની વાત જવા દઈએ તો પણ શૈવ-વૈષ્ણવોના ઝઘડા, શૈવ-શાક્તોના મતભેદો કે રામ-કૃષ્ણના ઉપાસકોનાં માથાં ફૂટતાં સુધીના ટંટાઓની પાછળ આ અહંકારમૂલક અજ્ઞાન જ રહેલું છે. જેમ શ્રીમંતનો કોઈ જાતવાન કૂતરો એના શેઠને ફાવે તે વખતે, ફાવે તે વેષમાં અંધારામાં પણ ઓળખી કાઢી એના પગમાં આળોટે છે, તેમ કોઈ પણ દેવના અવતારવિગ્રહનો સાચો ઉપાસક અન્ય અવતારવિગ્રહમાં પણ પોતાનું જ ઉપાસ્ય રહેલું છે એમ સમજી, બધા દેવો પ્રત્યે સમાનભાવ રાખે છે. ઉપાસનાની દૃઢતા માટે પ્રારંભકાળમાં ઉપાસ્ય ભલે ફાવે તે એક પ્રકારનું હોય પણ એની સાચી પરિણતિ અન્યોપાસ્યદ્વેષમાં નહિ પણ સર્વોપાસ્ય- એકાત્મભાવમાં થવી જોઈએ-થાય છે. 'જ્યાં જ્યાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની' (આત્મની)-એજ અંતિમ અનુભૂતિ છે. ભલા ! જ્યાં એ **एकमेवाद्वितीयम्** વગર બીજું કાંઈ છે જ નહિ, ત્યાં આ દેવ આનો ને પેલો પેલાનો, એ કલ્પના જ કેવી હાસ્યાસ્પદ ને બેહુદી છે ? દત્તનો વેષ બેશક સંન્યાસી જેવો છે; તેથી જ એ માત્ર ત્યાગીનો દેવ બનતો હોય ને એના ઉપાસકોના ઘરસંસાર પર ચિનગારી મૂકાઈ અને લંગોટી લગાવવી પડતી હોય, તો એમ જ માનવું પડશે કે રામોપાસકને એના ઉપાસ્ય રામની માફક ચૌદ વરસ વન વન રઝળવું પડે ને એની ધર્મપત્નીને રાવણ જેવો કોઈ ગુંડો ઉઠાવી જાય અને કૃષ્ણની ઉપાસના કરનારનો કુળક્ષય થાય ને એને કોઈ પારધીના બાણે મરવું પડે; (અથવા આધુનિક ભાષામાં કહું તો રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની તત્ત્વપ્રણાલિના ઉપાસકને કોઈ ધર્માન્ધ અને માથાફરૂની ગોળીથી વીંધાવું પડે !) અથવા ગણેશોપાસકને ગણેશની માફક પોતાનું માથું બેસાડી લેવાનો વખત આવે કે હનુમદુપાસકના કરમમાં ચપટી તેલ-સિંદૂર ને આકડાનાં ફૂલ જ રહે ! ના, પણ તેમ નથી. દરેક જણ પોતપોતાના પૂર્વજન્મની ઉપાસનાના સંસ્કાર બળે રુચિવૈચિત્ર્યે તે તે ઉપાસ્ય તરફ આકર્ષાય છે ને કોઈ પણ જાતના વર્ણ, વર્ગ, લિંગ કે અવસ્થાભેદ વગર તે તે ઉપાસ્ય આ ભવ ને પરભવમાં પણ તેને ઉદ્ધારને માર્ગે દોરે છે—એનું ઇહલૌકિક ને પારલૌકિક કલ્યાણ કરે છે.

દત્તનું પણ એમ જ છે. એના ઉપાસકોમાં સહસ્રાર્જુન, અલર્ક, શ્રીકૃષ્ણના પૂર્વજ યદુ, આયુ વગેરે રાજાધિરાજો, સાધ્યપિંગલાદિ સુરકિન્નરો ને વિષ્ણુશર્માદિ સામાન્યજનો પણ સુપ્રસિદ્ધ છે. પૂર્વયુગોની વાત જવા દઈએ ને આપણા આ કલિયુગની જ વાત કરીએ તો આશરે પાંચસો એક વર્ષ પૂર્વે દત્તાવતાર તરીકે પ્રસિદ્ધ થયેલ શ્રીપાદવલ્લભ ને નૃસિંહસરવસ્તીએ કોઈને રાજ આપ્યું તો કોઈને સોનામહોરોથી ભરેલા ચરૂ આપ્યા, કોઈને છોકરાં આપ્યાં તો કોઈના ખેતરોમાં અઢળક પાક ઉતરાવ્યો, કોઈને આંખો આપી તો કોઈને પાંખો આપી, કોઈના જીવલેણ રોગ દૂર કર્યા, તો કોઈને ભોગ આપી તેની અસારતા સમજાવી–એમ રાજાથી રંક સુધી અઢારે વર્ણોમાં પોતાની ભક્તકામકલ્પદ્રુમત્વની બિરુદાવલિ ગાજતી કરી. માણિકપ્રભુ, અલક્કકોટના સ્વામી, શ્રીવાસુદેવાનંદ સરસ્વતી વગેરે અન્ય દત્તાવતાર કે વિભૂતિઓની ને ઉપાસકોની પણ એ જ દશા છે. એ સમ્રાટ અવધૂતોના એક હાથમાં ત્યાગ ને એક હાથમાં ભોગ એમ વર્ણવ્યા છે, તે અમથા નથી. એ અવધૂતશિરોમણિ દત્તભગવાન એના ઉપાસકોને ભોગૈશ્વર્ય સંપન્ન કરે છે. અને છતાં એમાં આસક્ત થવા દેતો નથી. યોગ્ય કાળે ભોગની ક્ષણભંગુરતા ને અસારતાનો સ્વાનુભવ કરાવી તેને ત્યાગ તરફ દોરે છે; ને એ ત્યાગનો અહંકાર કે મેણો ચઢવા ન દેતાં, બંનેમાં અનાસક્ત રહેવાનો બોધ આપી, વાસના માત્રનો સમૂળો ઉચ્છેદ કરી, જીવન્મુક્તિના આનંદનો અનુભવ કરાવી જન્મમરણમાંથી મુક્ત કરે છે માટે સત્ય તો એ જ છે કે–

નામ હજારો નામી એક,
રૂપ કરોડો રૂપી એક;
સઘળે એહ જ રંગ નિહાળ, બીજો ઝઘડો વ્યર્થ અસાર,
અંધાને રવિનો શો ખ્યાલ ?

(૨)

**શંકા :–** દત્તાત્રેય વિષ્ણુનો અવતાર હોય તો પ્રચલિત વિષ્ણુસહસ્રનામમાં દત્ત નામ કેમ નથી ?

**સમાધાન :–** કોઈ પણ શાસ્ત્રીય વચનનો અર્થ કરતી વખતે કેવળ અક્ષરાર્થ કરતાં તે વચનના આશય તરફ વધારે ધ્યાન આપવું જોઈએ 'It is the letter that killeth.'

કેવળ અક્ષરાર્થથી જ તાત્પર્ય કાઢવા જતાં ઘણી વાર અર્થને બદલે અનર્થ થાય છે. ઉપરના પ્રશ્નમાં પણ તેમ જ થયેલું છે.

પહેલાં વિષ્ણુસહસ્ર નામમાં વિષ્ણુ શબ્દ વિચારીએ. અહીં વિષ્ણુ શબ્દ કોઈ સંકુચિત કે સાંપ્રદાયિક અર્થમાં વપરાયેલો નથી એ વિષ્ણુસહસ્રનામ જરા ધ્યાનપૂર્વક વાંચનાર હરકોઈ માણસ જોઈ શકશે.

**विष् वेवेष्टि-व्याप्नोति** એ વ્યુત્પત્તિથી વિષ્ણુ એટલે જેણે બધું વ્યાપ્યું છે, જે વસ્તુમાત્રની અંદરબહાર વ્યાપીને રહેલો છે તે પરબ્રહ્મ, પરમતત્ત્વ-એ અર્થમાં જ વપરાયેલો છે. એ રીતે જોતાં 'સર્વં વિષ્ણુમયં જગત્' એ ઉકત્યનુસાર જે કંઈ છે તે બધું વિષ્ણુમય જ છે.

**દેવા મનુષ્યા: પશવ: પક્ષિકીટસરીસૃપા: ।**
**રૂપમેતદનન્તસ્ય વિષ્ણોર્ભિન્નમિવ સ્થિતમ્ ॥**
**એતદ્ધિ જાનતા સર્વં જગત્ સ્થાવરજંગમમ્ ।**
**દ્રષ્ટવ્યમાત્મવિદ્ધિષ્ણુર્યતોઽયં વિશ્વરૂપધૃક્ ॥**

વગેરે શાસ્ત્રવચનો એજ અર્થ સ્પષ્ટ કરે છે. વિષ્ણુ એટલે જેને વેદોએ **'પુરુષ એવેદં સર્વમ્'** કહી નવાજ્યો છે તે; માત્ર શંખચક્રગદાધારી વિગ્રહવિશેષ જ નહીં. ગોપીચંદન ઉપનિષદ્‌માં **'કસ્ય વિષ્ણુ: ?'** એવો પ્રશ્ન ઉઠાવી **'પરબ્રહ્મૈ વિષ્ણુ:'** એવું સમાધાન કર્યું છે. ઈત્યલમ્*

*અડયારથી પ્રકાશિત અપ્રકાશિતા ઉપનિષદ્ પૃ. ૬૭ જુઓ.

તેવી જ રીતે સહસ્ર એટલે એક ને ત્રણ મીંડાં જેટલી સંખ્યા જ નહીં પણ અગણિત, અનંત. પરમાત્મા એક જ છે; પણ તેના નિર્ગુણ સગુણ અનંત ભાવો છે. અને તેથી જ નામ પણ અનંત ને રૂપ પણ અનંત છે—**ગણ્યાં ગણાય નહીં એટલાં ને ચિન્ત્યાં ચિન્તાય નહીં તેટલાં!** અને તેથી જ એ વિભુ કે વિષ્ણુને **અવાઙ્મનસગોચર**-વાણી કે મનની પકડમાં ન આવે એવો, નામ કે રૂપની મર્યાદામાં ન બંધાય એવો કહ્યો છે.

**'સર્વાણ્યેતાનિ નામાનિ પરસ્ય બ્રહ્મણોઽનઘ ॥'** વિષ્ણુધર્મ.

આ રીતે વિચાર કરતાં પ્રચલિત વિષ્ણુસહસ્રનામમાં ન હોય એવાં પણ અનેક નામ વિષ્ણુ કે પરત્માત્મવાચક હોઈ શકે. દા.ત. શ્યામ, મુરલીધર, ઋણમોચન (રણછોડ)નો સમાવેશ એ સહસ્રમાં ક્યાં છે?

અવતાર દૃષ્ટિથી વિચાર કરીએ તોપણ કૂર્મ, બુદ્ધ, કલ્કિ વગેરે નામ તેમાં નથી, એટલે એ વિષ્ણુનાં નામ નથી એમ કહી શકાશે?

**વેદે રામાયણે ચૈવ પુરાણે ભારતે તથા ।**
**આદૌ મધ્યે તથા ચાન્તે વિષ્ણુઃ સર્વત્ર ગીયતે ॥**

વગેરે સ્મૃતિવચનોથી સર્વ શાસ્ત્રોમાં એક જ વિષ્ણુ કે પરમાત્માનાં ગીત ગાયેલાં છે. સર્વ અવતારો એના છે; એટલે પ્રચલિત વિષ્ણુસહસ્રની મર્યાદિત સંખ્યામાં કોઈ નામ હોય કે ન હોય તોપણ સર્વ અવતારોનાં કે પરમાત્મવિભૂતિઓનાં નામ એનાં જ છે. ફાવે તેટલી સાંપ્રદાયિક ખેંચતાણ કરીએ તોપણ એની કોઈ પણ નામાવલિમાં સાંપ્રદાયિક ગંધ નથી જ નથી.

**સર્વઃ શર્વઃ શિવઃ સ્થાણુઃ** વગેરે આજ પ્રચલિત સહસ્રનામમાં સાંપ્રદાયિક દૃષ્ટિથી શિવનાં ગણાતાં, અને **સંભવો** વગેરે બ્રહ્માનાં લાગે તેવાં નામો શું સૂચવે છે? એના દ્રષ્ટા વ્યાસમાં સંકુચિત દૃષ્ટિની સંભાવના જ નથી; તેથી તો એમને વિશાલબુદ્ધિ કહ્યા છે. આપણી સંકુચિત કે વાડાબંધી દૃષ્ટિ એના પર લાદી આપણા જ બુદ્ધિ-આન્ધ્યથી શંકાકુશંકાની અટવીમાં અટવાઈએ તેમાં કોનો દોષ? જૂઓને! આજ સહસ્રનામના અંતમાં ભગવાન વ્યાસ એ પરમાત્માને—એના અવતારી વિગ્રહને—સાંપ્રદાયિક આયુધોની સીમામાં બદ્ધ પણ ક્યાં કર્યો છે? એનું અંતિમ નામ **સર્વ પ્રહરણાયુધઃ** એમ આપીને,

સાંપ્રદાયિકતાની ધૂળ પર કાયમનો ઝાડુ માર્યો છે ! ટૂંકમાં, પારમાત્મિકોપનિષદ્માં ઉદ્ધૃત કરેલ–

**દેવિતિર્યઙ્મનુષ્યેષુ પુંનામા ભગવાન્હરિઃ ।**
**સ્ત્રીનામ લક્ષ્મીર્મૈત્રેય નાનયોર્વિદ્યતે પરમ્ ॥**

એ વિષ્ણુપુરાણના વચન પ્રમાણે જે જે પુરુષવાચક નામ છે, તે તે શ્રી હરિનું–વિષ્ણુનું જ અને સ્ત્રીવાચક નામ છે તે તે લક્ષ્મીજીનું છે. કારણ જે કાંઈ છે તે **તત્સ્વરૂપ**-તે જ છે. ભગવતી રાસેશ્વરી રાધાનું સ્પષ્ટ નામ વૈષ્ણવોના પરમ આધારભૂત ગ્રંથ શ્રીમદ્ ભાગવતમાં, અરે મહાભારત જેવામાં પણ ક્યાં છે ? છતાંય ભાગવતના અક્ષરે અક્ષરમાં એનો ઉલ્લાસ- રાસ-નથી ચમકી રહ્યો શું ? શક્તિમાત્રમાં-સ્ત્રી માત્રમાં એ પરમ પ્રેમવિભોર રાધિકાજી નિગૂઢ છે જ છે, એની અનુભૂતિ વગર બધી કૃષ્ણલીલા ફીકી છે, નીરસ છે, શુષ્ક છે !

હવે આ તાત્ત્વિક વિવેચન થોડું બાજુએ મૂકીને જોઈએ, તોપણ જણાશે કે પ્રચલિત **સહસ્ર નામમાં** પણ પ્રભુના અવતાર શ્રીદત્તનાં અર્થસૂચક નામ એક નહીં પણ અનેક છે : **રુદ્રો બહુશિરા** વગેરે શ્લોક ૨૬માં **બહુશિરા** એટલે ત્રણ મસ્તકધારી દત્ત. પુરાણોમાં આપેલા સહસ્રાર્જુન કથાનકમાં દત્તને અનઘ અને એની શક્તિને અનઘા કહેલી છે. શ્લોક ૨૯માં **અનઘો વિજયો** વગેરેમાં **અનઘ એટલે દત્ત.**

દત્તાવતાર એ પરમાત્માનો ગુરુઅવતાર છે; તેથી જ એને ગુરુદેવદત્ત કહી સંબોધે છે. શ્લોક ૩૬માં **ગુરુર્ગુરુતમો** એ નામ એનાં જ સૂચક છે.

પુરાણોમાં દત્તનો ને સિદ્ધિઓનો વારંવાર ઉલ્લેખ છે. સહસ્રાર્જુનને એમણે આપેલી અને અનેક ખ્યાતનામ દત્તવિભૂતિઓની સિદ્ધિઓ કે અલૌકિક શક્તિઓની વાતો પ્રસિદ્ધ જ છે એ દૃષ્ટિએ શ્લોક ૪૦માં **સિદ્ધાર્થઃ સિદ્ધસંકલ્પઃ સિદ્ધિદઃ સિદ્ધિસાધનઃ** નામો એનાં સૂચક ન માની શકાય ?

શ્લોક ૪૨માં **નૈકરૂપો બૃહદ્રૂપઃ** થી **અવ્યક્તચિહ્ન**-અનેક-રૂપે વિચરતા દત્તની કલ્પના જ સદ્ભક્તની આંખ આગળ ખડી રહે છે.

દત્તની ઉપાસના મૂળે પ્રણવની ઉપાસના છે. અને અકાર ઉકાર ને

મકાર કે તત્સૂચિત બ્રહ્મા, વિષ્ણુ, મહેશ એ જ એનાં ત્રણ મુખ છે. તેથી શ્લોક ૫૭માં **પ્રણવ:** એ નામથી એનું સૂચન છે.

સંન્યાસઉપનિષદ્‌માં કુટીચક, બહૂદક, હંસ, પરમહંસ, ગુણાતીત અને અવધૂત એમ છ પ્રકારના ઉત્તરોત્તર શ્રેષ્ઠ સંન્યાસ કોટિનાં વર્ણન છે. તેમાં શાંડિલ્ય વગેરે ઉપનિષદમાં આપ્યા પ્રમાણે અવધૂત દિગંબર એ શબ્દો દત્ત માટે વપરાય છે :

**દત્તાત્રેયં શિવં શાન્તમિન્દ્રનીલનિભં પ્રભુમ્ ।**
**આત્મમાયારતં દેવમવધૂતં દિગમ્બરમ્ ॥**

૦ સહસ્રનામના શ્લોક ૭૫માં **સંન્યાસકૃત** શબ્દથી એનું સૂચન છે.

ભગવાન દત્તાત્રેયને પુરાણોમાં યોગમાર્ગપ્રવર્તક કહ્યા છે. શ્લોક ૧૦૪માં **યોગી યોગીશ:** એના સૂચક છે.

શ્લોક ૮૪ના **બ્રાહ્મણો** શબ્દમાં વિષ્ણુના આ અવિનાશી બ્રાહ્મણ અવતાર દત્તનો જ સંકેત છે.

શ્લોક ૯૦માં **અનેકમૂર્તિ** શબ્દ દ્વિભુજ, ચતુર્ભુજ, ષડ્‌ભુજ, અષ્ટભુજ, એકમુખ, ત્રિમુખ અને અનેક આયુધવૈચિત્ર્યથી શોભતી દત્તમૂર્તિઓથી સૂચિત દત્તભગવાનનો નિર્દેશ કરે છે.

દત્તવાઙ્મયમાં દત્તભગવાનને ઔદુમ્બરસ્વરૂપ વર્ણવેલા છે. શ્લોક ૧૦૧માં **ન્યગ્રોધોદુમ્બરોઽશ્વત્થ:**માં ઉદુંબર શબ્દથી દત્તનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આમ પ્રચલિત વિષ્ણુસહસ્રનામમાં આ અને બીજાં અનેક નામોમાં દત્તનો સ્પષ્ટ સંકેત બતાવી શકાય.

હવે બીજી વાત કરીએ. આ અતિ પ્રચલિત વિષ્ણુસહસ્રનામ પણ વૈષ્ણવ આલમમાં સર્વસંમત નથી જ. વૈષ્ણવોનો કેટલોક ચુસ્ત સાંપ્રદાયિક ભાગ એને પ્રમાણભૂત નથી જ માનતો. એ વર્ગમાં પરમ આદરણીય પુરુષોત્તમસહસ્રનામમાં–

**દત્તાત્રેયો યોગપતિર્યોગમાર્ગપ્રવર્તક: ।**
**અનસૂયાગર્ભરત્નં ઋષિવંશવિવર્ધન: ॥**
**ગુણત્રયવિભાગજ્ઞશ્ચતુર્વર્ગવિશારદ: ॥**

એ શ્લોકમાં ભગવાન દત્તાત્રેયનો આવો સ્પષ્ટ ઉલ્લેખ છે. પદ્મપુરાણ ઉત્તરખંડ ૭૧માં અધ્યાયમાં ઉમાપતિ નારદ સંવાદરૂપે આપેલ વિષ્ણુસહસ્રનામ સ્તોત્રમાં પણ :

**વરદઃ કાર્તવીર્યાદિરાજ્યપ્રદોઽનઘઃ ।**
**વિશ્વશ્લાધ્યોઽમિતાચારો દત્તાત્રેયો મુનીશ્વરઃ ॥**
**પરાશક્તિસદાશ્લેષો યોગાનન્દઃ સદોન્મદઃ ।**
**સમસ્તેન્દ્રાતેજોહૃત્ પરમામૃતપદ્મપઃ ॥**
**અનસૂયાગર્ભરત્નં ભોગમોક્ષસુખપ્રદઃ ॥**

(શ્લોક ૨૦૫-૨૦૬)

એવો દત્તનો અસંદિગ્ધ ઉલ્લેખ છે. મંત્રશાસ્ત્રના અતિપ્રસિદ્ધ પ્રમાણભૂત ગ્રંથ શાક્તપ્રમોદના વિષ્ણુતંત્રમાં પણ આ શ્લોકો થોડા પાઠભેદ સાથે આપેલ છે.

વૈષ્ણવોનો એક વિભાગ સંમોહન તંત્રમાં આપેલ શ્રી ગોપાલસહસ્ર નામને પ્રમાણભૂત ગણે છે. તેમાં પણ દત્ત નામનો,

**શ્રીકર્તા વિશ્વભર્તા ચ નરો નારાયણો બલિઃ ।**
**ગણો ગણપતિશ્ચૈવ દત્તાત્રેયો મહામુનિઃ ॥**

(શ્લોક ૫૧૦) એવો ઉલ્લેખ છે.

આમ, સાંપ્રદાયિક દૃષ્ટિએ જોતાં પણ દત્તાત્રેય નામનો ઉલ્લેખ અનેક ઠેકાણે શ્રીવિષ્ણુના નામ તરીકે મળી આવે છે; સંશોધનનો પુરુષાર્થ માત્ર જોઈએ. છેવટે તો,

**તુકા મ્હણે જેં જેં । તેં તેં સાજે યા વિઠ્ઠલા ॥**

આ પરમાત્માને જે જે નામથી બોલાવો, જે જે રૂપથી કલ્પો તે બધુંય શોભે છે-યથાયોગ્ય છે. કારણ ? બધે તે જ છે. બધાં નામ એનાં જ છે. અને તેથી જ અવધૂતે ગાયું છે કે **સર્વો દત્તઃ સર્વરૂપસ્સ્વરૂપઃ** । સર્વ કાંઈ શ્રીદત્ત જ છે. બધાં રૂપ એનાં છે અને છતાંય એ અરૂપી છે- એટલે જ અનંતરૂપી છે. બીજી રીતે કહીએ તો **'સર્વો દત્તઃ સર્વનામા ત્વનામા'** બધું દત્તસ્વરૂપ છે—વિષ્ણુસ્વરૂપ છે, અને તેથી જ બધાં નામ એનાં છે અને છતાં ય એનામાં કોઈ પણ નામથી અમર્યાદિત અનંત નામમાં રમતો એકમેવ નામી છે :

અનંત નામે નામી એક, દત્ત દિગંબર અસંગ છેક.

## (૩) દત્તાવતારની પ્રાચીનતા

ભારતીય સંસ્કૃતિ ધર્મપ્રાણ છે. એનું જીવન, કવન, નિરૂપણ બધાનો સ્થાયી ભાવ ધર્મભાવના છે. એની દરેક પ્રવૃત્તિનો પાયો ધર્મ કે સદાચાર છે અને અંતિમ લક્ષ્ય મોક્ષ કે ચિરંતન શાંતિ છે. એના પ્રાચીન ધર્મગ્રંથો ઐતિહાસિક દૃષ્ટિએ નથી લખાયા અને તેથી જ એના પ્રકાશમાં કોઈ વ્યક્તિ, વિભૂતિ કે, બીનાનો કાળનિર્ણય કરવા જતાં ફાવે તેવા ચિકિત્સકના પણ હાથ હેઠા જ પડે છે. **ઈતિહાસપુરાણાભ્યાં વેદં સમુપબૃંહયેત્ ।** એ ઉક્તિ પ્રમાણે આપણા પુરાણાદિ તે વખતની આમભાષામાં વેદ ઉપર વિસ્તૃત ભાષ્ય કે વિવેચનરૂપ છે. એમાં આવેલાં કથાનકો કોઈ મહાન ધર્મ કે તત્ત્વજ્ઞાનના સિદ્ધાંતને સમજાવવા માટે આપેલા દૃષ્ટાંતરૂપ હોવાથી, એનો ભાવાર્થ કે મર્મ જ ધ્યાનમાં લેવો જોઈએ, એ વાત ભૂલી જઈ, એના અક્ષરાર્થને જ વળગી રહી એમાં ઐતિહાસિક તથ્ય શોધવા જતાં અંધારામાં જ ભટકાં મારવા જેવું થાય છે. ભાગવતના બારમા સ્કંધમાં શ્રીશુકદેવજી કહે છે કે,

**કથા ઈમાસ્તે કથિતા મહીયસાં**
**વિતાય લોકેષુ યશઃ પરેયુષામ્ ।**
**વિજ્ઞાનવૈરાગ્યવિવક્ષયા વિભો**
**વચો વિભૂતીર્ન તુ પારમાર્થ્યમ્ ॥**

પૂર્વે થઈ ગયેલા પ્રસિદ્ધ પુરુષોની આ કથાઓ તો મેં તને જ્ઞાન ને વૈરાગ્યનું નિરૂપણ કરવાની ઇચ્છાથી કહી છે. બાકી, એ બધો વાણીનો વિલાસ છે; પરમાર્થતઃ સાચી નથી.

આ ઉક્તિ પ્રમાણે જોતાં પૌરાણિક કથાનકો તો નિરૂપણનો રસ જળવાઈ રહે ને કથામાં રૂક્ષતા ન આવે તથા દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંત સહેલાઈથી સમજાવી શકાય તે માટે છે. એમાં ઐતિહાસિક યથાર્થતા જોવા જવું એ હવામાં બાચકા ભરવા જેવું છે.

આમ તો દત્તોપાસના એટલે ત્રિપુટિની ઉપાસના, પરસ્પર વિરોધી

દ્વંદ્વોને સમતોલ ને સમન્વયભાવે ધારણ કરનાર અધિષ્ઠાનરૂપ પરમ તત્ત્વ-વ્યષ્ટયાત્મા-જીવને સમષ્ટયાત્મા શિવરૂપ બે મુખ ધારણ કરનાર ત્રિમુખી પરમાત્માની ઉપાસના. એ દૃષ્ટિએ પ્રાચીનતમ ધર્મગ્રંથ ઋગ્વેદના નાસદીય સૂક્તમાં એનું સૂચન છે. જાબાલ, શાંડિલ્ય, ભિક્ષુ, અવધૂત, સંન્યાસ વગેરે ઉપનિષદોમાં એનો સ્પષ્ટ ઉલ્લેખ છે; મહાભારતમાં એનો નિર્દેશ છે; નારદ, માર્કંડેય, પદ્મ, મત્સ્ય, બ્રહ્માંડ, વાયુ, વિષ્ણુ વગેરે પુરોણામાં, કુમારસંભવ, શિશુપાલવધ, મૃચ્છકટિક વગેરે કાવ્યગ્રંથોમાં દત્તાવતારનો ઉલ્લેખ છે. દાશરથી તંત્ર, રુદ્રયામલનું ડામરતંત્ર, દત્તાત્રેયસંહિતા, દત્તાત્રેયકલ્પ, પરશુરામકલ્પસૂત્ર, ત્રિપુરારહસ્ય વગેરે મંત્રતંત્રના ગ્રંથોમાં ભગવાન દત્તાત્રેય અને એની ઉપાસનાનો ઉલ્લેખ સાંપડે છે. પણ જ્યાં આ ગ્રંથોનો જ કાળ વિદ્વાનોમાં વાદગ્રસ્ત છે, ત્યાં એમનાં ઉલ્લેખોના આધારે દત્તાત્રેયનો અવતારકાળ શી રીતે નક્કી કરી શકાય? વળી આપણી પ્રાચીન ગ્રંથસમૃદ્ધિનો વિધર્મીઓએ આંધળો વિધ્વંસ કરવામાંયે ક્યાં બાકી રાખી છે? એટલે એવા કેટલાય ગ્રંથો કાળની ઊંડી ખાઈમાં દટાઈ ગયા હશે તે કોણ જાણે ! તેમ જ મુદ્રણકાળના પહેલાના લાંબા કાળના એ ગ્રંથોની અક્ષરસંપત્તિમાં પણ કેટલીએ ઘાલમેલ થઈ હશે, એ કહેવું પણ મુશ્કેલ છે ! વળી કાળની કલ્પના પણ સાપેક્ષ છે. એટલે એ દિશાએ પણ દત્તોપાસનાનો કાળનિર્ણય ચોક્કસ કરવાનો પ્રયત્ન કરતાં નિષ્ફળતા વગર બીજું કશું જ હાથ લાગે તેમ નથી.

રામ-કૃષ્ણાદિ અવતારો રાવણાદિવધના અમુક કાર્યસંકલ્પને લઈને થયા હતા; તેમ આ અવતારનું નથી. દત્તાવતાર એ ગુરુતત્ત્વનો અવતાર છે-ગુરુકાર્ય કરવાના સંકલ્પથી થયેલો છે. અને ગુરુકાર્ય એટલે લોકોને ત્રિવિધ તાપના મૂળ-અજ્ઞાનથી મુક્ત કરી જ્ઞાનપ્રદાન કરવાનો છે. આ કામ અનાદિ છે અને અખંડ છે. અજ્ઞાનનો પ્રવાહ સૃષ્ટિના પ્રારંભકાળથી ચાલ્યો આવે છે, ને સૃષ્ટિના અંત સુધી રહેવાનો છે; ને તેથી જ એ સંકલ્પથી પ્રાદુર્ભૂત થયેલ આ અવતાર અનાદિ છે અને એ જ અવતારવિગ્રહથી અનેક જીવોનું કલ્યાણ કરતો કવચિત્ ગુપ્ત, કવચિત્ પ્રગટ, અનંત કાળ સુધી રહેવાનો છે. તેથી જ એને અવિનાશી અવતાર કહે છે અને પુરાણોમાં કોઈ ઠેકાણે એની અવતાર-સમાપ્તિનું વર્ણન નથી.

બીજું અત્રિ એ સૃષ્ટિના પ્રારંભકાળમાં પ્રગટ થયેલ બ્રહ્મદેવના સાત માનસપુત્રો પૈકીના હતા અને દત્ત એ અત્રિની નેત્ર જ્યોતિથી અનસૂયાની કૂખે પ્રગટેલ અયોનિસંભવ હતા. એટલે છેવટે મૈથુનિક માનવીસૃષ્ટિના પ્રારંભકાળ સુધી એમનો પ્રાદુર્ભાવ લંબાવવો પડશે. એમના સહોદર સમકાલીન ચંદ્રમાંનો તો **'ચંદ્રમા મનસો જાતઃ'** કરી માનસોદ્ભવ તરીકે સ્પષ્ટ ઉલ્લેખ શાસ્ત્રોમાં છે જ. પણ એ બધી વાતો જવા દઈ કેવળ સ્થૂળ દૃષ્ટિએ જોઈએ તો પણ કૃતયુગમાં થઈ ગયેલ સહસ્રાર્જુનને ઉપદેશ આપનાર અને શ્રીકૃષ્ણના યે પૂર્વજ યદુના સદ્ગુરુ તરીકે પુરાણોમાં વર્ણવેલા દત્તાવતારને છેક સત્યયુગના પ્રારંભમાં મૂકવો પડશે, રામાવતારની પહેલાં થઈ ગયેલ પરશુરામ શ્રીદત્તના શિષ્ય હતા. નૃસિંહવતારમાં થઈ ગયેલ ભક્તરાજ પ્રહ્લાદને પણ દત્તે ઉપદેશ આપ્યાનો પુરાણોમાં ઉલ્લેખ છે; એટલે છેવટે પૂર્ણ વિકસિત માનુષવિગ્રહી અવતારની શરૂઆત સુધી એમના અવતારકાળને લંબાવવામાં વાંધો નથી છતાં અમે દત્તઉપાસનાનાં ઊડતા પ્રવચનમાં કહ્યું છે તેમ,

'જેમ રામ ને કૃષ્ણાવતાર અતિ પ્રાચીન હોવા છતાં ગોસ્વામી તુલસીદાસજીના સમયથી રામોપાસનાનો અને બિલ્વમંગલ, સુરદાસ, ચૈતન્ય મહાપ્રભુ, મીરાંબાઈ વગેરેના પ્રાદુર્ભાવ પછી કૃષ્ણ ઉપાસનાનો પૂરજોસમાં ફેલાવો થયો; તેમ જ દત્તાવતાર એથીય અતિ પ્રાચીન હોવા છતાં અને આયુ, અલર્ક, સહસ્રાર્જુન આદિ અનેક રાજા મહારાજાઓ પ્રાચીન કાળમાં એના પ્રસિદ્ધ ઉપાસક હોવા છતાં, મહારાષ્ટ્ર-કર્ણાટકમાં આશરે પંદરમા સૈકા થઈ ગયેલા શ્રીપાદ શ્રીવલ્લભ અને નૃસિંહસરસ્વતી એ દત્તના અવતાર તરીકે ગણાઈ ગયેલી વિભૂતિઓના પ્રાદુર્ભાવ પછી જ તેનો ફેલાવો પૂરજોસમાં થવા લાગ્યો અને આશરે સો એક વરસ પહેલાં થઈ ગયેલ દત્તસ્વરૂપ શ્રીમાણિકપ્રભુ અને અક્કલકોટના સ્વામી અને હજી હમણાં જ ચારેક દાયકા પહેલાં બ્રહ્મીભૂત થયેલ શ્રીવાસુદેવાનંદ સરસ્વતી (ટેમ્બે) સ્વામી મહારાજના પ્રાદુર્ભાવ પછી દિનપ્રતિદિન ઇતર પ્રાંતમાં પણ એ પ્રચાર વધતો જાય છે. અસ્તુ.

# (૪) દિગંબર દત્ત

ભગવાન દત્તાત્રેયની સાથે અવધૂત, ગુરુદેવ અને દિગંબર શબ્દો નિત્ય જોડાયેલા જોવામાં આવે છે. એમાંથી પહેલા અને બીજાનો ખુલાસો અન્યત્ર આવી જતો હોવાથી અહીં માત્ર દિગંબર શબ્દનો જ વિચાર કરીશું.

દિગંબર-દિશાઓનું અંબર-એ વ્યુત્પત્તિ પ્રમાણે વસ્ત્રની માફક દિશાઓને ઢાંકનાર એટલે પિંડ અને બ્રહ્માંડની બહાર પણ વ્યાપી રહેનાર; અને દિશા અંબર છે જેનું એ વ્યાખ્યા પ્રમાણે દિશારૂપી વસ્ત્રની અંદર રહેનાર. એમ બંને વ્યાખ્યાનો સાથે અર્થ કરતાં, બ્રહ્માંડને અંદર બહાર વ્યાપીને રહેનાર **'અત્યત્તિષ્ઠત્ દશાંગુલમ્'** એવું નિત્ય નિર્ગુણ પરમ તત્ત્વ પરમાત્મા.

અવતારપક્ષે, સગુણરૂપે વેંત લંગોટીનાયે માલિકપણાની કલ્પના ન સહન કરનાર દિગંબર- દિશાઓ રૂપી વસ્ત્ર ઓઢી સ્થૂલ વસ્ત્ર સરખાનીયે દરકાર ન કરનાર ત્યાગીઓના બાદશાહ અને આંતરિક વાસનાઓના સૂક્ષ્મ આવરણને પણ ફેંકી દઈ જીવતાં પણ મુક્ત દશામાં ફરનાર વિરલ યોગીશ્વર; કવચિત્ લોકસંગ્રહ માટે ઓઢવાની વૃત્તિ જ થાય તો **રથ્યાકર્પટવિરચિતકન્થ:** રસ્તામાં પડેલાં-કોઈનીય માલિકી વગરનાં ચીંથરાંથી અંગ ઢાંકી ફરનાર મસ્તફકીર ! આવો ઉભયવિધ રહસ્યસૂચક અને પરમાત્મવાચક બીજો કયો શબ્દ છે? વળી દિગંબર એ શબ્દમાં પાંચે ઉચ્ચારસ્થાનોના અક્ષરો આવેલા છે, દ-દંત્ય, ઇ- તાલવ્ય, ગ-કંઠસ્થ, મ્-અનુસ્વાર, બ-ઓષ્ઠ્ય, ર-મૂર્ધન્ય. એટલે એના વિશુદ્ધ ઉચ્ચારણથી વાણી પવિત્ર થઈ એમાં મંત્રસામર્થ્ય પ્રગટે તો શી નવાઈ ?

આમ, ઉપર જણાવ્યું તેમ અત્યંત સાર્થક હોવા સાથે પરમ રહસ્યમય હોવાથી દિગંબર શબ્દનો દત્ત જેવા ગહન અવતારીવિગ્રહ સાથે નિત્ય સાહચર્યનો ઉલ્લેખ જોવામાં આવે છે.

## (૫) દત્તાવતારની ઉપાસનાનું રહસ્ય

દત્તાવતાર એટલે **'તેન ત્યક્તેન ભુંજીથા:'**નું સગુણ, સાકાર, પ્રત્યક્ષ સ્વરૂપ; પરાર્થે **'સ્વસમર્પણમ્'**નો મૂર્તિમંત આદર્શ; **શાંતં શિવં, સુંદરમ્**નું ચાલતું બોલતું પ્રતીક; બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ-વિશ્વના મૂળમાં રહેલ સર્જક સંરક્ષક, સંહારક અનાદિ આદિપરિબળોનું જગદ્ધિતૈકદષ્ટિએ સમન્વયાત્મક જીવતું દૃષ્ટાંત; ૐકારના અકાર, ઉકાર અને મકાર કે સત્, ચિત્ અને આનંદરૂપ ત્રિમુખ ધારણ કરનાર, ભૂત, ભાવિ ને વર્તમાનને આધારરૂપ મહાકાલનું અવિનાશ, અખંડ અધિષ્ઠાન; પરમ પાવન પરબ્રહ્મ પરમાત્માના અનંત દાતૃત્વ ને ત્યાગનું ભાવૈકગમ્ય ષડૈશ્વર્યયુક્ત દિવ્ય રૂપ-નિરપેક્ષ સર્વાશાવિનિર્મુક્ત, અનિકેત, નિર્દંભ, અનાદિ, અવિનાશ, *આસેચનક જીવંત મૂર્તિ-વ્હેંત લંગોટીની યે માલિકી સહન ન કરનાર, જગતભરમાં માંગલ્યની વર્ષા કરતો, ઉંબરે ઉંબરે અહાલેક જગાવતો, મૂક આચારગર્ભ સ્વયંપ્રચારની જાગતી જ્યોતસમો મુક્ત ફરનાર દિગંબર દિવ્ય ફકીર !

અને દત્તઉપાસક એટલે એની જીવનદષ્ટિ કેળવી એના આદેશ પ્રમાણે જીવન જીવવાનો યત્ન કરનાર મુમુક્ષુ સાધક. તેનો આચાર એ જ ઉપદેશ છે; મૌન કે સૂચક બોલવું એ જ વ્યાખ્યાન છે; સહજ, સતત ઉદ્યોગ એ જ ઉપાસના છે; પુરુષાર્થ કે પરિશ્રમ એ જ તપ છે; અહંકારને બાળીને લગાવેલ ભભૂતિ એ જ વિભૂતિ (વૈભવ) છે; શીલ એ જ શણગાર, અકિંચનતા એ જ ઐશ્વર્ય, કર્મકૌશલ્ય એ જ યોગ છે; ભૂતદયા એ જ ભોગ ને સહજસેવા એ જ સ્વધર્મ છે. શ્વાનસુરભિ, રાયરંક, અમીરફકીર, બ્રાહ્મણચાંડાલ એને સમાન છે. રાગદ્વેષ, માનઅપમાન, નિંદાસ્તુતિ વગેરે દ્વંદ્વોથી એ પર છે—અસ્પૃષ્ટ છે. મૂંગા સાથે મૂંગો, વાચાળ સાથે વાચાળ, મૂઢ સાથે મૂઢ, વિદ્વાન સાથે વિદ્વાન; બાળક સાથે બાળક, યુવાન સાથે યુવાન, બુઢા સાથે બુઢો, સ્ત્રી સાથે સ્ત્રી, પુરુષ સાથે પુરુષ, જ્ઞાની સાથે જ્ઞાની, મૂરખ સાથે મૂરખ-જેને મળે તેની સાથે

*કેટલુંય જોઇએ તો પણ આંખ ધરાય નહિ તેવું

પાણીની માફક ભળે, છતાંય કોઈનાય સંગથી રંગાયા કે લેપાયા વગર બધે નિઃસંગ ફરનાર અનિકેત છતાં સ્થિરમતિ, આપ-પર ઉદ્ધાર માટે પોતાની અનોખી રીતે વર્તમાન વહેણ સાથે વહી ન જનાર યતમાન યતિ, સંયમી, અવધૂત છે. જે લેવામાં સમજ્યો જ નથી; અનાયાસે પ્રારબ્ધવશાત્ આવી મળે તે અન્યને આપવામાં જ એનો આનંદ સમાયેલો છે. જે ફકીર છતાં અમીર છે, અમીર છતાં ફકીર છે. અકિંચન છતાં લોકહૃદયના સિંહાસન પર બિરાજેલ બાદશાહ છે; બાદશાહત છતાં શાહી તુમાખીથી પર છે.

બના માલિક બિના દૌલત
બના રાજા બિના રૈયત,
કરૂં બાતાં બિના મૈયત.
એ એની આત્મખુમારી છે.

ને એવી અકથ્ય આત્મમસ્તીમાં આલાપે છે કો'ક વાર એઃ

હમો મનમોજી ફરનારા ! હમોને બાંધનારૂં કૂણ ?
સદા નિઃસંગી ને ન્યારા, જગતને માનનારા તૃણ ! (૧)
સ્વયં-અભિષિક્ત સ્વારાજ્યે, બન્યા સમ્રાટ સ્વાનંદી !
ચઢ્યા જઈ તખ્ત પર અદ્ધર, રવિ શશી તારલા હંડી !! (૨)
કરે મુજરો સુરાધિપ જો, થનન નાચે હૂરી સત્ત્વસ્થ !
વિવિધ રાગે અલાપે હા ! ઝનન વાદ્યે ફિરસ્તા મસ્ત !! (૩)
દિવસ કે રાત ના ઠરીએ, નિરખીએ નિત્ય નાટારંગ !
બજે સોહં તણો ડંકો, ન થાયે તોય નિદ્રાભંગ !! (૪)
સ્તુતિ-નિંદા બની કુત્તા, કરે ચોકી નિજ - દ્વારે !
નથી ભય શોક કે ચિંતા, ફટકતાં કોઈ દિ ભૂલે !! (૫)
વિધિ-પ્રતિષેધ-કિંકરતા, અગમ આગમ તણી સત્તા !
છતાં નૈનાં ન દેખંતા, કરમ સાથે કરી કટ્ટા !! (૬)
સૂતા નિત સોડ તાણીને, ન લેવું-દેવું કો સાથે !
મૂઆ જીવતા હમો નિશ્ચે, ન ઝૂરીએ દ્વેષ કે પ્રીતે !! (૭)
કઢંગા ઢંગ બેરંગી, હમારા રાહ ના સીધા !
અવળપંથી અટૂલા રંગ, દેખે કોઈ હક-બંદા ! (૮)

(-અવધૂતી આનંદ-માંથી)

# 'શ્રીગુરુચરિત્રકથામૃત'નો પુરસ્કાર

મહારાષ્ટ્રમાં ભક્તોની કામનાઓ પૂર્ણ કરનારા કલ્પદ્રુમ તરીકે ઘેર ઘેર મશહૂર થયેલા શ્રીગુરુચરિત્ર એ ગ્રંથનાં વખાણ મારે કેવી રીતે કરવાં? અનેક વરસો સુધી હાડકાંને સૂકવી નાખી પોતે સંશોધિત કરેલા ગુરુચરિત્ર સાથે જોડાયેલા પુરસ્કારમાં બધું કાંઈ છે; એ કરતાં વધુ હું શું લખવાનો? ગુરુચરિત્ર એ પવિત્ર ગ્રંથ ભારતીય વૈદિક સંસ્કૃતિનો એક નાનોસરખો ભંડાર જ છે. દત્તસંપ્રદાયવાળા તેને વેદતુલ્ય ગણે છે. તે એક સળંગ, સ્વયંસિદ્ધ મહામાલામંત્ર છે. એનો દરેક અધ્યાય માળાના મણકા સમાન હોઈ, દરેક ઓવી (કાવ્યપંક્તિ)માં અદ્‌ભુત મંત્ર સામર્થ્ય ભરેલું છે. મંત્રજપના પાળવા યોગ્ય પથ્યોનું પાલન કરી અમુક નિયમો મુજબ અનન્ય નિષ્ઠાથી એનાં અનુષ્ઠાન અને સપ્તાહનાં પારાયણ કરીને ઘણાએ પોતાનું અને પોતાના સંબંધીઓનું આ લોક તથા પરલોકનું કલ્યાણ સાધી લીધાનાં અનેક ઉદાહરણો છે. બીજા સંપ્રદાયવાળાઓ પણ અનિષ્ટ ટાળવા માટે તથા ઈષ્ટની પ્રાપ્તિ કાજે આ અસામાન્ય એવા ગ્રંથનું વારંવાર શરણું લે છે એમ જણાય છે.

પ્રાચીન ઋષિમુનિઓએ માનવીની સર્વાંગીણ ઉન્નતિ માટે ધર્મ, અર્થ કામ અને મોક્ષ એવા ચાર પુરુષાર્થ કહ્યા છે. અર્થ અને કામ સિવાય દુનિયાના સાંસારિક વહેવાર ચાલવા શક્ય નથી. પણ એ અર્થ અને કામ બન્ને ધર્મમૂલક હોવા રહ્યા. ધન મેળવવામાં, તેના ઉપભોગમાં, વહેંચણીમાં ઇત્યાદિ દરેક બાબતમાં ધર્મનો એટલેકે નૈતિક મૂલ્યોનો વિચાર કરવો જોઈએ, નહિ તો સમાજમાં ચોરી, દરોડા, કાળાબજાર, લૂંટફાટ આદિ પ્રબળ બનશે અને સમાજની ગડીને અસ્તવ્યસ્ત કરી નાખશે. તે જ રીતે કામ પણ ધર્મમૂલક ન હોય તો બલાત્કાર, અપહરણ, ટી.બી. જેવા ભયંકર રોગ ઇત્યાદિનો ઉત્પાત ફેલાઈ સમાજનું સ્વાસ્થ્ય બગડશે. કાયદાની બીકના કરતાં ધર્મની પ્રીતિથી જ એમનું નિયંત્રણ ઠીક રીતે થાય છે. માટે જ ધર્મને પુરુષાર્થમાં પહેલું સ્થાન

આપ્યું છે અને મોક્ષ એટલે કાયમની શાંતિ એવી સ્થૂળ વ્યાખ્યા કરીએ તો સમાજમાં અર્થ-કામનો ઉપભોગ વ્યવસ્થિત રીતે કરી શકાય તો શાંતિની મંઝિલે પહોંચવામાં વાર ન લાગે. કારણ કે, સૂક્ષ્મ દૃષ્ટિએ જોઈએ તો દુનિયાની બધી તકરારો અર્થ- કામમાંથી જ પેદા થાય છે એમ જણાઈ આવશે માટે જ, હમણાં ચાલુ રહેલી વિશ્વશાંતિની બીજી દોડધામના કરતાં બધા પુરુષાર્થનું મૂળ જે ધર્મ, તેનો પાયો પહેલાં મજબૂત કરવો જોઈએ અને પછી એના ઉપર અર્થ-કામની ઈમારત આલીશાન ઊભી કરી ઉપર મોક્ષનો કળશ ચઢાવવો જોઈએ. તો જ વિશ્વશાંતિનું ધ્યેય સિદ્ધ થવામાં બહુ વાર નહિ લાગે.

આ સામાન્ય ધર્મનું વિશુદ્ધ અને રહસ્યમય વર્ણન ટૂંકમાં શ્રી ગુરુચરિત્રમાં કરેલું નજરે પડશે. એના મૂળમાં પરંપરાગત તપશ્ચર્યા અને અનન્યનિષ્ઠ સંકલ્પબળની જોડ હોવાથી તો ગ્રંથ આટલી અસામાન્ય માન્યતા પામ્યો છે.

પરંતુ આવા આ ગ્રંથમાં શું છે વારું ? ચારસોપાંચસો વરસ પહેલાં થઈ ગયેલા શ્રીસદ્ગુરુ શ્રીપાદવલ્લભ શ્રીનૃસિંહ સરસ્વતી રૂપી દત્ત મહારાજની લૌકિક અને અલૌકિક સુમધુર લીલાઓનું વર્ણન, એમનું દિવ્ય, અદ્‌ભુત ચરિત્ર. ગુરુચરિત્ર એ શ્રીનો પરમ મંગળ અક્ષર દેહ છે. એના તરફ કેટલીએ વાર જોઈએ તોપણ મનને સંતોષ નહિ થાય. એવો એ આસેચનક વાઙ્મય દેહ છે. આવી આ સુંદર મૂર્તિનો શિલ્પી છે શ્રીનો કૃપાપાત્ર શ્રીની સેવામાં છેવટ સુધી તન અને મન ખર્ચીને પાણી ભરનારા ભક્ત શિરોમણિ એવા સાયંદેવના પૌત્રના પૌત્ર સરસ્વતી ગંગાધર. છ-સાત પેઢી સુધી સતત અનન્ય ગુરુભક્તિના સંસ્કાર વડે અંદર બહારથી નખશિખાંત (નખથી તે મસ્તક સુધી) ગુરુમય બનેલા આ ગુરુભક્તની કૃતિમાં એ આખોયે પુણ્યસંચય સંગ્રહાયેલો છે. એથી જ આ ગ્રંથનું શ્રદ્ધાપૂર્વક સેવન કરનારાં એટલે કે તેનું વિધિ પ્રમાણે પારાયણ કરનારના હૃદયમાં તે પુણ્ય સંસ્કાર દાખલ થાય છે અને એથી ઈષ્ટપ્રાપ્તિમાં આડે આવનારા એમના અનિષ્ટ પાપસંસ્કાર બળી જઈ આત્મશ્રેય પ્રાપ્ત થાય છે. દુનિયામાં મનુષ્ય માત્રની બધી પ્રવૃત્તિ, બધી દોડધામ સુખને માટે હોય છે. પણ જેમ જેમ તે સુખની પાછળ વધુ ને વધુ

દોડતો રહે છે તેમ તેમ તે સુખ તેને છેતરીને ક્ષિતિજની જેમ એનાથી દૂર ને દૂર દોડે છે અને કદાચ થોડું ઘણું હાથમાં આવે તોય તે કેટલું ? 'સુખ જોતાં જવના દાણા જેટલું ! પણ દુઃખ તો પર્વત જેવડું.' એ તો હોલામાંથી ચૂલામાં પડવા જેવું થાય !

એક દુઃખનો છેડો આવતો નથી. ત્યાં બીજું મારી સામે આવીને ઊભું છે, એવી એની દયાજનક હાલત થાય છે. એક દુઃખમાંથી છૂટ્યો ન છૂટ્યો ત્યાં બીજું દુઃખ 'દત્ત' કહીને ઊભું રહે છે ! અને એમાંથી છૂટવાનો પ્રયત્ન કરે છે ત્યાં ત્રીજું દુઃખ સામે ઊભું જ છે ! એનું કારણ શું ? તે દુઃખનું મૂળ છે 'અજ્ઞાન'. અજ્ઞાનથી ક્ષણભંગુર એવી ચીજોમાંથી અર્થાત્ વિષય વાસાનાઓમાંથી પેદા થનારું સુખ શાશ્વત ક્યાંથી હોય ! જ્યાં સુધી એ દુઃખના મૂળમાં રહેલું અજ્ઞાન દૂર ન થાય ત્યાં સુધી સુખની આશા ક્યાંથી સફળ થાય ?

આ અજ્ઞાન કેવી રીતે દૂર થાય ? એનો નાશ કેવી રીતે થાય ? અજવાળું ફેલાયા વગર અંધારું દૂર ન થઈ શકે તે જ રીતે જ્ઞાન પ્રાપ્તિ થયા વગર અજ્ઞાન દૂર થાય. એ ત્રણે કાળેય શક્ય નથી એને માટે,

**गुरुमेवाभिगच्छेत् स तद्विज्ञानार्थमत्र हि ।**
**प्रणिपातेन सेवाभिः प्रीणयेत्तामिति श्रुतिः ।।**

સદ્‌ગુરુને શરણે જવું, ભાવનાપૂર્વક તેમની સેવા કરવી, ગુણોની પ્રશંસા ગાવી વગેરે એની મેળે જ આવે છે. સદ્‌ગુરુ સેવાથી થયેલી તપશ્ચર્યા દ્વારા સંચિત પાપીસંસ્કારોનો નાશ થાય છે અને ચિત્ત શુદ્ધ થઈ એમની અમોઘ કૃપા, પ્રસન્નતા થાય છે અને એક વાર ગુરુની કૃપા મળે એટલે જ્ઞાન પ્રાપ્તિ માટે કેટલો વખત લાગે ? અને જ્ઞાન પ્રાપ્તિ થઈ એટલે સર્વ દુઃખોનું મૂળ એવું અજ્ઞાન ક્યાં રહેશે ? તેથી દુરિતક્ષય માટે ગુરુભક્તિ સિવાય બીજું કોઈ જ સાધન નથી.

ન કરે સદ્‌ગુરુ-ભજન । ન થાય ભવવૃક્ષનું છેદન ।
ભલે કોટિ કોટિ સાધન । લાવ લઈ જાવ કર્યે ।।૪૭૧।।

દૂર કરવા દુરિત । જેમ ગંગાજળ સમર્થ ।
તેમ ભવભયને ભસ્મ કરત । જાણો નક્કી ગુરુભક્તિ ॥૪૭૩॥
કરવા ભવનું નિર્દલન । ખાસ કરવું ગુરુ ભજન ।
એજ શ્રેષ્ઠ છે સાધન । સદ્‌ભાગી જાણો ગુરુભક્ત ॥૪૦૮॥
નાથભાગવત અ.૧૨

પણ બુવાબાજીના આ પ્રચ્છન્ન ચાર્વાક યુગમાં સદ્‌ગુરુ મળવા સહેલ નથી અને ગમે તેવી પોતાને ગુરુ કહેવડાવનારી વ્યક્તિ માટે ગુરુભાવ જાગ્રત થતો નથી ! તો પછી સેવા કેવી રીતે થાય ? એવી શંકા ધરાવનારાઓ માટે જ ભગવાને દત્તાવતાર ધારણ કર્યો. લોકોના અજ્ઞાનનો નાશ કરી જ્ઞાન પ્રાપ્ત કરી એમને સંસારના સંકટમાંથી ઉગારવા માટે જ આ અવતાર છે ! આ વિશિષ્ટતાને લીધે જ તેને ગુરુઅવતાર કહે છે અને માટે જ એ દેવને ગુરુદેવ દત્ત તરીકે સંબોધે છે. બીજા અવતાર અમુક કાર્ય કરવા પૂરતા જ હોઈ કાર્ય પૂરુ થતાં સ્વધામ ગયા. પણ અજ્ઞાન દૂર કરવાનું કામ અનંતકાળ સુધી ચાલવાનું હોવાથી આ દત્તાવતારનો અંત શાસ્ત્રોમાં કયાંય વર્ણવ્યો નથી. માટે જ (ગુપ્ત કે પ્રગટ રૂપે) આ અવિનાશી અવતાર મોહાસુરનો નાશ કરવા માટે ધર્મસંસ્થાપનનું કાર્ય કરવા માટે એક યા બીજા રૂપે પૃથ્વી ઉપર સતત કાર્યરત રહે છે. શ્રીપાદશ્રીવલ્લભ એ આ રીતના જ દત્તાવતાર છે. અને ઉપર કહ્યા મુજબ એમનો અત્યંત સુંદર, અવિનાશી અક્ષર દેહ એટલે જ શ્રી ગુરુચરિત્ર ગ્રંથ. એના સેવનથી એટલે કે દૃઢ અભ્યાસથી સ્વાભાવિક રીતે જ ખડતલ તપશ્ચર્યા થાય છે અને માનવીના પાપ સંસ્કાર બળી જઈ ઇષ્ટ કાર્ય સિદ્ધ થાય છે.

**'પહેલાં કર્યું, પછી કહ્યું'** આ ન્યાયે એમાં શ્રીગુરુ મુખથી વર્ણવાયેલા આચાર ધર્મ તરફ રુચિ પેદા થઈ એનું પાલન કરવાની વૃત્તિ થાય છે, અને મન શુદ્ધ થાય છે. કાપેલા ઝાડને પલ્લવિત કરવું, વૃદ્ધ વંધ્યાને સંતાન થવાં, વંધ્યા ભેંસને દૂઝવવી, મૂંગા બ્રાહ્મણ પુત્રને વાણી આપવી, શબને જીવતું કરવું આદિ લીલાઓ વાંચીને શ્રી સદ્‌ગુરુનાં કર્તુ-અકર્તુ-અન્યથા કર્તુમ્ રૂપી

કોઈ પણ કાર્ય કરવાનાં **શક્તિસામર્થ્ય** માલૂમ પડે છે. ભક્તને વિશુદ્ધભાવ જોઈ એકી સાથે આઠરૂપ ધારણ કરીને પોતાના ભક્તોના કોડ પૂરા કરવા, ત્રિવિક્રમ ભારતી નામના યતિને બધે જ પોતાનું યતિમય રૂપ બતાવવું આદિ જોઈને શ્રીના **યોગૈશ્વર્યની** ખાતરી થાય છે; બ્રહ્મરાક્ષસને મુક્તિ આપવી, પિશાચત્રાસમાંથી મુક્ત કરવા આદિ દ્વારા અનિષ્ટ ગ્રહોમાંથી મુક્ત કરનારી તેમની **અચિંત્ય શક્તિની** ખાતરી થાય છે. સિંગો (ઝાલર)થી જ તૃપ્ત થઈને ભક્તોની દીનતા, દરિદ્રતા દૂર કરેલી જોઈ દેવનું ભક્ત **વાત્સલ્ય અને આશુતોષપણું** નજર સામે ખડાં થાય છે. ધોબીને રાજ્ય આપવું, વણકરને ઘડીભરમાં એની એ જ જગ્યાએ સેંકડો માઈલ દૂર તથા ખૂબ જ વિકટ એવી શ્રી શૈલપર્વતની યાત્રા કરાવવી, શરણે આવેલા યવનરાજનો અસાધ્ય રોગ કેવળ નજર નાખીને દૂર કરવો, આદિથી 'હમ ભક્તન કે, ભક્ત હમારે,' એવા **હેતુ નિરપેક્ષ ભક્તપ્રેમની** જાણ થાય છે. અંત્યજને કૃપાકટાક્ષ દ્વારા સાત જન્મ પહેલાંની યાદ આપી એના મોંએ વેદ ભણાવવા, ત્રણ વ્યક્તિઓ માટે જ આવેલી અન્ન સામગ્રીમાંથી આખાય ગામને જમાડવું, આદિ લીલાઓનું વર્ણન સાંભળી શ્રીની **યોગ સિદ્ધિની** તથા **અફાટ વરદાન શક્તિનો** ખ્યાલ આવે છે અને એમ હૃદયમાં રહેલી શ્રદ્ધાની જ્યોત તેજસ્વી બનીને દેવના અવતારીપણા બદલ અંતઃકરણમાં ચોખ્ખો પ્રકાશ પડે છે અને શંકાશીલ દશાનો નાશ થાય છે.

આ રીતે એ શ્રીના અક્ષરદેહના નિતાંત સુંદર અંગોપાંગનું અખંડ ધ્યાન દૃઢ થવાથી એટલે જ વ્રતસ્થ બનીને ચિંતામણિ સમાન આ પાવન ગ્રંથનું અનેકવાર પારાયણ કરવાથી પાઠકોના સૂક્ષ્મ શરીરની સાથે એમનો અંતરાત્મા પણ શ્રીગુરુની સાથે તે દિવ્ય વાતાવરણમાં સંચરવા લાગે છે અને ત્યાંના ઉચ્ચતમ આનંદમાં ડૂબી જઈ તદ્રૂપ, તદાકાર, તન્મય, સચ્ચિદાનંદ સ્વરૂપ સ્વયં બને છે. કોઈ સાંસારિક નવલકથા કે ડિટેકટીવ વાત વાંચતી વખતે થોડા સમય માટે વાચકનું મન તલ્લીન થઈને આજુબાજુની પરિસ્થિતિને ભૂલી જાય છે એવો અનુભવ ઘણા ખરાને થયો હશે જ. તો પછી કુદરતી રીતે સુંદર

અને સાત્ત્વિક વાતાવરણમાં અથવા ધૂપ- દીપ-ફૂલ-રંગોળી-લતામંડપ આદિથી સુશોભિત કરેલા દેવમંદિરમાં કે ઘરમાં એકાંત ઓરડીમાં બેસીને કરેલા સેંકડો વરસના વંશપરંપરાગત શુદ્ધ તપશ્ચર્યાના આધ્યાત્મિક આકર્ષણના પ્રવાહથી (by spiritual dynamic force) ભરેલા એવા, દરેક અક્ષરમાં ગૂઢ મંત્રશકિતથી ભરપુર એવા વેદસમાન ગ્રંથનાં શ્રદ્ધાયુક્ત પારાયણ-અનુષ્ઠાન દ્વારા કેવાં દિવ્ય પરિણામ આવતાં હશે એનો ખ્યાલ અનુભવ વગરના નકામી ચર્ચા કરનારા સંશયગ્રસ્તોને ક્યાંથી આવે ? એ દિવ્ય આનંદ, દિવ્ય અનુભવ, દિવ્ય પ્રભાવ, શાંતિ, સંતોષ, તન્મયતા આદિ મધુરતાનો તો ‘જન્મ લઈએ એના કુળમાં ત્યારે માલૂમ પડે.’

એવા આ પુણ્યતમ અદ્વિતીય ગ્રંથનું અપૂર્વ સંશોધન કરીને આપે મહારાષ્ટ્રની પ્રજા તથા મરાઠી સાહિત્યને કાયમનું ૠણી બનાવ્યું છે અને તે બદલ આપને જેટલા ધન્યવાદ આપીએ તેટલા ઓછા પડે. તેમાંય આ નવા શ્રી ગુરુચરિત્રકથામૃતગ્રંથે વધુ ઉમેરો કર્યો છે. મૂળ ગુરુચરિત્ર પદ્યમય હોવાથી અને વધુ પવિત્ર માનવામાં આવ્યું હોવાથી અને અમુક રીતે જ તેનું વાંચન કરવું એવા કડક આદેશ હોવાથી અલ્પશિક્ષિત અને સ્ત્રી શુદ્ર આદિને એ માટે અધિકારી ગણ્યા ન હોવાથી એ લોકો સુધી પહોંચી શકતું ન હતું. એ ઉણપ આપના આ નવા ગ્રંથથી પુરાઈ છે. આ ગ્રંથ ગદ્યમય અને સહેલી ભાષામાં લખેલો હોવાથી ગામડાઓમાં પણ તદન અબુધ અને ‘સ્ત્રીઓ, વૈશ્યો તથા શૂદ્રો’ એવા લોકો સુધી જઈ પહોંચશે અને એમની ગુરુલીલા ગાવાની ભૂખ મટાડશે.

એમાં મૂળના દરેક અધ્યાયમાંનો સાર તો છે જ પણ એ ઉપરાંત દરેક અધ્યાયને છેડે આવેલો તાત્પર્ય બોધ તો આખાયે જીવન દરમ્યાન આપે કરેલા ગુરુગ્રંથના મંથનનું માખણ જ છે, એમ કહેવાને વાંધો નથી. માટે જ તે નામ મુજબ અમૃત છે અને શંકાકુશંકાના મૃત્યુમાંથી અમરત્વ બક્ષે છે. જેમને સાધારણ મરાઠી સમજાય છે એવા ગુજરાત આદિ બીજા પ્રાંતોના બીજી ભાષા બોલનારાઓ માટે પણ એ આશીર્વાદરૂપ સાબિત થશે અને ગુરુચરિત્રનું

રહસ્ય સમજી લેવા ઇતરજનોને પણ ઉપયોગી નીવડશે. એનો એક ફર્મો અહીં આવ્યો તે વાંચીને ખૂબ જ સંતોષ થયો અને મન આનંદથી નાચવા લાગ્યું. જનતા જનાર્દન એનું ઉત્કૃષ્ટતાથી સ્વાગત કરશે એવો મને પૂરેપૂરો ભરોસો છે. પુસ્તકમાં પરિશિષ્ઠ રૂપે અંદર આવેલાં સ્થળોનો નકશો અને ત્યાં જવા માગતા માણસો માટે માર્ગદર્શક નીવડે એવી માહિતી ટૂંકમાં આપવામાં આવે તો એ ચોપડીની ઉપયોગિતા વધશે એમ લાગે છે. કારણ કે કુરુગડ્ડી, શ્રીશૈલ, પીઠાપુર આદિ જેવાં સ્થળોની માહિતી ઘણા સુજ્ઞ લોકોને પણ હોતી નથી. સાદા છાયાચિત્ર કરતાં રેખાચિત્ર (Sketch) વધુ ઉઠાવદાર હોય અને મૂળ વ્યક્તિના ભાવની છાપ એમાં વધુ સ્પષ્ટતાથી ઉપસેલી હોવાથી તે કોઈક વાર વધુ આકર્ષક બને છે તે જ રીતે આપણા આ ગદ્ય કથાનક ગ્રંથનું પણ થયું છે. એમાંના તાત્પર્ય બોધને લીધે મૂળ ગુરુચરિત્રમાંનો બોધ અને કથાનકનું રહસ્ય એમાં સ્પષ્ટ અને અસંદિગ્ધ રીતે આપ્યું હોવાથી આ ગ્રંથ અનેક રીતે સામાન્ય જનો માટે વધુ ઉપયોગી બન્યો છે. છેવટે આવા ગ્રંથના નિર્માણ બદલ આપને ફરી ધન્યવાદ આપી નીચેના શબ્દોથી શ્રીગુરુ ભગવંતનું સ્મરણ કરીને સમાપ્ત કરું છું.

**श्वासे श्वासे प्रकुर्वीत दत्तनामानुधोषणम् ।**
**तोषणं साधुवृंदानां शोषणं भवपाथसाम् ॥**
**कामंकल्पद्रुमो ह्येषः साधुवृंदानुसेवितः ।**
**दत्तात्रेयो महायोगी कलौ श्रीपादवल्लभः ॥**

દરેક શ્વાસે દત્તનામનો ઉચ્ચાર કરવો જોઈએ જે સાધુવૃંન્દોને સંતોષે છે અને ભવજલનું શોષણ કરે છે. સાધુવૃંદોથી સેવાયેલું આ કલ્પવૃક્ષ કલિયુગમાં શ્રીપાદવલ્લભ રૂપે મહાયોગી દત્તાત્રેય સ્વયં વિલસે છે +

+સ્વ. સંશોધક શ્રી કામતજીના **'શ્રી ગુરુચરિત્રકથામૃત'** ગ્રંથના આવકાર-પુરસ્કાર રૂપે પૂ.શ્રી. એ લખેલ મૂળ આ મરાઠી લેખનું ગુજરાતી કરી આપવા બદલ પ્રા. કોલ્હેકર (વિદ્યાનગર) ના આભારી છીએ.

# *આધુનિય યુગ અને ધર્મનો પ્રચાર

પ્રારંભમાં જ નમ્રતાથી (બે હાથ જોડીને) કબૂલ કરવું રહ્યું કે કર્મકાંડનો કે બીજા શાસ્ત્રોનો મારો અભ્યાસ મર્યાદિત છે. જે કાંઈ છે તે **'ગુરુકૃપા જ કેવળ'** છે. એમાં ખાલી વિનય નથી એ આપને તો લખવાની જરૂર નથી.

જે તત્ત્વો મનબુદ્ધિની પેલે પાર છે, તેમનું રહસ્ય કેવળ તર્કકર્કશ બુદ્ધિ દ્વારા કરવા માંડીએ તો મનને સંતોષ તો નહિ જ થાય પણ ઊલટું વિચિકિત્સાની વહેમી વૃત્તિ વધે છે અને પરમાર્થમય કલ્યાણ તો ન જ થાય પણ આ લોકનું કલ્યાણ પણ બાજુએ રહી જાય છે એ વિશે ગીતામાં ભગવાને કહ્યું છે :

**'તેથી શાસ્ત્ર તારું પ્રમાણ છે...'** કલ્યાણ ઈચ્છતા શ્રદ્ધાયુક્ત જનોએ શાસ્ત્રને જ પ્રમાણ ગણવું રહ્યું કારણ કે શાસ્ત્ર એટલે ગમે તેવું કપોલ કલ્પિત ગૌડ બંગાલ નથી હોતું પણ 'શાસ્ત્ર શું ? જ્ઞાનાનુભવ'. (રંગહૃદય-પ્રશ્નોત્તર માલિકા) જ્ઞાની મહાજનોએ દિવ્ય દૃષ્ટિથી ખડતલ સાધનાના પ્રયોગોને અંતે મેળવેલો પ્રત્યક્ષ અનુભવ. ફક્ત બુદ્ધિની દોડ બેહાથ લંબાઈના અહંકારરૂપી પૂંછડાથી કેટલીક આગળ જાય ? માટે જ કહ્યું છે કે

**शास्त्राणि यत्र गच्छन्ति तत्र गच्छन्ति ते नराः ।**
**मतयो यत्र गच्छन्ति, तत्र गच्छन्ति वानराः ॥**
**શાસ્ત્રો જ્યાં જ્યાં પહોંચે પહોંચે ત્યાં તે નરો સદા ।**
**બુદ્ધિ લઈ જાય છે, ત્યાં પહોંચે સહુ વાંદરા ॥**

દિન પ્રતિદિન સમય બદલાતો જાય છે. લોકોની વૃત્તિઓની ગતિ ધર્મની અપેક્ષાએ અર્થકામ તરફ એટલે ભૌતિકવાદ તરફ વધુ ઢળતી જાય છે.

સાધુવર્ય તુકારામે કહ્યા મુજબ **'દેહ એ જ દેવ, ભોજન એ જ ભક્તિ, મરણ એ જ મુક્તિ,** એવી હાલત થઈ રહી છે અને દેવને ઠેકાણે દેહને મંદિર

*શ્રી કામતજી ઉપર લખાયેલા વિસ્તૃત મરાઠી લેખનો અનુવાદ પ્રા. કોલ્હેકરે કરી આપ્યો છે. શીર્ષકો અમોએ મૂક્યાં છે.

બનાવવાની પ્રવૃત્તિ, એટલે જ **'જ્યોતિ-સંસ્કૃતિ'**ને ઠેકાણે **'રોટી સંસ્કૃતિ'**ની ઉપાસના વધી રહી છે. પણ વિઠોબાને તજીને પેટદેવતાની પાછળ જેમ જેમ લોકો વધુ દોડવા લાગ્યા છે તેમ તેમ પેટદેવતા વધુ ને વધુ દુરારાધ્ય બનવા લાગ્યા છે. આવી હાલતમાં શાસ્ત્રમાં કહેલી કર્મકાંડમાંની વિધિઓનું આચરણ યુગપ્રભાવથી અને બદલાયેલા સંજોગોથી શ્રદ્ધાળુ લોકોને પણ અશક્ય બન્યું છે. પણ આ સંકટ સમય છે અને તે બદલવો અત્યારે તો અશક્યવત્ હોય એમ લાગે છે માટે એમાંથી **સર્વનાશે સમુત્પન્ને હ્યર્ધં ત્યજતિ પંડિતઃ । 'સર્વનાશ આવી ઊભે અર્ધું તજે છે પંડિતો'** એ ન્યાય મુજબ વિચાર કરીએ તો દરેક જણે શક્તિ મુજબ યથા સંભવ (આચારનું) પાલન કરવું એ જ ધર્મ છે. એમાં પ્રમાદ કે બેદરકારી હોવી ન જોઈએ. આપદ્ધર્મ તરીકે કેટલાક બાહ્ય આચાર ઓછા થાય તેટલાથી જ પતિતપણું આવવાની બીક નથી. માથા ઉપર ચોટલી નથી તો શિખાબંધનનો વિધિ કેવી રીતે પાર પડે? ગામડાંઓમાં પણ પફપાવડરની બોલબાલા છે ત્યાં ભસ્મ ગોપીચંદનનું કોણ નામ લે? સ્થૂળ શિખાબંધન વગેરે વિધિઓ પાછળ ખૂબ જ આધ્યાત્મિક રહસ્ય સમાયેલું છે પણ ધર્મનું નામ નીકળતાની સાથે જ જેમને કપાળે કરચલીયો પડે તેમને કોણ અને કેવી રીતે કબૂલ કરાવી શકે? આચાર એ ધર્મનું શરીર અને વિચાર એ આત્મા છે.

આચારના સ્થૂળ અને સૂક્ષ્મ એમ બે પ્રકાર માનીને સ્થૂળ આચાર એટલે જ વૈદિક કર્મકાંડ એવો અર્થ લઈએ તોપણ સૂક્ષ્મ અર્થમાં આચાર એટલે આચરણ (Character). સ્થૂળ આચારોમાં સંજોગોવશાત્ ફેરફાર થતો જાય. દાખલા તરીકે વધારે પડતી આભડછેટ ઇત્યાદિ કેટલાક આચારને રસ્તો મળે તો પણ હરકત નથી પણ સદ્વર્તન છોડ્યા વગર.

**अनाचारस्तु मालिन्यं अत्याचारस्तु मूर्खता ।**
**विचाराचारमादाय कर्म कुर्वन् सुखी भवेत् ॥**
**અનાચાર છે મલિનતા ને અત્યાચારેય મૂર્ખતા ।**
**વિચારીને આચાર યુક્ત કરે કર્મ તે બને સુખી ॥**

**અનાચાર**-સ્નાન વગેરે ન કરવું. સંધ્યાપૂજા કરતી વખતે ધોયેલાં કપડાંય ન પહેરવાં આદિ.

**અત્યાચાર**-એટલે મીઠા કે ગોળને પણ ધોયા વગર પવિત્ર ન ગણવાં, અક્ષરશઃ અમુક સંખ્યામાં કોગળા કરવા કે અમુક વખત માટી લગાડવી આદિ.

આચાર તથા વિચારનો મેળ બેસાડી વર્તન કરવું એમાં જ ઉચિતપણું છે. આ બધા આચારની પાછળ એક જ તત્ત્વ છે. અને તે એટલે મનુષ્યની રોજિંદી દિનચર્યા, આખુંય જીવન એક સળંગ યજ્ઞમય કેવી રીતે બને એનો પ્રાચીન સમયના સંજોગોનુસાર દિવ્ય દૃષ્ટિથી ઋષિમુનિઓએ કરેલી વહેંચણી. માણસે નવરા બેસીને કોઈ વાતમાં કે કામમાં વખત બગાડવો નહિ. એ જ આ બધાની પાછળનો હેતુ છે.

અંગ્રેજીમાં એક કહેવત છે : An Idle mind is satan's workshop આળસુ મન એ શેતાનનું કારખાનું હોય છે. એક વાર મનમાં શેતાન પ્રવેશ કરે, ખરાબ વિચારો અથવા આસુરી સંપત્તિનો નાચ શરૂ થાય, એટલે શરીર અને ઈંદ્રિયોમાંથી એ જ (શેતાની) ક્રિયાઓ દ્વારા બહાર પડે છે, જેથી કરીને માણસ પોતાની તથા સમાજની દુર્દશા પેદા કરે છે. એને અટકાવવા માટે અને માનવી અધોગતિએ ન જાય એ શુભ હેતુથી તે વખતની પરિસ્થિતિને અનુરૂપ જ્યારે કેવળ પેટને ખુશ કરવા માટે જ આજની જેમ મહેનત અને સમય ખર્ચ કરવો પડતો ન હતો ત્યારે એ મુજબ પોતાના સમાજના સ્વાર્થરહિત મિત્રો એવા ઋષિમુનિઓએ આખાએ દિવસને આવરી લેનાર, જેમાં મળમૂત્રના વિસર્જન જેવી નાનીનાની બાબતોમાંય સૂક્ષ્મ વિધિનિષેધ બતાવ્યા છે, એવું કર્મકાંડ પેદા કર્યું છે. આજના સમયમાં ઇચ્છા અને શ્રદ્ધા હોય છતાં ફુરસદ, સ્થાનની અનુકૂળતા અને જ્ઞાનના અભાવથી એનું પાલન કરવું લગભગ અશક્ય બની ગયું છે માટે નાની નાની વાતો છોડી દઈ મુખ્ય મુખ્ય વિધિવિધાનોનું આચરણ થાય તો વાંધો નથી. કારણકે શાસ્ત્રમાં કહ્યું છે કે :

**अर्थज्ञानं विना कर्म न श्रेयःसाधनं यतः ।**
**अर्थज्ञानं साधनीयं द्विजैः श्रेयोऽर्थिभिस्ततः ॥**

અર્થજ્ઞાન વગર કાર્યને સાધનનો આશરો મળતો નથી તેથી અર્થનું જ્ઞાન મેળવવું રહ્યું. જેથી અર્થવાન બ્રાહ્મણો કલ્યાણ સાધી શકે. અર્થજ્ઞાન વગર કામ કરવાથી કલ્યાણ થતું નથી પણ અર્થજ્ઞાન હોય નહિ અને તે મેળવવા સમય ન હોય ત્યારે શું કરવું ? તો આ સંકટસમય છે અને આવા સમયે કેટલાક આચાર કર્મો ઓછાં થાય તો હરકત નથી એ સારરૂપ જણાઈ આવે છે.

**'विना संध्यावंदनेन नाधिकारोऽन्यकर्मसु.'**

સંધ્યાવંદન કર્યા વગર બીજા કાર્ય માટે અધિકાર પ્રાપ્ત થતો નથી એવું શાસ્ત્રનું વિધાન હોવાથી સંધ્યાને પણ કોરાણે મૂકી અથવા ફક્ત 'કેસ્તુ'માં નીતિનો પ્રસાદયુક્ત સંક્ષેપ કરીને, એને ટૂંકાવીને ચાલશે નહિ. સમય ન હોય તોપણ મુખ્ય એવો પ્રાણાયામ, ધ્યાન, ગાયત્રી જપ અને અર્ઘ્ય-પ્રદાન એટલું તો કરવું જ રહ્યું. તે પણ ન થાય તો ઓછામાં ઓછું મનુસ્મૃતિમાં કહ્યા મુજબ :

**जप्येनैव तु संसिध्येद् ब्राह्मणो नियतव्रतः ।**
**कुर्यादन्यद् न वा कुर्यात् मैत्रो ब्राह्मण उच्यते ॥**

બીજુ કશું ન બને તોય કેવળ ગાયત્રીમંત્ર જ જપવો રહ્યો કારણ કે તે ખૂબ જ પાવનકારી છે. તેના યથાવિધિ જપથી બધાં જ પાપ, સંસ્કાર દોષ અને અન્ય સંસ્કાર દોષ નષ્ટ થાય છે. ગાયત્રી મંત્રના અક્ષરોમાં વિવિધ દોષ દૂર કરવાનું સામર્થ્ય કેવુંક છે તે શ્રી ગુરુચરિત્રમાં આપેલું છે. આજના સમયમાં વર્ણસંકરતા તથા એથી વધુ ભયંકર એવી કર્મસંકરતા વધવા લાગી છે અને તેથી વર્ણાશ્રમ ધર્મનો લગભગ લોપ થવા માંડ્યો છે. આવે સમયે વ્યવસાયની અડચણને લીધે બધા બ્રાહ્મણકર્મો ભલે રીતસર ન થાય તોપણ એક ગાયત્રી-પરાયણતા રહે તો તેથી બીજરૂપે ધર્મ કાયમ રહીને આગળ ઉપર ક્યારેક પ્રચંડ વૃક્ષ થવાનો સંભવ છે. શ્રીમદ્ ભાગવતમાં તપ, શૌચ, દયા અને સત્ય એમ ધર્મના ચાર પાદ કહ્યા છે. એમાં નિત્ય અને નૈમિત્તિક કર્મોનો તપમાં અને ભક્ષ્ય-અભક્ષ્ય, પેય-અપેય, અગમ્ય-ગમન આદિનો શુચિતામાં, યજ્ઞદાનાદિનો દયામાં અને મૌન, જપ, સ્વાધ્યાય વગેરેનો સત્યમાં અંતર્ભાવ

થાય છે. સત્યયુગમાં આ ધર્મ એના ચારે પાયાઓ ઉપર ઊભો હતો; તેથી દરેક પાયો સાજોસમો ખોડ વગરનો હતો. ત્રેતાયુગમાં દરેકનો ચોથો ભાગ ઓછો થયો. દ્વાપરમાં અડધાનો નાશ થયો. કલિયુગમાં પોણા ભાગનો નાશ થયો અને કેવળ પા ભાગનો ધર્મ જ બાકી રહ્યો.

**पादेनैकेन कौन्तेय धर्मः कलियुगे स्थितः ।**
**वेदाचाराः प्रशाम्यन्ति धर्मयज्ञक्रियास्तथा ॥**

(હે કુંતીપુત્ર ! કલિયુગમાં ધર્મ એક પાયા ઉપર ઊભો છે તેથી વેદના આચાર તથા ધર્મયજ્ઞ અને ક્રિયાઓ પણ શમી જાય છે.)

આ વચન મુજબ વેદાચારનો સંક્ષેપ થશે અને યજ્ઞાદિ ધાર્મિક ક્રિયાઓનો દિવસે દિવસે નાશ થશે એમ શાસ્ત્રોએ જ જાહેર કરી દીધું છે માટે બદલાતી પરિસ્થિતિમાં સંજોગો મુજબ વૈદિક કર્મકાંડો ઓછાં થાય એ અનિવાર્ય છે. વેદસમયનાં કેટલાંક કર્મોનો અને ઉપાસનાઓનો કલ્પના પણ ન આવે તેટલો નાશ થયો છે. તે જ રીતે આચાર ધર્મની પણ રોજબરોજ અવનતિ થઈ રહી છે પણ એ માટેના ઈલાજ છે ! આ કર્મો આગળનાં આધ્યાત્મિક સાધનોનો પાયો જ છે.

**स्वाध्यायेन व्रतैर्होमैस्त्रायी विद्ययेनेज्यया सुतैः ।**
**महायज्ञैश्च यज्ञैश्च ब्राह्मीयं क्रियते तनुः ॥**

(સ્વાધ્યાય, વ્રત, હોમ, વેદાભ્યાસ, યાગ, યજ્ઞ, મહાયજ્ઞ ઈત્યાદિથી દીકરાઓ પોતાની જાતને 'બ્રાહ્મી' બનાવે છે.) બ્રહ્મચર્ય અને ગૃહસ્થાશ્રમના કર્મો વડે શરીર બ્રહ્મજ્ઞાન માટે યોગ્ય બને ત્યાં સુધી યજ્ઞાદિ કર્મ કરવાં જ જોઈએ. માનવીના અંતઃકરણમાં મળ વિક્ષેપ અને આવરણ એ ત્રણ દોષ છે. મળ એટલે ઊંઘ, આળસ, પ્રમાદ ઈત્યાદિ તમોગુણ પ્રધાન કામ ક્રોધાદિ પાપ સંસ્કાર, નિત્યનૈમિતિક કર્મો નિષ્કામ ભાવથી કરીએ તો એનાથી પેદા થતા પુણ્ય સંસ્કારોથી તે નાશ પામે છે. વિક્ષેપ એટલે વિષય લાલસાઓથી પેદા થતી મનની ચંચલતા તે ઉપાસનાથી, મનની એકાગ્રતા થવાથી દૂર થાય છે. આમ વિધિસર કર્મોપાસનાથી મનની કામનાઓ લગભગ નિર્મૂળ થઈ ચિત્ત

શુદ્ધ થાય એટલે સ્વરૂપાચ્છાદનરૂપે રહેલું આવરણ શ્રવણાદિજ્ઞાનાભ્યાસથી દૂર થાય છે અને આત્મસાક્ષાત્કાર થાય છે.

શ્રીમદ્‌ભાગવતમાં કહ્યા મુજબ,

**तावत्कर्माणि कुर्वीत, न निर्विद्येत यावता ।**
**मत्कथा श्रवणा शैवा, श्रद्धा यावन्ती जायते ।।**

અંતઃકરણમાં વિવેક વૈરાગ્ય આદિ ઉત્પન્ન થઈને ભગવાનની લીલા કથાઓ વગેરે શ્રવણ કરવામાં શ્રદ્ધા પેદા થઈ નથી ત્યાં સુધી શ્રેય ઇચ્છતા માનવીએ કર્મો કરવાં જ રહ્યાં કારણ કે

**धर्मः स्वनुष्ठितः पुंसां विश्वक्सेन कथासु यः ।**
**नोत्पादयेत् रतिं तर्हिं श्रम एव हिं केवलम् ।।**

ધર્મના આચરણશ્રી જો પરમાત્મા વિષે પ્રેમ પેદા ન થાય તો તે ધર્મ ફોગટ શ્રમ જ બને. જેમ જેમ ભગવદ્ ઉપાસનામાં વધુ ને વધુ રસ, ભક્તિપ્રેમ પેદા થઈ વધુ વખત પસાર થાય તેમ તેમ કર્મ આપોઆપ જ ટૂંકાશે અને કર્મોપાસનાથી જેમ જેમ ચિત્તશુદ્ધિ મેળવાશે અને કામનાઓ ઢીલી પડતી જશે તેમ તેમ જ્ઞાનની અભિરુચિ વધશે અને શ્રવણાદિ સાધનો સફળ થશે પણ મલવિક્ષેપાદિનો નાશ થઈ વિવેકાદિ ઉત્પન્ન થતાં પહેલાં જ કર્માદિનો ત્યાગ કરવામાં આવે તો માનવીની **'अतो भ्रष्टः ततो भ्रष्टः'** (અહીંથી ગબડ્યા અને ત્યાંથી પણ) જેવી હાલત થયા વગર રહેશે નહિ. એ ઇહલોક અને પરલોક બંનેના સુખમાંથી વંચિત રહીને જ્ઞાનનો અનુભવ પણ દૂર જ રહેશે.

કેટલાક લોકોના મત મુજબ જ્યારે માણસ ઉપાસનાને માર્ગે જાય ત્યારે તે કર્માચારને તદ્દન કોરાણે મૂકે તોય ચાલે. પણ આ મત યોગ્ય નથી. આચાર ધર્મને ટૂંકવવો ભલે અપરિહાર્ય હોય તોપણ તેને તદ્દન ત્યજી દેવો યોગ્ય નથી.

**वर्णाश्रमाचारवता पुरुषेण परः पुमान् ।**
**विष्णुराराध्यते पन्थाः नान्यस्तत्तोषकारकः ।।**

વર્ણાશ્રણ ધર્મનો આચાર કરનાર પુરુષથી જ પરમ પુરુષ વિષ્ણુની

આરાધના થતી હોઈ, બીજો કોઈ માર્ગ સંતોષકારક નથી. આચાર ધર્મ પરમાત્માની જ આજ્ઞા, કાયદો છે. તેનો ભંગ કરી મનને ફાવે તેમ સ્વચ્છંદતાભર્યું વર્તન કરવાથી એ ભગવાન ક્યાંથી સંતુષ્ટ થાય? અને એનો સંતોષ એટલે જ કૃપાપ્રસાદ પ્રાપ્ત થયા વગર કલ્યાણ ક્યાંથી થાય? માટે જ આસન, પ્રાણાયામ, જપ, ધ્યાન, દેવપૂજા અને સ્વાધ્યાય ઓછામાં ઓછાં આટલાં કામ તો માનવીએ રોજ કરવાં જ રહ્યાં.

પણ આખીયે જિંદગી સુધી કર્મોપાસના કરવા છતાં કેટલાક લોકોની ચિત્ત શુદ્ધિ થયેલી દેખાતી નથી, એટલે શું કરવું? એવો પ્રશ્ન પૂછાય તો

**શમાદ્યુત્પત્તિભાવેડપિ યાવજ્જીવં તદાચરેત્ ।**
**કર્મ ચોપાસના ચાપિ ફલિષ્યતિ ભવાન્તરે ॥**

(કુમારશિક્ષા)

કેટલીક ખૂબ જ બળવાન અડચણને લીધે આ જન્મમાં કર્મોપાસનાનું ફળ ન મળે તો પણ બીજા કોઈ જન્મમાં જરૂર મળશે એવા દૃઢ ભરોસાથી આખીએ જિંદગી સુધી તે કરતાં રહેવું; અપરિક્વ દશામાં તેમનો ત્યાગ કરવો નહિ. કારણ,

**પ્રાણમનૂત્ક્રમન્તમ્...**
**તં વિદ્યાકર્માણિ સમન્વારભેતે પૂર્વપ્રજ્ઞા ચા ઈતિ શ્રુતિ: ॥**

આ અનુભવસિદ્ધ શ્રુતિ મુજબ બીજે જન્મે તે તે કર્મોપાસના સુસંસ્કારોથી યુક્ત બનેલી પૂર્વપ્રજ્ઞા એમની આત્મોન્નતિને વેગવાન બનાવશે કારણ કે,

**અનેક જન્મસંસિદ્ધિસ્તતો યાતિ પરાં ગતિમ્ ।'**

અને જન્મોની સિદ્ધિ બાદ પરાગતિને પામે છે. એમ ગીતામાં શ્રીકૃષ્ણભગવાને કહ્યા મુજબ કોઈ પણ માનવી સંખ્યાબંધ જન્મની સાધના બાદ સિદ્ધાવસ્થાએ પહોંચતા હોય છે.

**નહિ કલ્યાણકૃત્ કશ્ચિદ્દુર્ગતિં તાત ગચ્છતિ**

પુણ્યકર્મ કરનારની કદીય દુર્ગતિ થતી નથી. કેટલીક વિરલ વ્યક્તિઓ કર્માનુષ્ઠાનાદિ સિવાય પણ આ જન્મમાં શુદ્ધ સરળ અંત:કરણવાળી તથા

ક્રોધ વગેરે દોષથી મુક્ત શાંત સુસ્વભાવની નજરે પડે છે તે પૂર્વજન્મમાં કરેલાં કર્મોનું ફળ લેખાવું જોઈએ.

શ્રી ગુરુ ટેંબેસ્વામી મહારાજે પોતાના કુમારશિક્ષા ગ્રંથમાં.

**દશ્યતે શુદ્ધસત્ત્વોડત્ર યઃ કર્માનુષ્ઠિતિં વિના ।**
**ભવાંતરે કૃતં કર્મ (તેન) ક્રોધાદિરત્ર નૈવ હિ ॥**

કર્માનુષ્ઠાન વગર જે શુદ્ધસત્ત્વવાળા અહીં નજરે પડે છે તે બીજા જન્મમાં કરેલાં કર્મને લીધે હોય છે. તેથી ક્રોધ ઈત્યાદિ અહીં હોતાં નથી.

આ શ્લોકમાં એજ તત્ત્વ સ્પષ્ટ કર્યું છે. સારાંશ કે કર્મોપાસના એ અકાળે છોડી જ ન દેવી જોઈએ. પણ સ્વાભાવિક જ્ઞાનમાં રૂપાંતર થાય ત્યાં સુધી તેનું ઉપાસન-પાલન કરવું જોઈએ. ઝાડને ફળ આવે એટલે ફૂલ પોતાની મેળે નાશ પામે છે તે જ રીતે કર્મોપાસનનો પરિપાક જ આખરે જ્ઞાનોદય માટે કારણ રૂપ બને છે, પણ ફળ આવતાં પહેલાં અથવા ફૂલ દેખાતા પહેલાં જ વૃક્ષ કાપનારને ફૂલોની સુગંધ કે ફળના રસથી વંચિત રહેવું પડે છે અને ઝાડની શીતળ છાયાનો પણ તે ઉપભોગ લઈ શકતો નથી. ઝાડ મોટું કરવામાં પાણી સીંચવા વગેરે માટે કરેલી મહેનત તેને અકાળે કાપવાથી ફોગટ જાય છે. તે જ રીતે અકાળે કર્મોપાસનાનો ત્યાગ કરનારની હાલત થાય છે.

ભગવાને ગીતામાં

**यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।**
**यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥१८-६॥**

આ શ્લોકમાં આ જ તત્ત્વ સ્પષ્ટ રીતે કહ્યું છે.

'જિયેં યજ્ઞદાન તપાદિકેં। યે કર્મ જિયેં આવશ્યસેં તિયેં ન સાંડાવી' પાંથિકે। પાઉલેં જૈસી॥ હારતલેં ન દેખિજેં। તંવ માગૂન સાંડિજે। કા ન ધાતા ના લોટિજેં। ભાણે જેવીં॥ નાવ ન થડી ન પવતાં। ન સાંડિજેં કેવીં ન ફળતાં। પણ ઠેવિલેં ન દિસંતાં। દીપુ જૈસા॥ તૈસી આત્મજ્ઞાન પિરવીં॥ જિવ નિશ્ચિતી નાહીં વિકી। તવ નો હાવે યાગાહિકી। ઉદાસીના॥ વૈસ્યાધિકારાનુરૂપે। તિયેં દાનેં યાગતપેં। અનુષ્ઠાવીં ચિ આક્ષેપેં અધિકેવર॥ જે ચાલણેં વેગાવત

જયે । તો વેગુ બૈસાવયા ચિ હોયે । તૈસા કર્માતિશયો આહે । નૈષ્કર્મ્યા લાગી ॥ ઈત્યાદી (જ્ઞાનેશ્વરી)

સારાંશ

**अनन्तशास्त्रं बहु वेदितव्यं**
**स्वल्पस्तथायुर्बहवश्च विघ्नाः ।**
**यत्सारभूतं तदुपासितव्यं**
**हंसो यथा क्षीरमिवांबुमिश्रम् ॥**

(શાસ્ત્રો અનંત હોઈ જાણવા યોગ્ય ઘણું છે. આયુષ્ય ટૂંકું હોઈ અડચણો ઘણી છે. જેમ પાણીવાળા દૂધમાંથી હંસ દૂધને સેવે છે તેમ જે સારરૂપ હોય તેની ઉપાસના કરવી)

શાસ્ત્રોનો અંત નથી. મનુષ્યની જિંદગી તદ્દન ટૂંકી છે અને તેમાંય દેશકાળ વગેરે અવળા સંજોગો આદિ અનેક અડચણો આવે છે. એવા અસંખ્ય વિઘ્નોવાળા ટૂંકા આયુષ્યમાં કેટલું શાસ્ત્રાધ્યયન અને અનુષ્ઠાન થવાનું ? તોય માનવીએ બને તેટલું પણ એકનિષ્ઠ શ્રદ્ધાથી આચરણ કરીને કલ્યાણ સાધી લેવું.

કારણ કે

**स्वल्पमप्यस्य धर्मस्य त्रायते महतो भयात् ।**

(આ ધર્મનું થોડું પણ આચરણ મોટી બીકમાંથી રક્ષણ કરે છે)

એવી ભગવાન શ્રીકૃષ્ણની ઉક્તિ મુજબ આ ધર્મનું અલ્પાચરણ પણ જન્મ મરણના મહાસંકટમાંથી ઉગારનારું છે. બીજું કશું ન થાય તોય કેવળ અખંડ નામસ્મરણ ચૂકવું નહિ કારણ કે

**औषधं भगवन्नाम वैद्यः कारुणिको गुरुः ।**
**संसार रोगनाशाय पथ्यं साधुसमागमः (रंगहृदय-अक्षरगीता)**

આ સંસારરૂપી રોગમાંથી મુકત થવા માટે ભગવન્નામ એ જ (આ કલિયુગમાં) અમૃતતુલ્ય ઓસડ છે. એ આપે તે સદ્ગુરુ જ સાચા વૈદ્ય અને એના ઉપર સંત સમાગમ એ જ ચરી છે. ઈત્યલમ્.

# ત્રિવિધ દૃષ્ટિ *

આપણા શાસ્ત્રકારોએ દરેક બાબતનો સ્થૂળ અને સૂક્ષ્મ અથવા આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક એમ ત્રણ રીતે વિચાર કર્યો છે. તેમાં આધિભૌતિક કે સ્થૂળ અર્થ કેવળ બાહ્યદૃષ્ટિવાળા ભૌતિકવાદીઓ માટે, આધિદૈવિક ઉત્કટ ભાવનાશીલ વ્યક્તિઓ માટે અને આધ્યાત્મિક કેવળ તત્ત્વવાદી અથવા, આત્મોપાસકો માટે એમ યોજના કરી છે. ભૌતિક દુનિયામાં સૂર્ય એ આ દુનિયાના મૂળમાં રહેલા પરમાત્મા અથવા નિરાકાર પરબ્રહ્મનું સાકાર પ્રતીક છે. સ્થૂળ દૃષ્ટિએ સૂર્ય અથવા સવિતા એ **'સવિતા વૈ પ્રસવાનામ્ ઈષ્ટે'** આ વેદ વચન મુજબ પેદા થયેલી બધી ચીજોનું મૂળ છે. આજની વૈજ્ઞાનિક દૃષ્ટિએ પણ સૂર્યબિંબ જ પૃથ્વી તથા અન્ય ગ્રહો ઉપગ્રહો આદિ સૃષ્ટિનું મૂળ કારણ છે, એમ સાબિત થયું છે. સૂરજના મૂળ પરમાણુના ઓછાવત્તા મિશ્રણથી બધી ચીજોની ઉત્પત્તિ થઈ છે. આ છે સૃષ્ટિ વિશેની અંતિમ વૈજ્ઞાનિક શોધ. ગાયત્રીમંત્રમાં જે સૂર્યની ઉપાસના છે, તે આધિભૌતિક તથા આધ્યાત્મિક બંને દૃષ્ટિએ સમજવાની છે. એમનો સાયણાચાર્ય વગેરેના ભાષ્યમાં એવો જ અર્થ કરેલો નજરે પડે છે. ભૌતિક દૃષ્ટિએ સૂર્ય એ જ શારીરિક આદિ સર્વ પ્રકારના કર્મોનો પ્રેરક છે. બધા મંત્રોના વિવિધ પ્રકારનાં ભાષ્ય આપીને એમનો વિસ્તાર કર્યા કરવું યોગ્ય નથી એથી કેવળ ભર્ગઃ આ એક જ શબ્દનો અર્થ લઈએ.

**અવિદ્યા તત્કાર્યયોર્ભજનાત્ ભર્ગઃ સ્વયં જ્યોતિઃ પરમાત્મકં તેજઃ।**
**સર્વૈઃ દૃશ્યમાનતયા પ્રસિદ્ધં વરેણ્યં સર્વૈઃ સંભજનાયં ભર્ગઃ।**
**પાપાનાં તારકં તેજોમંડલમ્।**

અરુણ (શરૂઆતનો ઝાંખો પ્રકાશ) જેનો સારથી છે. એવા સાત ઘોડાઓના (સાત રંગનાં કિરણોના) રથમાં (વર્તુલાકાર દેખાનારા મંડળમાં)

*સ્વ. કામતજીને લખેલા એક મરાઠી પત્રનો પ્રા. કોલ્હેકરે કરેલો અનુવાદ.

બેઠેલા વગેરે આધિદૈવિક વર્ણન ભાવનાશીલ ઉપાસકો માટે છે. ભૌતિક દૃષ્ટિએ સૂર્યોપાસના કરવી એટલે એનું વૈજ્ઞાનિક રહસ્ય સમજી લઈ શરીરની તંદુરસ્તી, ખેતી, ખનીજ પદાર્થો વગેરેની વૃદ્ધિ માટે સૂર્યનો, સૂર્યના પ્રકાશ કિરણોનો અને ગરમીનો ઉપયોગ કરવો.

**'આરોગ્યં ભાસ્કરાદિચ્છેત્'** (સૂર્ય પાસેથી તંદુરસ્તીની આશા રાખવી-યાચના કરવી) એ વચન અને તૃચાકલ્પ સૂર્ય નમસ્કાર વગેરે પ્રાચીન વિધિ તથા હાલના Solarium-સોલેરિયમ વગેરે યંત્રતંત્રો પ્રખ્યાત જ છે. આધિદૈવિક દૃષ્ટિએ સૂર્યપૂજા એટલે એની સગુણ મૂર્તિ નજર સામે રાખી, મન બુદ્ધિની શક્તિને શુદ્ધ કરી લઈ બુદ્ધિનો ઉત્કર્ષ સાધી લેવો એમ છે અને આત્મ એટલે જ સ્વસ્વરૂપ (પોતાના સાચા રૂપ)ની આડે આવનારા અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી આત્મસાક્ષાત્કાર કરી લેવો, એ જ આધ્યાત્મિક સૂર્યોપાસના છે. આ ત્રણેનું સૂચન કરનાર ત્રણ અર્ધ્ય છે. મંદેહ રાક્ષસાદિરૂપક વગેરે એના જ નિર્દેશક છે.

પહેલા અર્ધ્યથી વાહનનાશ એટલે કે શિથિલતા, નિદ્રા પ્રમાદ આદિ તમોગુણ પ્રધાન મલદોષોનો નાશ; બીજા અર્ધ્યથી શસ્ત્રનાશ એટલે માનસિક અનેક પ્રકારની વિષયલાલસારૂપે રહેલાં અંતઃકરણમાંની ચંચલતા અને તેનાથી થનારી અનેક માનસિક દોડધામનો નાશ અને ત્રીજાથી આ રાક્ષસોનું મૃત્યુ એટલે જુદા જુદા પ્રકારના અજ્ઞાનને લીધે પોતાના સાચા રૂપ ઉપર આવરણરૂપ ઢાંકણનો નાશ કરવો તે. આમ આ બધાનો આ દિશામાં એકત્ર તથા પૂરેપૂરો વિચાર કરીએ તો તે ત્રણ અર્ધ્ય શાનો શાનો નિર્દેશ કરે છે એ ધ્યાનમાં આવશે. દરેક સ્થૂળ કે સૂક્ષ્મ ધાર્મિક ક્રિયા એ આધ્યાત્મિક વિચારોને પોષનારી છે અને વિચાર આચાર મૂલક છે. આચારથી વિચારને ગતિ પ્રાપ્ત થાય છે, થવી જોઈએ; માટે જ કેવળ વિચારશૂન્ય કર્મઠ આચારમાંથી જડતા જન્મે છે અને ઉપહાસને પાત્ર બને છે.

હવે દેવ કે દાનવ, અસુર, રાક્ષસ વગેરે મન, પ્રાણ, ઈંદ્રિયો આદિની વૃત્તિઓ જ છે.

બૃહદારણ્યકોપનિષદના ઉદ્‌ગીથ બ્રાહ્મણમાં **'દ્વયા: પ્રાજાપત્યા દેવાશ્ચાસુરાશ્ચ...'** ઈત્યાદિ આખ્યાયિકાઓ ઉપરના શાંકર ભાષ્યમાં આવો

જ અર્થ લીધેલો છે.

**શાસ્ત્રજનિતજ્ઞાનકર્મ ભર્ગવતા દ્યોતનાદ્ દેવા ભવન્તિ ।**

**તં એવ સ્વાભાવિકપ્રત્યક્ષાનુમાનજનિતદષ્ટપ્રયોજન ભવિતા અસુરા: ।**

**સ્વેષ્વસુષ્ રમણાત્ સુરેભ્યો દેવેભ્યો અન્યત્વાત્...**

શાસ્ત્રોક્ત જ્ઞાન વડે કરેલા કર્મથી વિશુદ્ધ થયેલી મન, પ્રાણ, ઈન્દ્રિયોની વૃત્તિ એટલે જ ગીતાના શબ્દોમાં દૈવી સંપત્તિ એ જ દેવ. એ જ રીતે દૃષ્ટ ફળને કાજે ગમે તેવી ક્રિયોપાસનાઓથી પ્રભાવિત થયેલી વૃત્તિઓ એટલે જ અસુર; શુદ્ધ અને કલ્યાણકારક વાસના એ જ દેવ, અશુદ્ધ કે દુષ્ટ વાસના એ જ અસુર અથવા રાક્ષસ. રાગપ્રધાન વૃત્તિઓથી અસુર અને દ્વેષપ્રધાન વૃત્તિઓ એટલે રાક્ષસ. આ જ સૂર્ય અથવા આત્મપ્રકાશની આડે આવનારા મંદેહ ! આ જ વાસનાઓ દૃઢ બનતાં સ્થૂળરૂપ ધારણ કરીને બ્રહ્માંડના પ્રકાશને ઢાંકી દે છે. આ જ છે સમાજની ઉન્નતિનાં વિઘાતક તત્ત્વો. એમને સૂર્યપ્રકાશની ઉપાસનાથી શારીરિક અને બૌદ્ધિક શક્તિ સંપાદિત કરી હરાવવાનાં અને પ્રકાશ, જ્ઞાન, સંસ્કૃતિ આદિના ઉત્કર્ષમાં ટેકો આપવાનો. આ જ વ્યષ્ટિ મંદેહના એટલે જ અંતઃકરણના સ્વરૂપને ઢાંકનારી વાસનાઓનો નાશ કરવા માટે આત્મસૂર્યોપાસના અથવા બ્રહ્મવિદ્યાવ્યાસંગ ! એ ખાતર જ ત્રણ અર્ઘ્ય તે શ્રવણ, મનન અને નિદિધ્યાસન, અને તેથી થનારો પ્રમાણગત અસંભાવના કે સ્થૂળ શંકાકુશંકાઓનો અર્થાત્ આત્માના આવરણનો નાશ એ જ મંદેહોનો વાહનનાશ. પ્રમેયગત અસંભાવના અથવા સૂક્ષ્મ શંકાકુશંકાઓનો નાશ એ જ શસ્ત્રનાશ અને તેથી સંશય વિપર્યય અથવા વિપરીત ભાવનાઓના બીજભાવનો નાશ થઈ અભાવના આવરણનો નાશ થાય એટલે જ તે મંદેહોનું મૃત્યુ !

હવે આ મંદેહોનો પુરાણોમાં બીજે ક્યાંય ઉલ્લેખ કરેલો દેખાતો નથી. પણ ઋગ્વેદના સૌરસુક્તમાં એક સ્થળે સૂર્યના વર્ણનમાં **'ત્રિંશદ્ધામ વિરાજતિવાકપતંગાયધીયતે । પ્રતિવસ્તોરહ્યુભિ: ।**, એવો ઉલ્લેખ નજરે પડે છે. એમાં 'ધામાનિ-'નો અર્થ **ધામાનિ ઘટિકાભિપ્રાયમેતત્** ધામનો અર્થ ઘટિકા (ત્રિંશદ્ધામાનિ-ત્રીસ ઘટિકા) એવો અર્થ ભાષ્યમાં લીધો છે. એ રીતે

ત્રિંશદ્ધામ એટલે દિવસની ત્રીશ ઘડીઓ સૂર્ય પોતાનાં કિરણોથી પ્રકાશે છે એવો અર્થ થાય. એથી પર્યાયદ્વારા રાતની ત્રીસ ઘડીઓ અંધકારથી આચ્છન્ન મંદેહરાક્ષસથી ઘેરાયેલી-એવો થાય છે. આધ્યાત્મિક દૃષ્ટિએ રાતના અંધારાથી એટલે અજ્ઞાનના વિવિધ પ્રકારના સંસ્કારોથી-વાસનાઓથી-વ્યાપક હોય છે. અને આત્મસૂર્યોદયમાં અડચણ ઊભી કરનાર ત્રિંશત્ કોટિ મંદેહરાક્ષસ એટલે જ રાતની ત્રીસ ઘટિકાઓમાં અંતઃકરણમાં ઉદ્ભવેલા અનેક સંકલ્પરૂપી સૂક્ષ્મ વાસનાઓના રૂપમાં નજરે પડતાં ત્રીસ કોટી સંકટોનો નાશ થાય તે હેતુસર ઉપર કહેલા ત્રણ અર્ઘ્ય.

લોકમાન્ય ટિળક આદિ વિદ્વાનોના મત મુજબ આર્યોનું મૂળ વસતિ સ્થાન ઉત્તરધ્રુવ તરફના પ્રદેશમાં હતું એમ છે. ત્યાં છ મહિના સુધી રાત અને છ મહિનાનો દિવસ હોય છે. એ વાત સુપ્રસિદ્ધ છે. આવા ઘોર અંધારા બાદ સૂરજનો પ્રકાશ જોવાની ઈચ્છા તે વેદ સમયના પ્રાચીન (Primitive) લોકોમાં કેટલી ઉત્કટ હશે અને તે ઉત્કટતાનો નિર્દેશ કરનારા એમનાં વૈદિક સૂક્તોમાં અને નિત્યની પ્રાર્થનાઓમાં એ પ્રકાશ-અજવાળાના દેવ એવા સવિતા સૂર્યનારાયણને આટલું મહત્ત્વ કેમ આપ્યું હશે એનો ખ્યાલ અત્યારના સમયમાં અહીં રહીને કરવો રહ્યો. સ્થૂળ નજરે જોઈએ તો રોગ વગેરે શારીરિક વિકારોનો ઉપદ્રવ રાતની વેળાએ જ વધુ હોય છે. તે દૂર કરવા કુદરતી સૌંદર્યવાળા નદીકાંઠે સ્નાન થયા બાદ બાલ સૂર્યના કિરણો શરીર ઉપર લેતાં લેતાં અંજલિના પાણી દ્વારા સૂરજ તરફ ત્રાટક કરીને દિવસની પ્રવૃત્તિઓ માટે સ્ફૂર્તિ તંદુરસ્તી, ઉત્સાહ પ્રાપ્ત કરવો અને આંખોના તિમિરાન્ધને દૂર કરી દૃષ્ટિ વધારવી ઇત્યાદિ સ્થૂળ રહસ્ય અર્ઘ્યપ્રદાનમાં અભિપ્રેત છે. અનાદિ અજ્ઞાનરૂપી અંધકારમાંથી મુક્ત થવા માટેની તાલાવેલી તો ચોખ્ખી જ દેખાય છે. એ મંદેહ રાક્ષસ સ્થૂળ નજરે દેખાતા નથી અને અર્ઘ્યપ્રદાનથી એક વાર તેમનો નાશ થાય તો પણ ફરી ફરી સૂર્યોદયમાં અડચણ કરવા હરરોજ આવ્યાજ કરે છે. એ ઉપરથી આ તેમનું સાચું સ્વરૂપ સૂક્ષ્મ વાસના રૂપે કેવું હોય છે અને તે એક જન્મના પ્રયત્નોથી દૂર થતું ન હોવાથી ઘણાં વર્ષો સુધી ફરી ફરી શ્રવણ મનન અને નિદિધ્યાસન રૂપે ત્રણ અર્ઘ્ય પ્રદાન કરી તેમનો નાશ કરવા ખાતર ફરી ફરી અભ્યાસ શા માટે અને કેવી રીતે કરવો

પડે છે એનું રહસ્ય ખ્યાલમાં આવશે. વેદાંતદર્શનમાં '**આવૃત્તિરસકૃદભ્યાસાત્** (૪-૧-૧) આ સૂત્ર દ્વારા આ જ તત્ત્વ દર્શાવ્યું છે. પણ **અલમતિવિસ્તરેણ** (અતિ વિસ્તાર કરવો હવે બસ) આટલું પૂરતું છે.

પણ વૈદિક કાળ બાદ ધીમે ધીમે દેશકાળના સંજોગો ઈત્યાદિ બદલાવા લાગ્યા અને તેમ તેમ અનેક વૈદિક ઉપાસનાઓએ નવું રૂપ ધારણ કરવા માંડ્યું. કુદરતથી વધુને વધુ દૂર રહેવાના પ્રસંગોથી અને ખાનપાનાદિમાં ફેરફાર થતો રહેવાથી એમની કલ્પના અને ભાવના શક્તિ ક્ષીણ થતાં ગયાં અને પ્રાચીન સૂક્ષ્મ ઉપાસનાઓને સ્થાને વધુ સાકાર અને નજર સામે લાવવા માટે સરળ પડે એવાં પ્રતીકો કર્મોપાસનામાં દૃઢ થવાં લાગ્યાં. ઉપર લખ્યું જ છે કે તેજ અને તન્મૂલક તેજોમંડળ એજ પરમાત્માનું પ્રથમ સગુણ સાકાર સ્વરૂપ અને એનું ધ્યાન અને આવાહન ગાયત્રી મંત્રમાં છે. છાંદોગ્ય ઉપનિષદમાં એવું વિધાન છે કે એ પરમાત્માએ વિચાર કર્યો. હું તદ્દન એકલો છું, તે એકનો બહુ થાઉં. પછી તેણે તેજની રચના કરી. એ અમોઘ સંકલ્પ શક્તિને, શું અશક્ય અને કેટલીવાર ! સંકલ્પ થતાં જ તેજ નિર્માણ થયું. આગળ તે તેજમાંથી અન્ન એટલે પૃથ્વીની ઉત્પત્તિ. એવી પ્રક્રિયા કહી છે એટલે જળ અને અન્ન એ પહેલાં અવ્યક્ત રૂપે તેજમાં હોઈ તેજ વ્યક્ત રૂપે પ્રગટ થયાં એવો એનો અર્થ છે. પછી તે રૂપનું વર્ણન કર્યું છે. સૂર્ય અથવા પૃથ્વી ઉપરનું સ્થૂળરૂપ જે અગ્નિ, તેમાં જે લાલ રંગ છે તે તેજનો છે, જે સફેદ રંગ છે તે પાણીનો અને કાળો શ્યામ રંગ છે તે અન્નનો એટલે કે પૃથ્વીનો છે આ રીતે દરેક ચીજમાં ઉપર કહેલા તેજ આદિ ત્રણે તત્ત્વોની વ્યાપકતાનું વર્ણન છે. (છા.ઉ.અ.૬, ખં. ૨, ૧ થી ૭ જુઓ) આ જ રંગો સૂક્ષ્મ દૃષ્ટિથી જોઈએ તો મૂળ સૂર્યમાં દેખાશે. સવારના બાલરવિના કોમળ કિરણો રતુમડાં રંગનાં, બપોરના મધ્યાહ્નના સૂર્યનાં તરુણ, પ્રૌઢ કિરણો ઝગમગતા તેજ:પુંજ ગૌર રંગના. તેજની ઉત્પત્તિ મૂળ પરબ્રહ્મ પરમાત્માનું અભિન્ન સ્વરૂપ જ, એમ સંકલ્પાત્મક શક્તિ દ્વારા બતાવવામાં આવ્યું છે. આ શક્તિને શ્વેતાશ્વતર ઉપનિષદમાં 'અજા' કહી છે અને એનાં ત્રણ રંગ લાલ, સફેદ અને શ્યામ એમ બતાવ્યા છે જે પહેલા બતાવેલાં તેજ આદિમાં મળી આવે છે. એમ પરમાત્માની તેજરૂપે શક્તિ, લોકવૃત્તિની સ્થૂળતા પ્રમાણે આગળ ઉપર

ગાયત્રીની અધિષ્ઠાત્રી સ્ત્રી દેવતા થઈ બેઠી. ગાયત્રી મૂળમંત્રનો સ્ત્રીલિંગનો છંદ પણ આમાં અંશતઃ કારણરૂપ બન્યો હશે ! અને તેજ કિરણોને અનુરૂપ સવારે બાલા, બપોરે તરુણી અને સાંજે વૃદ્ધા એવી કલ્પવામાં આવી અને તેનો રંગ પણ લાલ, સફેદ અને શ્યામ એવો દૃઢ થયો. આ મૂળ શક્તિના સ્વરૂપમાં રહેલાં એવાં સત્ત્વ (શ્વેત), રાજસ્, તામસ્, આ ત્રિરંગી ત્રિગુણમાંથી પાછળથી પૃથ્વી, અપ (પાણી) તેજ, વાયુ અને આકાશ વગેરે પંચભૂતાત્મક સૃષ્ટિની ઉત્પત્તિનું વર્ણન છે. આ પાંચ તત્ત્વોનું સૂચન કરનારી તે ગાયત્રી દેવીનાં પાંચ મુખ છે. પાછળથી તેની જ ગૌમાતા બની. અવ્યક્તમાંથી વ્યક્ત, સૂક્ષ્મમાંથી સ્થૂળ અને સ્થૂળમાંથી સ્થૂળતર એવો આ સૂર્યોપાસનાના પ્રતીકના રહસ્યનો વિચાર છે. અવ્યક્તમાંથી વ્યક્ત એ બંને સ્થિત્યંતરોની વચ્ચે એક સ્વપ્ન જેવી સ્થિતિ છે. એમાંના તેજોમય સત્ત્વો (એસ્ટ્રીલ બોડીઝ) એ જ આધિદૈવિક દેવદેવીઓ તથા રાક્ષસ અસુરઆદિનાં સ્વરૂપો છે, અને ભાવનામય ચિત્તની એકાગ્રતાથી તેનું દર્શન પણ શક્ય છે. પણ આ વિચારધારાને અહીં જ અટકાવીએ.

ઉપરની દૃષ્ટિએ વિચાર કરીએ તો મૂળ સૂર્યોપાસનામાં પંચમુખી દેવી ક્યાંથી અને કેવી રીતે આવી આ બધી વાતોનો મેળ બેસે છે એમ લાગે છે. ખરી રીતે તો પરમાત્મા સ્ત્રી પણ નથી અને પુરુષ પણ નથી અને સ્ત્રી પુરુષ અને જે કાંઈ છે તે બધું એનું જ રૂપ-રહસ્ય વિસ્તાર છે.

**'त्वं स्त्री त्वं पुमानसि त्वं कुमार उत वा कुमारी ।**
**त्वं जीर्णो दण्डेन वंचसि त्वं जातो भवसि विश्वतोमुखः ॥**

એમ વેદોએ તેનું વર્ણન કરેલું છે. માટે પોતાની બુદ્ધિની સ્થૂળતા, સૂક્ષ્મતા પ્રમાણે જેણે તેણે પોતપોતાની ઉપાસનાનો પ્રકાર પસંદ કરવો એ જ ઈષ્ટ. બાકી ઋષિમુનિઓએ પોતાની દિવ્ય દૃષ્ટિથી શુદ્ધ લોકકલ્યાણના જ એક હેતુસર કરેલી વ્યવસ્થાનું રહસ્ય ધ્યાનમાં ન આવવાથી જ બધી શંકાકુશંકાઓ અને ટંટાબખેડા થાય છે અને તે સ્વરૂપની અનુભૂતિ થાય ત્યાં સુધી તેવા જ રહેવાના ! માટે કહ્યું છે કે-

**'बुद्ध्वावा कर्मसमारभेत्** (જાણીને કર્મ આચરવું) કોઈ પણ કર્મ એનું રહસ્ય સમજી લઈને જ કરવું પણ અત્યારના (આઈડલી બીઝી) વ્યવસાય બાહુલ્ય (ધંધાની ધમાલ)ના સમયમાં એવું કેમ બને ? અસ્તુ.

# ૩. વ્યાહૃતિ

વ્યાહૃતિનો અર્થ, અક્ષરાર્થ, ઉચ્ચારેલો શબ્દ એવો થાય છે. સૃષ્ટિની ઉત્પત્તિ સમયે ઈશ્વરે પોતાની રજોગુણાત્મક શક્તિરૂપે પ્રજાપતિ બ્રહ્મદેવને ઉત્પન્ન કરી એને સૃષ્ટિની રચના કરવાની આજ્ઞા કરી. એણે

**સભૂરિતિ વ્યાહરત્ । સ ભૂમિમસૃજત્ ।**
**સભુવરિતિ વ્યાહરત્ । સોઽતરિક્ષમસૃજત્ ॥**

ઈત્યાદિ તૈત્તરીય બ્રાહ્મણમાં વર્ણવ્યા મુજબ મનમાં ને મનમાં 'ભૂઃ'નું ઉચ્ચારણ કર્યું અને અંતરિક્ષની ઉત્પત્તિ કરી. સુવઃ અથવા સ્વઃ એવું ઉચ્ચારણ કરતાંની સાથે જ સ્વર્લોક ઉત્પન્ન થયો ! આ ઉચ્ચારણોના સંકલ્પમાં જ એવી વિલક્ષણ શક્તિ હતી કે તે દરેક શબ્દ ઉચ્ચારતાંની સાથે જ તે તે વૃત્તિને અનુરૂપ લોકો પેદા થયા. માટે જ આ ત્રણ શબ્દો આગળ ઉપર જતાં અમોઘ મંત્રરૂપે રૂઢ થવા લાગ્યા. અમુક રીતે અમુક શબ્દનું ઉચ્ચારણ કરીએ તો તેમાંનાં અમોઘ સામર્થ્ય કેવી રીતે ઉત્પન્ન થાય છે એ મંત્રશાસ્ત્રનો વિષય અહીં અપ્રસ્તુત હોવાથી એનો વિચાર કરવો નથી. પ્રજાપતિએ ઉચ્ચારેલો એ ગૂઢ મંત્ર, શબ્દ જ આગળ ઉપર જતાં વ્યાહૃતિ રૂપે રૂઢ થયો. ઋગ્વેદના ત્રીજા મંડળમાં ઈતર મંત્રોની સાથે ચોવીસ અક્ષરોનો ગાયત્રી મંત્ર પ્રથમ નજરે પડે છે તે વ્યાહૃતિ વગરનો છે. પછી તેનું મહત્ત્વ અખંડ નજર સામે રહેવું જોઈએ એ હિસાબે જ કદાચ યજુર્વેદના અધ્યાય ૩૬-૩માં તેને ઉપર્યુક્ત વ્યાહૃતિ લગાડેલી નજરે પડે છે. એનું કારણ ઘણુંખરું એવું હશે કે સ્વર્લોક અથવા દ્યુલોક, અંતરિક્ષલોક અને ભૂલોક એનો પરસ્પર નિકટ સંબંધ છે. આ ત્રણે લોકોની ભૌતિક, આધ્યાત્મિક ઉન્નતિ પરસ્પર અવલંબે છે. એક લોકમાં ક્ષોભ કે અવ્યવસ્થા પેદા થાય તો ત્રણે લોકોને સહન કરવું પડે છે. સ્વર્લોકનો સૂર્ય તે જ ભૂલોકમાં અગ્નિરૂપે તે લોકના વાસીઓનું પોષણ અને સંવર્ધન કરે છે; આ બન્નેને જોડનારો જે અંતરિક્ષ લોક છે તેમાં વાયુરૂપે તે જ સૂર્ય સંચરે

છે અને મૂળ સૂર્યના અત્યુગ્ર તેજને પોતાની લહેરોથી ભૂલોક માટે સહી શકાય એવું બનાવે છે. શરીરમાં એજ અગ્નિ જઠરાગ્નિરૂપે **'પચામ્યન્નં ચતુર્વિધં'** નું કાર્ય કરે છે. ઉપર કહ્યું છે કે એક લોકમાં ક્ષોભ કે અવ્યવસ્થા થાય કે ત્રણે લોકમાં અવ્યવસ્થા ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે સ્વર્લોકના સૂર્યમંડળની ગરમીમાં ઓછાવત્તાપણું થાય તો તેનું પરિણામ અતિવૃષ્ટિ વગેરે રૂપે ભૂર્લોકમાં અનુભવાય છે. અને અંતરિક્ષમાં રોગોત્પાદક સૂક્ષ્મ જંતુ પેદા થઈ તેનાં પરિણામ પૃથ્વી ઉપરના જીવોને સહન કરવાં પડે છે. ભૂલોકમાં કાંઈક ઓછીવત્તી ગડબડ પેદા થાય તો તેની અસર અંતરિક્ષ એટલે સ્વર્લોક પર થયા સિવાય રહેતી નથી. અત્યારના જમાનામાં અણુબોંબ વગેરેના સ્ફોટક ધડાકા થવાથી આવો ખળભળાટ થયો હોવાનું આપણે જોઈએ છીએ. માટે ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં **'પરસ્પરં ભાવયન્તઃ શ્રેયઃ પરમવાપ્સ્યથ ।'** (એક બીજાનો ખ્યાલ કરીને મોટું શ્રેય પામશો) આ બધાના, વ્યક્તિ અને સમષ્ટિના કલ્યાણનો રહસ્ય મંત્ર ઉપદેશેલો છે. એકબીજાની કલ્યાણની ભાવના તથા તદનુરૂપ પ્રયત્ન કરવો એ જ શ્રેયઃપ્રાપ્તિનું મુખ્ય સાધન છે. આ પરસ્પર ત્રણે લોકનું જોડાયેલા હોવું તથા એકબીજા ઉપરના આધારનું તત્ત્વ હમેશાં નજર સામે રહેવું જોઈએ.

આ દૃષ્ટિએ ગાયત્રીમંત્રના પ્રારંભમાં જ **'ભૂઃ ભુવઃ સ્વઃ'** એવી ત્રણ વ્યાહૃતિઓ જોડવાનો રિવાજ પડ્યો હશે. એટલે બ્રહ્માંડનું નાનું શું પ્રતીક એવું જે આપણું વ્યષ્ટિ શરીર (વ્યક્તિનું શરીર) એમાં ભૂર્લોક, એટલે સ્થૂળ શરીર (hand), ભૂવર્લોક એટલે અંતઃકરણ (Heart) અને સ્વર્લોક એટલે મગજ (Head) એમ ત્રણે લોક બતાવી શકાય અને આ ત્રણે પૈકી એકમાં ગડબડ થાય એટલે ત્રણેયને સહન કરવું પડે છે. માટે જ સંપૂર્ણ વિકાસ થવા માટે આ ત્રણેનો સામન્વયિક વિકાસ નજર સામે રાખીને જ શિક્ષણનો ક્રમ નક્કી કરવો જોઈએ. એ ધ્યેય હંમેશા ધ્યાનમાં રહે એ સૂક્ષ્મ હેતુથી જ ગાયત્રી મંત્રના પ્રકાશપૂર્ણ એવા એ સૂર્યમંત્રની શરૂઆતમાં ઉપર કહેલી ત્રણ વ્યાહૃતિઓ મૂકવામાં આવી. આપણા ઋષિમુનિઓએ વ્યષ્ટિ અને સમષ્ટિ (વ્યક્તિ અને સમાજ)ને નજરમાં રાખીને દિવ્ય દૃષ્ટિએ નક્કી કરેલું. આ તત્ત્વ હમણાં

હમણાં જ ક્યાંક આધુનિક દેશનાયકો તથા શિક્ષણતજ્જ્ઞોના ધ્યાનમાં આવવા લાગ્યું છે અને સહ-અસ્તિત્વ, Basic training વગેરેની બૂમાબૂમ અને તે દિશામાં થોડોક પ્રયત્ન થવા લાગ્યો છે. બધી વૈજ્ઞાનિક શોધો અને ભૌતિક શાસ્ત્રો ભૂર્લોક (પાર્થિવ પરમાણુ અને તત્ત્વો) ભૂવર્લોક (વાયવીય પરમાણુ અને તત્ત્વો) અને સ્વર્લોક (તેજોમય પરમાણુ અને તત્ત્વો) આ ત્રણ લોકોથી જુદા નથી એ રહસ્ય ધ્યાનમાં રાખીએ એટલે ગાયત્રી મંત્રના, એ વૈદિક મૂળ રાષ્ટ્રમંત્રના પ્રારંભમાં તેનો નિર્દેશ કરનારી આ ત્રણ વ્યાહૃતિઓ જોડવામાં પ્રાચીન ઋષિમુનિઓની દિવ્ય અને દીર્ઘ દૃષ્ટિ જણાઈ આવશે ! પણ આ ભૌતિક બાજુ અહીં જ અટકાવીને હવે થોડા આધ્યાત્મિક બાજુ તરફ વળીએ.

આત્મસૂર્યના એટલે કે સ્વસ્વરૂપના સાક્ષાત્કાર માટે, અખંડ બ્રહ્માનંદનો અનુભવ લઈ બધાં બંધનોમાંથી મુક્ત એવી જીવનમુક્તિની પ્રાપ્તિ કાજે પ્રજ્ઞા જાગ્રત થાય તે ખાતર આ જ બ્રહ્મ ગાયત્રીનું અનુષ્ઠાન એટલે કે લક્ષ્યાર્થનું ચિંતન કરવાનું છે અને તે માટે ભૂઃ=એટલે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ, 'ભુવઃ' એટલે વાસનાક્ષય માટે પ્રયત્ન અને 'સ્વઃ' એટલે મનોભંગ માટે યોગસમાધિનો અભ્યાસ, આ જ ત્રણ વ્યાહૃતિ મનઃચક્ષુ આગળ રાખવી જોઈએ. આ ત્રણ વ્યાહૃતિ-સાધનો પણ પરસ્પરાવલંબી જ છે. તત્ત્વજ્ઞાન વગર વાસનાક્ષય થાય નહિ અને વાસનાક્ષય ન થાય ત્યાં સુધી મનોભંગ અશક્ય છે અને મનોભંગ વગર વાસનાક્ષય અસંભવ હોઈ સંપૂર્ણ વાસના ક્ષય વગર તત્ત્વનું, સ્વસ્વરૂપનું જ્ઞાન અથવા સાક્ષાત્કાર દુરોપાસ્ત (થવો કઠણ) છે.

આ ત્રણની પછી મહઃ જનઃ તપઃ સત્યઃ એવા એક પછી એક ઉચ્ચ લોકની નિર્દેશક એવી ચાર વ્યાહૃતિઓ સાથે કુલ સાત વ્યાહૃતિઓ થઈ. પણ સામાન્ય લોકોને એમની સાથે ખાસ સંબંધ આવતો ન હોવાથી ગાયત્રી, એ રાષ્ટ્રીય વૈદિક પ્રેરણામંત્રની આગળ ભૂઃ ભુવઃ સ્વઃ એ ત્રણનો જ ઉપયોગ કરેલો છે. ભૂર્લોક અને સ્વર્લોક એ એક બીજાથી દૂર હોવા છતાં વચલા 'ભુવર્' અથવા અંતરિક્ષના લોકોના સંધાનથી પાસે જ છે એમ લાગે છે. એમાં રહેલા જનોનો અરસપરસ આવવા જવાના સંબંધ પણ શાસ્ત્રોમાં વર્ણવેલો જણાય છે. ખૂબ જ પુણ્યનો સંચય થાય ત્યારે ભૂલોકની વ્યક્તિઓ

અંતરિક્ષના ધૂમ્રમય માર્ગે સ્વર્લોકમાં જાય છે. અને એ પુણ્યના ફળરૂપે સ્વર્ગનું સુખ ભોગવીને **'ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશંતિ ।'** એ ગીતાના વચન મુજબ પુણ્ય પરવારે એટલે મૃત્યુલોકમાં આવે છે. એ પછીના લોકમાં ગયેલા પાછા ફરતા નથી. તો નિષ્કામ કર્મોપાસનાના ફળરૂપે, ઉત્તરોત્તર અર્ચિરાદિ જ્યોતિમાર્ગથી ઊર્ધ્વ ગતિ પામીને અંતિમ સત્યલોકમાં બ્રહ્મદેવની સાથે તેમની ક્રમમુક્તિ થાય છે. પણ આ થયો આધિભૌતિક વિચાર.

આધ્યાત્મિક દૃષ્ટિએ આ સાત લોક એટલે જ જ્ઞાનની સાત ભૂમિકાઓ. એમાં પહેલી શુભેચ્છા એ જ ભૂર્લોક. વિચારણા એ જ ભૂવર્લોક. ત્રીજી તનુમાનસા એ જ સ્વર્લોક. આ ત્રણ જ્ઞાનની સાધન ભૂમિકાઓ છે. એમાં જે વચ્ચે છે તે પહેલી અને ત્રીજીને જોડનારી છે. આમ આ ત્રણ સાધન ભૂમિકાઓ હોવાથી એમાંથી અધઃપતનની શક્યતા અને બીક હોય છે. એમાં **માહાચમસ્ય** (એટલે કે મહાચમસ નામના ઋષિના પુત્ર) નામના ઋષિએ ચોથી એટલે મહઃ વ્યાહૃતિએ પહોંચીને પોતાનું કલ્યાણ સાધી લીધું. આ જ મહર્લોક. તૈત્તરીય ઉપનિષદમાં પ્રથમ વલ્લીના પાંચમા અનુવાકમાં આ વ્યાહૃતિ વિશે આખું પ્રકરણ જ છે એમાં **મહઃ ઈતિ બ્રહ્મ... સ આત્મા....** ઈત્યાદિ વર્ણન છે. એ બ્રહ્મનું....સ્વાત્મ સ્વરૂપનું જ્ઞાન (સાક્ષાત્કાર) થાય એટલે મનુષ્યનો પુનર્જન્મ નથી એમ કહેલું છે. માટે જ મહર્લોકનો નિર્દેશ કરનાર એવી આ ચોથી વ્યાહૃતિને આધ્યાત્મિક દૃષ્ટિએ ચોથી જ્ઞાનભૂમિકા અથવા સત્ત્વાપત્તિ કહે છે. ત્યાં પહોંચ્યા બાદ બ્રહ્મવિદ્ બ્રહ્મૈવ ભવતિ (બ્રહ્મને જાણનારા બ્રહ્મ જ બને છે) એ ઉક્તિ મુજબ સાધક બ્રહ્મસ્વરૂપ બને છે અને તેને પુનર્જન્મ પ્રાપ્ત થતો નથી, જન્મમરણના ફેરામાંથી મુક્ત થાય છે એમ બીજા શાસ્ત્રોમાં વર્ણન છે. આગળની ત્રણ ભૂમિકાઓ જનઃ, તપઃ અને સત્યલોકનાં બીજાં નામ છે એ છે અસંસક્તિ, પદાર્થ-ભાવિની અને તુર્યગા. જે રીતે સ્વર્લોકની આગળના મહાદિ લોકમાં ગયેલા પાછા ફરતા નથી તે જ રીતે સત્ત્વાપત્તિ અને તે પછીની ભૂમિકાઓમાંથી પણ પુનરાવર્તન નથી. ચતુર્થ ભૂમિકામાં તે બ્રહ્મવેત્તાને બ્રહ્મવિદ્, પંચમ ભૂમિકામાં બ્રહ્મવિદ્વર અને છઠ્ઠીમાં બ્રહ્મવિદ્વરીયાન એવી સંજ્ઞા છે. આ ત્રણ જીવનમુક્તોની ભૂમિકાઓ

છે અને છેવટનો બ્રહ્મલોક એટલે જ તુર્યગા એ સાતમી ભૂમિકા વિદેહમુક્તની હોઈ ત્યાં પહોંચનારને બ્રહ્મવિદ્વરિષ્ઠ કહે છે.

આ બધાનું સવિસ્તર વર્ણન કરવાનો અહીં અવકાશ નથી અને પ્રસ્તુત વિવેચનમાં એની જરૂર પણ નથી. કવચિત્ આ સાતે વ્યાહૃતિઓને ગાયત્રી મંત્ર સાથે જોડવામાં આવે છે પણ ઘણું ખરું પહેલી ત્રણ જ વધુ નજરે પડે છે કારણ કે એમનો જ ઉપર બતાવ્યા મુજબ અરસપરસ સંબંધ જોડવામાં આવે છે અને સાધકોએ પણ આ ત્રણને જ નજર સમક્ષ રાખીને ગાયત્રી મંત્રનો જપ કરીને તેજસ્વરૂપ બ્રહ્મસાક્ષાત્કાર કરી લેવાનો હોય છે. બ્રહ્મવિદ્‌ની આગળની ભૂમિકા જ્ઞાનપરિપાકના પરિણામરૂપે સ્વાભાવિક રીતે જ જિંદગીની મર્યાદા લાંબી હશે અને પ્રારબ્ધ બાકી હશે તો પ્રાપ્ત થાય છે. પણ ચોથી ભૂમિકાથી માંડી પુનર્જન્મ ન હોવાથી અજ્ઞાન સાથે તેમનો સંબંધ આવતો નથી, અને એક વાર બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા બાદ તેને જપ આદિ કર્તવ્યો કરવાનાં હોતાં નથી તેથી તેમને મહઃ જનઃ, તપઃ સત્યને ગાયત્રીના પ્રારંભમાં જોડવામાં કાંઈ ઉચિતતા નથી. એથી જ સંધ્યાંતર્વર્તી એટલે કે સમંત્રક પ્રાણાયામમાં આ સાતે વ્યાહૃતિનો ઉલ્લેખ છે.

પાછળથી આ વ્યાહૃતિમંત્રને એટલું બધું મહત્ત્વ પ્રાપ્ત થયું કે યજ્ઞયાગમાં ક્યાંક ઓછોવત્તો દોષ રહી ન જાય તે માટે તેના નિવારણ માટે યજ્ઞને અંતે આ વ્યાહૃતિમંત્રો દ્વારા યજ્ઞનારાયણને આહુતિ આપવાનો પ્રઘાત પડ્યો. સંન્યાસપદ્ધતિમાં પણ ત્રણે લોકોની બધી એષણાઓનો વિચારપૂર્વક ત્યાગ કર્યાનો નિર્દેશ કરવા માટે **ૐ ભૂઃ સંન્યસ્તં મયા, ૐ ભુવઃ સંન્યસ્તં મયા, ૐ સ્વઃ સંન્યસ્તં મયા ૐ ભૂર્ભુવઃ સ્વઃ સંન્યસ્તં મયા** એમ ત્રણ વાર મન્દ મધ્યમ અને ઊંચા સ્વરે ઉચ્ચારણ કરીને **ૐ અભયં સર્વ ભૂતેભ્યો મત્તઃ સ્વાહા** એમ બોલીને ત્રણે લોકોના પ્રાણીમાત્રને અભય આપીને પૂર્વ તરફ અંજલિ આપીને ચાલવા માંડવાનો રિવાજ છે. આ પ્રમાણે પારમાર્થિક દૃષ્ટિ એવી સંન્યસ્ત વિધિમાં પણ આ વ્યાહૃતિનું સ્થાન છે એ જોતાં તેમના રહસ્ય અને મહત્ત્વ વિશે આછો ખ્યાલ આવશે.

# ૪. અઘમર્ષણ-રહસ્ય

અઘમર્ષણ એટલે પાપનો નાશ કરવા માટે સંધ્યામાંનો એક વિધિ. આપણા આચારની બધી જ વિધિઓમાં આ સ્થૂળ વિધિને સ્થાન મળ્યું હોઈ એની પાછળ કાંઈક આધ્યાત્મિક અર્થ હોવો જોઈએ. ભૌતિક વિધિની અસર શરીર ઉપર, એમાંની આધિદૈવિક ભાવનાનો હૃદય ઉપર અને આધ્યાત્મિકતાની બુદ્ધિ ઉપર અસર થઈ મનુષ્યનાં આ લોકનું તથા પરલોકનું કલ્યાણ સિદ્ધ થાય છે. એમાંના મંત્રતંત્રનો આરોગ્ય, માનસ અને યોગશાસ્ત્ર સાથે સીધો કે પરોક્ષ સંબંધ હોય છે. યોગશાસ્ત્રનું થોડુંય જ્ઞાન ન હોય તો આ વિધિનો ખ્યાલ આવવો પણ શક્ય નથી.

મંત્ર એટલે અમોઘ સંકલ્પ બળ પ્રાપ્ત કરવા માટે ઋષિમુનિઓએ દિવ્ય દૃષ્ટિએ નક્કી કરેલો સાંકેતિક શબ્દસમૂહ. આવા શબ્દોમાં **'અમંત્રમક્ષરં નાસ્તિ'** એ ઉક્તિ મુજબ મંત્રશક્તિ વગરનો એક પણ અક્ષર નથી. મંત્રમાંના દરેક શબ્દાક્ષરોના વ્યવસ્થિત સશાસ્ત્ર ઉચ્ચારણથી શરીરમાંના પ્રાણવાયુમાં અમુક પ્રકારની ગૂઢ કંપારી અને તત્ત્વવર્ણ ઉત્પન્ન થાય છે. અને એમના ઘર્ષણથી જે તે જ્ઞાન રજ્જૂકેન્દ્રમાં (nerve centres) પ્રસુપ્ત ગૂઢ શક્તિ જાગ્રત થાય છે અને તેની વ્યષ્ટિ શરીર અને સમષ્ટિ શરીર બ્રહ્માંડ ઉપર અસર થઈ ઈષ્ટ સિદ્ધિ થાય છે. પણ એ અક્ષરોનું યોજકત્વ અતીન્દ્રિય દિવ્યજ્ઞાનના અભાવમાં સામાન્ય મનુષ્યમાં હોતું નથી માટે દરેક માણસના ગમે તેવા ઈચ્છા મુજબના ઉચ્ચારણથી ગમે તે કાર્ય સિદ્ધ થતું નથી. એ મંત્રશાસ્ત્રનું અત્યલ્પ રહસ્ય ધ્યાનમાં રાખી દરેક ધાર્મિક વિધિ હાથમાં લેવી જોઈએ.

અઘમર્ષણમાં ગોકર્ણાકૃતિ જમણા હાથમાં પાણી લઈને **'ૐ ઋતં ચ સત્યં ચ'**-ઈત્યાદિ ત્રણ મંત્રોથી એ પાણી તરફ ન જોતાં નસકોરાં સુધી હથેલી ઊંચી કરી જમણી બાજુના નસકોરામાંથી શ્વાસ કાઢીને અંતઃકરણમાં રહેલા પાપ પુરુષને બહાર કાઢવો. ડાબી તરફ એક ધગધગતો પ્રચંડ પથ્થર છે એવો ખ્યાલ કરીને, એવી નિશ્ચયપૂર્વક ભાવના કરીને એ પથ્થર ઉપર તે પાણી નાખી પછી આચમન કરીને આગળનું અનુષ્ઠાન હાથમાં લેવું, આદિ વિધિ કહેલો છે એમાં મંત્રાર્થનો સારાંશ એ છે કે બધું જ કાંઈ બ્રહ્મદેવની

તપશ્ચર્યામાંથી ઉત્પન થયેલું છે એવો છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ **(તપશ્ચાત્ર સૃષ્ટવ્યપર્યાલોચનલક્ષણમ્)** 'તપ' એટલે સૃષ્ટિરચના વિશે દૃઢ સંકલ્પ અને ભૌતિક દૃષ્ટિએ જે તપ્ત કરે છે-ગરમ કરે છે તે એટલે કે પરમાત્માના સૂર્યાદિ જ્યોતિમંડલની ગરમી. હવે આપણે ખાધેલા ખોરાકનું જે સૂક્ષ્મતમ, છાંદોગ્ય ઉપનિષદ્‌ની ભાષામાં અપિષ્ઠ-પરમાણુ, એનું જ મન બને છે. અને શુદ્ધાશુદ્ધ પરમાણુની જેમ પુણ્યાપુણ્ય સંકલ્પ ઉત્પન્ન થઈ તે મુજબ કાર્ય થાય છે અને એને જ પાપ પુણ્ય કહે છે. પાપના સંસ્કાર એટલે જ પાપપુરુષ (શરીર સંહિતા ઈત્યાદિ પ્રાચીન ગ્રંથોમાં મનુષ્યોની જેમ જુદા જુદા રોગોની આકૃતિઓ અને ધ્યાન વર્ણવેલાં છે) એ જ પાપ પુરુષ હૃદયમાં અવ્યક્તરૂપે સંતાઈ બેઠેલો હોય છે. હવે ડાબું નસકોરું ઈડા અથવા ચંદ્રનું સ્થાન છે. તેનો શ્વાસ શીતળ હોય છે. જમણા નસકોરાની નાડી પિંગલા કે સૂર્ય નાડી કહે છે. એમાંથી ગરમ શ્વાસ આવે છે. એ જ ગરમ શ્વાસ દૃઢ સંકલ્પ સાથે જમણા નસકોરામાંથી બહાર કાઢીએ એટલે એની સાથે જ અંતઃકરણમાં છુપાઈને રહેલા પાપસંસ્કાર, નિષિદ્ધ અન્નના તે અપિષ્ઠ પરમાણુ ભસ્મવત્ થઈ બહાર પડે છે એ વાતાવરણમાં 'રેડિયોએક્ટિવ રાખ'ની જેમ ફેલાઈને એની મારફત, વધુ અનિષ્ટ ન થાય તે માટે એ મંત્ર પ્રભાવવાળા પાણીમાં નાખવાનું અને હવામાં આમ તેમ ફેલાઈને પોતાના કે બીજાના શ્વાસ મારફત ફરી અંદર ન જાય અને વધુ અનિષ્ટ ન થાય તે ખાતર ડાબી બાજુએ એ પાણી બળતી વજ્ર શિલા ઉપર ફેંકવાનું, એટલે તે પાણી એ રાખની સાથે ત્યાં જ બળીને ખાખ થાય. આ બધો સૂર્યભેદન ભસ્ત્રિકા પ્રાણાયામનો સંકેત અઘમર્ષણમાં અભિપ્રેત છે.

આ અઘમર્ષણ નિત્યની સંધ્યામાં ન કરે તોપણ ચાલે પણ ગાયત્રીપુરુશ્ચરણ જેવા પ્રદીર્ઘ અનુષ્ઠાનમાં ખાસ કરવું જોઈએ, એવો એક મત છે. બીજા મત મુજબ આ અઘમર્ષણ વિધિની બિલકુલ જરૂરત નથી. સ્મૃત્યર્થસારમાં આને બદલે ત્રણ પ્રાણાયામ કરવા એવું વિધાન છે. સૂર્યભેદન પ્રાણાયામમાં પહેલાં જમણા નસકોરામાંથી શ્વાસ બહાર કાઢવો અને ત્યાં જ થોડો વખત થોભાવી રાખવાનો. આને જ બાહ્ય કુંભક કહે છે. ફરી એ જ નાડીમાંથી ઉપર લેવાનો એટલે પિંગલામાંનો ગરમ શ્વાસ વધુ ગરમ થાય છે અને પ્રવૃદ્ધ (ખૂબ) ગરમીથી પાપમૂલક પેલું 'અપિષ્ઠ' પાપાન્ન પરમાણુ દગ્ધ થાય છે. ઈત્યાદિ રહસ્ય વિશે આ અઘમર્ષણ વિધિમાં ચિંતન કરવાનું છે.

# ૫. સંકલ્પવિચાર

ઘણા લોકોને તિથિ નક્ષત્રાદિ અથવા કોઈકવાર વાર પણ યાદ રહેતા નથી. તે રહે અને ક્યા ધ્યેયની પ્રાપ્તિને માટે અમુક કર્મ કરવામાં આવે છે એની સતત સ્મૃતિ રહે તે ખાતર દેશકાલ આદિ સંકલ્પની યોજના કરવામાં આવી છે. એ રીતે ધ્યેય અથવા ઉદ્દેશ નજર બહાર જતા નથી અને સંકલ્પની શક્તિ વધે છે. તે જ રીતે રોજબરોજ તે જ સંકલ્પનો ઉચ્ચાર કરવાથી સંકલ્પેલું ધ્યેય કેટલું પ્રાપ્ત થયું છે, પ્રગતિ થઈ કે નહીં આદિ આદિ સ્મરણ તાજું રહે છે અને આત્મનિરીક્ષણ (Introspection) ને તક મળે છે. અનુષ્ઠાન બરાબર થતું ન હોય તો નિશ્ચય પાકો કરી શકાય છે. સામાન્ય માણસો માટે આ વિધિ દેશકાલાદિ સંકલ્પનો ઉચ્ચાર કરીને પાણી મૂકવું ઉપકારક જ છે. પાણી મૂકવું એ પ્રતિજ્ઞા કરવાની પ્રાચીન રીત છે. કારણ કે જળ એ ઈશ્વરનું પ્રતીક છે. વૈદિક કાળમાં જલદેવતાની ઉપાસના પ્રચલિત હતી એ તો જાણીતું છે. સંકલ્પેલું કર્મ કર્યા વગર ઊઠીશ નહીં. **'કાર્યં સાધયામિ વા દેહં પાતયામિ.'** એવો તે સંકલ્પની પાછળ વજ્ર નિશ્ચય હોવાની **'પાણી મૂકવું'** એ નિશાની છે. આગળ ઉપર વધુ પ્રગતિ થયા બાદ કેવળ માનસિક સંકલ્પ કરીને અથવા તે પણ ન કરી કાર્યો કરીએ તો હરકત નથી. મન એ હરાયું ઢોર છે. એ ગમે ત્યાં મરજી મુજબ દોડે નહિ માટે તેના ગળામાં સંકલ્પનું આ સ્થૂળ જોતરું હોવું

સારું-માટે જ સામાન્ય માણસો માટે તો એની જરૂરત છે જ અને ભાવનાના સાતત્ય માટે એનું એક ચોક્કસ રૂપ પણ હોવું જ જોઈએ. તે માટે આ નહિ તો કોઈ બીજો વિધિ પ્રચલિત કરવામાં આવે તોય એ માટે આ 'આવું કેમ, એનું રહસ્ય શું?' એ પ્રશ્ન રહે જ છે. આજના સમયમાં રાષ્ટ્રીય ધ્વજવંદનાદિ પ્રકારના જેવો જ આ વિધિ છે. ધ્વજવંદન અમુક રીતે કેમ કરવું? રાષ્ટ્રગીતનો ઉચ્ચાર ન કરીએ તો રાષ્ટ્રનિષ્ઠા સતત જાગ્રત રાખી નહિ શકાય કે? ધ્વજવંદન ન કરીએ અને સતત રાષ્ટ્રસેવા કર્યા કરીએ તો પણ રાષ્ટ્રભક્તિમાં ઊણપ આવે છે કે? આ વિધિથી રાષ્ટ્રનિષ્ઠા મજબૂત બને છે. અને એમાંય ત્રણ રંગ નજરે પડતાં જ રાષ્ટ્રૈક્યની ભાવના ઊછળીને દૃઢ બને છે એ અહીં વિચારવા જેવું છે. મહાત્મા ગાંધીજી જેવાઓને એની જરૂર ન હોય તો પણ સામાન્ય પ્રજાને ચોક્કસ જરૂર છે. ધાર્મિક વિધિનું પણ એવું જ છે.

અને દરેક સ્થૂળ વિધિની પાછળ સૂક્ષ્મ રહસ્ય ભરેલું છે, કોઈને તેની જાણ હોય કે ન હોય! બાકી **'પુણ્યાપુણ્યે પથિ વિચરતાં કો વિધિઃ કો નિષેધઃ!** (પુણ્યને માર્ગે જનારને કરવા જેવું શું ને ન કરવા જેવું શું) એમ જે નૈષ્કર્મ્ય નિષ્ઠ મહાત્માઓ હોય છે એમને માટે જ તેઓ જે કાંઈ કરે તે વિધિઃ અને ન કરે તે જ નિષેધ (ન કરવા જેવું). તેઓ જ્યારે જાગે ત્યારે જ એમનો દિવસ અને સૂઈ જાય ત્યારે જ તેમની રાત! પણ આ તેમને માટે જ અથવા તેમના જેવી વ્યક્તિઓ માટે જ! બીજાઓએ કાંઈક નિયમબદ્ધ થવું જ પડે; દેશ કાળને અનુસરીને તેમાં થોડું ઘણું ઓછાવત્તાપણું થાય તે ઠીક છે.

# ૯. વિન્ધ્ય કથાનકનું રહસ્ય

પુરાણો એ વેદ ઉપરનાં લોકભાષામાં મૂકેલાં ભાષ્યો જ છે. **'ઈતિહાસપુરાણાભ્યાં વેદં સમુપબૃહંયેત્'** રામાયણ મહાભારત આદિ ઈતિહાસ અને ભાગવતાદિ પુરાણોના યોગથી જ વૈદિક સિદ્ધાંતોનો ફેલાવો કરવો એમ કહ્યું છે. એમાંનાં કથાનકો અક્ષરે અક્ષર લેવાનાં ન હોઈ સિદ્ધાંત સમજવા માટે સૂત પૌરાણિકોએ આપેલાં તે દૃષ્ટાંત છે, એમ સ્થૂળ નજરે માનવાને વાંધો નથી. ઘણીવાર એમાં શાસ્ત્રીય, સ્થૂળ અને સૂક્ષ્મ રહસ્ય હોય છે. કેટલીકવાર સંકેત પણ હોય છે, અક્ષરશઃ શાસ્ત્રીય (Scientific) ઉકેલ લાવવામાં ઘણુખરું નિરાશા મળે છે. એનો એકંદરે સારાંશ લેવો અને તાત્પર્ય શું છે એટલું જ જોવું. એ દૃષ્ટિએ વિંધ્ય કથાનકોની ઉપપત્તિ નીચે મુજબ થઈ શકે.

પહેલાં વૈદિક સંસ્કૃતિ આર્યાવર્તમાં જ એટલે ઉત્તર ભારતમાં જ ફેલાયેલી હતી. વિંધ્ય પર્વતની નીચે દક્ષિણના મુલકમાં દ્રવિડલોકો અને એમની જુદી સંસ્કૃતિ હતી. ઓળંગવો મુશ્કેલ એવો વિંધ્યપર્વત ઓળંગીને અગસ્ત્ય ઋષિ દક્ષિણ પ્રદેશમાં સૌ પ્રથમ ગયા. એમણે વૈદિક આર્યસંસ્કૃતિનો એટલે જ્ઞાનસૂર્યના પ્રકાશનો ત્યાં ફેલાવો કર્યો. તે પહેલાં જંગલો અને ભયંકર ખીણો-કોતરોને લીધે આ વિંધ્યાચળ અનુલ્લંઘનીય જ મનાતો હતો. સૂર્યનાં કિરણો ત્યાં પેસતાં ન હતાં. અગસ્ત્ય ઋષિ વિંધ્ય પર્વતના ગુરુ હતા અને તેમની આગળ એણે સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. એને 'હું પાછો આવું ત્યાં સુધી આમ જ પડ્યો રહે' એમ કહ્યું અને તે પડી રહ્યો. અગસ્ત્ય ઋષિ કાયમના દક્ષિણમાં રહ્યા અને સૂર્ય પ્રકાશને માટે દક્ષિણમાં જવાનો રસ્તો

કાયમને માટે ખુલ્લો થયો. આ બધા કથાનકનો મથિતાર્થ એટલો જ કે અગસ્ત્ય ઋષિએ એક વાર વિંધ્ય પર્વત ઉપરથી દક્ષિણમાં જવાનો માર્ગ ખુલ્લો કર્યા બાદ બીજા સાહસિકોની મુશ્કેલી દૂર થઈ અને તેના પછી અનેક ઋષિમુનિઓએ ત્યાં જઈ આર્યસંસ્કૃતિનો ફેલાવો કર્યો અને આ રીતે એ રસ્તો થયો અને દક્ષિણમાં સૂર્યનો પ્રકાશ કાયમનો થયો. વિંધ્ય પર્વત એટલે જ એના અભિમાની દેવતાએ ગુરુ આગળ મસ્તક નમાવ્યું. એ બધું ભાવનામય ચિત્ર આધિદૈવિક મથાળા નીચે જાય છે. આપણા ઋષિમુનિઓએ આધ્યાત્મિક રહસ્યનું સ્થૂળ ચિત્ર એકદમ મનઃચક્ષુ સામે ઊભું કરવા માટે પર્વત, નદી, સૂર્ય, ચંદ્રાદિમંડળો આદિના અભિમાન દેવતાઓ-સુંદર શક્તિમૂર્તિઓ કલ્પેલી છે અને એ બધું ભાવનાશક્તિ વધારવા માટે અગસ્ત્ય ઋષિના અપ્રતિમ તેજઃ પુંજ, તપની શક્તિ આગળ જાણે કે મૂર્તિમંત જડપણું હોય એવો વિંધ્ય પર્વતનો આત્મા નમી પડ્યો. એણે આળોટવા માંડ્યું એટલે કે તેના ઉપરના જંગલોમાંના કેટલાક સિદ્ધતપસ્વી અને અન્ય વન્ય જાતિના શક્તિશાળી લોકો હશે તેમણે ઋષિની તાકાત જોઈ, તેમનું શ્રેષ્ઠત્વ કબૂલ કર્યું અને માન આપીને દક્ષિણમાં જવાનો રસ્તો ખુલ્લો કરી આપ્યો, એવો અર્થ લઈ શકાય. બીજું વિંધ્ય ઊંચો ને ઊંચો વધતો જતો હતો એટલે કે તેનો સહકાર, અકડાઈ મેરુ જેવી, કશાને ન ગણકારવા જેટલી બેહદ વધવા માંડી હતી. સાધનની શરૂઆતમાં આળસ અને પરિણામની અવસ્થામાં અહંકાર એ જ જ્ઞાન માટે મુખ્ય અને દમન કરવા માટે મુશ્કેલ એવી પ્રતિબંધક અડચણો છે.

આળસની મૂર્તિમંત પ્રતિમા એટલે જ સ્થાવર વિંધ્ય ! એ ઊંચે ને ઊંચે વધતો જાય એટલે અહંકાર વધી પડે અને તેને દૂર કરવા માટે અને જ્ઞાનપ્રકાશના **'સદ્‌ગુરુ વગર ન જડે સગવડ'** સદ્‌ગુરુ અગસ્ત્યને શરણ જવું અને **'કરી મસ્તક ઠેંગણા લાગે સંતાચ્યા ચરણા' 'હાથમાં માથું મૂકી ઠીંગણો**

**લાગે સંતોના ચરણમાં'** આદિ વચનો મુજબ એમને ચરણે કાયમનું આળોટવું એવું એવું કેટલું બધું રહસ્ય આ કથાનકની પાછળ વિચાર કરતાં જણાઈ આવશે.

બીજું પ્રાચીન ઋષિમુનિઓની તપશ્ચર્યાનો પ્રભાવ એવો પ્રખર હતો કે પૃથ્વી પરની જડ ચૈતન્ય વસ્તુઓ પર જ શું (અને વિંધ્ય પર્વત એટલે મૂર્તિમંત જડતા જ ને !) પણ દ્યુલોકમાંના સૂર્ય ચંદ્રાદિ ઉપર પણ એટલે કે સ્થાવર જંગમ દેવ મનુષ્યો વગેરે બધાં ઉપર સત્તા ચાલતી હતી, કારણ કે **'બ્રહ્મવિદ્ બ્રહ્મ જ બને છે'** આ સત્યોક્તિ મુજબ દુનિયાના પાયામાં રહેલું બ્રહ્મતત્ત્વ સમજીને તે બ્રહ્મની માફક સર્વવ્યાપી અને સર્વસત્તાક બનેલા એટલે કે બ્રહ્માંડનો એક સક્રિય અંશ જ બન્યા હતા. અને જેમ ટેબલનો એક ખૂણો હલાવીએ એટલે આખુંય ટેબલ હાલે છે તેમ પોતાના આત્માને હલાવીએ એટલે આખુંય બ્રહ્માંડ હાલવા માંડે છે.' **'ભીષાऽસ્યાત્ વાતઃ પવતે...'** એ પરમાત્માની બીકથી એટલે કે સત્તાથી વાયુ આદિ સ્થૂળ સૂક્ષ્મ દેવતા પણ પોતપોતાનાં કામ કરવા માટે પ્રવૃત્ત થાય છે તે જ પ્રમાણે એ પરમાત્માનો સાક્ષાત્કાર કરી તેની સાથે એકરૂપ થનારા પોતાનું વ્યક્તિત્વ એમાં ડુબાડી **'અહં'** ને ભૂલી સર્વમય થયેલા બ્રહ્મવેત્તાને **કર્તુમ્ અકર્તુમ્ અન્યથા કર્તુમ્** એવી શક્તિ પ્રાપ્ત થાય છે. આ રહસ્યના દર્શક તરીકે પણ આ કથાનક વિચારણીય છે. અગસ્ત્ય ઋષિ ફરી પરત આવ્યા જ નહિ એટલે જે કામ માટે કૃત નિશ્ચય થઈને ગયા ત્યાંથી તેમણે પાછી પાની કરી નહિ અને એમણે ત્યાંના લોકો માટે એટલો અવિશ્રાન્ત પરિશ્રમ કર્યો કે એમના હૃદયમાંથી એમની યાદ નષ્ટ થવી કદી પણ શક્ય છે કે ? એ ત્યાં અમર જ છે અને એમની યાદ **યાવચ્ચંદ્ર દિવાકરૌ કાયમ** રહે તે માટે જ દક્ષિણ દિશામાંના એક તારાને અગસ્તિ નામ આપવામાં આવ્યું, ઇત્યાદિ કેટલાય રહસ્યમય વિચાર આ

વાર્તા વિશે ચિંતન કરવાથી રજૂ કરી શકાશે.

હવે સૂર્ય પૃથ્વીની આજુબાજુ ફરતો હતો એ પ્રાચીન માન્યતા અને પૃથ્વી સૂર્યની આજુબાજુ ફરે છે એ આધુનિક શોધ. એમનો મેળ બેસાડી શકાય તો જોઈએ. ઉપર કહ્યું જ છે કે પુરાણો એ વેદ ઉપરનાં લોકભાષામાં રચેલાં ભાષ્યો છે અને ઉપદેશને માટે **'લોકોની વાણી બોલવી.'** એમ હોય તો જ એની અસર જલદી થાય છે. એ વખતે લોકોની એવી જ સમજણ હતી અને આજે પણ શાસ્ત્રજ્ઞાન વગરના અજ્ઞાની લોકોની સમજણ શું છે ? બહુજન અબુધ સમાજ સૂરજ પૃથ્વીની આજુબાજુ ફરે છે માટે જ રાત-દિવસ થાય છે એમ મનમાં ધારે છે અને તેનો અનુવાદ પુરાણોમાં કરેલો નજરે પડે છે. બીજું એ કે, વિંધ્ય કથાનક ખગોળશાસ્ત્ર (Astronomy) શીખવવા માટે કહેલું ન હોઈ અમુક બોધ પ્રાપ્ત કરવા માટે ત્યાં આપેલું છે એમ લાગે છે. આત્મા નિર્વિકાર હોઈ આ દેહોપાધિના વિકાર આપણે આત્મા ઉપર લાદીએ છીએ અને આત્માના ચેતનાદિ ધર્મ જડ દેહાદિકને લાગુ પાડીએ છીએ તે જ પ્રમાણે થોડોક આવો પ્રકાર હોવાની સંભાવના છે પણ કથાનકમાંના રહસ્ય સાથે આને ખાસ સંબંધ નથી, માટે આટલાથી જ પૂરું કરું છું.*

સંતચરણરજકણ રંગ અવધૂત

---

*આ પત્ર-લેખમાં અપાયેલાં શીર્ષકો મૂળમાં નથી. પત્ર કેટલીક શંકાઓના સમાધાનરૂપે સ્વ. કામતજી ઉપર લખાયેલો હતો. તેથી મૂળમાં શીર્ષક ન જ હોય; પણ છાપતી વેળા વિષયસૂચક શીર્ષક અમે મૂક્યાં છે.

-પ્રકાશક.

# પરિશિષ્ટ

## ૧. ધર્મપરિષદને સંદેશ

જુદા જુદા ધર્મ એ પ્રભુને પામવાના જુદા જુદા માર્ગો છે. અંતિમ મંઝિલ કે પ્રાપ્ય સ્થાન બધાનું એક જ છે. **'એકં સદ્ વિપ્રા બહુધા વદન્તિ ।'** સત્ય એક છે. જ્ઞાનીજનો એને વિવિધ રીતે વર્ણવે છે. સમાજને છિન્નભિન્ન થતો જે અટકાવે અને પરસ્પર પ્રેમરજ્જુથી સદાને માટે સંઘટિત રાખે એનું નામ ધર્મ. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ યમ એ આ ધર્મકલેવરના પંચ પ્રાણ છે. આમાં કોઈ પણ સાચા ધર્મ કે ધર્માચાર્યની ભિન્નવાક્યતા નથી; હોઈ શકે પણ નહિ. આ ધર્મ ચારે પુરુષાર્થનો પાયો છે. અત્યારે સકળ સૌખ્યના મૂળ સમા આ પાયા તરફ સમાજનું દુર્લક્ષ થતું જાય છે અને સમાજ ધીમે ધીમે અર્થકામપ્રધાનતા તરફ ઘસડાતો જાય છે. એ દેશનું દુર્દૈવ છે. બધા ઘર્ષણનું મૂળ આ જ છે. અર્થકામની પ્રાપ્તિ, વહેંચણી અને ઉપભોગ જો ધર્મમૂલક ન હોય તો સમાજમાં અખંડ અસંતોષ અને યાદવાસ્થળી જામેલી જ રહે અને મોક્ષ કે પરમ શાંતિની માત્ર વાતો જ કરવાની રહે. કોઈ પણ મકાનના પાયા અને છતનું જ ઠેકાણું ન હોય તો વચલો મિનારો કેટલો વખત ટકે અને અંદર રહેનારની શી ગતિ થાય તેનો વિચાર જ કરવાનો રહ્યો.

જે જગન્નિયંતા પરમ કૃપાળુ પરમાત્માની પ્રેરણાથી ધર્મ પરિષદનો ઉપક્રમ થયો તે જ પરમ કારુણિક જગત્પિતા એને સંપૂર્ણપણે યશસ્વી કરો એવી તચ્ચરણે વિનીત પ્રાર્થના છે. આવા પારિષદિક વાતાવરણથી વર્ષો થયાં વિમુખ હોવાથી શારીરિક હાજરીથી કાંઈ ઔપચારિક હેતુ સરે એમ લાગતું નથી એટલે લાચાર. પણ હૃદય અને આત્મા ત્યાં જ છે. જેવી રીતે અત્યારના રાજકીય ક્ષેત્રમાં ગરવી ગુજરાતે આગેવાનીભર્યો ભાગ લઈને સમસ્ત દેશને દોરવણી આપવાનું માન મેળવ્યું છે તેવી જ રીતે ધર્મના ક્ષેત્રમાં પણ આ અને આવી પરિષદ દ્વારા આપણા રાષ્ટ્રને અને પરિણામે સમસ્ત વિશ્વને સાચી

દોરવણી આપવા એ સમર્થ થાઓ એવી પ્રભુ પાસે આત્મિક પ્રાર્થના છે.

ધર્મના સૂકા પ્રચાર કરતાં સહૃદય આચાર ઉપર આ પરિષદ વધારે ભાર મૂકે એવી સદ્- વાંછના અને સંમિલિત સર્વ સંત મહંતને ચરણે ભાવવંદન સાથે.*

ચૈત્ર વદ-૮, સંતદાસાનુદાસ
વિ. સં. ૨૦૦૩ રંગ અવધૂતના
રવિવાર, તા. ૧૩-૪-૪૭ જય સચ્ચિદાનંદ

## ૨. 'જનગણ' સાપ્તાહિકને આશીર્વાદ

વિ. જે આપનો પત્ર મળ્યો. આપના તરફથી લોકોની સેવામાં નજીકના ભવિષ્યમાં 'જનગણ' નામનું સાપ્તાહિક પ્રસિદ્ધ થવાનું છે તે જાણી પરમ આનંદ !

આપણી આઝાદી સાચી આબાદીનું પ્રતીક બને, આપણી લોકશાહી ટોળાશાહીમાં ન પરિણમે, આપણું સ્વરાજ સ્વ-પૈસા કે પૈસાદારોનું રાજ અથવા સ્વ-સંબંધીઓ કે લાગતા- વળગતાઓનું-રાજ ન બનતાં સ્વ-પોતાનું, દરેકનું-રાજ બને અને તેના સંચાલનમાં સાચા લોકમતનું પ્રતિબિંબ હોય, અને આપણી જનતામાં સુષુપ્ત રહેલો જનાર્દન-દેવત્વ જાગ્રત થાય, આપણે દેહવાદી મટી આત્મવાદી થઈએ, સત્ય, પ્રેમ, અહિંસા, સમતા, સેવા, શાંતિ, નિર્ભયતા વગેરે આત્મિક ગુણોનો વિકાસ સાધીએ, ક્ષુદ્ર અંગત સ્વાર્થો બાજુએ મૂકી સર્વસમર્પણના યજ્ઞમાં યથાશક્તિ બલિદાન આપી સર્વનો સર્વાંગીય વિકાસ સાધવામાં બનતું બધું કરી છૂટીએ, અને રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું સર્વોદયનું સ્વપ્ન સફળ થયેલું જોવાને શક્તિમાન થઈએ

*હિંદી તત્ત્વજ્ઞાન પ્રચાર સમિતિ સંચાલિત ધર્મપરિષદ (તા. ૨૩-૪-૪૭થી ૨૭-૪-૪૭) અમદાવાદના તા. ૪-૩-૪૭ના આમંત્રણ પત્રનો જવાબ.

એ ધ્યેય હમેશાં નજર આગળ રાખી આપના 'જનગણ' દ્વારા અખિલ જનગણ મંગલ સધાય એવી હાર્દિક આશિષ અને એ માટે જોઈતી શક્તિ અને તટસ્થ નિર્વિકાર દૃષ્ટિ જગન્નિયંતા પરમાત્મા આપને બક્ષે એવી સહૃદય પ્રાર્થના છે.*

અષાઢ વદ ૫, વિ. સં. ૨૦૦૪ રંગ અવધૂત
સોમવાર, તા. ૨૬-૭-૪૮

## ૩. રાજપૂત અધિવેશનને આશીર્વચન

**આર્તત્રાણાય નઃ શસ્ત્રં ન પ્રહર્તુમનાગસિ,**
**સર્વેઽત્ર સુખિનઃ સન્તુ સર્વે સન્તુ નિરામયાઃ ।**
**સર્વે ભદ્રાણિ પશ્યન્તુ મા કશ્ચિદ્ દુઃખમાપ્નુયાત્ ॥**

શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળના ૩૧ મા અધિવેશનની આપના તરફથી મળેલી આમંત્રણપત્રિકા વાંચી મારા જેવા રાની માણસને પણ આ આનંદમેળામાં આવી ઊભા રહેવાનું મન થાય છે.

રાજપૂત સમાજ એટલે કર્મવીરોનો સમાજ; દેશ, ધર્મ અને કચડાતી માનવતા માટે કેસરિયાં કરનારા કેસરીઓનો સમાજ, શીલપ્રાણ સતીઓનો સમાજ, નિર્દોષ વાત્સલ્યના અવતારસમી ગૌમાતાના રક્ષણ માટે પ્રાણ પાથરનારાઓનો સમાજ, નિર્બળનું રક્ષણ કરતાં મરી ફીટનાર વીરોનો સમાજ, ધીરોનો સમાજ.

પણ એ ગૌરવવંતા સમાજનું આજે શું થવા બેઠું છે ? રાજપૂત સમાજની મોટા ભાગની અસ્મિતા જાણે આજે મરી પરવારી હોય, એની સ્વમાનની લાગણી ભૂંસાઈ ગઈ હોય, કર્તવ્યનિષ્ઠા અદશ્ય થઈ હોય, આત્મવિશ્વાસ રસાતળ ગયો હોય તેમ ચોમેર સમાજની ભાવિ આશાના અંકુરરૂપ યુવાનો નિસ્તેજ દયામણે ચહેરે માયકાંગલી દશામાં આમતેમ ફરતા માલૂમ પડે છે !

*રત્નસિંહ મહીડા, તંત્રી, જનગણ, રાજપીપલા, ને પ્રત્યુત્તર.

સાચે જ આવી દયાજનક સ્થિતિથી વધારે શોચનીય બીજું શું હોઈ શકે ?

માટે

**સમાજના બાહુસમા પ્યારા રાજપૂત બંધુઓ !**

**આર્તત્રાણાય નઃ શસ્ત્રં ન પ્રહર્તુમનાગસિ ।**

**અમારાં શસ્ત્ર-સાધનો દીનદુઃખીની સેવા-સંરક્ષણ માટે છે, બીજાના હક્ક પર તરાપ મારવા માટે હરગિજ નથી**-ની વીરગર્જના કરી,

સમયનાં એંધાણ પારખી સૈકાજૂની ઊંઘમાંથી ઊઠો; પ્રમાદ, આળસ, કર્તવ્યશૂન્યતા ને કુસંપની ધૂળને કાયમની ખંખેરી નાખો; પોતાની ધીરોદાત્ત રાજવંશી અસ્મિતા પ્રત્યે જાગ્રત થાઓ. ક્ષાત્રકુલાવતંસ, રાજપૂતમણિ, મેવાડભૂષણ મહારાણા પ્રતાપ જેવા અમર આદર્શ આંખ સામે રાખી પોતાનાં હીનદીન બંધુઓની-માભોમની સેવા માટે કેડ બાંધી આગળ ધપો અને પોતાની પવિત્ર પરંપરાને અનુરૂપ સ્વસુખનિરભિલાષ ઔદાર્ય, સત્યનિષ્ઠ ક્ષત્રિયવટ, નિષ્કલંક કુલીનતા, વીરોચિત ક્ષમા, પરસ્પર સમભાવ વગેરે ઉચ્ચ સદ્‌ગુણ કેળવી સમાજમાં અને સરવાળે દેશસમસ્તમાં સુખ, શાંતિ, સમભાવ અને સમૃદ્ધિનું સામ્રાજ્ય પ્રસ્થાપિત કરવામાં બનતો ફાળો અર્પણ કરો.

પ્રાણીમાત્રના કલ્યાણ માટે પોતાનું સર્વસ્વ આપી દેનાર જગન્નિયંતા પરમાત્મા આપને બધાને આ બધું કરવા માટે જોઈતી શક્તિ, ભક્તિ અને સાધન-સંપન્નતા અર્પે અને આજનો બીજાની દૃષ્ટિએ **કિસગિનતી**માં લેખાતો રાજપૂત સમાજ ફરીથી પોતાનું પૂર્વનું ઉચ્ચ, ગૌરવવંતું, સ્પૃહણીય અને તેજસ્વી સ્થાન પ્રાપ્ત કરે એવી મારી અક્ષય હાર્દિક આશિષ છે.

આચારશુદ્ધિ વિના પોકળ, ઉછીની આણેલી, ભાષણીયા વિચારશુદ્ધિ પ્રભાવશાળી તો નથી જ, પણ સમાજમાં ઉત્તરોત્તર વધતો જતો સેવાદંભનો ચેપ ફેલાવનારી છે એ આજનું સંમેલન બરાબર યાદ રાખે અને સંમેલનમાં થયેલા ઠરાવો કેવળ કાગળ પર જ ન રહે તેની પૂરતી ખબરદારી રાખે એવી આંતરિક શુભેચ્છા ! ઈતિ શમ્ !

પુનગામ, પોષ વદ-૧, વિ. સં. ૨૦૧૧ — હર હર મહાદેવ !!
રવિવાર તા. ૯-૧-૫૫ — વન્દે માતરમ્ !!!*

*શ્રી ગુજરાત રાજપૂત હિતવર્ધક મંડળ ભરૂચના ૩૧ મા અધિવેશન પ્રસંગે

## ૪. 'પ્રાર્થના' માટે પ્રાર્થના

સુરતમાં 'પ્રાર્થના' નો પ્રત્યક્ષ આપેલ અંક જોઈ ગયો. સંતોષ અને આનંદ. સહૃદય અને નિષ્કામ પ્રાર્થના એ આધ્યાત્મિક સાધનાનો પ્રાણ છે. જ્યારે જ્યારે જીવનાકાશમાં નિરાશાનાં કાળાં વાદળ ઘેરાઈ વળે, માર્ગમાં મુશ્કેલીઓના ડુંગર ખડકાઈ જાય, બુદ્ધિ કિંકર્તવ્યમૂઢ બની અજંપાને ચકડોળે ચઢે, ત્યારે ત્યારે પૂરતી ધીરજ ટકાવી રાખવામાં અને હૃદયમાં આશાની જ્યોત સતેજ કરી ભગ્નહૃદય માનવીને ફરીથી કર્તવ્યપથે કટિબદ્ધ કરવામાં અંતરના ઊંડાણમાંથી કરેલી પ્રાર્થના સમાન બીજું અમોઘ બળ એકેય નથી.

નર્યા ભૌતિકવાદની પાછળ ઘેલી થયેલી આજની દુનિયાને અનંત ઐશ્વર્યમય આધ્યાત્મિક શ્રેય:પથે વાળવામાં આપનું 'પ્રાર્થના' માસિક પ્રેરણાપ્રદ નીવડે એવી અંતરાત્માની શુભાશિષ અને જગન્નિયંતા પરમાત્મા પાસે પ્રાર્થના છે*

ફાગણ સુદ-૧, સં. ૨૦૧૨ ભવદીય
મંગળવાર, તા. ૧૩-૩-૫૬ રંગઅવધૂત

## ૫. 'જનસેવક' ને સંતની આશિષ

પત્ર મલ્યો. 'જનસેવક' આજ (તા ૫-૧૧-૫૬) નવ વર્ષ પૂરાં કરી દશમા વર્ષમાં પદાર્પણ કરે છે એ જાણી આનંદ થયો. એની લોકપ્રિયતા ને લોકેપિયોગિતાનો આ જેવોતેવો પુરાવો નથી.

વર્તમાનપત્ર એ લોકમાનસની નાડીના ધબકારા માપવાનું અક્ષરયંત્ર છે-હોવું જોઈએ. જનતા અને સરકાર વચ્ચેની ખાઈ ઉપર પુલ સમાન છે.

* સૂરતથી પ્રગટ થતા શ્રી સ્વામી ભદ્ર સંચાલિત 'પ્રાર્થના' માસિક માટે શુભાશિષની માગણી કરતા પત્રના જવાબમાં.

લોકોની આશાઆકાંક્ષાઓ, સગવડ અગવડો સત્ય સ્વરૂપમાં નિર્વિઘ્નપણે સરકારના કાન સુધી પહોંચે અને સરકારની નીતિ અને ધારાધોરણોનો સાચો ખ્યાલ પ્રજા સામે ખડો થાય તે માટેનું વર્તમાનપત્ર ઉત્તમમાં ઉત્તમ સાધન છે. એ ધર્મ્ય રાષ્ટ્રની કરોડરજ્જુસમા મધ્યમ વર્ગની દિનપ્રતિદિન પાંગળી અને દયનીય બનતી જતી પરિસ્થિતિ, આર્થિક વિષમતા ને તેથી ભભૂકી ઊઠતો દુષ્પૂર અસંતોષ, સમાજઘાતક કુરિવાજો, વગેરે વગેરે અનેક સમાજસ્પર્શી જટિલ પ્રશ્નોનું, ટૂંકમાં, અવધૂતી ભાષામાં લોકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત આવશ્યક એવી રોટી, ધોતી, કુટી, બૂટી ને જ્યોતિનું સમગ્ર રાષ્ટ્રની હિતૈક દૃષ્ટિથી નિરાકરણ લાવવા આપનું 'જનસેવક' યોગ્ય માર્ગદર્શક થાય એવી શુભાશિષ અને સદિચ્છા સાથે જગન્નિયંતા પરમાત્માને ચરણે એકમેવ પ્રાર્થના.*

આસો વદ અમાસ, વિ. સં. ૨૦૧૨ — રંગ અવધૂત

શુક્રવાર, તા. ૨-૧૧-૫૬

## ૬. રમતપ્રેમી યુવાનોને શીખ

તમારી નવભારત કલબના રજય-જયંતી મહોત્સવના કાર્યક્રમની પત્રિકા વાંચીને મને મારો ભૂતકાળ-વિદ્યાર્થી જીવન યાદ આવ્યું. મને પણ રમતગમતનો ભારે શોખ હતો.

નિર્દોષ રમતગમતનું ક્ષેત્ર એટલું વિશાળ છે કે ત્યાં નાતજાત, ધર્મવિધર્મ, ઊંચનીચ, અમીરફકીર, વિદ્વાનઅવિદ્વાન, વગેરે જેવી કોઈ પણ પ્રકારની ભેદ-દીવાલોને તલપૂરે સ્થાન રહેતું નથી. એક જ સમાનતાની પાટી પર રહીને ખેલાડીઓ ખેલદિલીની આનંદછોળો ઉડાડતા હોય છે.

રમતગમતનું મેદાન શારીરિક સ્વાસ્થ્ય, બુદ્ધિની શીઘ્ર નિર્ણાયક શક્તિ અને હૃદયની હમદર્દ ઉદાત્ત ભાવનાઓ કેળવવા માટે સારામાં સારું ક્ષેત્ર છે. રમતગમતથી શરીરમાં સ્ફૂર્તિ ઊભરાય છે, મગજમાં તાજગીનાં તેજ-કિરણ

*શ્રી સાકરલાલ બક્ષી, તંત્રી, 'જનસેવક', રાજપીપલાને પ્રત્યુત્તર.

પ્રકાશે છે અને હૃદયમાં ખેલદિલી અને નિર્દોષ, નિઃસ્વાર્થ પ્રેમની પરિમલનો પમરાટ મહેંકે છે.

દરેક દેશમાં પોતપોતાની આબોહવા, સંસ્કૃતિ અને પરિસ્થિતિને અનુરૂપ પોતપોતાની લાક્ષણિક રમતગમતો હોય છે. તેમાં વિદેશી ક્રિકેટે પોતાની વિશિષ્ટતાથી સર્વદેશોના બાળકોમાં આકર્ષણ પ્રાપ્ત કર્યું છે. બાળકોમાં મર્દાનગી ખીલવે, સહિષ્ણુતા કેળવે, ભીરુતા ને કાયરતા ભગાડે, પ્રસંગે નિર્બળોના પરિરક્ષણમાં પ્રાણાર્પણ કરવા સુધીની તત્પરતા દાખવવાનું શૌર્ય પ્રકટાવે એવી રમતો દેશની યૌવનસમૃદ્ધિને એના પૂરબહારમાં ખીલવી શકે. માત્ર ક્ષુદ્ર મનોરંજન કે કાળક્ષેપના સાધન તરીકે એનું અવલંબન ન કરતાં રમત-ગમત માનવજીવન સમૃદ્ધ બનાવવાની ઉચ્ચ શક્તિઓ કેળવવાનું પણ એક સાધન છે એવી જીવનસાધનાની દિવ્ય ભાવનાથી રમતો રમાય એ ખાસ જરૂરી છે.

જીવનની પ્રગાઢ મૈત્રી ઘણુંખરું ક્રીડાંગણો ઉપર જ મૂળ ઘાલે છે. માત્ર રમતગમતના જ મર્યાદિત વર્તુળમાં બધી શક્તિભક્તિની પરિસમાપ્તિ ન કરતાં પક્ષનિરપેક્ષ સાચી સમાજસેવાનાં વિવિધ ક્ષેત્રોમાં પણ તમારી કલબના સભ્યો પોતાની મર્યાદાઓનું સાચું મૂલ્યાંકન કરીને, નવાપુર અને આજુબાજુની જનતામાં ઉલ્લાસના અમીરસનું સિંચન એ ઉમળકાથી કરી રહ્યા છે તે જાણીને મારું અંતઃકરણ સાચે જ પુલકિત થાય છે.

**'संहति: कार्यसाधिका'** એ તમારી કલબનો મુદ્રાલેખ હો ! જીવનમાં સુસંવાદ, શિસ્ત, સહકાર અને સહિષ્ણુતા તમારી દૃષ્ટિ સામે સતત જાગ્રત રહે ! ! યૌવનનું મૂળ સ્રોત એવા જગત્પ્રભુ પરમાત્મા તમારી કલબ દ્વારા અનેક કલ્યાણ કાર્યો કરાવે અને તે માટે જોઈતું સામર્થ્ય બક્ષે એવી અંતરની આશિષ સાથે.*

નવેમ્બર, ૧૯૫૬

જગત્સુહૃદ્
રંગ અવધૂત

*નવભારત કલબની રજતજયંતી પ્રસંગે

# ૭. વિદ્યાસંસ્થાને શીખ

ૐ

।।પરસ્પરદેવો ભવ।।

ઉમલ્લાની શ્રી નવદુર્ગા હાઈસ્કૂલમાં એસ.એસ.સી.નો વર્ગ ખુલ્લો મુકાય છે એ સાંભળી મને અસીમ આનંદ થયો છે. આજનાં બાળકો આવતી કાલના રાષ્ટ્રના ઘડવૈયાઓ છે, એ ખ્યાલમાં રાખી સંસ્થાના સંચાલકો અને શિક્ષકો કેવળ પરીક્ષા પર જ દૃષ્ટિ ન રાખતાં વિદ્યાર્થીઓમાં શિસ્ત, સંયમ, સહકાર, સંગઠન ને સેવા, સ્વાર્થત્યાગ તથા ચારિત્ર્યની ઉદાત્ત ભાવનાઓ જાગ્રત થાય અને હમેશાં પોષાતી રહે એ દૃષ્ટિએ પોતાની ફરજ બજાવશે એવી હું આશા રાખું છું.

જેવી રીતે વિદ્યાર્થીઓને માટે **'આચાર્યદેવો ભવ'** તારકમંત્ર છે. તેવી જ રીતે અધ્યાપકો અને શિક્ષણસંસ્થાના સંચાલકો માટે **'છાત્રદેવો ભવ'** જીવનમંત્ર હોવો જોઈએ. શાળા તરફ દેવમંદિરની પવિત્ર ભાવનાથી અને વિદ્યાર્થીઓ તરફ દેવ-ભાવનાથી જોતા અને વિદ્યાર્થીઓને પોતાનું જ્ઞાન સર્વસ્વ અર્પણ કરી તેમના જીવનવિકાસની દૃષ્ટિએ હૃદયંગમ સેવા એ જ સાચી ઉપાસના છે એમ પણ માનતાં શીખવું જોઈએ. આવી દૃષ્ટિએ કામ કરનાર ફાવે તેવા હૃદયહીનને પોતાની શાળા તરફ આકર્ષી શકશે. ગામના અને આજુબાજુના લોકોમાં આ દૃષ્ટિ જાગ્રત થાય અને તેઓ પોતાની સાધનસામગ્રી આ ઊગતી સંસ્થાને તેના બાળ-દેવોનાં શિક્ષણયજ્ઞમાં વણમાગી ઠાલવે-ઠાલવશે જ—અને આ સંસ્થા ધીમે ધીમે ફાલીફૂલી આગળ જતાં એક પ્રચંડ સંસ્કાર-કેન્દ્ર બને એવી મારા અંતરની શુભ આશિષ અને જગન્નિયંતા પરમાત્મા પાસે જિગરની પ્રાર્થના છે. ઈતિ શમ્ *

અષાઢ સુદ ૧, વિ. સં. ૨૦૧૪ — જગત્સુહૃદ્

બુધવાર, તા. ૧૮-૬-૫૮ — રંગ અવધૂત

*શ્રી નવદુર્ગા હાઈસ્કૂલ, ઉમલ્લાના એસ.એસ.સી.ના વર્ગના ઉદ્‌ઘાટન પ્રસંગે

## ૮. શ્રી ભદ્ર આશ્રમ યોગવિદ્યાપીઠના શિલારોપણ પ્રસંગે

જે સંસ્થાના મૂળમાં શ્રીભદ્રજી જેવા જીવનયોગી ફકીર અને શ્રીમંત મહારાજા ફત્તેહસિંહરાવ જેવા અભિજાત ગર્ભશ્રીમંત અમીરનો યોગ-સુમેળ હોય તેની ભાવિ યશસ્વિતા વિશે બે મત ન જ હોય ! મહાદેવજીની જટામાં એટલે કે કૈલાસનાં બરફાચ્છાદિત શિખરોમાં રમતાં ગંગાજીને મૃત્યુલોકનાં મેદાનમાં વહેતાં કરી ભગીરથે માનવમાત્રનું કલ્યાણ સાધવામાં અજોડ ફાળો આપ્યો તેમ જ આપે પહાડો અને પુસ્તકોમાં લપાયેલી યોગવિદ્યાને શહેર ગામડાંની ગલીઓમાં ચમકતી કરવાનો જે ઉપક્રમ આદર્યો છે, તે સર્વથૈવ સ્તુત્ય અને આદરણીય છે.

યોગનાં સિદ્ધિ અને સમાધિ જેવાં ગૂઢ અંગોનો વિચાર બાજુએ મૂકીએ તોપણ અહિંસા સત્યાદિ યમ, તપઃ સ્વાધ્યાય પ્રાર્થનાદિ નિયમ, આસન, પ્રાણાયામ વગેરે પાયાનાં અંગો સમાજમાં રૂઢ થાય તો રાષ્ટ્રનાં ડોલી ઊઠેલાં શિસ્ત, સંયમ, શાંતિ અને સમૃદ્ધિ સુસ્થિર થવામાં વાર ન લાગે અને આપણું ભારત પાછું પૂર્વવત્ નંદનવન સમું બની જાય. આપનું સર્વોદય યોગવિદ્યાપીઠ એ દિશામાં યોગ્ય ફાળો આપશે, સર્વનું સર્વ રીતે **અભ્યુદયનિઃશ્રેયસ્** સાધવાનું કર્મકૌશલ્ય બક્ષી નૂતન રાષ્ટ્રઘડતરમાં અમૂલ્ય કામગીરી નોંધાવશે એવો મને વિશ્વાસ છે અને તે માટે જગન્નિયંતા પરમાત્મા આપને લાંબું આયુષ્ય, સુદૃઢ આરોગ્ય અને શક્તિ આપે એવી પ્રાર્થના અને અંતરની શુભાશિષ છે.

સંયોગવશાત્ મારાથી દૈહિક હાજરી ન આપી શકાય તો મને સમુપસ્થિત સદ્‌ગૃહસ્થો **'दूरस्थोऽपि समीपस्थो यो यस्य हृदि वर्तते'**નું સ્મરણ કરી દરગુજર કરશો એવી આશા છે.

એ તરફ આવવાનું થશે ત્યારે સંસ્થાની યાત્રા કરવા જરૂર નહિ ચૂકું.

અંતમાં,

कुर्याद्भद्रं सुभद्रं हि सर्वेषां सर्वशः सदा ।
संस्थेयं श्रीभद्रसन्निष्ठा भद्रेश्वरप्रसादतः ॥

એવી પુનઃ હાર્દિક આશિષ અને સર્વેશ્વર પ્રભુ પાસે પ્રાર્થના સાથે.

માઘ, સં. ૨૦૧૪

આત્મીય

રંગ અવધૂતના

જય સચ્ચિદાનંદ

## ૯. સ્નેહ (તેલ)ના ફુવારા

બાળકના જન્મ સાથે જ એના પ્રત્યેના વાત્સલ્યના પ્રતીક સમી એની માતાના સ્તનમાંથી દૂધની ધારાઓ છૂટે છે તેમ જ ગુજરાત રાજ્યની શૈશવ અવસ્થામાં જ મા ગુર્જરીના વક્ષઃસ્થળમાંથી સ્નેહ (તેલ)ના ફુવારા ઊડવા માંડે એ જોઈ સાંભળી કોનું હૈયું હિલોળે ન ચઢે ?

રાષ્ટ્રની સમૃદ્ધિ-રથનાં બે પૈડાં-ઉદ્યોગ અને ખેતી; એટલે આજના યંત્રયુગમાં તેલનું મહત્ત્વ એ પૈડાંમાં ગતિ પૂરનાર ધરી સમાન છે. એ ધરી ઘરને આંગણે જ તૈયાર થતાં થોડાં વર્ષોમાં જ એ માટેનું પરાવલંબીપણું નષ્ટ થશે. અને એ માટે બહારની દૂધની ભૂકીથી માંડ પોષાતાં બાળકોની માફક પરદેશના મોં સામું જોવાનું નહિ રહે. દેશ આખો ઉદ્યોગોથી ધમધમી ઊઠશે અને દેશની કાયાપલટ થઈ સમૃદ્ધિનાં સોણલાં પ્રત્યક્ષ થતાં વાર નહિ લાગે.

એમ તો ગુજરાતમાં નીકળેલ તેલની અસંબદ્ધ વિગતો આમતેમ છાપાંઓમાં આવતી જ હતી. પણ સામાન્ય જનતાને એનો સાચો અને ચોક્કસ ખ્યાલ ન આવવાને લીધે લોકમાનસ પર કવચિત્ ભ્રમ અને શંકાનાં વાદળ ઘેરાઈ વળતાં. પણ તમારું આ પાક્ષિક એ એક વિષયને જ વરેલું હોવાથી આ વિષયની પ્રમાણભૂત અને સાચી માહિતી મળ્યા કરવાથી લોકની એ શંકાઓ દૂર થશે. તેલઉદ્યોગમાં અને એને આનુષંગિક અન્ય ધંધાઓમાં રસ ધરાવનાર ઉદ્યોગપતિઓ અને ધંધાદારીઓને ઉત્સાહપૂર્વક

કામ કરવાનું વિશાળ ક્ષેત્ર મળી રહેશે. એ વિષે અજ્ઞાત જનતા એમાં રસ લેતી થશે અને એમને ભળતી અને ભ્રામક હકીકતોને બદલે નક્કર વિશ્વાસપાત્ર સમાચાર વ્યવસ્થિત રૂપમાં મળતા રહેવાથી તે દિશામાં સામાન્ય પ્રજાજનની પણ અભિરુચિ વધારે ને વધારે જાગ્રત થશે એમાં મને શંકા નથી, બલકે પૂર્ણ વિશ્વાસ છે.

અત્યારની ઔદ્યોગિક પરિસ્થિતિ જોતાં આ પાક્ષિક થોડા સમયમાં વધુ સચિત્ર સાપ્તાહિકનું સ્વરૂપ ધારણ કરે તો હું વધારે પડતો આશાવાદી નહિ ગણાઉં એવી મને ખાતરી છે.

આ સામયિક સામાન્ય જનતાને ઉદ્યોગમાં વધારે ને વધારે રસ લેતી કરશે અને ઔદ્યોગિક આલમમાં ઉત્સાહનું પૂર આણી દિન પ્રતિદિન સવિષેશ લોકપ્રિય થઈ પડશે એવો મને અચળ વિશ્વાસ છે. પરમાત્મા તમને બધાને એ ચલાવવામાં પૂરતી સહાય કરી જોઈતી શક્તિ અને ભક્તિ આપે એવી એ જગન્નિયંતાના ચરણમાં અનન્ય અભ્યર્થના !*

શ્રાવણ વદ ૧૦, વિ. સં. ૨૦૧૭ — જગત્સુહૃદ્

સોમવાર, તા.૪-૯-૬૧ — રંગ અવધૂત

## ૧૦. ગુણનિધિ

**સ્વામી નારાયણો યસ્ય નાન્યઃ કોડપિ કદાચન ।**
**ન મે તસ્યૈવ મન્યેત સ્વામિનારાયણઃ સ વૈ ॥**

જેનો નાથ સાક્ષાત્ નારાયણ, પરમ પરમેશ્વર છે. ફાવે તેવા સમર્થ અન્ય કોઈનુંયે છત્ર જે કાલત્રયે પણ સ્વીકારતો નથી અને જે હૃદયથી (માત્ર મોઢેથી નહિ) મારું કાંઈ નથી, જે કાંઈ છે તે **એનું** જ છે એમ માને છે તે જ સાચો સ્વામિનારાયણનો ભક્ત છે.

*__તેલ સમાચાર__ પાક્ષિકના તંત્રી ગોરધનભાઈની વિનંતીથી લખાવેલ સંદેશ.

સ્વામીશ્રી યોગીજી મહારાજે દેશપરદેશ ફરીને વિજયપતાકા ઠેર ઠેર લહેરાવી અને ગુરુવર્ય શ્રી યજ્ઞપુરુષદાસજીનું પુણ્યનામ સંપ્રદાયના સહસ્રાવધિ-લક્ષાવધિ નરનારીઓની જીભે રમતું કરી મૂકવામાં જે ભારે ભગીરથ પુરુષાર્થ કર્યો છે એ માટે સ્વામીશ્રી યોગીજી મહારાજના જેટલાં ગુણગાન ગાઈએ તેટલાં ઓછાં છે.

શ્રીજીની કૃપાશિષ તેઓશ્રી પર સદાસર્વદા અખંડ વરસી જ રહી છે. તેઓશ્રી સંપ્રદાયનું કાર્ય હજી પણ વધારે વેગ અને જોમથી કરી શકે એવું દીર્ઘ નિરામય આયુષ્ય ભગવાન તેઓશ્રીને અર્પો એવી હાર્દિક પ્રભુ પ્રાર્થના સાથે જ્ઞાનવૃદ્ધ, તપોનિધિ યોગીજી મહારાજના તીર્થચરણમાં જય સ્વામીનારાયણ સાથે અનેકશઃ વંદના (મોકલેલા એક પત્રમાંથી)

## ૧૧. શ્રી ભદ્ર-આશ્રમને શુભાશિષો

**ત્વં સ્ત્રી ત્વં પુમાનસિ ત્વં કુમાર ઉત વા કુમારી ।**
**ત્વં જીર્ણો દણ્ડેન વંચસિ ત્વં જાતો ભવસિ વિશ્વતોમુખઃ ॥**

સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ, સુશિક્ષિત, અશિક્ષિત, રોગી, નિરોગી વગેરે અનન્તરૂપે અહીં પધારેલ જનતા જનાર્દનને હું આત્મભાવે નમસ્કાર કરું છું.

**રાગદ્વેષવિમુક્તો યઃ સર્વભૂતહિતે રતઃ ।**
**યસ્મૈ કસ્મૈ ચ તસ્મૈ મે શતશોઽસ્તુ નમો નમઃ ॥**

જેનામાં કોઈ જાતના રાગદ્વેષ નથી, ને સદા સર્વદા પ્રાણી માત્રના કલ્યાણમાં જે મંડ્યો રહે છે, તે કોઈ પણ હો-હિંદુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, સ્ત્રી, પુરુષ, બાળક, વૃદ્ધ-તે સર્વને મારાં હજારો વંદન હો !

આખું જગત આજે ઐશ્વર્ય પાછળ દોડી રહ્યું છે, ઐશ્વર્યની ઝંખના કરે છે, પણ ઈશ્વરનું નામ સરખું સાંભળતાં એને સૂગ ચઢે છે, પરંતુ ઈશ્વરને બાજુએ મૂકી ઐશ્વર્યની પાછળ દોડવું એ સૂર્યને બાજુએ મૂકી તેજની ઉપાસના

કરવા જેવું છે. ઈશ્વર વગર ઐશ્વર્ય નથી. અધિષ્ઠાનને પકડે-નિષ્કામ ભાવે ઈશ્વરનું ઉપાસન કરે તેની પાછળ ઐશ્વર્ય વણમાગ્યે દોડતું આવે છે. ઐશ્વર્ય માટે એને વલખાં મારવાં પડતાં નથી, હવામાં બાચકા ભરવા પડતા નથી. પાયો ખોદી નાંખે તે મકાન ક્યાં સુધી ટકે ?

આ આશ્રમનો પ્રાણ પ્રાર્થના છે. અહીંનું અધિષ્ઠાન પરમાત્મા છે, એટલે એક દિ' એનું ગુપ્ત આત્મૈશ્વર્ય પ્રગટ થયા વગર નહીં રહે એવો મને વિશ્વાસ છે. આશ્રમનો જન્મ થયો ત્યારથી, પહેલાંથી જ એના પ્રત્યે મારી સહાનુભૂતિ અને હાર્દિક આશિષ છે. એની મૌખિક દ્વિરુક્તિ કરવાની જરૂર નથી.

સુરત જેવા ધનાઢ્ય શહેરની પાસે આવેલ આશ્રમના નિભાવ અને જરૂરિયાત માટે બહાર દૃષ્ટિ નાખવી પડે એ શોચનીય છે. મારે માટે સ્વામીશ્રી ભદ્રજીએ મને સંકોચ થાય એવા અનેક પ્રશંસોદ્‌ગાર કાઢ્યા. એમાંનાં કેટલાં લક્ષણ મારામાં છે કે એકેય નથી તે પરમાત્મા જાણે, પરંતુ **'પરગુણકથનૈઃ સ્વાન્ ગણાન્ ખ્યાપયન્તિ'** એ સાધૂક્તિ પ્રમાણે શ્રીભદ્રજીએ પોતાના સદ્‌ગુણોનું જ આપણને ભાન કરાવ્યું છે. રાજર્ષિ ભર્તૃહરિએ પૂછ્યું છે કે **'પરગુણપરમાણૂન્પર્વતીકૃત્ય નિત્યં, નિજહૃદિ વિકસન્તઃ સન્ત સન્તિઃ કિયન્તઃ ?'** બીજાનાં અણુપ્રમાણ ગુણોને પણ પર્વત સમાન મહાન ગણી જેનું અંતઃકરણ આનંદથી નાચી ઊઠે એવા સંતો કેટલા હશે ? સ્વામીશ્રી ભદ્ર આંગળીને વેઢે ગણી શકાય એવા સંતોમાંના એક છે, એમાં શંકા નથી.

આવી ઔપચારિક સભાઓમાં બોલવાનો મને અભ્યાસ નથી એટલે આથી વધુ સંતોષ હું તમોને કે સ્વામી શ્રીભદ્રજીને ન આપી શકું તો મને માફ કરશો. આવા સ્થાનનાં દર્શન માત્રથી આંખમાં ઉલ્લાસ ઊલટે છે. ફાવે તેનું નામ સાથે જોડાયું હોય તોપણ આવાં સ્થાન અમારાં જ છે. સ્થાન અતિ સુંદર અને તીર્થસ્વરૂપ છે. એનો ગુપ્ત પ્રકાશ કોક દિવસ સુરતની પ્રજાને જરૂર આકર્ષશે.

અંતમાં, જેવી રીતે પરવળનો વેલો અનેક શાખાપ્રશાખાઓથી ચારે દિશામાં ફેલાય તેમ સ્વામી શ્રીભદ્રજીનો આ યોગાશ્રમ શાખાપ્રશાખાવંત

બને અને એનાં સાત્ત્વિક ફળોની ફોરમ ગુજરાતભરમાં ને એથી ય દૂર દૂર ફેલાય એવી શુભેચ્છા સાથે સર્વની રજા લઈશ.

શાન્તિઃ ! શાન્તિઃ !! શાન્તિઃ !!!

સૂરત, ચૈત્ર સુદ ૧૩, વિ. સં. ૨૦૧૫ રંગ અવધૂત
મંગળવાર, તા. ૨૧-૪-૧૯૫૯

## ૧૨. તત્ત્વોપચાર

ભાઈશ્રી જગદીશભાઈ જોષી

આપના તરફથી મળેલ 'તત્ત્વોપચાર' નામનો ગ્રંથ પૂજ્ય મહારાજશ્રી જોઈ ગયા છે. તે વાંચીને પૂજ્યશ્રીને એક પ્રકારનો સાત્ત્વિક આનંદ થયો છે. અનેક ચિકિત્સાપદ્ધતિઓમાં આ ચિકિત્સાપદ્ધતિ એક તાત્ત્વિક ઉમેરો કરે છે.

શરીર પૃથ્વી, આપ વગેરે પંચ તત્ત્વોનુ બનેલું છે. એના પ્રમાણમાં અવ્યવસ્થા થતાં શરીરમાં બગાડ એટલે રોગ ઉત્પન્ન થાય છે. સમષ્ટિમાંથી એ તત્ત્વ દષ્ટિ-શરીરમા જરૂરિયાત પ્રમાણે ખેંચતાં આવડે તો શારીરિક ગરબડો દૂર થઈ શકે. આપણાં યોગશાસ્ત્રોમાં એ વિષે ઘણું ઘણું લખેલું છે. પણ એનો અન્ય શરીર પર ઉપચાર કરવાનું કામ દરેકને માટે સુલભ નથી. આપે આપના પુસ્તકમાં એના પ્રયોગાત્મક ઉપચાર વિષે જે માહિતી આપી છે તે એ દિશામાં પ્રયત્ન કરનાર માટે ઘણી ઉપયોગી થઈ પડશે એવો પૂજ્યશ્રીનો નમ્ર અભિપ્રાય છે. આજકાલ ચાલતી અને ફેલાવો પામતી નિસર્ગોપચાર પદ્ધતિની આ વધારે નિકટ જાય છે.

આપને આપના કાર્યમાં ઉત્તરોત્તર વધારે સફળતા મળે એવી પૂજ્યશ્રીની આશિષ છે.

ચૈત્ર વદ ૧૩, સં. ૨૦૧૯ (પૂજ્યશ્રીની આજ્ઞાથી)
સોમવાર, તા. ૨૨-૦૪-૧૯૬૩

## ૧૩. 'શ્રીમદ્ ભાગવત રહસ્ય'ને આશિષ

આપના તરફથી 'શ્રીમદ્ ભાગવત રહસ્ય' નામનો જે અમૂલ્ય ધર્મગ્રંથ પૂજ્ય મહારાજશ્રીને મોકલવામાં આવેલો તે તેઓશ્રી જોઈ ગયા છે.

એની ભાષા એટલી સહેલી છે કે સામાન્ય થોડુંઘણું ગુજરાતી ભણેલો આમવર્ગ પણ શ્રીમદ્ ભાગવતમાં ભાગવતકાર ભગવાન વ્યાસનારાયણ શું કહેવા માગે છે તે સહેલાઈથી સમજી શકે છે અને સમજ્યા પછી એને જીવનમાં વણવાનો પુરુષાર્થ કરવા એ લલચાય છે, એવી સુંદર એની રચના અને ગૂંથણી કરવામાં આવી છે. ભગવાન વ્યાસ નારાયણનું હાર્દ વક્તાએ સરળ વાણીમાં શ્રોતાઓ પાસે ખુલ્લું કરી મૂક્યું છે. શ્રીમદ્ ભગવદ્ગીતાને પૂજ્ય મહારાજશ્રીએ સંસારશાસ્ત્ર-ગૃહસ્થીઓના શાસ્ત્ર તરીકે ઓળખાવી છે, જ્યારે શ્રીમદ્ ભાગવતને પોતે મુમુક્ષુઓના શાસ્ત્ર તરીકે ઓળખાવે છે. જીવન જીવવા માટે શ્રીમદ્ ભગવદ્ગીતાને પચાવવાની જરૂર છે, તેવી જ રીતે મૃત્યુનો આનંદ માણવા માટે શ્રીમદ્ ભાગવતને પચાવવાની જરૂર છે. સમગ્ર ગ્રંથ તો અત્યારે બધા વાંચી શકે એટલા ભણેલા પણ નથી, અને કદાચ જેઓ છે તેઓ પણ એટલા વ્યવસાયી હોય છે કે એટલો સમય પણ એમની પાસે હોતો નથી. પણ તેવોઓ માટે આ અતિ સંક્ષેપમાં પણ નહિ અને અતિ વિસ્તારમાં પણ નહિ એવી લોકભોગ્ય શૈલીમાં આ શ્રીમદ્ ભાગવત રહસ્ય દૃષ્ટાંતો વગેરે સાથે રજૂ કરીને વિદ્વાન શ્રદ્ધેય વક્તાએ ગુજરાતી આમ જનતા ઉપર ખરેખર મહદ્ ઉપકાર કર્યો છે એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી.

પોતાનો આનંદ પ્રદર્શિત કરતાં પૂજ્ય મહારાજશ્રીએ તો ગ્રંથના સંબંધમાં ઉદ્ગાર કાઢ્યા:

ૐ શ્રી ૐ

**પ્રસિદ્ધિં યાયાત્ત્વયં ગ્રંથો ગ્રામે ગ્રામેડસ્ય ચિન્તનાત્ ।**

**ભક્તાઃ સ્વક્ષા વ્રજન્તૂર્દ્વ વ્રજેશસ્ય પ્રસાદતઃ ॥**

પામો પ્રસિદ્ધિ આ ગ્રંથ ગામડે ગામડે બધે;
વાંચી એ વૈષ્ણવો મુક્ત વ્રજેશાનુગૃહે બનો.

આપે નામજપની કિંમત રાખીને સહૃદય વાંચક પર ઉપકાર કર્યો છે કે એ રીતે એ ભગવન્નામનો જપ કરી એનું કલ્યાણ સાધશે. આ એક સુંદર યોજના છે.*

પ્રેષક : અ.ના.મોદી જગત્સુહૃદ્

(*પૂ.શ્રી ડોંગરે મહારાજશ્રીના ગ્રંથના સંપાદકશ્રીને) રંગઅવધૂત

## ૧૪. શ્રી કામતજી ઉપર પૂ. શ્રીનો એક પત્ર

**શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।**

(શ્રી ગુરુચરિત્ર (મરાઠી) ના વિદ્વાન અને ખંતીલા સંશોધક ભક્તરાજ હરિભક્તિ પરાયણ શ્રી રામચંદ્ર કૃ. કામતજી સાથે નારેશ્વરના સંતરાજ બ્રહ્મલીન પરમ પૂજ્ય શ્રીરંગ અવધૂતજીને પત્રવ્યવહાર ચાલતો હતો અનેત્યાર પછી ડાકોરમાં ઉજવાયેલી ૬૧મી શ્રીરંગજયંતી વખતે શ્રી કામતજી સ્વયં ડાકોરમાં પધારેલા. ત્યાર પછી તેઓશ્રી અવધૂતજીને દેવભાવથી જોતા થયા. તેમણે પોતાના નિત્ય પાઠમાં પૂ.શ્રી. રચિત સંસ્કૃત સ્તોત્ર દત્તનામસ્મરણમ્ નો પાઠ કરવાનું ચાલુ કરેલું છે એવું જાણવામાં આવતાં પૂજ્ય મહારાજશ્રીએ તેમના ઉપર એક પત્ર લખાવેલો જે અંગે સમસ્ત દેવાનુરાગી અને ખાસ કરીને દત્તાનુરાગી જનતાને પૂજ્ય મહારાજશ્રીના સાધકજીવનના નિચોડ સમું સૂત્ર **શ્વાસેશ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।** સમજવામાં અને તે દૃષ્ટિથી પૂજ્ય બાપજીની કલ્પનાના દત્તને વિવિધ પાસાંથી ઓળખવામાં કોઈ અનેરો પ્રકાશ લાધશે, એવી શુભ ભાવનાથી પ્રેરાઈને એ આખોય પત્ર અહીં મૂળ મરાઠીની સાથે ગુજરાતી ભાવાનુવાદ સાથે રજૂ કરીએ છીએ. ભાવાનુવાદની કોઈ ક્ષતિ જણાય તો તે અનુવાદકની સમજી ક્ષમા કરવા વિનંતિ છે,

પત્ર

હ.ભ.પ. ભક્તરાજ શ્રીકામતજી,

આમચે 'દત્તનામસ્મરણમ્' **આપલે** પાઠક્રમાંત આહે તે હી ત્યાંતીલ **'શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્'** સૂત્રમંત્રાંચે રહસ્યોદ્‌બોધક અસે વિવક્ષિત અર્થ ધ્યાનાંત યેણ્યાસ ખાલીં દેણ્યાચા પ્રયત્ન કરીત આહે.

અમારું **'દત્તનામસ્મરણમ્'** આપના નિત્યપાઠક્રમમાં છે તો તેમાંના **'શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્'** સૂત્રમંત્રનો રહસ્યોદ્‌બોધક વિવક્ષિત અર્થ ધ્યાનમાં આવે એટલે એ નીચે આપવાનો પ્રયત્ન કરું છું :

**શ્વાસે શ્વાસે દત્તનામ સ્મરાત્મન્ ।**

**દત્તનામ : (૧) દત્ત ઈતિ નામ** (દત્ત હેંચ નામ) દત્તનામ.

**(૨) દત્તસ્ય નામ** (દત્તાચેં નામ) (અ) આત્રેય દત્તાચ્યા સોળ આવિર્ભાવાં પૈકીં કોણત્યા હી એકા આવિર્ભાવાચેં નાંવ; (બ) દત્તાચ્યા શ્રીપાદવલ્લભ વગેરે કોણત્યા હી અવતારી વિગ્રહાચેં નાંવ; (ક) ત્રિમૂર્તિ દત્તસ્વરૂપ સ્વતઃચ્યા સદ્‌ગુરુચે નામ. દત્તનું નામ (અ) આત્રેય દત્તના સોળ આવિર્ભાવોમાંના ગમે તે એક આવિર્ભાવનું નામ; (બ) દત્તના શ્રીપાદવલ્લભ વગેરે ગમે તે એક અવતારી વિગ્રહ (શરીર)નું નામ; (ક) ત્રિમૂર્તિ દત્તસ્વરૂપ પોતાના જ સદ્‌ગુરુનું નામ.

**(૩) દત્તસ્ય-દીયતે અનેન ઈતિ વ્યુત્પત્યા દત્તસ્ય પરમેશ્વરસ્ય નામ** (દત્તચે મ્હણજે જ્યાનેં આપણાસ સર્વકાંહી દિલે અશા પરમેશ્વરાચે કિંવા તદવતારાચેં શિવ, ગણેશ, જગદમ્બા, રામ, કૃષ્ણ, વિઠ્ઠલ વગેરે પૈકીં કોણીં એકા સ્વરૂપાચેં નાંવ-દત્તનું એટલે જેણે આપણને સર્વ કાંઈ આપેલું છે એવા પરમેશ્વરનું અથવા તદવતારનું-શિવ, ગણેશ, જગદમ્બા, રામ, કૃષ્ણ, વિઠ્ઠલ વગેરેમાંથી કોઈ પણ એક સ્વરૂપનું નામ. અસેં કાંહી કાળ સ્વ આવડીનુસાર ઘડલેલ્યા નામસ્મરણાચેં ફલસ્વરૂપ શ્રી સદ્ગુરુ પ્રાપ્તિ હોતે. ત્યાનંતર-આમ કેટલોક સમય સમજ ને આવડત પ્રમાણે જે નામસ્મરણ કર્યા

કર્યું હોય તેના ફળસ્વરૂપે સદ્‌ગુરુની પ્રાપ્તિ થાય છે ત્યાર પછી.

**(૪) દત્તનામ-દત્ત નામ-ગુરુણા દત્તં નામ** (સદ્‌ગુરુનેં દિલેલા ગુરુમંત્ર-સદ્‌ગુરુએ આપેલો ગુરુમંત્ર) ત્યાચા પરિણામરૂપ નિષ્કામવૃત્તિ ઝાલ્યાવર-તેના પરિણામરૂપે નિષ્કામવૃત્તિ સિદ્ધ થયા પછી.

**(૫) દત્તનામ- દત્તં નામ- સાક્ષાત્પરમાત્મના જન્મના સહ દત્તં 'સોડહં' ઈતિ નામ, મંત્રઃ ઈત્યર્થઃ ।** (ઇશ્વરાચે શ્વાસોચ્છ્‌વાસા બરોબર દિલેલા 'સોડહં' હા અજપાજપ મંત્ર) ઈશ્વરે જન્મતાવેંત ચાલુ થયેલા શ્વાસોશ્છ્‌વાસ સાથે જ આપેલો 'સોડહં' નો અજપાજપ મંત્ર.

વ શેવટીં જપ વિસરૂન લક્ષ્યાર્થાશી એકરૂપ હોણેં-અને છેવટે (સ્થૂળ) જપ વિસરી જઈને લક્ષ્યાર્થ સાથે એકરૂપ થઈ જવાનું.

**(૬) દત્તનામ-દત્તં નામ એવં રૂપં યેન તદ્ પરબ્રહ્મ !** જયાંને યા જગાલા નામરૂપાલા આણલેં વ જ્યાચે સત્તેને જગત્ નામરૂપાલા આલે, વ્યક્ત ઝાલે તેં આદિ અંતિ સંચલેલેં **એકમેવાદ્વિતીયં બ્રહ્મ** ત્યાચેં સ્મરણ યાને સાયુજ્ય પ્રાપ્તિ-જેણે આ જગતમાં નામરૂપ આણ્યાં, જેની સત્તાથી જગત્ નામરૂપવાળું થયું, વ્યક્ત થયું તે આદિ અંત સંચરી રહેલું **એકમેવાદ્વિતીય બ્રહ્મ** તેનું સ્મરણ એટલે જ સાયુજ્ય પ્રાપ્તિ.

**શ્વાસે શ્વાસે** - (૧) પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસાંત શ્વાસાવર અનુસંધાન ઠેવૂન-પ્રત્યેક શ્વાસોચ્છ્‌વાસ સાથે અનુસંધાન રાખીને.

**(૨) શ્વાસે શ્વાસે-શ્વાસેડશ્વાસે** શ્વાસ ચાલત અસેતાંના જીવંતપણીં જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્ચ્છાદિ અવસ્થત દેખીલ, આણી અશ્વાસે-શ્વાસ બંદ ઝાલ્યાવર મ્હણજે મરણોત્તર દેખીલ- ચોખા મેળાચ્યા મૃતોસ્થીંતૂન હોત અસે તસે-શ્વાસ ચાલતો હોય ત્યારે-જીવંત અવસ્થામાં- જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિ, મૂર્ચ્છાદિ અવસ્થામાં પણ અને અશ્વાસે શ્વાસ બંધ પડી ગયા પછી એટલે કે મરણોત્તર અવસ્થામાં પણ-ચોખા મેળાના મૃત અસ્થિમાં દૃષ્ટિગોચર થયેલ તેમ.

અનુવાદક — જગત્સુહૃદ્

અ.ના.મોદી — રંગ અવધૂત

# એક વિચિત્ર ઝાડ

(પૂ. શ્રી એ પૂર્વાશ્રમમાં 'સાબરમતી' નામના દ્વૈમાસિકમાં તેના પ્રથમ વર્ષના બીજા અંકમાં (શરદ-વિ.સં.૧૯૭૮) આ લેખ લખ્યો હતો જેમાં ભગવદ્ ગીતાના અધ્યાય ૧૫માં વર્ણવેલ શ્લોકોને ધ્યાનમાં રાખી 'અશ્વત્થ'ની વાત તે વખતના 'રાષ્ટ્રીય આદર્શ વિનય મંદિર'ના શિક્ષકની ભાષામાં સુયોગ્ય રીતે કરી છે તે અત્રે આપી છે.)

**અશ્વત્થમેનં સુવિરૂઢમૂલમ્**
**અસંગશસ્ત્રેણ દઢેન છિત્વા ।**
**તતઃ પદં તત્પરિમાર્ગિતવ્યં**
**યસ્મિન્ ગતા ન નિવર્તન્તિ ભૂયઃ ।**

ભાવિક અને શ્રદ્ધાળુ લોકો માને છે કે 'વેદોમાં સર્વ કંઈ છે, કારણ કે વેદ અપૌરુષેય છે. પાશ્ચાત્ય રાષ્ટ્રોએ આટલી બધી વૈજ્ઞાનિક શોધો કરી તેનું મૂળ પણ વેદ જ. વેદોમાં આગગાડી કેવી રીતે બનાવવી તે છે; મોટર ગાડી કેવી રીતે બનાવવી તેનું વર્ણન વેદોમાં છે; અને આકાશમાં વિદ્યુત્સંદેશ કેવી રીતે દોડાવવા તે પણ વેદોમાં લખેલું છે. કાલિદાસના યક્ષે રામગિરિ ઉપરથી હિમાલય જેટલે છેટે પોતાની વિરહિણી પ્રિયાને મેઘ દ્વારા સંદેશ નહોતો મોકલ્યો કે? એ યક્ષને વેદોનું જ્ઞાન હતું. પણ આપણે વેદો ભૂલી ગયા છીએ. જર્મનો મ્હોં માગ્યા પૈસા આપી વેદોને લઈ ગયા. કાનની વાળી પૂર સોનાને માટે શ્રીકૃષ્ણને વેચનાર દ્વારકાના ઉદરંભરી બ્રાહ્મણોની માફક આપણે કોડીને મૂલે વેદોને વેચ્યા અને પરદેશીઓ આપણી લોભ વૃત્તિઓનો લાભ લઈ ગયા. વેદોને પ્રતાપે પરદેશીઓ સ્વતંત્રતાને સુવર્ણ સિંહાસન ચઢી બેઠા અને આપણે નસીબે માત્ર પરતંત્રતાની શુષ્ક **'તુંબડી ને લાકડી'** આવી પડી !'

એક રીતે ઉપરના કથનમાં ઘણું સત્ય રહેલું છે. જે મેળવવાથી બીજું કંઈ મેળવવાનું બાકી રહેતું નથી, જે જાણવાથી બીજું કંઈ જ્ઞાતવ્ય અવશિષ્ટ રહેતું

નથી તે મેળવવાની કુંચી વેદોમાં ખાસ છે. ઈશ્વરને મેળવ્યા પછી-ઉપનિષદોમાં વર્ણવેલા અદ્વિતીય બ્રહ્મને જાણ્યા પછી શું જાણવાનું-શું મેળવવાનું બાકી રહે? અને કરોડો શોધો કર્યા છતાં જો એ ઈશ્વરનો પત્તો ન લાગ્યો તો એ અન્ય શોધોનો ઉપયોગ પણ શો?

જે વાત વેદોની છે તે સર્વ વેદોના સારભૂત ગીતાની પણ છે. ગીતા જેવો સર્વાંગસુન્દર અને સર્વમાન્ય ગ્રંથ દુનિયામાં બીજો ભાગ્યે જ હશે. હિન્દુસ્તાનમાં આટલા બધા ભિન્ન સંપ્રદાય છે. વેદો તો જર્મનો લઈ ગયા! પણ કામદુઘા ગીતા આપણી પાસે છે, એટલે આપણે નિરાશ થવાનું કારણ નથી. ત્યારે શું એમાં સ્વરાજ મેળવવાની કુંચી બતાવેલી છે?

ગીતાનો પંદરમો અધ્યાય અનેક દૃષ્ટિએ મનન કરવા જેવો છે. ઘણા લોકો એનો નિત્યપાઠ કરે છે. એની શરૂઆતમાં જ એક વિચિત્ર અશ્વત્થ વૃક્ષ (પીપળાના ઝાડ)નું વર્ણન કરેલું છે. બીજાં વૃક્ષોના મૂળ નીચે (જમીનમાં) હોય છે અને ડાળીઓ ઊંચે (આકાશમાં) હોય છે; પણ આ વૃક્ષ વિચિત્ર છે. એ ઊર્ધ્વમૂલ-ઊંચાં મૂળવાળું અને અધઃશાખઃ-નીચે ડાળીઓવાળું છે. આ અશ્વત્થ વૃક્ષ એ શું હશે? 'અ' એટલે નહિ, 'શ્વ' એટલે આવતી કાલે પણ અને 'ત્થ' એટલે ઊભું રહેનાર, જે આવતી કાલ સુધી પણ ટકવાનું નથી એટલે જે નાશવંત છે તે 'અશ્વત્થ.'

સામાન્ય રીતે કોઈ પણ સામ્રાજ્યને આપણે 'અશ્વત્થ' કહી શકીએ. કારણે કોઈ પણ સામ્રાજ્ય અક્ષય નથી. ગ્રીક સામ્રાજ્ય નષ્ટ થયું. રોમન સામ્રાજ્ય પણ ધૂળમાં મળી ગયું. જર્મન સામ્રાજ્યનાં સ્વપ્નાં પણ મનમાં ને મનમાં રહી ગયાં. દુનિયામાં આજ સુધી કોઈ પણ સામ્રાજ્ય ટક્યું નથી અને ભવિષ્યમાં ટકવાનું પણ નથી એ 'અશ્વત્થ'નો શબ્દાર્થ જ કહી આપે છે. પણ એક સામ્રાજ્ય છેકે જે પડું પડું થઈ રહ્યા છતાં હજી ટકી રહ્યું છે. એ સામ્રાજ્ય કયું?

એ સામ્રાજ્ય તે બ્રિટિશ સામ્રાજ્ય; અને ગીતામાં એ જ સામ્રાજ્યનો ઉલ્લેખ 'અશ્વત્થ' શબ્દથી કરવામાં આવ્યો છે. એ સામ્રાજ્યનાં મૂળ જુઓ

તો ઊંચે ઈંગ્લેન્ડમાં છે. શાખાઓ જુઓ તો હિન્દુસ્તાન, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે દેશોમાં એટલે નીચે છે. આ સામ્રાજ્ય પણ બીજા સામ્રાજ્યની માફક ધૂળમાં મળી જશે અને એનું નામનિશાન પણ રહેશે નહિ. આ છતાં એ સામ્રાજ્યની લગામ જેમના હાથમાં છે તેઓ સત્તાના મદથી આંખે પડળ આવેલાં હોવાને લીધે એ ભાવિ વિનાશ જોઈ શકતા નથી[1] અને અભિમાનમાં ને અભિમાનમાં અવ્યય (અવિનાશી) કહે છે. એ સામ્રાજ્ય રૂપી વૃક્ષનાં પાંદડાં 'છન્દાંસિ' એટલે મુત્સદ્દીઓના મનના તરંગો છે. આટલું જે જાણે છે તે જ વેદવિત્ (વેદને જાણનાર) છે. કારણ કે જેણે એ સામ્રાજ્યનો નાશવંત સ્વભાવ સારી રીતે જાણ્યો છે તે એના બાહ્ય આડંબરથી ડરી ન જતાં બતાવેલે રસ્તે એનો નાશ પણ કરી શકશે.

આ વૃક્ષની શાખાઓ માત્ર નીચે ફેલાએલી છે, એમ નથી. પણ ઉપર એટલે કેનેડા અને ઉત્તર મહાસાગરના કેટલાક દ્વીપોમાં પણ એ પ્રસરેલી છે એ નાશવંત વૃક્ષની શાખાઓ આટલે દૂર કેવી રીતે ફેલાઈ હશે ? એ શાખાઓ 'ગુણપ્રવૃદ્ધાઃ' છે. અંગ્રેજ લોકોમાં સાહસ, સ્વદેશપ્રેમ પરસ્પર એક બીજાનો વિશ્વાસ વગેરે જે કેટલાક અમૂલ્ય ગુણો છે તેને લીધે જ એમનો આટલો બધો વિસ્તાર થયો છે. પણ કદાચ કોઈને શંકા થાય કે જે ઝાડની શાખાઓ આમ સર્વત્ર ફેલાયેલી છે તે ઝાડનો નાશ કેવી રીતે સંભવે ? માટે બીજા જ શબ્દમાં ભગવાન કહે છે કે આ શાખાઓ આટલે દૂર ફેલાએલી છે એ ખરું છે છતાં હવે, જે નવા ફણગા એને ફૂટે છે તે તો વિષયના-**'વિષયપ્રવાલાઃ'** છે, અને છેવટે એ વિષયો જ એનું અંતઃકરણ કોરી ખાઈ એના પ્રાણ હરણ કરશે એમ સૂચવે છે. આજકાલ ધોળે દહાડે ઠેક ઠેકાણે અંગ્રેજ અમલદારોને હાથે ન્યાય અને નીતિનું જે ખૂન થઈ રહ્યું છે તેનું જ સૂચન ઉપરના શબ્દોમાં છે.

વળી ભગવાન કહે છે કે એનાં કર્મસંબંધી મૂળો આખી દુનિયામાં એકમાં એક ગુંચવાઈ રહેલાં છે. [2]આનો અર્થ એ છેકે સામ્રાજ્યવાદી બ્રિટિશ

---

૧. સ્વપ્ને ન જોતા અતિ ગૂઢ ઘેરું. એ ચિત્ર દૂર વસતું લયકાળ કેરું (નરસિંહરાવ દિવેટિયા)
૨. અધશ્ચ મૂલાન્યનુસન્તતાનિ કર્માનુબન્ધીનિ મનુષ્યલોકે।

મુત્સદ્દીઓનાં કર્મોને લીધે આખી દુનિયામાં એવી ગૂંચવણો ઊભી થઈ છે કે એ ગૂંચવણોને લીધે જરૂર આ વિશાળ વૃક્ષ મૂળ સાથે ઊખડી જતાં વાર નહીં લાગે.

આટલું વર્ણન કરે છે છતાં કહે છે કે એ સામ્રાજ્ય વૃક્ષનું ખરું સ્વરૂપ, આદિ અંત વગેરે કંઈ પણ જાણી શકાતું નથી. ખરે જ બ્રિટિશ સામ્રાજ્યનું સ્વરૂપ કોણ કહી શકે? એની પ્રતિષ્ઠા શાના ઉપર છે તે કોણ કહી શકશે? બેલ્જિયમના મૂઠીભર લોકોની સ્વતંત્રતાનું રક્ષણ કરવા માટે આ સામ્રાજ્યના પૂજકો તરવાર પકડી લોહીની નદીઓ વહેવડાવવામાં અભિમાન માને છે. છતાં હિન્દુસ્તાનના કરોડો લોકોને દાસત્વની શૃંખલામાં જકડી એમના ઉપર ન્યાયને પવિત્ર નામે ફાવે તે સીતમ ગુજારવામાં એમને લગારે શરમ નથી આવતી. કાચંડાની માફકને વારંવાર રંગ બદલ્યા કરે તેનું ખરું સ્વરૂપ કોણ જાણી શકે?

વેદાંતની ચર્ચામાં એક કોયડો ઊભો કરે છે કે બીજ પહેલાં કે વૃક્ષ પહેલાં? કોઈ પણ રીતે આનો જવાબ આપતાં અનવસ્થાનો પ્રસંગ ઊભો થાય છે. બરાબર એવી જ સ્થિતિ બ્રિટિશ સરકારની પણ છે. સરકારે હિન્દને તરવારને જોરે જીત્યું એમ તો એ પ્રામાણિકપણે જગતને કહી શકે એમ નથી. વળી એમ કહેવામાં હીનપણું પણ રહેલું છે. એટલે સરકાર કહે છે કે અમે તો કાયદાના જોર પર રાજ્ય કરીએ છીએ. Government established by Law (કાયદાથી સ્થપાયેલી સરકાર) એવા શબ્દો એની કાયદાપોથીઓમાં વારંવાર નજરે પડશે. પણ કાયદો પ્રથમ આવ્યો કે રાજ્ય પ્રથમ આવ્યું? કાયદો પ્રથમ આવ્યો એમ કહેવું એ હાસ્યાસ્પદ છે, કારણ કે દરેક જણ જાણે છે કે, પ્રથમ રાજ્ય સ્થપાયું અને પછી કાયદો ઘડાયો. હવે જો રાજ્ય પ્રથમ

અને કાયદો પછી એમ કહે તો એ કથનમાં કંઈ પણ અર્થ ન રહે.

આ સરકારની લીલા આવી વિચિત્ર છે. માટે જ ભગવાનને પણ કહેવું પડ્યું છે કે 'ભાઈ, આ વૃક્ષનું રૂપ, આદિ, અંત, કંઈ પણ જણાતું નથી. એનાં મૂળ જમીનમાં સારી રીતે રૂઢ થયાં ત્યારે શું એ મૂળિયાનું છેદન કોઈ પણ પ્રકારે નહીં થઈ શકે ? જો એમ હોય તો થોડા વખતમાં એનાં ડાળાં સૂર્યમંડળને ભેદીને સ્વર્ગના દેવોને પણ ત્રાસ પહોંચાડશે. પણ ભગવાન કહે છે કે એ વૃક્ષનો નાશ માત્ર એક અસંગશસ્ત્રથી, એની સાથે કોઈ પણ જાતનો સંગ-સંબંધ ન રાખવાથી જ થઈ શકશે. બીજું શસ્ત્ર ત્યાં ચાલી નહિ શકે.

આ અસંગશસ્ત્ર તે જ આપણો અસહકાર. પણ એ શસ્ત્ર દૃઢ હોવું જોઈએ. ઢીલા હાથે ને પોચા તથા સંશયગ્રસ્ત અંતઃકરણે એનો ઉપયોગ થઈ શકે નહિ, અથવા એક વખત એનો પ્રયોગ કર્યા પછી ઝાડ સમૂળ નીચે ન પડે ત્યાં સુધી એને પાછું પણ ખેંચાય નહિ. પણ આ ગીતાનું જ્ઞાન આપણે ભૂલી ગયા છીએ. ગાંધીજીએ એ અસંગશસ્ત્ર આપણને બતાવ્યું. પણ આપણામાંના કેટલાક એને દૃઢ પકડી રાખતા નથી અને બીજાં નમાલાં શસ્ત્રો તરફ જોઈ રહે છે. બીજાં શસ્ત્રોનો ઉપયોગ બીજાં સામાન્ય ઝાડ કાપવામાં ભલે થાય, પણ ભગવાને કહ્યું છે તેમ આ **'ઊર્ધ્વમૂલમધઃશાખમ્'** એવું બ્રિટિશ સામ્રાજ્યરૂપી વિચિત્ર વૃક્ષ કાપવાને તો માત્ર દૃઢ અસંગ શસ્ત્રજ કામ લાગશે.

આ ઝાડને એક વખત જમીનદોસ્ત કર્યા **(છિત્વા)** પછી **'તત્પદં'** સ્વરાજ્યની શોધખોળ કરવી જોઈએ કે સ્વરાજ્ય પ્રાપ્ત કર્યા પછી પાછા પરતંત્રતામાં ફરવાપણું ન રહે. આ ઉપદેશ પણ આપણામાંના ઘણા ભૂલી જાય છે. અને આ પ્રચંડ ઝાડ એમનું એમ ખડું હોવા છતાં એને તો તોડી પાડવામાં બધો વખત ન ગાળતા **'તત્પદં'** કે જે પછીથી ખોળવાનું છે તે પહેલાં

ખોળવામાં સ્વરાજ્યની યોજનાઓ ઘડવામાં પોતાની શક્તિનો વ્યય કરે છે. આ તો 'ભેંસ ભાગોળે, છાસ છોગાળે ને ઘેર ઝાટકા' જેવી વાત થઇ. એ ઝાડની જરા પણ જડ બાકી રહી તો પાછું એ પોતાના વિસ્તારથી ભૂમંડળને વ્યાપી નાંખશે.

આટલું કહી કાર્યનું મહત્ત્વ ધ્યાનમાં લઇ ભગવાન કહે છે કે મને ઝાડ તોડી પાડવા જેટલું બળ મળે તે માટે હું એ જ આદિ પુરુષ વેદ નારાયણને શરણ જાઉં છું કે જેનાથી આ પુરાણી (પુરા આપિ નવી) પહેલાંના વખતમાં પણ નવી એવી અસંગ શસ્ત્રથી લડવાની પ્રવૃત્તિ પ્રચાર પામી. આમ પોતે પણ ઈશ્વરને શરણે જવાનું બતાવી ભગવાને લડતનું ધાર્મિક સ્વરૂપ તથા તેમાં જોડાનારે અનન્ય ભાવે ઈશ્વરને શરણ જવાની જરૂર બતાવી છે; કારણ કે પરમાત્માની કૃપા વગર કોઇ પણ કાર્ય સિદ્ધ થઇ શકતું નથી. *

આ પછીના શ્લોકમાં "નિર્માનમોહઃ" વગેરે ભગવાને આ લડતમાં જોડાનારે કેવા થવું જોઇએ, શી લાયકાત મેળવવી જોઇએ તે જણાવ્યું છે. એ શ્લોકમાં જ મહાત્માજીની આત્મશુદ્ધિ અને તે કરવા માટે રચનાત્મક કાર્યક્રમનું રહસ્ય આવી જાય છે. અંતઃશત્રુના જય વગર બાહ્ય શત્રુનો જય મુશ્કેલ છે.

ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્માએ પાંચ હજાર વરસ ઉપર આપી મૂકેલો આ સંદેશ તરુણ ગુજરાત ઝીલશે ? કે માત્ર કર્તવ્યવિમુખ રહી વડવાઓનાં ગીત ગાવામાં જ કૃતકૃત્યતા માની લઇ બેસી રહેશે!?

---

* સામર્થ્ય આહે ચળવળી ચેં । જો જો કરીલ તયાચેં
પરી તથેં ભગવંતા ચેં અધિષ્ઠાન પાહિજે । (દાસબોધ)

# મૂંગોકી બાતાં

કરની બિન કથની કી કીમત કૌડી જાન બજારોં હૈ (૨)
બિન કથની કરની કર બંદે ! ઊધરે સંત હજારોં હૈ. ધ્રુ.

બાંચત નિશદિન પંડિત પોથી, દિલ ધોતીમેં બિગરો હૈ (૨)
માનલોભ છૂટા ના મનસે, કરત બોધ પરભારો હૈ ! કરની....૧

બ્રહ્મજ્ઞાન મૂગોંકી બાતાં, સુને સાધુ કો બિરલો હૈ ! (૨)
પતિવ્રતા નિજ કંથમિલનકી સુનત બાત શિશુ ભોલોહૈ ! કરની....૨

બૃત્તિ બિન રૂખો કથવારો, દેહાધ્યાસ ભારો હૈ (૨)
મ્યાઉં મીંદડી ગાવત મીઠો, ધ્યાવત મૂસા ચારો હૈ ! કરની....૩

કર સત્સંગત સાધન સુમિરન, સાધન બિન અંધારો હૈ (૨)
રાગદ્વૈષ ન છૂટે તબહૂ, જ્ઞાન પેટગુજારો હૈ !! કરની....૪

ખ્યાલ ન કર ઔરનકા સાધો, આતમ **રંગ** અકેલો હૈ (૨)
ચીન્હે સો કહને ના પાવે, દેખત જિયરો ઠારો હૈ ! કરની....૫

('અવધૂતી આનંદ' માંથી) -રંગઅવધૂત

# હરિરસમાં સમરસ થઇ જાતાં

વનવડલાની શીતળ છાયા, જોગી જંગલ વસતો રે;
હસતો ગાતો કો દિન રોતો, કો સાથે નવ ભખતો તે. ટેક

દિન ગાળે સૂરજને તાપે, રાતે તારક ગોષ્ટી રે;
વનપંખી સમ ગેલ કરંતો, કોઇ દિન નવ એ કષ્ટી રે....વન...૧

વૃક્ષો સાથે વાતો કરતો , વ્યાલવ્યાઘ્ર રમાડે રે;
કૌપીનકંથા ઝોળી-ઝંડા, સંગ્રહ ન કરે કોડે રે ....વન...૨

અહં ખાખ લગાવી તનમાં, મદમત્સરને બાળે રે;
પરનારી પરધન નવ ભાળે, નવ ડરતો કો કાળે રે....વન...૩

નિર્ઝરવારિ પાન કરે ને, ફળટૂકડો કો માગે રે;
વિષય રમકડાં જગનાં ઝેરી, માની નિશદિન જાગે રે....વન..૪

સદ્ગુરુ સેવા સંતસમાગમ, પળપળ હરિની ચર્ચા રે;
ધ્યાનમગ્ન ધીરજ ઉર ધારી, કરતો હરિજન અર્ચા રે....વન...૫

તૃણશય્યા મખમલ મન માની, આતમરાજ બિરાજે રે;
પ્રાપ્તાપ્રાપ્તે સમબુદ્ધિ ને, સંયમ ઉરમાં રાજે રે....વન...૬

શાંતિ શીતળ અંદર ઓપે, દીનતણાં દુઃખ કાપે રે;
ત્યાગવિરાગે રાજ કરે ને, શ્વાસ શ્વાસ હરિ જાપે રે....વન...૭

મનભ્રમણા સહુ ભાગે પળમાં, દુઃખદરિયો સહુ આટે રે;
હરિરસમાં સમરસ થઇ જાતાં, મુક્તિ પદતલ ચાટે રે....વન..૮

જોતાં અંતર અન્ય ઠરે ને, **રંગ** ભજનનો જામે રે;
તત્ત્વમસિ તંબૂરો વાગે, લક્ષ્યપ્રસાદી પામે રે! ....વન....૯

('અવધૂતી આનંદ' માંથી) -રંગઅવધૂત

જોઇએ છે! જોઇએ છે!! જોઇએ છે!!!

કોણ ?

ઉપદેશકો

કેવા ?

વાણીશૂરા નહીં, પૂરા વર્તનશૂરા.

માત્ર શબ્દથી શીખ દે તેવા નહીં, પણ આચરણથી ઉદ્‌બોધે તેવા.

'परोदेशे पाण्डित्यं' કરે તેવા નહીં, પણ પોતાની જાતને ઉપદેશે તેવા.

બધાના ગુરૂ થવા દોડે તેવા નહીં, પણ સર્વના શિષ્ય થવા મથે તેવા.

ઉધાર આદર્શવાદી નહીં, રોકડા વાસ્તવવાદી

સ્વપ્ન સેવી નહીં પણ જાગ્રતજીવી.

પગાર શો મળશે ?

આત્મ સંતોષ, અમર આનંદ, શાશ્વત શાંતિ !

અરજી ક્યાં કરવી ?

અંતરના ઊંડાણમાં.

કામ પર ક્યારે ચઢવું ?

નિશ્ચય પાકો થાય ત્યારે, અબઘડી !

હાજર ક્યાં થવું ?

જ્યાં હો ત્યાં જ, સર્વત્ર !

અરજી સ્વીકાર્યાનો જવાબ ?

ઉરનો ઉલ્લાસ

અરજી કોને કરવી ?

અંતરાત્મા - અવધૂતને !!

જગત્સુહૃદ
રંગ અવધૂત